વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
ડિસેમ્બર - ૨૦૨૨
અંક - ૫૩૫

મંગલ મંદિર • ડિસેમ્બર-૨૦૨૨ • ૧
(કુલ પાના : ૯૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## કચ્છમાં રણોત્સવ





મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org




IAEC
education • migration

Top Universities Admissions

Best Scholarships

High Visa Success

Registered Australian Immigration Consultants

Official Representative of Leading Universities.

202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above McDonald's, Navrangpura, Ahmedabad

079 2791 1113 | 079 4892 1113
+91 74348 88000

ahmedabad@iaec.com.au /IAECIndia iaec.com.au

Directors are from Kutchi Jain Samaj

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

તથા

## તેના માસિક મુખપત્ર – "મંગલ મંદિર"ને

## હાર્દિક શુભેચ્છાઓ

* તમે ખુશ રહો એ સારી વાત છે પરંતુ તમારા કારણે કોઈ ખુશ રહે એ તેનાથી પણ વધુ સારી વાત છે.
* ખુશી તો ચંદન જેવી હોય છે. કોઇ અન્યના માથા પર લગાવો તો તમારી આંગળીઓ પણ સુગંધિત બની જાય છે.
* દીવાનું પોતાનું ઘર નથી હોતું પરંતુ તેને જ્યાં મૂકો ત્યાં અજવાળું જ કરે છે.
* આપણી ગેરહાજરીમાં આપણા માટે અપાતો સારો અભિપ્રાય એ જ જિંદગીની મોટામાં મોટી સફળતા છે.
* જેમની પાસે ઇરાદા હોય છે, તેમની પાસે કોઈ બહાના નથી હોતા.
* જ્યાં વિશ્વાસ અને મક્કમતા હોય ત્યાં કશું જ અશક્ય નથી.
* એકલા આગળ વધવાની જેમનામાં હિંમત છે, તેની પાછળ એક દિવસ સારો સમૂહ ચાલવા લાગશે.
* સંઘર્ષ એ પૃથ્વીનું આમંત્રણ છે, જે સ્વીકાર કરે છે તે જ આગળ વધી શકે છે.
* જો વ્યક્તિના ઇરાદા મક્કમ હોય તો તે દરેક મુશ્કેલીનો સામનો કરી લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે.
* પાણીનું એક ટીપું ગરમ તાવડા પર પડે તો તે નાશ પામે,<br>કમળના પાંદડા પર પડે તો મોતીની જેમ ચમકવા લાગે,<br>છીપલામાં પડે તો તે મોતી બની જાય.<br>પાણીનું ટીપુ તો એ જ છે, બસ સંગતનો ફરક છે.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(ગાંધીનગર / યુ.એસ.એ.)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
# અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને બિપિનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્ર હેઠળ...
# જી.ડી.એ. (આસિસ્ટન્ટ નર્સ) ટ્રેનિંગ કોર્સનું ઉદ્‌ઘાટન ● મંગળવાર, તા. ૦૮-૧૧-૨૦૨૨



(ડાબેથી) ←
મંત્રી શ્રી રજનીભાઈ પારેખ,
પ્રમુખ શ્રી પ્રતાપ દંડ,
પૂર્વ પ્રમુખ અને દાતા
પરિવારના ડૉ. ચંદ્રકાંત દેઢિયા,
પૂર્વ પ્રમુખ શ્રી અશોક મહેતા
અને કારોબારી સભ્યો

કૌશલ્ય કેન્દ્રનું ઉદ્‌ઘાટન
→ કરતા (ડાબેથી)
શ્રી હસમુખ ગઢેચા,
શ્રી અશોક મહેતા,
ડૉ. ચંદ્રકાંત દેઢિયા,
શ્રી પ્રતાપ દંડ,
શ્ર રજનીભાઈ પારેખ,
શ્રી જીજ્ઞેશ જોષી





←
અદાણી ફાઉન્ડેશનના
ચીફ ઓપરેટીંગ ઓફિસર
શ્રી જતીન ત્રિવેદીનું
સ્વાગત કરતા
ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચા

→
કૌશલ્ય કેન્દ્રની માહિતી
આપતા કન્વીનર
શ્રી હિરેન શાહ
સ્ટેજ પર ઉપસ્થિત
ટ્રસ્ટી ગણ અને અદાણીના
શ્રી જીજ્ઞેશ જોશી






←
શ્રી બિપીનચંદ્ર જૈન
કૌશલ્ય કેન્દ્રના વિધિવત
ઉદ્‌ઘાટન પ્રસંગે
હાજર ટ્રસ્ટીગણ અને
અદાણી ફાઉન્ડેશનના
પદાધિકારીઓ

→
કૌશલ્ય કેન્દ્રનું
નિરીક્ષણ કરતા
(ડાબેથી) હિરેન કે. શાહ,
હસમુખ ગઢેચા,
પ્રતપભાઈ દંડ,
જતીન ત્રિવેદી, જીગર દવે





←
કૌશલ્ય કેન્દ્રમાં રાખેલ
તાલીમના સાધનોની
માહિતી આપતા
હિરેન શાહ

→
જી.ડી.એ. બેચના
પ્રથમ વર્ગને
લાઈવ નિહાળી રહેલા
સમાજનાં ટ્રસ્ટીઓ
અને કારોબારી સભ્યો



છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- ઉત્કર્ષના પંથે ...... **અશોક મહેતા** ...... ૭

**પ્રેરણાત્મક કેડી પર**
- ચરણ-૨ : ધરતીમાતાને બચાવવા એક બાલિકાની વ્યથાની કથા ...... **ગુણવંત બરવાળિયા** ...... ૯

**અર્થ વ્યવસ્થા**
- ભારતનું પાંચ ટ્રીલિયન ડોલરના અર્થતંત્રનું લક્ષ્ય ...... **પી. કે. લહેરી** ...... ૧૧

**કચ્છી સાહિત્ય**
- રણ લોક સાહિત્ય – લોક કથા ...... **ડૉ. જેઠો લાલવાણી** ...... ૧૩

**માતૃભાષા કચ્છી**
- મુંજી માતૃભાષા કચ્છી ...... **ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી** ...... ૧૭

**માતૃભાષા ગુજરાતી**
- મોંઘી મિરાત મારી માતૃભાષા ...... **કમલા નરેન્દ્ર ઠક્કર** ...... ૧૮

**દરિયા ખેડુ**
- ગતિ – અવગતિ ...... **હસમુખ અબોટી 'ચંદન'** ...... ૧૯

**વ્યક્તિ વિશેષ**
- શેઠ કેશવજી નાયક અને નરશી કેશવજીની ટ્રૂંક ...... **સંકલન : દેવલોક જિનાલય, પાલીતાણા** ...... ૨૨
- અલવિદા, કલ્યાણજી – આણંદજી! ...... **અજિત પોપટ** ...... ૨૫
- આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લોકગાયીકા : 'શ્રીમતી રાજશ્રીદેવી પરમાર' ...... **જોરાવરસિંહ જાદવ** ...... ૨૬

**વિનય – નમ્રતા**
- વિનયદીપનાં અજવાળાં! ...... **જયંતી જોષી 'શબાબ'** ...... ૨૮

**જૈન ધર્મ દર્શન**
- સામાયિક, પ્રતિક્રમણ અને અષ્ટાંગયોગ ...... **કિરણ ચાંપાનેરી 'સેતુ'** ...... ૩૧

**જૈન સમાજ**
- જૈન સમાજની પ્રગતિ ...... **અજ્ઞાત** ...... ૩૩

**તીર્થ દર્શન**
- દર્શન-૧૮ : શ્રી કચ્છ – ભુજ તીર્થ
- દર્શન-૧૯ : શ્રી માંડવી તીર્થ ...... **પ્રેષક : કે.ડી. શાહ** ...... ૩૪

**ગ્રંથ સમીક્ષા**
- 'શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ' (૧૯૭૭) કચ્છના જૈન તીર્થક્ષેત્રનો દસ્તાવેજી ગ્રંથ ...... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ...... ૩૫

**રમત જગત**
- નાના પૈડાવાળા રોલર પર બુટ બાંધીને જમીન પર સરકવાની રમત એટલે સ્કેટીંગ ...... **મનીષ જોષી 'મૌન'** ...... ૩૮

**તંદુરસ્તી**
- ડરની બીમારી – ભાગ-૬ : પરીક્ષાનો ડર ...... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ...... ૪૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- હાર્ટ એટેક અને પાણી ...... **ડૉ. હાર્દિક પટેલ** ...... ૪૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હીરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા
ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## હાસ્ય લેખ

● ગાજ્યા મેઘ વરસ્યા પણ ખરા ........ **ચિત્રસેન શાહ**..... ૪૩

## સત્ય કથા

● ધન ધન ધનબાઈ! ........ **રજનીકુમાર પંડ્યા**..... ૪૪

## વાર્તા

● પપ્પા, તમારા ગયા પછી... ........ **અજય સોની**..... ૫૦
● શબ્દોની માયાજાળ.. ........ **વૈદ્ય સેન્ડી ઠક્કર**..... ૫૩

## દેશ વિદેશ

● દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૫૪

## અખબારોની અટારીએથી

● અખબારોની અટારીએથી........ **સંકલન : રોહિત સંઘવી**..... ૬૨

## અન્ય સંસ્થાઓના સમાચાર

● અન્ય સંસ્થાઓના સમાચાર........ ૬૪

## આંજો કાગર

● આંજો કાગર........ ૬૫

## નિયમિત વિભાગો

● ***Nano Nine*** શબ્દ રમત-૧૮૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૬૭
● ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૪૭)........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૬૯

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ **સંકલન : હિરેન કે. શાહ**..... ૭૦
● 'મંગલ મંદિર'નું લવાજમ ........ ૭૧
● સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ........ ૭૨
● સમાજનું સભ્યપદ મેળવવા તથા નોંધાયેલા સભ્યોને મળવાપાત્ર લાભ સંબંધી વિગતો ........ ૭૩
● નવનીત મેડિકલ સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓનું ટાઈમ ટેબલ ........ ૭૭
● ટ્રસ્ટ મંડળ હેઠળની સમિતિઓ : વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ........ ૭૯
● કારોબારી હેઠળની સમિતિઓ : વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ........ ૮૧
● તા. ૨૬-૧૦-૨૦૨૨ના રોજ નૂતન વર્ષ મિલન સમારંભ : અહેવાલ........ ૮૮
● સીમ્સ હોસ્પિટલ દ્વારા વિતરણ કરવામાં આવતા ગોલ્ડ હેલ્થ કાર્ડ ........ ૮૮
● તા. ૬-૧૧-૨૦૨૨ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ........ ૮૯
● તા. ૮-૧૧-૨૦૨૨ના રોજ બિપીનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્રનું દબદબાભેર ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ... ૯૦
● માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો ........ ૯૧
● વયસ્ક સમિતિના ત્રિ-દિવસીય (તા. ૧૩-૧૧-૨૨થી ૧૫-૧૧-૨૨) પ્રવાસનો અહેવાલ ........ ૯૨
● ગૃહ ઉદ્યોગ સમિતિનો અહેવાલ ● ગૃહ ઉદ્યોગ સમિતિ – જોઈએ છે ........ ૯૪
● યુવા વિકાસ સમિતિ ● દવા વિતરણ સમિતિ / મેડિસીન વિતરણ ........ ૯૫
● સર્વ રોગ નિદાન આયુર્વેદિક કેમ્પ ● ઓડિયોગ્રામ અને સ્પીચ થેરાપી કેમ્પ ● હોમિયોપેથીક કેમ્પ ... ૯૬

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# ઉત્કર્ષના પંથે...



અશોક મહેતા

*લગભગ ૨ ૧/૨ વર્ષથી કોરોના કાળના શુષ્ક વાતાવરણમાંથી સમગ્ર સમાજ હવે બહાર આવી ગયેલ છે અને વાતાવરણમાં ફરી અગાઉની માફક ચહલ-પહલ શરૂ થઈ ગયેલ છે. દરેક પરિવારના કામકાજ અગાઉની માફક ફરી તેજીમાં ચાલવા લાગેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત કરીએ તો તે ૨ ૧/૨ વર્ષની આછેરી પ્રવૃત્તિકાળમાંથી બહાર આવી, દરેક વિભાગની કાર્યવાહી અગાઉની માફક ચાલુ થઈ ગયેલ છે. તેટલું જ નહીં, પરંતુ કેટલાક નવા નવા કાર્યકરોની ઉત્સાહજનક મહેનતથી તે અગાઉ કરતાં પણ વધુ ધમધમવા લાગ્યું છે અને નવી અનેકવિધ દિશામાં તે સેવાકીય પ્રગતિના સોપાન સર કરી રહેલ છે. ચાંગોદર ખાતેનું મેડિકલ સેન્ટર તથા ગીતા મંદિર ખાતેનું સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર આ પ્રકારની પ્રવૃત્તિઓના તાજેતરના ઉદાહરણો છે. આ સિવાય પણ અનેકવિધ પ્રવૃત્તિઓના મોર્ડનાઈઝ સ્વરૂપના કારણે તે સામાજિક સેવા ક્ષેત્રે હરણફાળ ભરી રહેલ છે.*

*પરિણામે અત્યારના હોદ્દેદારો એટલે કે પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રીઓ, માનદ્ મંત્રીશ્રી, સહમંત્રીશ્રી, ખજાનચીશ્રી વગેરેની કાર્યવાહી પર બાકીના લગભગ ૨૦૦ સક્રિય કાર્યકરોની ટીમ નિર્ભર છે અને તેથી આ હોદ્દેદારોએ અગાઉથી પણ સવિશેષ જવાબદારી નિભાવવાનો સમય આવી ગયેલ છે.*

*સાથે સાથે ટ્રસ્ટ મંડળના નેજા હેઠળની વિવિધ સમિતિઓના કાર્યકરો, કે જે આ સમાજની પ્રગતિકૂચની દિશાના મોભી છે, તેઓએ પણ અતિ ગતિથી આગળ વધવું પડશે. મુખ્યત્વે મુંબઈ અતિથિ ભવન સમિતિ, નવા પ્રોજેક્ટ સમિતિ, જમીન - મકાન સંપાદન સમિતિ, ફંડ રેઈઝીંગ સમિતિ, સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ વગેરેના કાર્યોમાં જરા પણ ઢીલાશ રહેશે તો તેની અસર અનેક કાર્યકરો કે જે સમાજને અતિ તીવ્ર ગતિમાં વેગવાન બનાવી રહેલ છે, તેમના પર પડવાની પૂરેપૂરી શક્યતા રહે છે અને તેથી જ ટ્રસ્ટ મંડળના નેજા હેઠળની દરેક સમિતિએ અતિ તીવ્રતાથી પોતાની કાર્યવાહીને વેગવાન બનાવવાની રહે છે. સમાજની એક નવી પ્રવૃત્તિ એટલે સ્કીલ ડેવલપમેન્ટ, કે જે યુવા-યુવતીને કોઈ એક હુન્નરમાં માત્ર ૪-૬ કે ૧૨ મહિનામાં પારંગત બનાવી, તેને સારી એવી જોબ અપાવી, તે પરિવારને આત્મનિર્ભર બનાવવાની જે યોજના છે તેના પર સમાજના સહુ મોભીઓએ વિશેષ લક્ષ આપવાની જરૂરત છે.*

*એ જ રીતે કારોબારી સમિતિના નેજા હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે લગભગ ૩૦ જેટલી સમિતિઓ કાર્યરત છે કે જેમાં લગભગ બધી જ સમિતિઓની કાર્યવાહી શ્રી કચ્છી જૈન સેવા સમાજની સેવા પ્રવૃત્તિઓમાં ખૂબ જ સારો ભાગ ભજવી રહેલ છે અને તેમાં પણ અમુક સમિતિઓની કાર્યવાહી તો આ સમાજની સેવાકીય મશાલના દર્શન કરાવે છે. તબીબી સેવા સમિતિ - પાલડી, તબીબી સેવા સમિતિ - બોપલ, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ, યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ વગેરે પ્રકારની સમિતિઓની કાર્યવાહી એવી છે કે જેઓના કાર્ય થકી આ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો જ જાય છે. પરંતુ સાથે સાથે તેના કારણે અમદાવાદ સ્થિત સમગ્ર જનરલ સમાજને તેઓની પ્રવૃત્તિઓના કારણે આર્થિક લાભ તો મળે જ છે પરંતુ સાથે સાથે સમગ્ર સમાજનું જીવન ધોરણ પણ ઊંચું લાવવાની દૃષ્ટિ રાખવામાં આવેલ છે. પરિણામ સ્વરૂપે સમગ્ર ભારતીય સમાજને ઉર્ધ્વ ગતિ તરફ લઈ જવાના પ્રયાસ કરવામાં આવી રહેલ છે. ઉપરોક્ત હકીકતના નિચોડ સ્વરૂપે આ સમિતિઓના કન્વીનરશ્રીઓ અને સભ્યશ્રીઓને ખૂબ જ ઉત્સાહજનક રીતે મહેનત કરી પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારતા રહેવું પડશે.*

તાજેતરમાં જ આ સમાજે મેડિસીન વિતરણ સમિતિ - દવા વિતરણ સમિતિની રચના કરેલ છે કે જેની કાર્યવાહીના કારણે સમાજના ઘરે ઘરે ખૂબ જ કિફાયતી દરે, દર મહિને જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવશે કે જેનો લાભ સમાજના વરિષ્ઠ નાગરિકોને - સિનિયર સિટીઝન્સને સારો એવો મળી શકશે. આ પ્રવૃત્તિ સમાજના દરેક પરિવાર માટે હિતકારક સાબિત થઈ રહેશે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને આવતા દિવસોમાં સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો, દરેક સમિતિના કન્વીનરશ્રીઓ અને સભ્યો એકજુટ રહી, પોતે સ્વીકારેલ જવાબદારી ખૂબ જ ખંતપૂર્વક નિભાવશે તો આ સમાજે ભારતની પ્રગતિમાં – ભલે ખિસકોલી સમાન – પોતાનો ફાળો નોંધાવેલ છે તેની નોંધ કોઈ પણ વ્યક્તિ લઈ શકશે.

સમાજની પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વ્યાપ વધારવા જરૂરી નાણાંકીય વ્યવસ્થા વગર તે શક્ય ના બની શકે. તેથી સમાજના આર્થિક રીતે સક્ષમ પરિવારોએ પણ સમાજની પ્રગતિમાં સાથ પુરાવવા પોતાનો આર્થિક સહયોગ વિના વિલંબે આપવાનો રહેશે. જો કે કેટલાક પરિવારો તે જવાબદારી હાલે અદા કરી જ રહેલ છે.

અંતમાં સૂચન સ્વરૂપે રજૂઆત કરીએ છીએ કે સમાજની પ્રવૃત્તિઓની ઘેર ઘેર માહિતી પહોંચે એ માટે આ સમાજ છેલ્લા ૪૭ વર્ષથી પોતાનું મુખપત્ર "મંગલ મંદિર" દરેક મહિને ઘેર ઘેર પહોંચાડી રહેલ છે. તેના લવાજમના દરો ખર્ચના માત્ર ૨૫ ટકાના ધોરણે અથવા તો તેનાથી પણ નીચેના ધોરણે રાખવામાં આવેલ છે. આથી સમાજના દરેક પરિવારને વિનંતી કરવામાં આવે છે કે જેઓએ હાલે લવાજમ ભરવાના બાકી રહે છે, તેઓ વહેલી તકે સમાજની ઓફિસે પોતાના લવાજમની રકમ મોકલી આપે. તેટલું જ નહીં પરંતુ સમાજની સેવાકીય તથા અન્ય પ્રવૃત્તિઓની અન્ય લોકોને જાણ થાય અને આ સમાજ પ્રત્યે ઉજળી ભાવના બંધાય તે હેતુથી દરેક સભ્ય પરિવાર ઓછામાં ઓછા એક અન્ય ગ્રાહક પાસેથી લવાજમ મેળવી, તેને સમાજમાં જમા કરાવે તો આ સમાજની સેવાકીય કાર્યવાહીની સુવાસ અમદાવાદ, ગુજરાત અને સમગ્ર ભારતમાં આપણે યોગ્ય રીતે ફેલાવી શકીશું.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## મંગલ મંદિરનું લવાજમ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.***

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
- ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
- ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
- ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
- ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :***

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC** કોડ* : CNR80017007

**રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# પ્રેરણાની કેડી પર

## ચરણ-૨ : ધરતીમાને બચાવવા એક બાલિકાની વ્યથાની કથા

ગુણવંત બરવાળિયા

### ધરતીમાને બચાવવા એક બાલિકાની વ્યથાની કથા

વેનિસા સુટો, મોર્ગન જીરલર, મિશેલ અને હું એમ અમે ચારેય મળીને પોતાના દેશથી છ હજાર માઈલ દૂર અહીં પહોંચવા માટે જાતે જ બધા પૈસા ભેગા કર્યા. એટલા માટે કે તમને મોટા લોકોને અમે કહી શકીએ કે, હવે તમને પોતાને બદલવાનો સમય આવી ગયો છે. તમે તમારી જીવનશૈલી બદલી નાખો.

હું તો મારા ભવિષ્ય માટે સંઘર્ષ કરવા આવી છું. ભવિષ્ય ગુમાવવું એટલે કાંઈ ચૂંટણીમાં હારવા જેવું કે સ્ટોક બજારના આંકડીઓમાં રગદોળાવા જેવું નથી. ભવિષ્યની તમામ પેઢીઓ વતી તમારા લોકો સાથે વાત કરતા, ભૂખમરાનો શિકાર એવા લાખો બાળકોના દર્દભર્યા અવાજો અને મૂંગાં પશુઓના અફસોસજનક મૃત્યુની ખબર તમારા સુધી પહોંચાડવા માટે હું અહીં આવી છું.

મને ચિંતા છે સૂરજના સોનેરી તડકાની, કારણકે ઓઝોનના ઘરમાં બાકોરું પડી ગયું છે. સરોવરની માછલીમાં કેન્સરના ચિહ્નો જોવા મળ્યાં છે. હજારો જીવજંતુઓ અને લીલાછમ ઝાડપાનની પ્રજાતિઓ લુપ્ત થવા માંડી છે.

મારા જીવનનું સુંદર સ્વપ્ન એ કે, હું જંગલી જાનવરની ભીડ જોઉં, ગાઢ સદાબહાર જંગલો જોઉં, પક્ષીઓ અને પતંગિયાથી ઊભરાતું વર્ષાવન જોઉં, પણ અફસોસ કે મારી પછીની પેઢીના બાળકોને વૃક્ષો, ઝરણાંઓ અને પક્ષીઓ કેનવાસ પર દોરેલાં ચિત્રોમાં કે મ્યુઝિયમના શો પીસમાં જ જોવા મળશે!

અહીં ઘણા જ સમૃદ્ધ દેશોના પ્રતિનિધિઓ આવ્યા છે. મારે કહેવું છે કે, તમારી જિંદગીમાં તમારું જન્મસ્થળ ઘણો મોટો ભાગ ભજવી શકે છે. હું પણ રિયોના ફાવેલાસમાં રહેતા બાળકોમાંથી એક હોઉં. હું સોમાલિયાના ભૂખમરાના શિકાર બનેલા બાળકોમાંથી એક હોઉં, મધ્ય એશિયાના યુદ્ધગ્રસ્ત લોકોમાંથી એક હોઉં કે પછી ભારતના, એક ભિખારીના રૂપમાં જન્મી હોઉં, હું આ બધાની ફરિયાદ લઈને તેના પ્રતિનિધિ રૂપે આપ સૌ વડીલો પાસે આવી છું.

હું તો હજી બાળકી છું, પણ જાણું છું કે, યુદ્ધમાં ખર્ચાતા પૈસા જો ગરીબી દૂર કરવામાં અને પર્યાવરણની સમસ્યાના ઉકેલમાં વપરાય તો આપણી પૃથ્વી કેટલી ખૂબસુરત બની જાય! આપ સૌ વડીલો આજે અહીં જેવું કહેશો તેવું જ કરો, એવો નાનકડી બાલિકાનો પોકાર સાંભળશો.

૧૯૯૨માં બ્રાઝીલની રાજધાની રીયો સેંટ્રોમાં યોજાયેલા "પૃથ્વી શિખર સંમેલન"ની મુખ્ય બેઠકમાં વાનકુંવરની બાર વર્ષની બાલિકા સેવર્ન સુઝુકીએ જ્યારે પોતાનું ભાષણ પૂરું કર્યું ત્યારે વિશ્વના નેતાઓ, વિજ્ઞાનીઓ સહિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

પર્યાવરણની સમસ્યા અંગે વાત કરતી આ બાલિકાના એક-એક શબ્દમાં વેદના ટપકે છે. તેની વેદનામાં માધુર્ય અને સૌજન્ય છે. ધરતીમાતાને બચાવવા પોકારતું તેનું આ વક્તવ્ય આપણામાં ચિંતનની ચિનગારી પ્રગટાવે છે.

દર વર્ષે ૫મી જૂને "વિશ્વ પર્યાવરણ દિવસ" રૂપે ઉજવવાની પરંપરા છે. દુનિયાના ડાહ્યા માણસોએ પર્યાવરણની રક્ષાને માનવધર્મ રૂપે સ્વીકાર્યો છે.

વિશ્વની તમામ ધર્મ પરંપરાના વર્તમાન પ્રવર્તકોએ પર્યાવરણની રક્ષાને ધર્મના એક અંગરૂપે સ્વીકાર્યો છે.

**જરૂર પૂરતું જ સંગ્રહવું અને જરૂર પૂરતું જ સંયમથી વાપરવું તેમાં ભગવાન મહાવીરના અપરિગ્રહ અને ભોગ-ઉપભોગ પરિમાણના વ્રત-નિયમો છે, જૈન ધર્મ ઉપભોગની નહીં પણ ઉપયોગની સંસ્કૃતિનો પુરસ્કર્તા છે.**

ઉપભોગતાવાદ, "યુઝ એન્ડ થ્રો"ની નીતિ પર્યાવરણને અસંતુલિત કરનાર છે.

ગાંધીજીને પૂછવામાં આવ્યું કે ભારતના ઔદ્યોગિક વિકાસ માટે બ્રિટીશ મોડલ અપનાવશો?

બ્રિટનને પોતાને સમૃદ્ધ કરવા આખી પૃથ્વીના અડધા સંસાધનોની જરૂર પડે છે, તો ભારતને એ સ્તરની સમૃદ્ધિ મેળવવા કેટલી પૃથ્વીઓ જોઈએ? ગાંધીજીએ માર્મિક ઉત્તર આપ્યો.

યયાતિએ પોતાના ઘડપણને બદલે પોતાના પુત્રનું યૌવન લઈ લીધું. આપણું પણ કંઈક આવું જ છે. કુદરતી સંપત્તિનો બેફામ ભોગ-ઉપભોગ નહીં અટકાવીએ, તો આવતી પેઢીને અકાળે વૃદ્ધત્વ મળશે. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :**
1. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
2. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
3. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

*નોંધ : દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

## મદ્રેસાઓ

મદ્રેસાઓ વિશે અગાઉ છાપામાં જે લેખ આવ્યો છે તેમાં જણાવ્યું છે કે આ મદ્રેસાઓ રાષ્ટ્ર વિરોધી અને દેશ ઘાતક શિક્ષણના મથકો બનવા ઉપરાંત ભારત અને હિંદુ વિરોધી ઝેર ઠસોઠસ ભરવાના કેન્દ્રો પણ છે.

વર્ષ ૨૦૦૩ની ગણનાએ ભારતમાં એકલા ઉત્તર પ્રદેશમાં સત્તાવાર ૯૦૦ મદ્રેસાઓ છે, જ્યારે બિનસત્તાવાર ૭૦૦૦ મદ્રેસાઓ હોવાનો અંદાજ છે. આ ઉપરાંત કચ્છની સરહદ ઉપર પણ મદ્રેસાની સંસ્થાઓ છેલ્લા ત્રણ વર્ષમાં અનેકગણી વધી ગઈ છે અને એ જ રીતે ગુજરાતમાં અને દેશના બીજા ભાગોમાં તેની અગણિત સંખ્યાનો કોઈ અંદાજ સત્તાવાર રીતે મને મળ્યો નથી પરંતુ એકલા પાકિસ્તાનમાં પણ જેહાદીઓ તૈયાર કરવા મદ્રેસાની જાળ બિછાવવામાં આવી છે અને તેમાં જણાવ્યું છે કે ૧૯૪૭માં માત્ર ૨૪૫ મદ્રેસાઓ હતી જ્યાં આજે ૨૦થી ૨૫ હજાર હોવાનો અંદાજ છે અને તેમાં ધર્મના નામે જેહાદનું શિક્ષણ આપવામાં આવે છે અને આપણા કેન્દ્રીય અને રાજ્યોના ગુપ્તચર વિભાગોએ આ વિશે ઘણી ચેતવણીઓ સરકારને આપી છે.

હું આ વાત એટલા માટે લખું છું કે કટ્ટરવાદી સંસ્થાઓ અને આઈ.એસ.આઈ. બંનેની સમજણથી કામ થાય છે અને ખાડીના દેશોમાંથી આ સંસ્થાઓને વિપુલ નાણું મળે છે અને જો હાલની પરિસ્થિતિ છે તેમ ને તેમ ચાલુ રહે, તો ૨૫ વર્ષ કે ૩૦ વર્ષ પછી ભારતમાં હિંદુઓની શું પરિસ્થિતિ હશે અને ભારતના મંદિરોની શું સ્થિતિ હશે તે માટે મારો વિચાર પ્રદર્શિત કરું છું.

*ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાના એક પુસ્તક "હૃદય મંથન"ના એક લેખમાંથી સાભાર*

# ભારતનું પાંચ ટ્રીલિયન ડોલરના અર્થતંત્રનું લક્ષ્ય



પી. કે. લહેરી

ભારતના અર્થતંત્રનું વર્તમાન કદ ૩.૨ ટ્રીલિયન યુ.એસ. ડોલર છે. કોરોનાકાળ પહેલાં આપણા અર્થતંત્રને પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલર બનાવવાનું સ્વપ્ન વર્ષ ૨૦૨૨-૨૩માં સાકાર થશે તેવી આશા હતી. યુ.એસ., ચીન, જાપાન અને જર્મની પછી કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં વિશ્વમાં પાંચમા સ્થાને પહોંચેલું આપણું અર્થતંત્ર હાલ તો સાતથી આઠ ટકાના દરે વિકસી રહ્યું છે. હાલની સ્થિતિ જોતાં ભારતનો પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરનો અર્થતંત્રનો લક્ષ્યાંક પાંચ વર્ષ બાદ એટલે કે ૨૦૨૭ આસપાસ સિદ્ધ કરી શકે તેવી સંભાવના છે. જીડીપીની ગણતરી સાથે દરેક દેશમાં વસ્તુઓની કિંમતમાં મોટો તફાવત હોય છે. ધારો કે ભારતમાં સારી ગુણવત્તાવાળી કોફીનો ભાવ ગ્લાસદીઠ રૂા. ૨૫૦ છે, જે ૩ ડોલર બરાબર હોય. પણ તે જ કોફી માટે અમેરિકામાં પાંચ ડોલર છે. આવા તફાવતને પરચેજ પાવર પેરિટી (પીપીપી) તરીકે ઓળખવામાં આવે છે. સ્થાનિક નીચી કિંમત ધ્યાને લઈને જીડીપીને ખરીદ શક્તિના મૂલ્ય (પ્રાઈઝ પરચેઝ પેરિટી)ના સમીકરણમાં મૂકીએ તો ભારતનો જીડીપી પીપીપી મુજબ ૧૦.૪ ટ્રીલિયન યુ.એસ. ડોલર બરાબર છે. આ રીતે ભારત પીપીપી પ્રમાણે વિશ્વમાં ત્રીજા સ્થાને છે.

આંકડાઓની માયાજાળ આપણને ક્યારેક મૂંઝવી દે છે. એકમ, દશક, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ અને કરોડ સુધીના આંકડા સમજી શકીએ છીએ પણ અબજ - ખર્વ જેવા શબ્દો આવતા તેમાં કેટલાં મીંડાં હશે તે આપણે શીઘ્ર નક્કી કરી શકતા નથી. આ ઉપરાંત અંગ્રેજીમાં ગણતરીની પદ્ધતિ વધારે અટપટી છે. ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૧૦,૦૦૦ સુધીની ગણતરી સરળ છે પણ તેઓ લાખ કે કરોડ જેવા શબ્દો વાપરતા નથી. લાખને ૧૦૦ X ૧૦૦૦ (હન્ડ્રેડ થાઉઝન્ડ) = ૧,૦૦,૦૦૦ કહે છે ત્યારે આપણે ગૂંચવાઈ જઈએ છીએ. હન્ડ્રેડ થાઉઝન્ડ (સો હજાર) જેવો શબ્દપ્રયોગ આપણને તુરંત સમજાતો નથી. અંગ્રેજી અંક ગણિતમાં ૧૦૦૦ X ૧૦૦૦ = દસ લાખ માટે મિલિયન શબ્દ છે. ૧૦૦૦ X ૧૦,૦૦,૦૦ = ૧૦૦,૦૦,૦૦,૦૦૦ સો કરોડ માટે બિલિયન શબ્દ છે. બિલિયનને હજારે ગુણીએ એટલે ટ્રીલિયનની સંખ્યા આવે. ટૂંકમાં એકડા પછી ૧૨ મીંડાં આવે. આપણી ગણતરી પ્રમાણે ૧ ટ્રીલિયન એટલે ૧ લાખ કરોડ. આપણને અંગ્રેજી અંક ગણતરી અટપટી લાગે છે તો પશ્ચિમના લોકોને આપણી સંખ્યાઓના શબ્દો સહેલાઈથી સમજાતા નથી. આપણા લાખ અને કરોડના શબ્દો ત્યાં નથી. મિલિયન, બિલિયન અને ટ્રીલિયન આપણને સમજતાં વાર લાગે છે.

૧. આપણા અર્થતંત્રમાં કૃષિ, પશુપાલન, હસ્તકલાથી શરૂ કરીને વિશ્વની સૌથી મોટી રીફાઈનરીનો સમાવેશ થાય છે. આઝાદીનાં ૭૫ વર્ષમાં ભારતે તદ્દન પછાત, ગરીબ અને અભાવવાળા અર્થતંત્રની જગ્યાએ દરેક ક્ષેત્રમાં નેત્રદીપક પ્રગતિ કરી છે.

૨. ભારતીય અર્થતંત્રનું કદ વધે છે. પરંતુ વિશ્વના મોટા કદનાં ૧૦ અર્થતંત્રોમાં ભારતની માથાદીઠ આવક સૌથી ઓછી છે.

૩. વસ્તીની ગીચતા અને બોજાને કારણે આજે ભારતે યુવા શક્તિવાળા રાષ્ટ્ર તરીકે નામના મેળવી છે. **વિશ્વની બાવન મહાકાય આંતરરાષ્ટ્રીય કંપનીઓના વડા ભારતીય મૂળના છે.**

૪. આઝાદી બાદ ૧૯૪૭થી ૧૯૯૦ના ૩૩ વર્ષના સમયગાળામાં સમાજવાદી સ્વર્ગનાં સ્વપ્નો નિહાળવામાં ભારતે વિજ્ઞાન, ટેકનોલોજી, સાહસિકતા, મૂડીરોકાણ વગેરે બાબતોમાં ઉપેક્ષા સેવી. જેથી વિકાસદર ખૂબ નીચો રહ્યો હતો.

૫. ૧૯૯૦ બાદ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણના કારણે આર્થિક પ્રગતિ ઝડપી બની છે. સૌના જીવન ધોરણમાં અને જીવનશૈલીમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આપણા જીવનમાંથી તંગી, અભાવ જેવા શબ્દો અદૃશ્ય થયા છે. વિપુલ ઉત્પાદન સાથે આજે ભારત ધીમા પણ મક્કમ ડગલે વિશ્વના ત્રીજા ક્રમાંકના અર્થતંત્ર બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે.

૬. ભારતના કુલ ઘરેલુ ઉત્પાદનમાં કૃષિનો ફાળો ૧૬.૩૮ ટકા, ઉદ્યોગનો ફાળો ૨૯.૩૪ ટકા અને સેવાક્ષેત્રનો ફાળો ૫૪.૨૭ ટકા છે. આ ઘરેલુ ઉત્પાદનનું અન્ય રીતે વિશ્લેષણ કરીએ તો ઉપભોક્તાઓનો ફાળો ૬૦.૮ ટકા છે. સ્થાયી મિલકતો - મૂડીમાં રોકાણનું પ્રમાણ ૨૬.૬ ટકા છે. સરકારના ખર્ચનું પ્રમાણ ૧૨.૧ ટકા છે. અન્ય

પ્રવૃત્તિઓનું પ્રમાણ ૦.૯ ટકા છે. નિકાસનો ફાળો ૧૮.૭ ટકા અને આયાતનો હિસ્સો ૧૯.૧ ટકાનો છે.

૭. આપણા દેશની વસ્તીમાંથી લગભગ ૪૮ કરોડ શ્રમિકો - કામ કરનારા ઉપલબ્ધ છે. આપણો રોજગારીનો દર પંચાવન ટકા જેટલો છે. બેરોજગારીનું પ્રમાણ ૮.૨૮ ટકા છે. કૃષિક્ષેત્રમાં ૪૨.૬૦ ટકા છે. ઉદ્યોગમાં ૨૫.૧૨ ટકા અને સેવાક્ષેત્રમાં ૩૨.૨૮ ટકા શ્રમિકો કાર્યરત છે.

૮. આપણી નિકાસ ૪૨૧.૯૮ બિલિયન યુ.એસ. ડોલર છે. જ્યારે આયાતની રકમ ૬૧૨.૬૧ બિલિયન યુ.એસ. ડોલર છે.

૯. માર્ચ-૨૦૨૨ના અંતે વિદેશી દેવું ૬૨૦.૭ બિલિયન યુ.એસ. ડોલરનું છે. જે આપણા ઘરેલું ઉત્પાદનના ૨૦ ટકા જેટલું છે. કુલ દેવું જીડીપીના ૮૭ ટકા જેટલું છે. જે રૂપિયામાં મૂલવતાં રૂા. ૨૩૩ લાખ કરોડ જેટલું છે.

આપણા અર્થતંત્રની ઉપરોક્ત વિશેષતાના અનુસંધાને આપણે પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરની ઈકોનોમિ બનવા માટે અને તે પણ ઝડપી રીતે તે સ્તરે પહોંચવા માટે શું કરવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર સરળ છે. આપણા વિકાસદરમાં વધારો કરવો જોઈએ. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ૧૩ ટકા જેટલો વિકાસદર હાંસલ થતાં પાંચ ટ્રીલિયન ડોલરના અર્થતંત્ર તરફની કૂચ ઝડપી બની છે. જો કે દર મહિને થતાં ઔદ્યોગિક - વીજ ઉત્પાદનમાં જે અણધાર્યા ફેરફાર આવ્યા કરે છે તે ચિંતાના કારણો બન્યા છે. અર્થશાસ્ત્રીઓની એવી ધારણા છે કે ભારતના પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરના અર્થતંત્રમાં કૃષિનો હિસ્સો એક ટ્રીલિયન યુ.એસ. ડોલર, ઉદ્યોગનો હિસ્સો એક ટ્રીલિયન અને સેવાક્ષેત્રનો હિસ્સો ત્રણ ટ્રીલિયન યુ.એસ. ડોલરનો રહેશે. અમુક અર્થશાસ્ત્રીઓની માન્યતા છે કે કૃષિ ઉત્પાદનો અને તેની મૂલ્યવૃદ્ધિ સાથે ૧.૨૫ ટ્રીલિયન યુ.એસ. ડોલર જીડીપી થાય તો ઉદ્યોગની આવક ૧.૨૫ ટ્રીલિયન ડોલર થાય. સેવાક્ષેત્ર માટે ૨.૫ ટ્રીલિયન ડોલરનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં સરળતા રહેશે. ટૂંકમાં કૃષિ અને ઉદ્યોગક્ષેત્રની ઝડપી વૃદ્ધિ અનિવાર્ય છે.

ચીન સહિત અનેક દેશોએ અર્થતંત્રનું કદ વધારવામાં, રોજગારી અને લોકોની આવક વધારવામાં નિકાસ ક્ષમતાનો ભરપૂર ઉપયોગ કર્યો છે. બાંગ્લાદેશે પણ નિકાસ થકી જ ભારત કરતાં વધારે માથાદીઠ આવક મેળવી આશ્ચર્ય સર્જ્યું છે. આપણા માટે પણ નિકાસ મહત્ત્વની છે. ભલે આંતરરાષ્ટ્રીય વેપારમાં ગળાકાપ સ્પર્ધા હોય પરંતુ આપણી નિકાસ ક્ષમતાનો આપણે પૂર્ણ ઉપયોગ કરતા નથી પણ તે આપણા વિકાસની વ્યૂહરચનાનો આધાર સ્તંભ છે તેમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. આ જ રીતે આયાતો પરનું સ્વાવલંબન ઘટાડવા માટે આત્મનિર્ભર થવાનો સંકલ્પ દૂરોગામી અસરો પેદા કરવાની શક્તિ ધરાવે છે. આપણી આયાતો ઘટે, નિકાસો વધે, આપણા કુશળ કારીગરો અને મેનેજરો વિદેશમાં કમાય ને ભારતને વિદેશી મુદ્રા રળી આપે તો વિકાસ દર ઝડપી બને તેમાં શંકા નથી. આપણે વાસ્તવિક્તાને ધ્યાનમાં લઈને ખૂબ ઝીણવટભર્યું આયોજન કરીને લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાના છે. આજે આપણે જે કામો કરીએ છીએ તેમાં સાચી દિશાનો અને સાતત્યનો અભાવ દૃષ્ટિગોચર થાય છે. આ માટે સર્વસંમત રાષ્ટ્રીય નીતિ નક્કી કરી સંબંધિત સૌ તેને અનુસરે તે જરૂરી છે. ભારતીય અર્થતંત્રને પાંચના બદલે ચાર વર્ષમાં પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરે પહોંચાડવા માટે આપણે નીચેની બાબતોમાં ખૂબ ઝડપી અને અસરકારક કામગીરી કરવી જરૂરી છે.

૧. પેટ્રોલિયમ અને તેનાં વિવિધ ઉત્પાદનો પાછળ આપણે ખૂબ મોટા પ્રમાણમાં વિદેશી મુદ્રાનો ખર્ચ કરીએ છીએ. સોલર એનર્જી અંગે છેલ્લા પાંચ વર્ષમાં જે કામ થયું છે તેને હજી વધારે ઝડપથી આગળ વધારીએ તો આપણા ઉત્પાદિત માલસામાનની પડતર કિંમત ઘટે અને વિદેશી મુદ્રાની બચત થાય. ઉદ્યોગોને પણ ખૂબ સારું પ્રોત્સાહન મળે તેમ છે.

૨. કઠોળ, તેલીબિયાં અને શાકભાજી - ફળફળાદિનું ઉત્પાદન નોંધપાત્ર રીતે વધારીએ. ફૂડ પ્રોસેસીંગ દ્વારા નિકાસ કરી શકીએ તો કૃષિ વિકાસદરમાં વધારો થઈ શકશે.

૩. આપણા ગાય-ભેંસના દૂધના ઉત્પાદનમાં ખાસ્સો વધારો થાય તેમ છે. આપણી દેશી નસલો પર અગાઉ પૂરતું ધ્યાન અપાયું નથી. હકીકતમાં આપણો દેશ ગાય-ભેંસ, ઘેટાં-બકરાં, દૂધ, દૂધનાં ઉત્પાદનો (માખણ, ચીઝ, ઘી અને મીઠાઈઓ) મોટા પાયે નિકાસ કરી શકવાની સમર્થતા ધરાવે છે. યોગ્ય પશુપાલન થકી ગ્રામીણ અર્થતંત્ર કેટલું ચેતનવંતુ બને છે તે અમૂલની ગાથા સૌની સમક્ષ પુરાવા રૂપે હાજર છે.


૪. ઈન્ફ્રાસ્ટ્રક્ચર – આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે પણ ખૂબ વિશાળ તકો આપણી સમક્ષ છે. રાષ્ટ્રીય આવક વધારવામાં રસ્તા, પૂલ, ડેમ, વીજમથકો, આવાસો, બંદરો, એરપોર્ટ, રેલવે વગેરેની અહમ ભૂમિકા રહી છે.

૫. આપણા દેશે સંરક્ષણની બાબતે શસ્ત્રો, લડાકુ વિમાનો, જહાજો, સબમરીનો અને ટેન્કોના નિર્માણમાં ક્ષમતા કરતાં ખૂબ ઓછી સિદ્ધિ હાંસલ કરી છે. તેજસ વિમાન અને વિક્રાંતનું એરક્રાફ્ટ કેરિયર તેમજ ઉપગ્રહો અવકાશમાં મોકલવાનું આપણું કૌશલ્ય અનેરું છે. મિસાઇલના ઉત્પાદન અને ગુણવત્તામાં આપણે અગ્રેસર છીએ.

૬. ઔદ્યોગિક ક્ષેત્રે ચીનના થઈ રહેલા બહિષ્કારના

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૬ ઉપર)**

# રણ લોક સાહિત્ય – લોક કથા



ડૉ. જેઠો લાલવાણી

ગુજરાત સિંધને અડીને આવેલ રણપ્રદેશ એ કચ્છ. ઘણી પ્રજાઓ વખતોવખત પોતાની પરંપરાને લઈને અહીં આવી તે પોતાનો ધર્મ, મત-મતાંતર, જીવન પદ્ધતિ પાલન કરવાની સાથે દૂધમાં સાકરની માફક ભળીને 'કચ્છી' બનીને રહે છે. જે લોકો કચ્છમાં વસ્યા, કચ્છે તે સૌને આત્મસાત્ કરી લીધા. કચ્છને પોતાનું આગવું સ્વર્ણકાળ, ઈતિહાસ છે. કચ્છ પર જ્યારે કોઈ હમલાવરે હુમલો કર્યો છે ત્યારે કચ્છી પ્રજાએ એક થઈને તેનો મુકાબલો કર્યો છે. કચ્છી પ્રજા ધર્મથી પર છે. કોમી એકતા એખલાસમાં વિશ્વાસ ધરાવનારી પ્રજા છે. કચ્છી પ્રજા – જેમાં મેઘવાળ, કુંભાર, બાવડ, સૈયદ, સમા, સૂરમા, જત, કોલ્હી, લોહાણા, સોઢા, વાણિયા, સિંધી, બ્રાહ્મણ, ભાટીયા, ચારણ જેવી વિભિન્ન જાતિઓ અને ધર્મોના લોકો કચ્છમાં આવી કચ્છી પ્રાદેશિક સંસ્કૃતિમાં ભળી એકરૂપ થઈ ગયા છે. બધાની એક જ અસ્મિતા છે. તે છે કચ્છી અને કચ્છીયત. કચ્છમાં રણ છે, સમુદ્ર છે, પહાડો છે, હરિયાળી છે, એકતાનું પ્રતીક છે. કચ્છ માનવ મહાસાગર છે; સમરસ, શાંત, નિશ્ચલ છે.

બન્ની ભૂગોળમાં જેને 'ઘાસિયા મેદાન' કહે છે ત્યાં પણ ઘણા સિંધી આદિ કબીલાઓ વસે છે.

કચ્છ પોતાની પ્રકૃતિ, જનજીવન, હસ્તકૌશલ, સંસ્કૃતિ, પશુપાલનને કારણે લેખક, કવિઓ, કથાકારો, ચારણો, ભાટો, સમાજવિદ્, અર્થશાસ્ત્રી, પ્રાણી ચિકિત્સક, નૃશાસ્ત્રી, વનસ્પતિ શાસ્ત્રી, કલાપ્રેમી, લોક કથાકાર, લોક સાહિત્ય, લોક કલાઓ, વિદ્વાનો તથા ઈતિહાસકાર માટે આકર્ષક ભૂમિ છે. કચ્છ કેવળ પ્રવાસીઓ માટે આકર્ષણ ધરાવતો પ્રદેશ નથી પરંતુ કચ્છમાં દૂર-દૂરથી આવતા પ્રવાસીઓમાં પક્ષીઓનો પણ સમાવેશ થાય છે. અત્રે કચ્છી સાહિત્યને લઈને રણમાં લોકકથાઓ વિશે ચર્ચા કરીશું. કચ્છી સાહિત્યમાં સમૃદ્ધ લોકવાર્તા પરંપરા છે, વીર ગાથાઓનો ભંડાર છે. કચ્છનું પ્રાચીન સાહિત્ય મૌખિક પરંપરાથી રક્ષિત અને પ્રાપ્ય રહ્યું છે.

કચ્છી પ્રજા પાસે પરંપરાગત કથા વાર્તાનો ખજાનો પડ્યો છે. આ કલ્પિત કથાઓ નથી પરંતુ પરંપરાગત પ્રવાહમાં ચલણી બનીને વિવિધ કાળે વિવિધ રૂપે પ્રગટ થતી કથાઓ છે. એનો રચયિતા કોણ એ કોઈ જાણતું નથી અને જે સ્વરૂપે આ કથા-વાર્તા અસ્તિત્વ ધરાવે છે તે પરંપરાગત કથાઓની રચયિતા પરંપરા છે, લોક પરંપરા છે. તેથી તેને 'લોકકથા', 'લોકવાર્તા' કહેવાય છે. વિશ્વ સ્તરના લોક વિદ્યા અંતર્ગત એક વાણી કલા છે.

પરંપરાગત કથાઓના મુખ્ય વિશ્વ માન્ય ત્રણ પ્રકાર છે : (૧) પુરાકલ્પન કથા (Myth), (૨) દંત કથા (Legend), (૩) કથા (Tele). આ ત્રણે પ્રકારો લોકવારસો છે. પુરાકલ્પન કથાનો સંબંધ ધાર્મિક માન્યતા સાથે, દંત કથાનો સંબંધ લોક માન્યતા સાથે અને કથાનો સંબંધ મનોરંજક કલ્પિત વાર્તા વિશ્વ સાથે છે. કચ્છી લોકકથામાં આપણને આ પ્રકારોના દર્શન થાય છે.

કચ્છી લોક વાર્તાઓના અધ્યયન માટે મુખ્ય મુળભૂત શ્રોત છે :

૧. કચ્છી બોલીમાં ઉપલબ્ધ સાહિત્ય જેમાં લોક સાહિત્ય અને શાસ્ત્રીય સાહિત્ય શામિલ છે.

૨. કચ્છના રહેવાસી, પ્રવાસી ચારણ, ભાટો દ્વારા રચિત સાહિત્ય.

૩. કચ્છી સાહિત્ય વિશે કચ્છમાં કે કચ્છની બહાર વસેલા ગુજરાતી ભાષા તેમજ અન્ય ભાષાઓમાં લખનારાઓની કૃતિઓ.

કચ્છી લોકવાર્તાનાં અધ્યયન-ચર્ચા વિચારણામાં ત્રણે રૂપોનો સમાવેશ થયેલ છે.

***મારી સમક્ષ કચ્છી લોકવાર્તાના પુસ્તક છે :***

★ "વાર્તા વિનોદ" : જીવરામ અજરામર ગોર,

★ "કચ્છ દેશની જૂની વાર્તાઓ" : કવિ ગૌરીશંકર,

★ "કચ્છની લોકકથાઓ" : લાલજી મુળજીભાઈ જોશી, "કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય", "કચ્છનું વિવિધલક્ષી લોક સાહિત્ય", "કચ્છનાં લોક સાહિત્યમાં પ્રેમ કથાઓ", "કચ્છી કિસ્સા બાવની", "કચ્છી બાલ આખાણી" : શ્રી દુલેરાય કારાણી

★ "કચ્છનું લોક સાહિત્ય" : જશવંત શેખડીવાળા

★ "કચ્છનું સાંસ્કૃતિક દર્શન" : રામસિંઘ રાઠોડ

★ "કચ્છ કલાધર" : કારાણી

★ "સીદી કચ્છી વાર્તાઓ" : શાંતિભાઈ આચાર્ય

★ "કચ્છના રસ ઝરણા", "કચ્છની લોક વાર્તાઓ" : ડુગાશી

ધરમશી સંપટ આદિ.

ઉપરોક્ત પુસ્તકોમાં વિવિધ કચ્છી વાર્તાઓનો સમાવેશ થયેલ છે. મોટાભાગની કથાઓ કચ્છીમાં નહીં પણ શિષ્ટ ગુજરાતી ભાષામાં છે.

કચ્છી લોક વાર્તા વિવિધ પ્રકારોમાં વેચાયેલ છે. શૌર્ય કથાઓ, વ્રત કથા, ઐતિહાસિક, પ્રેમ કથાઓ, દંત કથાઓ, કિસ્સાઓ, બાલ આખાણી આદિ.

કચ્છની હજાર વર્ષ પહેલાની કથાઓ પણ આજે જળવાઈ રહી છે. કચ્છના પ્રતાપી રાજવી ફુલા લાખાણીની અનેક લોક કથાઓ આજે પણ એની સાક્ષી આપે છે.

લાખો ફુલાણી કચ્છ, ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને સિંધમાં પણ પ્રખ્યાત છે. લાખા ફુલાણીનો જન્મ કચ્છમાં અને મૃત્યુ સૌરાષ્ટ્રનાં આટકોરામાં. દેશવટાના સમયે અણહિલપુર પાટણ ગુજરાત, રાજસ્થાન અને સિંધમાં રહ્યો છે.

કચ્છી લોક કથાઓનાં પ્રથમ સંશોધક ભુજના શ્રી જીવરામ અજરામર ગોર રહ્યા છે, જેઓ એ લોકકથા કહેનારા ભાટ, ચારણો પાસેથી અને હસ્તલિખિત સાહિત્ય પરથી કથાઓ પ્રાપ્ત કરી, મઠારી, 'મુંબઈ સમાચાર'માં પ્રકાશન માટે મોકલતા. કચ્છી લોક સાહિત્યમાં શ્રી દુલેરાય કારાણીનો પણ વિશેષ ફાળો રહ્યો છે.

ગુજરાતના મહાન સાહિત્યકાર શ્રી રણછોડભાઈ ઉદયરામ કચ્છના મહારાજા ખેંગારજી બાવાનાં વખતમાં કચ્છના દીવાન હતા. તેમણે કચ્છના ઇતિહાસનો હસ્તલિખિત ગ્રંથ તૈયાર કર્યો હતો. તેમાં પણ ઘણી લોક કથાઓનો સમાવેશ થયેલ છે.

પ્રેમ કથાઓ, શૌર્ય કથાઓની સાથે પાળિયાની કથાઓ પણ ભૂલી શકાય તેમ નથી. કચ્છના દરેક ગામે પાળિયા જોવામાં આવે છે. પ્રત્યેક પાળિયા પાછળ નાની મોટી લોકકથાઓ રહેલી હોય છે.

કચ્છની લોક કથાઓને ગુજરાતી જનતાએ અપનાવી લીધી છે. કચ્છી ભાષાની જૂની લોક કથાઓ, ઐતિહાસિક કચ્છી દુહા વર્ષોથી ભાટ ચારણોના મુખે કંઠોપકર્ણ ચાલ્યા આવે છે. કચ્છી લોક કથાઓમાં પ્રાચીનતાના પુરાવા છે. કિસ્સાગોઈ અંદાજ છે. કેટલીક રચનાઓમાં સ્થાનીય રંગોનું ચિત્રણ હોય છે અર્થાત્ કચ્છી પૃષ્ઠભૂમિ હોય છે. કચ્છી લોક કથાઓની દૃષ્ટિએ અતિ ઉર્વર છે. આ લોક કથાઓ ગદ્ય અને પદ્ય બંને વિદ્યાઓમાં પ્રાપ્ય છે. એમાં પ્રેમ અને શૌર્યનું અંકન છે. જન-જીવનનાં વિસ્તૃત દૃશ્યો છે. લોક વિશ્વાસ અને સાંસ્કૃતિક ચેતનાનું આલેખન છે, સહૃદયતા પૂર્ણ મનોરંજન છે. શૂરવીરો, સતીઓ, શહીદો, પ્રેમીઓ, ભક્તો વગેરે બધી જ શ્રેણીનાં નર-નારીઓ કચ્છી લોક કથાઓનાં નાયક-નાયીકા છે. ગાથાઓ પોતાના કથા કૌશલ, આડંબરહીન, માર્મિકતા તથા સુપરીચિત કથા ઘટકોને કારણે આજે પણ લોકપ્રિય છે.

લોકકથાનાં વર્ણિત ગીતો માનવ મનની આશા-નિરાશા, રાગ-વિરાગ, હાસ્ય-વિનોદ, ક્રોધ-તિરસ્કાર, ઘૃણા-પ્રેમ, વિયોગ-સંયોગ, ઉલ્લાસ-શોક, યશ-અપયશ, સફળતા-નિષ્ફળતા, કાયરતા-શૂરવીરતા બધી જ માનવીય સ્થિતિઓ અને મનોભાવોને વાચા આપે છે. દોહાઓમાં શૌર્ય, નીતિ, શૃંગાર, ઇતિહાસનાં દર્શન થાય છે. કથાત્મક કાવ્ય રચનામાં બેત, સોરઠા અને કાફી પણ મળે છે.

કચ્છમાં સમય-સમય પર જુદા જુદા કબીલા આવતા રહ્યા છે. જલ માર્ગે, જમીન માર્ગે, દેશી અને પરદેશી. આ કબીલાઓ અથવા જનમાર્ગ જો કે જુદા જુદા હતા પરંતુ એક મિશ્ર સંસ્કૃતિ અને ભાષાને કારણે જોડાયેલા હતા. જીવનના વિભિન્ન ક્ષેત્રો અને કાર્યકલાઓના સંબંધમાં તેઓની પોતાની ધારણાઓ અને વિશ્વાસો હતા. યોદ્ધા, લડવૈયા હતા, સાહસ હતો. કબીલાના નેતા પ્રત્યે વફાદારી, આત્મસન્માન, પડકારનો સ્વીકાર, સામનો કરવાની તત્પરતા, ભાગ્યની વિષમતામાંથી પાર ઉતરવાની ધીરજ, સમૂહના હિતાર્થે ન્યાય વગેરે ગુણનાં દર્શન થાય છે. નૈતિક અને ધાર્મિક અવધારણાઓ વિભિન્ન રૂપોમાં અભિવ્યક્ત થાય છે. રાજાઓ અને યોદ્ધાઓની પ્રશંસા, ગૌરવપૂર્ણ કાર્યો, સ્થાનીય કબીલાઓમાં પરસ્પરની અથડામણ, નાયકનાં ગુણોગાનથી ભરપૂર છે. વ્યક્તિ નિષ્ઠાને મહત્તા જોવા મળે છે.

રાજા ખેંગારજીના પૌત્ર જાડેજા અલિયાનું કુટુંબીજનોના કાવતરાના ભોગ બન્યા. તેઓ સિંધી ફકીર બુશન શાહની કેટલીક ભેંસોને લઈ આવ્યા. અથડામણ થઈ. શ્રાપ આપ્યા. બંને પીર બની ગયા અને પૂજાય છે. પૂંજો શેઠ અને સિંધમાંથી ગુલાબ શાહ કચ્છ પર ચઢી આવ્યા. ઝારા યુધ્ધમાં અસંખ્ય વીર યોદ્ધા વીરગતિ પામ્યા. છતાં પૂંજા શેઠની વાહ-વાહ આજ સુધી થાય છે.

આમ જોવા જઈએ તો પ્રત્યેક સ્થાન, પ્રત્યેક યુગનાં પ્રમુખ વ્યક્તિઓના જય-પરાજયની ગાથાઓનો સમન્વય જોવા મળે છે. રચનાઓ માર્મિક, સરળ અને લોકભોગ્ય છે. ભારતીય ચિંતન ધારાની સહજ વિચારવાહિકા પણ છે. સંત પરંપરાથી જોડાયેલ છે. સામંતી સમાજ વ્યવસ્થા અને વીરપૂજાના ભાવે કચ્છી લોક ગાથાઓ પોતાના આશ્રય દાતાઓ અથવા શ્રધ્ધેયોના સન્માન વધારી વધારીને વાતો કરવાની પ્રેરણા આપનાર છે.

જ્યાં કચ્છી ભાષાની વાત છે, કચ્છી કચ્છના જન સાધારણ દ્વારા પ્રયુક્ત જનવાણી છે. તેને બ્રાચડ, અપભ્રં દ્વારા વિકસિત માનવામાં આવે છે. ગામડાંઓમાં તેનું પ્રચલન છે. સ્થાન ભેદ અને બોલનારાના વર્ગભેદનાં આધારે તેના અનેક રૂપો છે. એ રૂપોમાં થોડો થોડો ફરક છે. આ બોલી ઉપર સર્વાધિક પ્રભાવ સિંધી ભાષાનો છે. પંજાબી, રાજસ્થાની, ગુજરાતીની અસર પણ સ્પષ્ટ રીતે તરી આવે છે. દરબારી આશ્રય હોવા છતાં કચ્છી જનપદીય ભાષા છે. જન જીવનની નિકટનો સંબંધ ધરાવે છે.

સમાજ સાપેક્ષ છે. સામાજીક જીવનથી જોડાયેલ છે. સમાજ જીવનની સમસ્યાઓ, સ્થિતિઓ, મર્યાદાઓ સાથે તે આગળ ને આગળ છે. ચરિત્ર નાયકના શૌર્ય, સાહસ, ચતુરાઈ, દાનશીલતાના ઉચ્ચ ગુણોને પ્રદર્શિત કરે છે. પણ કથા સંગ્રહોમાં તે કચ્છી બોલીમાં નહીં પણ ગુજરાતી ભાષામાં જ ગુંથાયેલી છે. સામાન્ય જનમાનવી કરતાં કથાઓ રાજા, મહારાજા, સમ્રાટ, બાદશાહ, શેઠ, ઝાર, વિશાળ મહેલોની કથાઓ હોવા છતાં જન સાધારણમાં પ્રિય બની છે.

*મુખ્યતઃ કચ્છીની લોકકથાઓ છે :*

ભેરીઓ ગારૂડી અને સઘઈ સંધાર, ફૂલ ભદુઓ અને ભોરી રાણી, કારાય સમો અને કપૂરી સંધાર, ઓઢો જામ અને હોથલ પદમણી, લાખો ફુલાણી અને જસમા સોઢણ, દેદારણ મલ્લજી અને સોઢીરાણી, નારાવાળો અને નાગમતી, વ્રજવાણીની આહિરાણીઓ અને ઢોલી થરનો ઢોલી, પ્રેમપંથ અને પાભકની જવાળા, શામળ શાહ શેઠ અને લક્ષ્મી રંગારી, લીલા અને ચનેસર, શણો મહેન્દ્ર અને મૂમલ, સુસઈ અને પુન્હૂં, સુહિણી અને મેહાર, ઉમર-મારૂઇ, ઝારાનું યુદ્ધ, કચ્છી કિસ્સા, સિઆડેજી સિવરાંત, કચ્છી અને સિંધી, ખમ્મા મુંજે ખાવંધ કે, ઉઠનેં કપટ તેં?, માતૃપ્રેમ, કારે ઢગેવારો, બાપા કાપડો, દબેટા કાગડો વગેરે. બાળ વાર્તાઓ, પ્રાચીન લોકકથાઓ અને પુનરાજી, વેરની આગ, માર્ગ પ્રતીક્ષા, મોડભદુઓ વગેરે.

પ્રેમ કથાઓની વાત કરીએ તો પ્રેમકથા વિવિધરૂપે કહેવાતી આવી છે. પ્રેમ વિભાવના શાશ્વત છે અને જીવન નિયંતા છે. આદિકાળથી આજ સુધી પ્રેમ વૃત્તિ માનવ જીવનમાં કેન્દ્ર સ્થાને છે. તે લૌકિક ક્ષેત્રની સાથે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પ્રેમની સર્વત્ર વ્યાપ્તિ છે. કથા સાહિત્યમાં યુગો યુગોથી પ્રેમની અભિવ્યંજના થતી રહી છે. વિશ્વ કથા સાહિત્યમાં પ્રેમનાં વિભિન્ન રૂપો અને વિવિધ રંગોના ચિત્રો અંકિત છે. કચ્છી પ્રેમ કથાઓ પોતાની આગવી વિશેષતાઓ અને લાક્ષણિકતાઓ ધરાવે છે. પ્રેમ કથાઓમાં લોક વિશ્વાસો, પ્રથાઓ, માન્યતાઓના પરિવર્તનો પણ જોવા મળે છે.

હોથલ નિગામરી, ઓઢો જામની કથા કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાનની સાથે સિંધ પ્રદેશમાં પણ ખૂબ પ્રચલિત છે. હોથલ પદમણીનાં પાઠો ઝવેરચંદ મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૪', સ્વ. જીવરામ અજરામર ગોરે 'કચ્છની જૂની લોક વાર્તાઓ'માં ઊંઢો કેર અને હોથલ નિમાગરીના નામે સ્વ. દુલેરાય કારાણીએ 'કચ્છના લોક સાહિત્યમાં પ્રેમ કથાઓ', 'ઓઢો જામ અને હોથલ પદમણી'ના નામે તથા ડૉ. જેઠો લાલવાણીએ 'બન્નીઅ જો સિંધી લોક અદબ'માં 'હોથલ પદમણી'ના નામે આલેખ છે.. ઓઢો જામ અને હોથલ પદમણીના વિવિધ પાઠોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી આ પુરાણ કથા અને દંતકથાનો ભેદ પાળવામાં ઉપયોગી બની શકે તેમ છે. આ કચ્છના પ્રાચીન પ્રદેશ કંઠ કકરા ગોલાય ગઢની કથા છે. લાખો ફુલાણી, જસમા ઓઢણ, લાખા ફુલાણીની દાનવીરતા, ઉધ્ધાર, પરાક્રમી, સૃષ્ટિ સૌંદર્યના ચાહક કવિની કથા છે.

લીલા ચનેસર, રાણો મહેન્દ્ર અને મૂમલ, સસુઇ અને પુન્હૂં, સુહિણી મેહાર અને ઉમર મારૂઇ શાહ અબ્દુલ લતીફની સૂફી ઈશ્કને રજૂ કરતી લોક કથાઓ છે. મનુષ્ય જીવનમાં પ્રેમ દાખલ થઈ જોર પકડે છે ત્યારે તેને દુનિયાદારીનું ભાન રહેતું નથી. પ્રેમ પ્રગટ થયા વિના રહી શકતો નથી. સાચો પ્રેમ એ ખુવારીનો માર્ગ છે. ઈશ્કમાં ગરકાવ થયેલા પ્રેમીઓ કોઈ પણ મુશ્કેલીને વિઘ્નરૂપ સમજતા નથી. તેઓ તેનો આનંદપૂર્વક સ્વીકાર કરે છે. પ્રેમ જ્યારે વિરહમાં પરિણમે છે ત્યારે સમય ખુદ સામેથી પ્રિયતમને મળવા માટે દોડી જાય છે. પ્રેમ દ્વૈતને ઝાઝો સમય સહી શકતો નથી. પ્રેમ અને હત્યા છૂપા રહેતા નથી. પ્રેમમાં ધૈર્ય, એ મોટું રહસ્ય છે. ઈશ્કનો માર્ગ એકલવાયો છે. વિરહ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે પરમાત્માના સામ્રાજ્યનો પડદો ખૂલી જાય છે અને આ જ અનુભવની પરાકાષ્ઠા છે. પ્રેમમાં શરીરથી મરતા પહેલાં વાસનાઓથી મુક્ત થવાનું છે. આ મરીને જીવવાનો મંત્ર છે. પ્રેમની ભાષા મૌન છે. પ્રેમ અને કર્મ કાંઢ વિરોધાભાસી છે વગેરે વિચારો આ પ્રેમ કથાઓ રજૂ કરે છે.

ભોરિયો ગારૂડી-સઘઈ સંગાર કઢ કાછાની કથા છે. જે ભુજીયા ડુંગર પર નાગ દેવતાની દેરીની યાદ અપાવે છે. જડિયા નાગને ભુજંગ નામે પણ ઓળખવામાં આવે છે.

આ કથાઓમાં કચ્છી જન-જીવનનો ઘટના બહુલ ઈતિહાસ રહેલો છે. કચ્છીમાં "મુલ્લા વારો નાઢો" પણ ઘણી જ લોકપ્રિય કથા છે. કચ્છી લોક કિસ્સાઓમાં આનંદ, કલા, કલ્પના, ચતુરાઈ, હાજર જવાબી, અકુલ તેમજ જીવન જીવવાની વ્યવહારિકતાનો સમાવેશ થયેલ છે.

કચ્છી લોક કથાઓમાં લાખો ફુલાણી, હોથલ પદમણી, અબડ અડભંગ, યદ્ધુ વંશ, સમા વંશ, ઓઢો જાખરાણી, વીર કારાયલ, લાખો ધરારો, નાગવારો અને નાગમણીની વીરતાથી લોક જીવન જીવંત છે. તેથી દુલેરાય કારાણી કચ્છને "રત્ન પેદા કરનારી વીર ભૂમિ" કહે છે. કચ્છી લોક કથાઓના અમર થઈ ગયેલ પાત્રો છે : સતી તોરલ, ગોઢરાણી, ચંદ્રકંવર, રાજરાણી સોનલ, મહારાણી રાજબા, ઠક્કરાણી પ્રેમાલા, રતનબાઈ, ચંદ્રમુખી કપૂરી, સંઘારે સગાઈ, ગુનતરી, માતા લેરબાઈ, સોનારી અલણ, કક્કલ, બોલાડી નારી પાત્રો છે. કારાયલ, જેસલ, પૌંરુ, નાગવાજી, જસમા, ધોરમનાથ, મોઢ પીર, રાવલ પીર, માતંગ દેવ, જખ દેવતા, લોખો ઘુઘરો, અબડો વગેરે પુરુષ પાત્રો છે. મામઈદેવ કચ્છી વાર્તામાં ચમત્કાર છે. સિંધના એક બ્રાહ્મણ મંત્રોના વિદ્વાન છે. તેણે મંત્રોની પોથી તૈયાર કરેલ. તેના મૃત્યુ પછી તે પોથી તેનો પુત્ર કચ્છમાં લઇને

આવે છે. એક મંત્રથી જામ લાખાને લડાઈમાં જીત અપાવે છે. બીજા મંત્રથી દુષ્કાળમાં વરસાદ લાવે છે. પછી તે પોથી તેના પુત્ર માતંગદેવને મળે છે. જેણે સિંધના જામ નદીને મંત્ર વડે આંખો બંધ કરાવેલ તો એક બાદશાહની બેગમને નગ્ન અવસ્થામાં નહાતા જોઈ. આ બધું મંત્રના પ્રતાપે.

જાદુઈ બાબતની વાત કરીએ તો લાખા ફુલાણીનાં પિતાએ ફુલ સોનબાઈ સાથે લગ્ન કરેલ છે. તે એક પરી છે.

હોથલ પદમણીમાં હોથલ પણ પરી છે.

ભાનુશાલી, ખગી, લોહાણા જસરાજને યાદ રાખે છે. વીર જસરાજની કથા પણ લોકપ્રિય છે. લગ્ન સમયે જસરાજનો પૂતળો બનાવી તેની પૂજા કરવામાં આવે છે. જસરાજની શૂરવીરતાની વાતો થાય છે. કહેવાય છે અંબાદેવી, જસરાજનાં પૂર્વજોની સાથે કચ્છમાંથી સિંધ ગયેલ અને ત્યાં હિંગલાજ માતાના નામે પૂજાય છે. લગ્ન પ્રસંગે જસરાજ ગવાય છે.

કચ્છી લોક કથાઓમાં અતિ પ્રાકૃત પ્રસંગ એવા અતિ માનવીય તત્ત્વોને જે સમાવેશ થયેલ છે તેનો મનોવૈજ્ઞાનિક આધાર લોકમાનસ પરસ્પર વિરોધી તત્ત્વોમાં સમન્વય સ્થાપિત કરવાનો પ્રયત્ન છે.

કચ્છી લોક કથાઓમાં કથાનકમાં ગતિ અને ઘુમાવ જોવા મળે છે. વારંવાર પ્રયોગને કારણે આગળ જતાં કથા રૂઢીઓમાં બદલાઈ જાય છે. કચ્છી લોક કથાઓની કથા રૂઢીઓ આ પ્રમાણે જોવા મળે છે. લગ્ન શરત, નિ:સંતાન રાવ, વરદાન રૂપે સંતાનની પ્રાપ્તિ, વ્રત કરવાનું, પુરૂષ વેશધારી નાયકા, મહેણાને કારણે પરાક્રમ અને નાયિકાની પ્રાપ્તિ, પ્રણય ભંગ થતા વિરહ, અપ્રાકૃતિક, અલૌકિક તત્ત્વોનું અવતરણ, વચનભંગ, નાયિકાના છૂટાછેડા અંતે મિલન, સતી મહિમા, સ્નાન કરતી નાયિકા આદિ.

શ્રી ફરામજી બમનજી માસ્ટરે, જેઓ પારસી હતા ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રમાં પરિભ્રમણ કરીને કંઠસ્થ લોક કથાઓ એકત્ર કરી "રજવાડાની કથા" (૧૮૭૨) અને "ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તાઓ : ભાગ ૧-૨" (૧૮૭૩) અને ભાગ-૩ (૧૮૭૩)માં પ્રકાશિત કરેલ. તેમાં "કચ્છી વાતો", "પ્રેમ કથાઓ" વગેરે પ્રકાશિત કરવાની યોજના તૈયાર કરેલ. તે પરથી એટલું સમજાય છે કે કચ્છી લોકકથાઓ એકત્ર કરવાની કામગીરી ૧૮૭૦ની આસપાસથી શરૂ થયેલ અને આગળ વધેલ અને અનેક કચ્છી લોક કથાઓનું સંપાદન કરી પુસ્તકરૂપે પ્રકાશિત કરેલ છે. તે સંપાદનોને શુદ્ધ અને શાસ્ત્રીય લોક કથામાં સંપાદનો નથી પરંતુ વાર્તા કે ટુંકી વાર્તાને મળતા કોઈ વચલા ગાળાનાં વાર્તા રૂપ માટે સામગ્રી દાખલ લોક કથાઓનો ઉપયોગ કરતી રચનાઓ છે. ઘણી લોક કથાઓ કથાનાત્મક રીતિની વાર્તાઓના રૂપમાં નહીં પણ અણઘડ નવલકથા અથવા લાંબી વાર્તાઓના વર્ણનાત્મક રૂપમાં આલેખાઈ છે તથા વ્યવસાયી રંગભૂમિના નાટકો માટેની કથાની ઘાટીમાં રજૂ થઈ છે. ક્યાંક ક્યાંક તો સીધા સંબોધનો પણ મળે છે. અગાઉ જણાવેલ કે કથાઓ ગુજરાતી ભાષામાં રજૂ કરેલ છે. વચ્ચે વચ્ચે દોહા, સોરઠા, કાફી, ગાહૂ કચ્છી-સિંધી ભાષામાં વર્ણવેલ છે.

શ્રી શાંતિલાલ આચાર્ય "સીદી કચ્છી વાર્તાઓ"માં મૂળ કચ્છી બોલીની પરંપરાગત કંઠસ્થ લોકવાર્તાઓ (ગુજરાતી અનુવાદ સાથે) કચ્છી બોલીમાં રજૂ થયેલ છે. બોલાતી કચ્છીની લાક્ષણિકતાઓ તેમાં મહદ્ અંશે ઉતરી શકી છે. તેને શાસ્ત્રીય સંપાદનનો પ્રયત્ન કહી શકાય. જેથી વસ્તુ, પાત્ર, કાર્ય, સંવાદ, પરમતત્ત્વ, સ્થળ, કાળ સંબંધિત સંસ્કૃતિનું યા પરંપરાઓનું ઠીક ઠીક અંશે પાલન થતું હોય છે.

પૂર્વ અને ઉત્તરમાં નાના મોટા રણથી ઘેરાયેલ કચ્છમાં કચ્છી લોક કથાઓ વિપુલ પ્રમાણમાં છે. કચ્છી લોક કથાઓના શાસ્ત્રીય અધ્યયનની અભિરૂચિ ધરાવનાર અભ્યાસીઓએ વિશ્વના લોક કથા ધનને આવરી લેતા કથા ઘટકો - મોટીફનું અધ્યયન કરી કચ્છનાં વિશાળ ફલક પર ફેલાયેલ કચ્છી લોક કથાઓને શાસ્ત્રીય ઢબે રજૂ કરવા આગળ આવવું જોઈએ. આવા અમુક પ્રયત્નો થયા છે તે આવકારદાયક છે.

*૩૭, આદિત્ય બંગ્લોઝ, આવાસ પાર્ક, નોબલનગર પાસે, કુબેરનગર, અમદાવાદ-૩૮૨ ૩૪૦. મો. ૯૮૭૯૫ ૬૩૩૧૨*

## ભારતનું પાંચ ટ્રીલિયન ડોલરના અર્થતંત્રનું લક્ષ્ય

**(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

વાતાવરણમાં આપણા માટે અનેરો અવસર છે. વિવિધ વસ્તુઓનું ઝડપી ઉત્પાદન થાય, પડતર કિંમત વાજબી રહે અને ગુણવત્તા જળવાય તો દેશના આર્થિક વિકાસમાં તેનું યોગદાન મહત્ત્વનું બની શકે. હીરા, સિરામિક, કાપડ અને તૈયાર પહેરવેશ, આભૂષણો, એન્જિનિયરીંગ સાધનો, રસાયણ, દવાઓ અને પેટ્રોકેમિકલ્સમાં ભારતની પ્રગતિ નોંધપાત્ર છે.

૭. પ્રવાસન, મનોરંજન, સોફ્ટવેર, શિક્ષણ અને આરોગ્યક્ષેત્રમાં પણ આપણે વિશ્વમાં ડંકો વગાડી શકીએ તેવી ક્ષમતા છે. આ શક્તિ ઝડપથી ઉજાગર થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી છે.

પાંચ ટ્રીલિયન યુ.એસ. ડોલરના અર્થતંત્રને સાકાર કરવા માટે જરૂરી છે દૃઢ સંકલ્પની, યોગ્ય આયોજનની, કઠોર પરિશ્રમની, ઉત્તમ સંકલનની અને દેશહિતને અગ્રતા આપવાની. નૂતન ભારતના નિર્માણમાં સૌનું પ્રદાન અને વિશ્વાસથી કાર્યરત થઈએ તો લક્ષ્યપ્રાપ્તિ નિશ્ચિત છે અને તેને શીઘ્ર હાંસલ કરવા માટે આપણે સૌએ કટીબદ્ધ થઇને સહિયારો પુરુષાર્થ કરવો જરૂરી છે.

*"વિશ્વવિહાર"ના સૌજન્યથી*

# મુંજી માતૃભાષા કચ્છી

ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી

રૂડો રળીયામણો ભલો કચ્છડો આઝાદી પહેલાં કુદરત સાથે ગેલ કરતો મીઠડી, ખમીરવંતી કચ્છી ભાષામાં રોજિંદા વ્યવહાર ચલાવતો, દરિયાપાર બૃહદ્ ગુજરાત વિકસાવવા, માટી સંસ્કારનું જતન કરવા, કચ્છી માતૃભાષાના અમી ઓડકાર ખાતા ખાતા કચ્છી અસ્મિતાનો પરંપરાગત વારસો આપવા, કચ્છી ભાષામાં હાલરડાં ગાઈ બાળકોને પારણે ઝુલાવતો. અંજારની ધૂળી નિશાળના આંગણામાં ઝાડ નીચે અમો કચ્છી બાળપોથી ભણતા હતા. સુલેમાન સર રેંટીયો કંતાવતા કચ્છી ભાષામાં દેશ ભક્તિના ગીતો ગવડાવે. એવામાં દશે દિશામાં કચ્છી લોકગીત ગુંજાવતાં કાગબાપુ પધાર્યા. કુદરતની કચ્છી ભાષા સમજાવવા ઝાડ પર બેઠેલ પંખીએ ટહુકો કર્યો. પણ તેની નજર તો ડુંગરની પેલે પાર. ઘાયલ તે ઊડી શકતું નહોતું, પણ બાપુએ કચ્છી ભાષામાં તેને વહાલું કર્યું કે તરત મુંજી માતૃભાષા કચ્છી ટહુકતું દૂર દૂર તેના માળામાં. કચ્છી ભાષા પાઠશાળા જિંદગીની પાઠશાળા બની.

એકવીસમેં વર્ષે હું લંડન ભણવા ગયો. મારું વહાલું વતન કચ્છડું ખૂબ યાદ આવે. પેલા પક્ષી જેવી સંવેદના અનુભવતો. ટેમ્સઝીલની આસપાસ હું ફરતો હતો. મેં જોયું, મારાથી એકાદ વર્ષ નાની કચ્છી યુવતી કચ્છી ભાષામાં નારાયણ સરોવર અષ્ટક ગાઈ ઝીલમાં ફૂલ પધરાવતી હતી. ત્યારે મારી સંવેદના બોલેલી કચ્છી ભાષા કેમ બોલતો નથી? પછી તો માતૃભૂમિ કચ્છડાને કચ્છી ભાષામાં હું મહાલતો ત્યારે વતનનો ઝુરાપો બંધ થયો.

કચ્છમાં ધરતીકંપ. લંડનના વિશ્વ વિદ્યાલયમાં પ્રોજેક્ટનું કામ કરતાં કરતાં માનવીય સંવેદના કચ્છી ભાષા ભૂલવાથી ખોતો ગયેલો. જે મુંજી માતૃભાષા કચ્છીએ પરદેશમાં પ્રાણવાયુ ફૂંકી ફૂંકી મને જોશીલો બનાવેલ. તે માનવીય મૂલ્ય બોધ બેઠેલ માત્ર હાડકાં માદરે વતને આપી કૃતજ્ઞતા કેવી રીતે કરી શકે? અસંખ્ય કરચલીવાળી મારી મા એ ભોમકાની પડતી એકાદ કરચલી ઉજાળવા પોતાના મંગળસૂત્ર સાથે સોનાનાં બે કડાં મારા હાથમાં મૂક્યા. ધ્રુજતા હાથે માદરે વતન કચ્છનો સાદ તળપદી કચ્છી બોલીમાં લખી મને આપ્યો. પશ્ચાતાપનાં આંસુ સાડલાના છેડાથી લૂછતાં-લૂછતાં બોલેલી, ધોરારી ધીંગી ધરા કચ્છને તું ભૂલી ગયો કારણકે માનું ધાવણ ધાવેલ કચ્છી માતૃભાષાને ભૂલી ગયો. પછી તો આપણા આંગણે દેવગણ ક્યાંથી આવે? બીજી સવારથી થેલીમાંથી કચ્છી બાલપોથી કાઢી, તેને નમન કરી, માથે ચડાવી માત્ર મને જ નહીં પણ લંડનવાસી અન્ય કચ્છી માડુને ભાષા શિક્ષણ આપવાનું પુણ્ય કામ ચાર ચોપડી ભણેલા મા એ શરૂ કર્યું ત્યારે છલકાતી આંખે મા ભોમ કચ્છી ધરાની માટી માથે ચઢાવી અમે બધા બોલી ઊઠેલા, ‘મુંજી માતૃભાષા કચ્છી, માદરે વતન કચ્છ અમર રહો.’

*કોટરા, રીજિનલ કોલેજની સામે,*
*અજમેર-૩૦૫ ૦૦૪ (રાજસ્થાન)*

## કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન

૧. ભગવાન ક્યારેય ભાગ્ય નથી લખતા.
૨. જીવનના દરેક ડગલા પર આપણો વિચાર, આપણો વ્યવહાર, આપણું કર્મ જ આપણું ભાગ્ય લખે છે.
૩. નીતિ સાચી હશે તો નસીબ ક્યારે પણ ખરાબ નહીં થાય.
૪. બીજો માણસ આપણામાં વિશ્વાસ મૂકે એ જ આપણા જીવનની સૌથી મોટી સફળતા છે.
૫. દુઃખ ભોગવનાર વ્યક્તિ આગળ જઈને કદાચ સુખી થઈ શકે છે, પરંતુ દુઃખ આપનાર વ્યક્તિ આગળ જઈને ક્યારેય સુખી થતો નથી.
૬. માણસાઈ દિલમાં હોય છે, હેસિયતમાં નહીં. ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે, વસિયત નહીં.
૭. તમે ગમે તેટલા શતરંજના મોટા ખેલાડી હો, પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ તમારી બરબાદીના તમામ રસ્તા ખોલી નાખે છે.
૮. પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે અને સંબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.
૯. જીવનમાં સ્વાર્થ પૂરો થઈ ગયા પછી અને શરીરમાંથી શ્વાસ છૂટી ગયા પછી કોઈ કોઈની રાહ જોતું નથી.
૧૦. જે જોઈએ તે મેળવીને જ જંપવું એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવવું એ સુખી માણસની નિશાની છે.
૧૧. ઈશ્વર જ્યારે આપે છે ત્યારે સારું આપે છે અને નથી આપતો ત્યારે વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે. પણ જ્યારે રાહ જોવડાવે છે ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.
૧૨. આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે, આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે.

# મોંઘી મિરાત મારી માતૃભાષા

કમલા નરેન્દ્ર ઠક્કર

*માતૃભાષા તો ભૈ માતાનો પાલવ ને*
*રહેતો જીવનભરનો છાંયો*
*એની ઉપેક્ષા તો સહેજે પોષાય નહીં*
*ભૂલ્યો તે નક્કી પસ્તાયો.*

કોઈપણ ભાષા કોઈકની તો માતૃભાષા છે જ. અહીં ભાષાનું મહત્ત્વ તો છે જ પણ માતૃભાષાના મૂલ્યની કે મહત્ત્વની વાત કરવી છે. બાળક લખતા પહેલા જે ભાષા બોલતા શીખે તે માતૃભાષા.

વાતાવરણમાંથી શ્વાસ મળે, પારીવારિક પરંપરામાંથી સંસ્કાર મળે, માના ધાવણમાંથી પોષણ મળે એમજ માના ધાવણમાંથી ટપકતી સ્નેહસભર ભાષા એ જ માતૃભાષા. માના હેતાળ સ્પર્શની અનુભૂતિ કરાવે છે તે માતૃભાષા. પિતાના ખભાની જેમ કે માતાના ખોળા જેવો વિશ્વાસ મળે તે માતૃભાષા. પરસ્પરના વ્યવહારમાં આત્મીયતા છલકાવે તે માતૃભાષા.

માતૃભાષા તો માતાનું ધાવણ છે. બાળક માટે માતૃભાષાના પરિચયના દ્વાર ઉઘડે છે. 'મા' શબ્દથી બાળકની વાચા ફૂટે છે. 'મા' શબ્દ એ અભિવ્યક્તિની બારાખડીનો પ્રથમ અક્ષર છે.

જે ભાષામાં આપણે મોકળા મને હસી શકીએ, રડી શકીએ, જે ભાષામાં આપણે સ્વપ્નો જોઈ શકીએ, સ્વપ્નો સજાવી શકીએ તે ભાષા એટલે માતૃભાષા.

જે ભાષા આપણે સરળતાથી, સહજતાથી, ઊંડાણપૂર્વક સમજી શકીએ, સમજાવી શકીએ, મનન ચિંતન કરી શકીએ, વિચાર વિમર્શ કરી શકીએ તે ભાષા એટલે માતૃભાષા.

સંતોના સૂર અને દેવતાઈ નૂરથી અલંકૃત ભાષા, મેઘાણી અને મુનશીની માતૃભાષા, મહાકવિ ન્હાનાલાલનો વસંતલ વિંઝણો લઈને આવેલી ભાષા... વીર નર્મદ, લોકકવિ દુલેરાય અને કવિ તેજની તેજસ્વી ભાષા. અરે! વિશેષણો વામણા અને શબ્દો સીમિત લાગે એવી સમૃદ્ધ છે આપણી ભાષા.

જેને અનેક સર્જકો અને સાક્ષરો, સાધકો તથા સંતોએ પોતાના સર્જન સુમન અર્પણ કર્યા છે. પૂજ્ય કાકાસાહેબ કાલેલકર અને ફાધર વાલેસ જેવા બિન ગુજરાતીના મનનું વશીકરણ કરતી આપણી આ ગુજરાતી ભાષાને આજે લૂણો લાગી ગયો છે.

આપણે ગર્વથી કહેવું જોઈએ કે હું ગુજરાતી છું. તેના બદલે ગુજરાતી ભાષામાં ભણવું અને બોલવું એ આજની પેઢીને નાનમરૂપ લાગે છે. આજની પેઢી તો ગર્વથી બોલે છે કે મને ગુજરાતી ભાષા વાંચતા પણ નથી આવડતી. થોડાંક વર્ષો પહેલા લોકો ગૌરવથી કહેતા હતા કે ગુજરાતી મારી માતૃભાષા છે. પણ... આજે સમયના વાયરા પલટાયા છે. શિક્ષણનો વ્યાપ વધતો રહ્યો છે. સાથે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસનો મોહ વધ્યો છે. પોતાની માતૃભાષા ગુજરાતીને છોડી અંગ્રેજી માધ્યમનાં અભ્યાસની ઘેલછા વધી છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો - કરાવવાની ફેશન વધતી ચાલી છે. સમાજમાં પોતાનો મોભો વધતો હોય અને વટ પડતો હોય એ રીતે વાલીઓમાં પોતાને સુધારેલા પ્રગતિશીલ અને હોંશિયાર કહેવડાવવાની હોડ લાગી છે. બીજા શબ્દોમાં કહીએ તો અંગ્રેજી માટેનું એક પ્રકારનું ગાંડપણ જ વધ્યું છે.

જે બાળક માતૃભાષામાં કંઈ પણ શીખે છે, શબ્દભંડોળ મેળવે છે એ બધાની સાથે સાથે ઘરમાંથી જે લાગણી તેને મળે છે તે બધું જ માતૃભાષામાંથી જ પ્રાપ્ત થાય છે અને એકાએક અપરીચિત ભાષામાં વ્યવહાર કરવામાં આવે તો આ નાનકડા કુમળા બાળક પર આપણે કેટલો બધો સિતમ ગુજારીએ છીએ; જે વિશે તેની પાસે કોઈ જ શબ્દભંડોળ નથી અને દરેક શબ્દ તેને શીખવવાના રહે છે અને ઘણી વખત તો બાળક માનસિક મૂંઝવણ, થાક અને ક્યારેક ત્રાસ પણ અનુભવે છે અને અભ્યાસ તેના માટે અતિ બોજારૂપ બની જાય છે.

આપણી માતૃભાષા, એ આપણી મોંઘી મિરાત છે. તેના પાયાના જ્ઞાન વગર સફળતાના શિખરો સર કરવા અશક્ય છે. માતૃભાષા એટલે આપણી પોતાની ભાષા. તેનાથી અલગ થઈએ તો મુશ્કેલીનો સામનો કરવો જ પડે. આપણી ભાષા ગુજરાતી પ્રત્યે આપણને ગૌરવ હોવું જ જોઈએ.

ભાષાનું ગૌરવ ન જાળવી શકે એ પ્રજા નિર્માલ્ય બની જતી હોય છે. મિરાત એટલે કે મિલ્કતનું આપણે ખૂબ જ જતન કરીએ છીએ તો માતૃભાષા એ સૌથી મોંઘી મિરાત છે. આપણી માતાની ભાષા છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૪ ઉપર)

# ગતિ – અવગતિ



હસમુખ અબોટી 'ચંદન'

વેરણછેરણ : ઠેરઠેર તૂટેલાં પાટિયા... નારિયેળીના બટકેલાં થડ... દૂર દૂર સુધી ઉડેલા ઝૂંપડાનાં પતરા... સઘળે કાદવ-કીચડ... વેરાન બનેલો ફુરદો... વંઠેલ વાવડો... ગોઝારી રાત... ભય... સૂનકાર... ખાલીપો.

આ બધું એકી શ્વાસમાં લઇને ઊભી હતી. બે દિવસની તદ્દન લાંઘણ. ઓશિયાળી હતી, લાચાર હતી. અરવ બની સ્થિતપ્રજ્ઞ દશામાં આવી પડેલી. કંઈ સૂઝતું ન હતું. એક રાતમાં અનેક રંગો બતાવનાર પ્રકૃતિની અત્યંત ઓશિયાળી બની ગઈ. નજર જ્યાં સુધી પહોંચતી હતી ત્યાં સુધી નાંખી રહી હતી. પણ એના માટે બધું બેકાર હતું. ત્યાં કશું હોય તો દેખાય ને? થોડા લીલા પટને હરાયું ઢોર ચરી જાય તેમ આખા ફુરદાના પટને વાવડો ઓરી ગયો હતો. કોણ કોને અને કયા કયા ગુનાઓમાં ગુનેગાર સાબિત કરે?

એ રાતની ગતિમાં, એક ગતિમાં જેમ કે ગતિમાં વાવડો-મોજાં-વીજ ગર્જના અને ઝંઝાસુરની સંડોવણી એક નીરવ શાંતિ વાળી દીધી. બેકાબૂ બનેલી ગતિ અત્યારે થંભી ગઈ હતી. સખત કામ કરીને થાકેલો રાજીવ પછીથી જેમ પડ્યો રહે, ઊંઘ ખેંચતો રહે તેમ બધાંની ગતિ સ્થિર બની હતી. એને અનેક વિચારો આવતા હતા. મનમાં ને મનમાં બધું ગોઠવવા પ્રયત્ન કરતી હતી. ત્યાં બંને આંખોની કોરમાંથી આંસુઓની ધારા વહેતી જતી હતી. વિખાયેલા સામાનમાં નજર કરી. પોતાની વસ્તુ ક્યાંય દેખાતી ન હતી. હવે તો એના વિચારો પણ બુઠ્ઠા થઇ ગયા હતા. એવુંય નહોતું કે બધું જ સાન-ભાન ખોઈ બેઠી હતી. બે દિવસ અગાઉ રેડિયો મોં ફાડી ફાડીને કહી રહ્યો હતો ત્યારે હંમેશની જેમ ખોટી પડતી આગાહીને આજે એણે ધ્યાને ન લીધી અને ભોગવી બેઠી. વિચારોથી પણ અનેકગણી ગતિમાન પ્રકૃતિનો અણસારો આવ્યો હતો. અને એ અણસારો વાસ્તવિક્તામાં પરિણમ્યો. એ ગતિ ન હતી, પણ અવગતિ હતી. બધું જ નાશવંત બની ગયું. પલભરમાં જનમ-મરણનું દ્રુતગતિનું ચિત્રાંકન થઈ ગયું.

મોડી રાતે વાવડો ઘરની બારીની તિરાડે કાનસૂરો કર્યો. ઘેરી શાંતિમાં પણ હૈયામાં કોલાહલ સંભળાઈ રહ્યો. એકાએક વિચાર આવ્યો, પણ એ કસુવાવડ જેવો હતો. ક્ષણભર કેટકેટલા આવેગો ઊભરાઇ આવ્યા. એકવાર બધું ભેગું કરવાનો વિચાર આવ્યો. વિચારોના મારાના લીધે બધું જ સ્થિર થઈ ગયું. પછી તો બેફિકરાઈએ રીતસરનો હલ્લો બોલાવ્યો. એની આસપાસ શૂન્યતા વ્યાપી ગઈ. ઊંઘે ઘસડી-તાણી લેવા પ્રયત્નો કરી જોયા. ત્રીજા પ્રહરનો પ્રવેશ થયો. એક વાવડે બારી-બારણા પછાડ્યા. પવનનું ધસમસતું મોજું ઘરમાં ફરી વળ્યું. છોરાને કાંખમાં લઇ બહાર નીકળી જવાયું.

પવનની રફતાર પલેપલ વધતી રહી. ઝાડ, ડાળખી, પાંદડા, નળીયા, મોભ ને છાપરામાં પવનની ઘૂસણખોરીએ પજવણી શરૂ કરી. દૂર દેખાતો દરિયો સળવળ્યો. તેના ઉભારે સહસ્ર મોજાંઓની નાગફેણો ડોલતી રહી. જલ ફીણોટા સફેદ વાઘા પહેરી કોઈ નૌસેનાના કૂચકદમી હોય એ અદાથી આગળ વધી રહ્યા. તે કકળતી ભૂખમાં ઊભી રહી. ત્યાં ને ત્યાં જ ઊભી રહી ગઈ. ગળામાં વ્યાપેલા ડૂમાને જોતજોતામાં ગળી ગઈ. જડ-ચેતનનો ખ્યાલ ભૂલાઈ ગયો. ભેજ ભીના પવનમાં નહાતી રહી. વરસાદની ઝીણી ફુવાર સતત વહેતી રહી અને તેના આશ્લેષે વિંટાતી રહી. માથામાં ઝીણો સણકો ઊઠી આવ્યો. બે પગલા આગળ ભરવાની હિંમત પણ ન ચાલી. બસ ત્યાં ને ત્યાં ઊભી રહી ગઈ. છોરાને છાયલનો પાલવ ઓઢાડીને.

કાંખમાં તેડેલાં બાળકને વારેઘડીએ થાકના લીધે બદલ-બદલ કર્યા કરતી હતી. છતાંય સૂન બની ગયેલા મગજમાં ભાન નો'તું રહ્યું કે તેની કાંખમાં ભવિષ્યનો માલમ બેઠો છે. આજે કાંખને પણ નાના માલમનો ભાર લાગતો હતો. જેમ કે અભાગિયા દિવસે દરિયાને વહાણનો ભાર લાગે તેમ. એની જેમ એનો માલમ પણ અસ્થિરતાને સ્થિરતામાં લાવવા હવાતિયા મારી રહ્યો હતો. દરિયે રીતસરનો પ્રયત્ન આદરી રહ્યો હતો.

જેઠના આકરા તાપમાં માલમે વહાણ લઈ જવાની જીદ કરી. તેની જીદ કંઈ ઓછી ન હતી. આવી જીદ એણે અનેકવાર કરી હતી, આજે પણ કરી. પરિણામ શું આવ્યું એની મથામણ કે શોધમાં સતત ફસાયેલો હતો. એના માલમને પંકાયેલા માલમ બનવાના ઓરતા ચરમસીમાએ હતા. હમણાં સુધી આવું-જાંજરું, બોદેલું, કડાંવાળું, સમારકામ માંગતું ને ઝોલા ખાતું – વહાણ ક્યારેય ઉપાડ્યું ન હતું. આજે શી કમતિ સૂઝી કે મોતનો સામાન લઈને ઉપડ્યો. એને વિદાય આપવા કાંઠે આવી હતી.

ધીમી ગતિએ પવન વાઈ રહ્યો હતો. ફુરદે માણસોની અવર-જવર ઠીક ઠીક હતી. આઠ ખલાસીઓ પહોંચી આવ્યા હતા. કોટિયા પ્રકારનું આ વહાણ નાનું હતું. એના સિવાય બે-એક વહાણ

લંગરે અને રાંઢવે બંધાયેલા હતા. કેશો માલમ જાણે કોઈ મોટા યુદ્ધમાં જતો હોય તે રીતે અને એ અદાથી વહાણમાં પગ મૂક્યો. પગલાની ગતિમાં જોમ હતું, એવી જ ખામોશી પણ. ખામોશી તેના છ મહિનાના બાળકને જોઈને વળી હતી. શારદાનો વિલાયેલો ચહેરો કેશવને નકારાત્મકતાને ઇંગિત કરી રહ્યો હતો. છતાંય યુયુત્સુ યોદ્ધો જેમ શૌર્ય અને હોંશને બરકરાર રાખે તેમ તેણે કર્યું.

લંગર ઊંચકાયા. જડેલી તોપોમાંથી લોખંડની સાંકળો અને રાંઢવા છૂટ્યા. સુખાણે માર્ગ શોધ્યો. પાંજરી કૂવાસ્તંભે ચઢ્યો. સરંગ હંજો તૈયાર કરવામાં મશગૂલ હતો. બે ખલાસીઓએ ધામણને પકડી હતી. વહાણ ધીરે ધીરે સેલતું થયું. નેળની બહાર નીકળ્યું. ખૂવા ઉપરનો વાવટો પવનની દિશા બતાવી રહ્યો હતો. ગતિ ઠીક હતી, તેમ કામયાબ હતી. આવી ગતિ વહાણ માટે લાભદાયી હોય છે. કોટિયાને એ ગતિ મળી. માલમનો ઉત્સાહ વધતો રહ્યો. પણ નજર નિરંતર શારદા અને બાળક પર અપલક-સ્થિર હતી. વહાણને મોકળો માર્ગ જડ્યો. થોડીવારમાં વાટ વટાવી ગયું. દરિયાની પરિઘમાંથી ખસી ગયું, તેમ અદશ્ય બની ગયું. ખૂવા પર ફરકી રહેલો વાવટો બેસુમાર વાવડામાં નાચી રહ્યો.

બપોર આમ ને આમ પસાર થતી રહી. એણે આકાશ સામે જોયું. કાંખમાં રડતું બાળક ઉધામા કરવામાં વ્યસ્ત હતું. માને હૈયે ફડકો બેઠો. સવાર-બપોર-સાંજ-રાત જાણે ભયાવહ બની ડાચું ફાડી રહી હતી. ઠેર ઠેર ખડકાયેલા કળણમાં પગ ખૂંચતા હતા. માંડ બે ડગલા ચાલે કે હાંફ ચડી આવતી. એ એટલા માટે નહીં કે ચાલતા થાકી ગઈ હતી, પરંતુ ગતિ કરતાંય મનમાં માલમ માટેની જીજીવિષાના ખ્યાલે હાંફી ગઈ હતી. બાળકને રડતું જોઈ પેટ ભરાવવા આગળ વધી. જેમતેમ કરી સૂકા પટ પર આવી. આજુબાજુ નજર કરીને બેઠી. એકલદોકલ માણસ સિવાય ત્યાં કોઈ દેખાતું ન હતું. બાળકને ગોદમાં લઇ સ્તનપાન માટે બ્લાઉઝ ખોલ્યું. કોઈ જોતું ન હોવા છતાંય પાલવ ઢાંક્યું. મૂંગો માણસ જેમ બોલવાની કોશિશ કરે તેમ વ્યાપેલા સન્નાટાને વાચા ઉપડી. ન સમજી શકાય તેવી; કાં તો બાળકની ભાષા મા જાણે એ પ્રકારની વાચા તેની હતી. નિરાશા, ખિન્ન, ખાલીપો ને ભયનું આવરણ એના માનસમાં ઘર કરી ગયા હતા. એ ઘડીએ માલમના શબ્દો સાંભર્યા :

'જો શારદા! મને પાછા વળતાં વરસેક લાગશે. છોટુને સંભાળજે, એ કાલનું ભવિષ્ય છે. મારું કંઈ નક્કી નહીં.'

ફટાફટ બાળકને તેડી ત્યાંથી ઊભી થઈ ગઈ. પવનની અભાગણી લહેરખી ચહેરાને સ્પર્શી ગઈ. દરિયા સામે ઉતાવળા પગલાં ભરવા માંડી. પગલા માંડ્યાં, જ્યાં માલમ ગયો હતો એ દિશા સામે જોયું. બાળકને રડતું જોઈ ત્યાં ને ત્યાં અટકી ગઈ. પગલા થંભાવી દીધા. કશુંક વેતરાયું.

દરિયે વહાણ આખું ડામાડોળ. કેશો માલમ કૂવાસ્થંભ પાસે જઇ ઉપર બેઠેલા પાંજરીને ઉદ્દેશી કહ્યું : 'ધના, સઢને આરિયા રી લ્યે. વાવડાની નિયત સારી લાગતી નથી. એની રુખ હરાયા ઢોર જેવી છે. નાહકનું વાણ હાલ્યું જાસે.'

ધામણનું રાંઢવું ઝાલી બેઠેલા બે ખલાસીને ટેકો દેતાં ફરી માલમ બોલ્યો, 'હું એને પકડી રાખું છું, તમે પરમણને નીચે મેલાવો. મોજું પણ હવે ભસ્માસુર જેવું થવા બેઠું છે.'

સુકાની પાસેથી ચકરી વારેઘડીએ છૂટી જતી હતી. મોજાઓએ પોતાની ગતિ ને ઊંચાઈ વધારવામાં મસ્ત હતા. એક સંપથી આગળ વધી રહ્યા હતા. ચારેકોરથી એકાકાર બની વહાણ ઉપર પ્રહાર કરી રહ્યા હતા. એ થકી વહાણ આકાશ તરફ ઊંચકાયું અને બીજી જ ક્ષણે ઉછળી-કૂદી-ભમી-નીચે મોજાઓની ખીણમાં પડ્યું ત્યાં તો જાણે ગયું... હમણાં જ ગયું... હમણાં જ ડૂબ્યું... ગયા બધા દરિયામાં... સૌના જીવ રફેદફે! એ પછી એકાએક દરિયાના અર્ધા ઉદરમાંથી બહાર આવી જાય. કોઈક દયાવાન મોજું ઉપર ઊંચકી લ્યે અને ફરી પોતાની ઉપર રમતું કરી દે. સંતાકૂકડી જેવી આ રમત હતી. કોણ કોન દાવ આપતું કે લેતું એ નિયતિ સિવાય કોઈ જાણતું ન હતું. કેશો ખૂવાને બથમાં લઇ રાખ્યો હતો. બાકીના ખલાસીઓ ગબડી પડ્યા. કોઈક બેઠો થવા મથી રહ્યો, કોક ઊભો થવા તો કોઈક ઊભો રહેવા માટે ટેકો શોધી રહ્યો. બધા પોતપોતાના જીવને સાચવી રહ્યા. સુકાનીના હાથમાંથી સુકાન છૂટી ગયું ને પડ્યો કેબિનની બહાર. પડતાવેંત જ એના હોઠ ફાટી ગયા ને લોહીભીનાં હાથે બેસવાની વેત કરી.

શારદાથી એક કારમી ચીસ પડાઈ ગઈ. ચીકે સમગ્ર સમુદ્રને રડાવી મૂક્યો. એના સિવાય એની ઉપર દયા ખાવાવાળું પણ કોણ હતું? દરિયો અને બાળક બંને રડવા લાગ્યા. બંનેના સૂર એકસમાન હતા. બંનેની લાચારી એકસરખી હતી. હવામાં ગરમી વરતાઈ. આકાશ ધીરે ધીરે નિરભ્ર બની ગયું. એ ચીખથી ખાલીપો ભરાઈ ગયો. જાણે મજીયારા હૈયાને સાંત્વના આપતો હોય તેમ. પવનની રફ્તાર ને વરસતા વરસાદની ધીમી ધાર બંધ પડવા માંડી. મેઘગર્જનાને દામિનીએ સજાવેલાં રક્તરંજિત હથિયારો બાનમાં કરવા માંડ્યાં.

શારદાએ પાછળ વળી જોયું. વંઠેલ વાવડો હાર માની બેસી ગયો. બધા તત્ત્વો થાકી ગયા, પણ એ બધા મસાણમાં બેઠેલા ડાઘુઓ જેવા હતા. મસાણ વૈરાગ્યની વાતો કરનાર પામર માનવી જેવા. એ પાછળ વળી. આગળ જતાં કશાકમાં પગ અથડાયા. અંગુઠો દર્દથી ચીસ પાડતા સમસમી ઊઠ્યો કારણકે પીડા અસહ્ય બની. એ બાળક સહિત નીચી નમી. એક હાથે અંગુઠાને દબાવ્યો. લોહી બંધ નહોતું થતું. એવામાં નજર કાદવમાં પડેલા મંગલસૂત્ર પર પડી. હાથ લાંબો કર્યો. કોઈક અભાગી સ્ત્રીનું મંગલસૂત્ર એને હાથ લાગ્યું. એ કઇ સ્થિતિમાં હશે? તેની આંખે લાચારી દર્શાવી. સહસા આંસુઓ બટકી પડ્યા. હવે એના અને એના માલમનું અંતર એકસમાન બન્યું હતું. આંતરવ્યથા અને આંતરચેતના ઘુંટાતા રહ્યા.

ભૂખ-તરસે અંધારા લાવી દીધા. મોડે મોડે સમજાયું કે જડ ત્યાં ચેતન અને ચેતન ત્યાં જડનું સામ્રાજ્ય ગોઠવાઈ ચૂક્યું છે. વહાણનાં પાટિયા તૂટ્યા. સઢ ફાટ્યા. પરભણ ભાંગ્યું. સુખાણ નંદવાયું ને બધું જ વેરણછેરણ : ઠેરઠેર તૂટેલાં પાટિયા... નારિયેળીના બટકેલાં થડ... દૂર દૂર સુધી ઉડેલા ઝૂંપડાનાં પતરા... સઘળે કાદવ-કીચડ... વેરાન બનેલો ફુરદો... વંઠેલ વાવડો... ગોઝારી રાત... ભય... સૂનકાર... ખાલીપો વળગી પડ્યા.

કેશા માલમની વહાણે હામ ભીડી, તેમ ખલાસીઓએ પણ ઝીંક ઝીલી. વિધવા બાઈની જેમ વહાણે દરિયાનો એક ખૂણો પકડી લીધો. સૌભાગ્યા ચાંદલા-સેંથા વિનાની સ્ત્રી જેમ વહાણે સુકાન-કૂવાસ્તંભ ગુમાવી દીધા હતા. માલમ ને ખલાસીઓ વિપદામાંથી કેમ નીકળવું એ સમજી શકતા ન હતા. ક્યાંથી, કેવી રીતે અને કેવીક મદદ મળશે એ આશાએ તરાપા પર બેસી ગતિ પકડી રહ્યા. મહાસાગરના કયા સ્થળે કે કયા ભૂખંડની નજીક છે એ પણ જાણી શક્યા ન હતા. આમ ને આમ એક અનાગત સમયની ગતિના શરણે વિશાળતાની ગર્તામાં વહે જતા હતા.

એણે ઘર તરફ જવા વિચાર્યું. આવી એ પહેલાં મકાનની રહીસહી દીવાલો ઊભી હતી. આજુબાજુના ઝૂંપડા ઉડી ગયા હતા. પોતાના ઘરનું એકાદ છાપરું કોઈક કારણસર એમનું એમ પડ્યું હતું. સામાન તણાઈ ગયો હતો. સાચે જ, બાટલીમાં પૂરાયેલા જીનને કોક બહાનું મળી જતાં એકાએક બહાર નીકળી બધી જગ્યાએ નાસભાગ કરી, સમૂળું નાશ વાળે એ રીતનું કરી મૂક્યું હતું. એ રાતથી લઇ અત્યારની સાંજ સુધી અગણિત ચિત્રો અંકિત કરી લીધા. સમય અપ્રત્યક્ષ ઉપહાસ કરી રહ્યો હતો. અનેક તડકા-છાંયડા ક્ષણે ક્ષણે બદલાતા જતા હતા. તડકાને પણ દુઃખ જેવું હશે તે આજે સમજાયું. મોજાઓના તરંગોએ ફુરદે રહેવાવાળાઓના મન કુંઠિત કરી દીધા. પરંતુ સમયની સારણીને અકબંધ સાચવીને બેઠી હોય તો તે હતી, દીવાદાંડી! એની આંખ મૂક બની અફસોસ વ્યક્ત કરી રહી હતી. બધું પ્રત્યક્ષ હોવા છતાંય મૃત સ્મૃતિઓની જાણે સાક્ષી હતી. કાશ! એના શ્વાસો શારદાએ ભરી લીધા હોત તો શાયદ શેષ મથામણ કામ લાગત. પણ હવે શું?

ચાલતાં ચાલતાં એના પગ જલાઈ ગયા. ક્યારે ન લાગેલો ભાર આજે કાંખમાં તેડેલા બાળકને લાગી રહ્યો. એ ભાર આગામી ક્યાં ઊતરશે અને અટકશે તેનો હતો. મનમાં વેરવિખેર વિચારોને સાંકળી જોવાની મથામણ કરી. ગઈરાતે અંધારા પર થોડી થોડીવારે ફરી રહેલા દીવાદાંડીના શેરડામાં દેખાયેલા ઊંચા પાણી, અત્યારે ફુરદે ઠલવાયેલો માત્ર કચરો હતો. અને અંધકારમાં જ્યાં શેરડો નો'તો પહોંચી શક્યો ત્યાં જોયું તો આપોઆપ બોલી પડાયું – 'બાપ રે! આ શું?' જોયું તો અનેક વહાણો ઉપર-નીચે મરેલા પડ્યા હતાં! નવું જીવન મળવાની કોઇ શક્યતા દેખાતી ન હતી. બાજુના મકાનોનો કાટમાળ, કાદવમાં ખૂંચેલી લાશો, કૂતરાના મૃતદેહો, ઝાડનાં થડ, તણાઈને આવેલાં માછલાંની દુર્ગંધ ધીમેથી પ્રસરી રહી. પોતાના ઘરની દીવાલની ઓથ લઇ પડેલી બકરીને જોઈ તેની ઉપર હાથ પ્રસરવાની ઇચ્છા થઈ આવી. એની વિસ્ફારીત આંખ લાચાર બની; ફાટી આંખે તેને જોઈ રહેલી. બકરી ક્યારની મરણ પામી ચૂકી હતી. થોડીગણી ઊભરી આવેલી સંવેદનાઓ પણ જાણે સ્થિર બની ગઈ.

કેશા માલમના તરાપાની ગતિ સાવ નપુંસક હતી. કેટલાક ખલાસીઓએ ભ્રમવાયુ ઉપડ્યો. એક જણ તો વારંવાર ઊભો થઈ કહે – 'હું ફિલ્મ 'જાગતે રહો' જોવા જઉં છું. રાજ કપૂર અને નરગીસને મળવા જાઉં છું.'

'એ...અસરા! તું દરિયે છો, ઘરે નહીં સમજ્યો?' માલમે હાથ પકડી બેસાડ્યો. ત્યાં બીજો સળવળે. એને નીચે પછાડે. પાણીની તરસે સૌને બેબાકળા બનાવી દીધા. ન રહેવાય ત્યારે મૂત્ર પીવાના યત્ન કરે, પણ મૂત્ર ઉતરે તો ને? કેમકે શરીરમાં પાણી જ ક્યાં હતું? ત્રીજા દિવસે દરિયાને કળ વળી. સ્થિર, ડાહ્યોડમરો બની વહેવા લાગ્યો. તરાપાને એક સાચી દિશા મળી.

શારદાનો હાથ અનાયાસે કપાળે ફરી વળ્યો. સેંથીમાંથી લાલ રંગ હાથે ખરડાયો. જોયું તો લોહી નીકળી રહ્યું હતું. હથેળીએ વળેલા લાલ રંગને જોઈ મલકાઈ. બાળકને ચુંબતી રહી. પાલવને પોતાની માથે ઓઢી લીધું. વળેલો બધો થાક ઓસરી ગયો. વ્યથા - સન્નાટો - ખિન્નતા - ઉદાસી - ખાલીપા જેવા અનેક ઉદ્વેગો હૈયાના અતળ ઉરે સરકવા લાગ્યા. લાલ રંગ અખંડ સૌભાગ્યવતીનો પુકાર કરી રહ્યો હતો. તેમ સંધ્યાનો પણ લાલ-પીળો ને નારંગી રંગ સ્થિરતા પછી ગતિની સૂચના આપી રહ્યો.

ઘરની પાસે આવી પહોંચી. એના સિવાય કોઈ માનવ વસાહત ન દેખાઈ. શૂન્યતામાં કંઇ કરતાં કંઈ મળી શકે તેમ ન હતું. રસ્તે મળેલા મંગળસૂત્રની કલ્પના કરે એટલામાં સામેથી આવતું વસાહતનું ટોળું દેખાયું. બધું જ નવું નવું. બધું જ ગતિમાન. બધું જ વિદ્યમાન ને ચેતનવંતું બની ગયું.

***હરિનગર-૧, શીતલા રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.***
***મો. ૯૪૨૮૫ ૬૭૯૦૦***

***પારિભાષિક શબ્દાર્થ :*** *• ફુરદો : વહાણ બાંધવાની જગ્યા, બ્રેક વોટર, • માલમ : વહાણના ગણિત માંડનાર, દિશા બતાવનાર, ઘણી વખત માલમ અને નાખુદા (કપ્તાન) બંનેની એક ભૂમિકા અદા કરનાર, • કડાં : વહાણના તળિયે નાના જંતુ ચોંટી જાય તે. • સુખાણ, સુખાણી : સુકાન, સુકાની (વહાણને હાંકનાર). • લંગર : વહાણને સ્થિર રાખવા લોખંડનું ભારેખમ છ પાંખડાવાળું સાધન, એન્કર. • ચકરી : સુકાન ચલાવવાનું પૈડું, સ્ટીયરીંગ. • સરંગ : કપ્તાન પછીનો ખલાસી. • પાંજરી : સઢને ચડ ઉતારનાર. • હંજો : તૈયાર સઢ. • કુવાસ્થંભ : ખૂવો - જેમાં સઢ બંધાય છે તે ઉભો જાડો થાંભલો. • ધામણ : સઢનો નીચેનો છેડો, જે સઢને ઢીલો કે તંગ કરી શકે. • પરમણ : જેમાં સઢ બાંધવામાં આવે છે તે આડો ધોક્કો. • વાવડો : ઝડપી પવન. • આરિયા : નીચે મૂકાવવું. • તરાપો : બાંબુઓ કે પાટિયા વડે બનાવેલ સપાટ, તરતું વહાણ.*

# શેઠ કેશવજી નાયક અને નરશી કેશવજીની કું.

● સંકલન ●
દેવલોક જિનાલય – પાલીતાણા

૨૦૦ વર્ષ પહેલાં અબડાસાના લાખણિયા ગામમાં સંવત ૧૮૫૭માં જન્મેલો અને કોઠારા ગામમાં રહેતો કેશવજી ૧૦ વર્ષનો હતો ત્યારે તેની વિધવા મા હીરબાઈએ ગરીબીથી કંટાળી પોતાના ભાઈ નેણશી સવાણી સાથે મુંબઈની વાટ પકડી. થોડા સમયમાં નેણશીબાપાએ મુંબઈમાં કપાસની પેઢી શરૂ કરી અને ભણવાની સાથે કેશવજીએ મામાની પેઢી પર નામુ લખી પોતાનું અને બાનું જીવન ચલાવવા ઢીંગલા (રૂપિયા) કમાવા લાગ્યો.

એક દિવસ મામાના દીકરા જેવા જરીવાળા કપડાં પહેરવાની જીદ લઈ બા પાસે પૈસા માંગ્યા. પણ માંડ ઘર ચલાવતા હીરબાઈમા પાસે જરીના કપડાં માટે પૈસા ક્યાંથી હોય? રીસાઈને કચવાતા મને કેશવજી મામાની પેઢી પર નામુ લખવા ગયો. ત્યાં કંઈક ભૂલ થતાં મામાએ ઠપકો આપ્યો અને આવેશમાં આવી નામાના ચોપડાં પર શાહી ઢોળીને પેઢીના પગથિયા ઉતરી ગયો.

કેશવજી હવે જાય તો ક્યાં જાય? બાના દુઃખો અને પોતાની અસહાયતાથી હારીને આપઘાત કરવા દરિયા કિનારે ગયો. પણ રે નસીબ...! દરિયામાં ઓટનો સમય હતો એટલે ભરતીની વાટ જોતાં જોતાં રેતીના પટ પર ઊંઘ આવી ગઈ. સવારના દેવજી ઝવેરી નામના એક ભાટિયા શેઠે તેને જગાડ્યો. ભાટિયા શેઠ માનતા કે તે પોતાના નામે વેપાર કરે છે તો નફો નથી મળતો. એટલે સવારે જે પહેલો માણસ મળે તેના નામે વેપાર કરવો. એટલે કેશવજીના નામે સોદો કરવાનું વિચારી બંદર પર નાંગરેલા વહાણમાં ભરાયેલી ખજૂરનો સોદો કરવા કેશવજીને મોકલ્યો. નિર્દોષ કિશોરવયના કેશવજીએ ખજૂરનો સોદો કર્યો અને બીજા દિવસે તો ખજૂર વેચાઈ પણ ગઈ! **ભાટિયા શેઠને ૮૦૦૦નો નફો થયો. ભાગીદારીના રૂપિયા ૪૦૦૦ કેશવજીને મળ્યા. ૧૯૦ વર્ષ પહેલાની ૪૦૦૦ની અધધધ કિંમત થાય.**

કિશોરવયે રૂપિયા ૪૦૦૦ની માતબર રકમ કમાવી કેશવજીએ વિધવા બાને સુખમાં ઝુલતી કરી દેવાનો પુરૂષાર્થ આદર્યો. નાની વયે સમાજના મહારથી સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો. એ સમયની પ્રથા પ્રમાણે તેમનાં ત્રણેક લગ્ન યોજાયા હતા. વિક્રમ સંવત ૧૮૯૫માં કેશવજી શેઠ સુથરીના વેરશી પાસુના બહેન પાબુબાઈ સાથે પરણ્યા. માંકબાઈ એમના બીજા પત્ની હતા. એ પછી વીરબાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પાબુબાઈથી વિક્રમ સંવત ૧૯૦૦માં પુત્રી તેજબાઈ તથા વિક્રમ સંવત ૧૯૦૩માં નરશીભાઈનો જન્મ થયો. માંકબાઈએ ત્રિકમજીને જન્મ આપ્યો. જે અલ્પજીવી થયો.

૨૫ વર્ષની ઉંમરે તો નેણશીમામાની રૂની પેઢીમાં કેશવજી ભાગીદાર બની પેઢીનો કારોબાર હાથમાં લઈ લીધો. **સાહસ અને દીર્ઘદૃષ્ટા કેશવજી શેઠે વિક્રમ સંવત ૧૯૦૯માં ચીનના હોંગકોંગ બંદર અને આફ્રિકાના કેટલાક દેશોમાં પોતાની પેઢીઓ સ્થાપી ત્યારે તેમની ઉંમર હતી માત્ર ૨૮ વર્ષની.**

એ સમયમાં વિલિયમ નિકલની કંપની રૂના વેપારી માટે સૌથી મોટી કંપની હતી. કંપનીના ભાગીદાર જહોન ફ્લેમિંગો સાથે યુવાન કેશવજી શેઠે મૈત્રી કેળવી મુકાદમીનું કામ મેળવી જબરદસ્ત આવક ઊભી કરી. ૪૦ વર્ષની ઉંમરે નેણશીમામા સાથે ભાગીદારી સમાપ્ત કરી, પોતાના પુત્રના નામે નરસિંહ કેશવજીની કંપની શરૂ કરી મબલક સફળતા મેળવી. દશા ઓસવાળ જૈન જ્ઞાતિને સુવર્ણકાળમાં લઈ ગયા. ઈ.સ. ૧૮૬૨માં અમેરિકામાં લડાઈ ફાટી નીકળતા રૂના ભાવ આસમાને પહોંચી ગયા. કમાવી લેવાની લાલચથી લોકોએ ગાદલા-ગોદડાનું રૂ પણ કાઢી, વેચી દીધું. એ વર્ષે કેશવજી શેઠની પેઢી પર પૈસાનો વરસાદ વરસ્યો. બીજા લોકોની આવકમાં પણ તેજી આવી અને જાણે નાનકડું મુંબઈ વેપારનું મસમોટું કેન્દ્ર બની ગયું. **એ સમયે કેશવજી શેઠ અને બીજા મિત્રોને બેન્કિંગ સિસ્ટમ ઊભી કરવાનો વિચાર આવ્યો. પરિણામે કેશવજી શેઠે ભારતમાં બેન્કિંગની શરૂઆત કરી. બેંક ઓફ ઇન્ડિયા લિમિટેડ, બોમ્બે ટ્રેડિંગ એન્ડ બેન્કિંગ એસોસિએશન, ઇસ્ટ ઇન્ડિયા બેંક લિમિટેડ, એલ્ફિન્સ્ટન લેન્ડ એન્ડ પ્રેસ કંપની વગેરે શરૂ કરી ભારતમાં બેન્કિંગનો પાયો નાખ્યો** અને દેશમાં ઉદ્યોગો શરૂ કરવાનું વાતાવરણ રચ્યું. બેન્કિંગની શરૂઆત પછી રૂની મોટામાં મોટી પેઢીના માલિક **કેશવજી શેઠે મુંબઈમાં કાપડની મિલો શરૂ કરવાનું સ્વપ્ન જોયું. પરિણામે કેશવજી શેઠ અને પુત્ર નરસિંહે કેલિકો મિલ્સ, નરસિંહ સ્પિનિંગ મિલ્સ, પ્રિન્સ ઓફ વેલ્થ, એલેકઝાન્ડ્રા, કોલાબા મિલ વગેરેની શરૂઆત કરી.** પારસી સદ્‌ગૃહસ્થોની ભાગીદારીમાં પણ મિલ શરૂ કરી. પરિણામે મુંબઈએ વિકાસમાં હરણફાળ ભરી. અંગ્રેજોના સમયમાં

મુંબઈનો વહીવટ સરકાર તરફથી નિમાયેલી જસ્ટીસ સમિતિ દ્વારા થતો. આ સમિતિમાં કેશવજી શેઠ તેમજ તેમના દીકરા નરસિંહ શેઠ નિમાયા હતા.

કેશવજી શેઠે પોતાના મિલ-કામદારો માટે ગીરગાંવમાં કેશવજી નાયક ચાલીઓ બાંધી, કામદારોને વિનામૂલ્યે ઘર આપી ત્યાં વસાવ્યા. **અંદાજે ૧૨૫ વર્ષ પહેલાં લોકમાન્ય ટીળકે સાર્વજનિક ગણપતિની સ્થાપના આ કેશવજી નાયક ચાલમાં કરી. ત્યાં આજે પણ દર વર્ષે સાર્વજનિક ગણપતિની સ્થાપના થાય છે.** સમયને પારખી કેશવજી શેઠે મુંબઈમાં બહુ મોટી જમીનો ખરીદી, જમીનદાર તરીકે પ્રખ્યાત થયા. **ઉંમરખાડી વિસ્તાર તેમની માલિકીનો હતો. આજે જે વિસ્તાર નરસિંઘપુરા તરીકે ઓળખાય છે એ નામ તેમના પુત્ર નરસિંહ પરથી પડ્યું છે.** કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના આ સાહસવીર નિકલ કંપનીના ભાગીદાર હતા. એટલે ક્લેર બંદર, મસ્જિદ બંદર, કર્ણાક બંદર, એલ્ફિન્સ્ટન બંદર વગેરે બંદરો તેમના હસ્તકે હતા.

સમય જતાં મુંબઈના અંગ્રેજ ગવર્નર (સર સાયમુરે) દાણાબંદર પર આવેલા કેશવજી શેઠના બંગલા પર મુલાકાત લીધી. બધા જ બંદર સરકારના હસ્તકે લેવા વાટાઘાટ આદરી. **એક અંગ્રેજ ગવર્નર કચ્છી શેઠના બંગલે સામેથી પધાર્યા એ વાત માત્ર મુંબઇમાં જ નહીં, દેશભરમાં ફેલાઈ ગઈ.** કેશવજી શેઠના મૈત્રીપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત થઈ ગવર્નરે તેમને સન્માનની સાથે સાથે 'સર'ની પદવીથી નવાજ્યા. **એ સમયે માત્ર બે જ જણને 'સર'ની પદવી આપવામાં આવી હતી. સર કાવસજી જહાંગીર અને શેઠ કેશવજી નાયકને!** 'સર'ની પદવી મળતાં ઘણી બધી સત્તાઓ તેમને મળી. સામાન્ય રીતે બે ઘોડાની બગી શ્રેષ્ઠીઓ રાખી શકતા, પણ 'સર'ના પદવીધારી ચાર ઘોડાની બગી રાખી શકતા. **આ કચ્છી શેઠની બગીનો કોચવાન એક અંગ્રેજ હતો.**

શેઠ કેશવજી નાયકનો એક બંગલો ત્યારના નેપિયન્સી રોડ (હાલમાં શ્રીપાલ નગર, વાલકેશ્વર) વિસ્તારમાં પણ હતો. **ત્યાં એક નાનકડું પણ ભવ્ય ગૃહ દેરાસર દરિયાને બરાબર અડીને બનાવ્યું હતું. જેથી રોજ અરિહંત દેવની સેવા પૂજા કરી શકાય. આજે વર્ષો પછી એ દેરાસર એ જ સ્વરૂપે ઊભું છે.** એ સમયે સવાર ૯ વાગે કોઈ પણ જ્ઞાતિનો માણસ શેઠ પાસે મદદ લેવા જાય તો અચૂક મદદ મળે જ. ગરીબ કન્યાઓના લગ્નથી માંડીને માંદગી સુધીના અનેક પ્રસંગો માટે કેશવજી શેઠ, ગુપ્ત મદદ કરી પ્રસંગો સાચવી લેતા. એક લોકવાયકા પ્રમાણે એક વિધવા ગરીબ મા સવારે શેઠ પાસે મદદ લેવા આવી. એના નિર્દોષ છોકરાને સાંજે પાંચ વાગે ઉમરખાડી જેલમાં ફાંસી થવાની હતી. પણ સરની પદવી ધરાવતા કેશવજી શેઠની બગી એ સમયે ત્યાંથી પસાર થાય તો મુંબઈ સરકારના કાયદા પ્રમાણે તેને મૃત્યુદંડમાંથી મુક્તિ મળે. કોઈ પણ ફાંસીના સમયે અનિવાર્ય સંજોગો સિવાય સરની પદવીધારકને ત્યાંથી પસાર થવાની રજા નહોતી. અનિવાર્ય સંજોગ ઊભો કરવા ઉમરખાડીથી નજીક આવેલા તેમના રૂના ગોદામમાં સાંજે આગ લગાડવાનો મેનેજરને હુકમ કર્યો. **સાંજે આગ લાગવાના અનિવાર્ય સંજોગને કારણે શેઠને જેલ પાસેથી પસાર થવું પડ્યું અને વિધવા માનો દીકરો મૃત્યુદંડમાંથી બચી ગયો. કેશવજી શેઠે લાખોનું નુકસાન વેઠીને પણ નિર્દોષ જીવ બચાવવાનું કાર્ય કર્યું.**

**ભાત બજારના કેશવજી નાયક ફુવારા તરીકે ઓળખાતું સ્થાપત્ય આજે ભારતભરમાં વિખ્યાત છે.** વર્ષો પહેલાં ભાતબજાર વિસ્તારમાં વેપારીઓ બળદગાડી લઈ માલ લેવા આવતા. બળદ અને વટેમાર્ગુઓ માટે પાણીની કોઈ વ્યવસ્થા ન હોવાથી **શેઠ કેશવજી નાયકે તા. ૮-૧-૧૮૭૬ના દિવસે આ ફુવારો ૨૩,૦૦૦ રૂપિયાની મોટી રકમથી બંધાવ્યો. એનું ઉદ્‌ઘાટન મુંબઇના ગવર્નરે કર્યું. એ પ્રસંગે કચ્છ કાઠિયાવાડના રાજા-મહારાજાઓ, યુરોપીયન વેપારીઓ, શ્રેષ્ઠીઓ, શ્રીમંતો હાજર રહ્યા હતા. આજે ૧૪૫ વર્ષ પછી પણ આ ફુવારો શેઠ કેશવજી નાયકનો છડીદાર બની લાખો વટેમાર્ગુઓની પ્યાસ બુઝાવી રહ્યો છે. પ્લેગથી લઈ આઝાદીની લડતનો સાક્ષી છે. ફુવારાથી લઇ ટ્રામ સ્ટેશન (ચીંચબંદર) સુધીના લાંબા માર્ગને, સુધરાઈએ 'શેઠ કેશવજી નાયક' નામ આપી ઋણ ફેડવવાનો પ્રયત્ન કર્યો છે.**

શેઠ કેશવજી નાયકે દશા ઓસવાળ જ્ઞાતિ માટે અનેક કાર્યો કર્યા હતા. કુરિવાજો દૂર કરવા ભગીરથ કાર્યો કર્યા. મહાજન પરંપરાની મહાન સંસ્થા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન દ્વારા એનાં કાર્યોને અનુમોદવા 'જ્ઞાતિમુગટ મણી' તરીકે તેમને નવાજવામાં આવ્યા હતા. આ મહાનાયકે ગણ્યા ગણાય નહીં એવા કાર્યો મુંબઇ અને જ્ઞાતિ માટે તો કર્યા, પણ તેમનું ધર્મ ક્ષેત્રે પણ પ્રદાન અદ્‌ભુત છે.

**વિક્રમ સંવત ૧૯૧૪માં કેશવજી શેઠે શેઠ શિવજી નેણશી તથા શેઠ વેલજી માલુ સાથે તેમના વતન કોઠારામાં ભવ્ય જિનાલય નિર્માણ કરવાની યોજના બનાવીને તેનું કામ કરાવ્યું.** કચ્છ સાભરાઈનો સલાટ નથુ એ બેનમૂન કલા સ્થાપત્ય કલાનો સૂત્રધાર હતો. તેના માર્ગદર્શન હેઠળ સેંકડો કારીગરોએ સતત ચારેક વર્ષની જહેમત પછી શિલ્પકલાથી સમૃદ્ધ મેરૂપ્રભ જિનાલયનું સર્જન કર્યું. વિક્રમ સંવત ૧૯૧૮માં તેની પ્રતિષ્ઠા પ્રસંગે ત્રણેય શ્રેષ્ઠીઓ મુંબઈથી શ્રી શત્રુંજય તીર્થનો વિશાળ સંઘ કાઢી કોઠારા પધારેલા. મહા સુદ ૧૩ ને બુધવારે

અચલગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરિજી મ.સા.ના ઉપદેશથી યાદગાર પ્રતિષ્ઠા સંપન્ન થઈ. કેશવજી શેઠે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનના બિંબને બિરાજમાન કર્યું. આ પ્રસંગે ૮ દિવસનો મહોત્સવ થયો.

**પાલીતાણાના ડુંગર પર કેશવજી નાયક અને નરસિંહ કેશવજીની ટૂંક બંધાવી.** જેનું મહાત્મ્ય જૈનો માટે અનેરું છે. **પાલીતાણા ગામમાં દેરાસર અને ધર્મશાળા બાંધી જૈન યાત્રિકો માટે સગવડ ઊભી કરી.** વિક્રમ સંવત ૧૯૨૧માં મહા સુદ ૭ ને ગુરૂવારે અચલગચ્છાધિપતિ આચાર્ય રત્નસાગરસૂરિના હસ્તે એક સાથે ૭૦૦૦ જિન પ્રતિમાઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી રેકોર્ડ કર્યો હતો. જે આજ સુધી અકબંધ છે. ૧૨ દિવસ સુધી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. વિક્રમ સંવત ૧૯૨૧ના મહા સુદ-૧૩ના બુધવારના દિવસે ગિરિરાજ ઉપર નરશી કેશવજી ટૂંકમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામી તથા પાલિતાણા ધર્મશાળાના જિનાલયમાં ચૌમુખજી પ્રતિમા સહિત અનેક જિન બિંબોને બિરાજીત કરવામાં આવ્યા. કેશવજી નાયકની ટૂંકનું કામ પૂર્ણ થયું ન હોવાથી તેની પ્રતિષ્ઠા પાછળથી વિક્રમ સંવત ૧૯૨૮માં થયેલી. પાલિતાણાની ઉક્ત પ્રતિષ્ઠામાં શેઠે ૧૫ લાખ રૂપિયા ખર્ચ્યા. આ પ્રસંગની યાદમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીમાં ૧ લાખ રૂપિયા લખાવ્યા હતા.

ત્યાંથી શેઠ ગિરનારજીની યાત્રાએ સંઘ સહિત પધાર્યા. ત્યાં જિનાલયો ખુલ્લા હોઇને એમને કોટ બંધાવી આપ્યો. વિક્રમ સંવત ૧૯૩૨માં થયેલા જીર્ણોધ્ધારના કાર્યોમાં તેમણે રૂા. ૪૫૦૦૦ ખર્ચ્યા હતા. જેમાં સૂરજકુંડનો ઉધ્ધાર મુખ્ય છે.

કચ્છના સૌથી ઊંચા ત્રણ માળના દેરાસર કોઠારા ગામમાં એ સમયે બીજા બે શ્રેષ્ઠીઓ સાથે બાંધી અદ્‌ભુત શિલ્પકલાનો પરિચય આપ્યો. આજે એ કોઠારાના દેરાસરનું પંચતીર્થીમાં સમાવેશ થાય છે. ઉપરાંત સુથરી તીર્થમાં મહાજનવાડી, સમેતશિખર (બિહાર)માં કુલિકાઓનો જીર્ણોધ્ધાર, પાલીતાણામાં ગૌશાળા, ગ્રંથભંડાર વગેરેની સ્થાપના કરી. ગિરનાર, પાલીતાણા, કોઠારા, કેસરિયાજી વગેરે જગ્યાઓએ સંઘ કાઢી ધર્મ માટે પ્રચંડ પુરૂષાર્થ કર્યો. વિક્રમ સંવત ૧૯૩૧માં શેઠે શ્રી સમેતશિખર તીર્થમાં શ્રી કુંથુનાથ ભગવાન અને શ્રી ધર્મનાથ ભગવાનનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. ભાવનગર ગોડીજી જિનાલયમાં ગણધર મંદિર બંધાવ્યું.

**શેઠ કેશવજી નાયકે ૬૬ વર્ષની ઉંમરે વિક્રમ સંવત ૧૯૪૧ વૈશાખ સુદ પૂનમ બુધવારના દિવસે તેમણે પાલીતાણામાં દેહત્યાગ કર્યો.** ■

## મોંઘી મિરાત મારી માતૃભાષા

**(અનુસંધાન : પાના નં.– ૧૮ ઉપરથી ચાલુ)**

કદાચ વિશ્વમાં ન બની હોય એવી ભાષા ગૌરવની બે ઘટનાનું ગુજરાત સાક્ષી રહ્યું છે. ગુજરાતનો નાથ જયસિંહ સિધ્ધરાજ, આચાર્ય હેમચંદ્રાચાર્યના વ્યાકરણ ગ્રંથની નગરયાત્રા યોજે છે. ગ્રંથ હાથીની અંબાડી પર બિરાજમાન છે અને રાજા પગપાળા ચાલી રહ્યા છે. ભાષાના ગૌરવની આવી ઘટના અન્યત્ર ક્યાંય જોવા કે સાંભળવા મળી હોય તો બતાવો! ધર્મગ્રંથોની સવારી નીકળે તે અલગ વાત છે. અહીં તો સિધ્ધહેમ શબ્દાનુસન નામનો વ્યાકરણ ગ્રંથ હતો.

બીજી ઘટના છે પ્રેમાનંદની પ્રતિજ્ઞા. ચાણક્યે તો નંદ વંશનો નાશ કરવા માટે શિખા છુટ્ટી મૂકી હતી. ભટ્ટ પ્રેમાનંદ કોઈનું વેર વાળવા નહીં બલકે 'શું સા પૈસા ચાર' વાળી નિજભાષાની દુર્દશા નિવારવા પાઘડી નહીં બાંધવાની પ્રતિજ્ઞા ધારણ કરે છે. દલપતરામે 'ગુજરાતી રાણી'ના વકીલ બનવામાં ગૌરવ માન્યું તો નર્મદે પણ પૂરા જુસ્સાથી દાંડિયો પીટ્યો. ગોવર્ધનરામથી લઇ ગાંધી સુધીના ગુજરાતીઓએ ગુજરાતી ભાષાને જે લાડ લડાવ્યા છે એની સામે આજની અર્ધદગ્ધ નવધનિક પેઢી ક્યાં સુધી ઉભી રહે?

મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે, ગુણવંત શાહ બધા કહે છે : "મગજના વિકાસ માટે શિક્ષણ માતૃભાષામાં જ જરૂરી છે." ગુણવંત શાહ કહે છે એમ, મા, માતૃભૂમિ અને માતૃભાષા આપણી ઓળખ છે. માતૃભાષા આપણી અસ્મિતાનો દસ્તાવેજ છે.

અંગ્રેજી માધ્યમનું ગાંડપણ છોડી માતૃભાષાની અમૂલ્ય વિરાસત સમજવા જાણવા - જણાવવા પાયાનું શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ. દુનિયાની શ્રેષ્ઠ ૨૦ વ્યક્તિઓ કે જેમણે ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરેલી હોય તેની તપાસ કરો તો ખ્યાલ આવશે કે તેઓએ શિક્ષણ માતૃભાષામાં જ લીધું હોવું જોઈએ.

માતૃભાષામાં ભણવાથી વ્યક્તિનું ઘડતર થાય છે. બોજો ઓછો થાય છે. માતૃભાષામાં ભણતર હોય તો તેના સંસ્કારો તથા ચારિત્ર્ય ઘડતર સારું અને સચોટ થઈ શકે છે.

આપણી માતૃભાષા આપણી મોંઘી મિરાત છે. મિલ્કતને સાચવીને વધારવાની હોય તો આપણી માતૃભાષાનું ગૌરવ વધારવા આપણે વિવિધ પ્રયત્નો કરવા જોઈએ. એ માટે કટીબધ્ધ બનવું જોઈએ. માતૃભાષા દ્વારા શિક્ષણ એટલે માનવીના ચૈતન્યનો આવિષ્કાર.

*M.A., B.Ed., નિવૃત્ત શિક્ષિકા*
*ભુજ, કચ્છ*

*તમારી હરીફાઈ કરનારા, તમારા કામની કોપી કરી શકે,*
*પરંતુ તમારી ક્ષમતા, આવડત અને સંસ્કારીતાની કોપી તો નહીં જ કરી શકે.*

# અલવિદા, કલ્યાણજી - આણંદજી!

અજિત પોપટ

એક દૃશ્ય કલ્પી લો. ખાદીના સફેદ ઝભ્ભા લેંઘામાં કલ્યાણજીભાઈ પોતાના બેડરૂમના પલંગ પર બેઠા છે. નાકના બંને નસકોરામાં અત્યંત ઝીણી ટ્યુબ દ્વારા પોર્ટેબલ યંત્ર પ્રાણવાયુ પૂરો પાડે છે. તેમને શ્વાસની તકલીફ છે, પરંતુ ચહેરા પર એ જ રોનક અને એ જ ચીર પરીચિત હાસ્ય છે. બાલકનીમાં સપના મુખરજી, સુનિધિ ચૌહાણ, નિશા ઉપાધ્યાય (હવે કાપડિયા), સોનાલી વાજપેયી, સંજય પોપટ (હવે ઓમકાર) જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ રીયાઝ કરી રહ્યા છે. કલ્યાણજી-આણંદજીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે. એવી જાણ થતાં થોડાક ફિલ્મ સર્જકો તેમને મનાવવાના પ્રયાસો કરી રહ્યા છે. રમૂજી જવાબો સાથે આ બંને ભાઈઓ નવી ફિલ્મોની ઓફર્સ સવિનય નકારી રહ્યા છે.

સમગ્ર હિંદી ફિલ્મોના ઈતિહાસમાં આવું અગાઉ કદી બન્યું નથી. ભવિષ્યમાં કદાચ બનશે પણ નહીં. ધીકતી - ધમધમતી કારકિર્દી છોડીને ઝળહળતી ફિલ્મ સૃષ્ટિને કોઈ ગુડબાય શા માટે કહે? મિત્ર ફિલ્મ સર્જકોને આ બંને ભાઈ ચા-નાસ્તો કરાવીને વિદાય આપે છે. “અબ જવાન સંગીતકારોં કો મૌકા દો...” એમ કહે છે. કલ્યાણજીભાઈની તબિયત તો હવે જવાબ માંગી રહી છે. વરસો સુધી રાતદિવસ જોયા વિના કામ કર્યું છે. ફિલ્મોમાં સંગીત આપતાં આપતાં સુનિલ દત્ત અને નરગીસ સાથે સીમાડા સાચવતા જવાનો માટે કાર્યક્રમો કર્યા છે. શૈક્ષણિક, સામાજિક અને આરોગ્ય વિષયક કાર્યોમાં સહાયરૂપ થવા ચેરિટી શોઝ કરીને પચ્ચીસ કરોડ રૂપિયા જેવી માતબર રકમ એકઠી કરી છે. નિતનવા ગાયકો અજમાવ્યા છે, જરૂરતમંદ કલાકારો - સાંજિદાઓને જમણો હાથ ન જાણે એ રીતે ડાબા હાથે સહાય કરી છે, દેશ વિદેશમાં કિશોરકુમાર સાથે તેમજ અમિતાભ બચ્ચન સાથે સેંકડો શો કર્યા છે.

ઓશો રજનીશ જેવા મિત્ર અને જૈન સમાજનાં ધાર્મિક ઉત્સવો માટે સંગીત પીરસ્યું છે. બંધુ ત્રિપુટી અને સ્વામિનારાયણ સંપ્રદાયના પર્વો - સમારોહો માટે કાર્યક્રમો કર્યા છે. મનમોહન દેસાઈ, વિજય ભટ્ટ, સુભાષ ઘાઈ, અર્જુન હિંગોરાની, ફિરોઝ ખાન અને પ્રકાશ મહેતા જેવા ટોચના ફિલ્મ સર્જકો માટે સંગીત પીરસ્યું છે. ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાના ટોચના કલાકારો દિલીપકુમાર, રાજ કપૂર અને દેવ આનંદ ઉપરાંત નવી પેઢીના કલાકારોની ફિલ્મો હીટ નીવડે એ માટે પરિશ્રમ કર્યો છે. બોલીવુડના પ્રથમ સુપર સ્ટાર રાજેશ ખન્ના અને એના પગલે આવેલા મેગા સ્ટાર અમિતાભ બચ્ચનનાં સંખ્યાબંધ ગીતો સુપરહિટ બનાવ્યા છે. હવે બસ. નવી પેઢીના કલાકારો તૈયાર કરવા છે અને એ રીતે બોલીવુડ તેમજ સમાજે અમને જે આપ્યું એનો આભાર માનવા જેવું પ્રતીકાત્મક કામ કરવું છે.


જોકે છેલ્લે છેલ્લે જે બાળકો એમની સાથે હતાં એ બધાએ ફિલ્મી ગીતો ગાયા નથી. સપના મુખરજી અને સુનિધિ ચૌહાણ બોલીવુડમાં પાર્શ્વગાયીકા તરીકે આગળ વધી. જોકે સુનિધિએ જાહેરમાં કલ્યાણજી-આણંદજીનો ઉલ્લેખ કરવાનું ત્યજી દીધું. નિશાએ સોલી કાપડિયા સાથે લગ્ન કરીને ગુજરાતી સુગમ સંગીત અપનાવ્યું. એવો જ માર્ગ સંજય ઓમકારે પસંદ કર્યો. આમ, ફિલ્મી ભાષામાં કહીએ તો બિછડે સભી બારી બારી...

પણ કલ્યાણજી - આણંદજી સદા હસતા રહ્યા. કલ્યાણજીભાઈની વિદાય પછી આણંદજીભાઈ આજેય ખૂબ એક્ટીવ છે. ૯૦ વર્ષની વયે નવા કલાકારોને તૈયાર કરે છે, વિવિધ ટી.વી. ચેનલ્સના આમંત્રણો સ્વીકારીને જજ તરીકે સેવા આપે છે અને ત્યાં પણ બધાને ખડખડાટ હસાવે છે. કોઈ બાળ કલાકારની સરતચૂક થાય તો એને હસતાં રમતાં સુધારાવે છે, ક્યારેક પોતે ગાય છે - ‘મેરા જીવન કોરા કાગઝ, કોરા હી રહ ગયા...’

કલ્યાણજી-આણંદજીએ છેક ૧૯૬૦ના દાયકામાં એવા ગીતો આપેલા જે એમને સ્વરાંજલી તરીકે રજૂ કરી શકાય. મોહમ્મદ રફીને યાદ કરતાં જેમ ‘તુમ મુઝે યું ભૂલા ન પાઓગે...’ ગીત યાદ કરાય છે એમ **આ બંને કચ્છી બંધુઓને યાદ કરવા માટે બે ગીતો જરૂર સાચવી-સંઘરી રાખવા પડે. પહેલું, સદા સુહાગિન રાગણી ભૈરવીમાં સ્વરબદ્ધ ‘તુમ્હે યાદ હોગા કભી હમ મિલે થે...’ (ફિલ્મ : સટ્ટા બાઝાર) અને બીજું, રાગ કાફીમાં સ્વરબદ્ધ થયેલું ‘હમ છોડ ચલે હૈં મહફિલ કો યાદ આયે કભી તો મત રોના...’ (ફિલ્મ : જી ચાહતા હૈ).**

*“ગુજરાત સમાચાર”ના સૌજન્યથી*

# આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત લોકગાયીકા ‘શ્રીમતી રાજશ્રીદેવી પરમાર’



જોરાવરસિંહ જાદવ

ભારતની ખ્યાતનામ સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશને ગુજરાતના કલા જગતને સંખ્યાબંધ લોક કલાકારોની અણમોલ ભેટ આપી છે. એમાં સંગીત રસિયાઓની જીભે રમતું એક નામ – ભાવનગરના શ્રીમતી રાજશ્રીદેવી પરમારનું છે. લોક સંગીતની કલામય કેડીએ અધિકારપૂર્વક પ્રયાણ કરી વાવાઝોડાની જેમ પ્રેક્ષકોના હૃદય પર છવાઈ જનાર રાજશ્રીદેવી સૌરાષ્ટ્રના લોક સંગીતનું મોંઘુ ઘરાણું છે.

લોક સંગીતના આકાશમાં અષાઢી વાદળની જેમ વિહાર કરીને પોતાના કામણગારા કંઠ વડે હજારો શ્રોતાઓનાં હૈયાને આનંદથી તરબોળ કરી મૂકનાર આ કલાકારને ઈશ્વરે ખાનદાન રાજપૂત પરિવારમાં જન્મ આપ્યો. લોક સંગીતનો વારસો એને ગળથુથીમાંથી સાંપડ્યો. લબ્ધપ્રતિષ્ઠિત લોકકલાવિદ્ અને ખ્યાતનામ લોક સાહિત્યકાર શ્રી જોરાવરસિંહ જાદવ અને માતા હેમકુંવરબાએ એને કલા અને સંસ્કારનો વિરલ એવો વારસો આપ્યો. કુદરતે એને કોયલ જેવો મધુર કંઠ આપ્યો. ગુજરાતના લોકજીવન અને લોક ઉત્સવોએ એને લોક ગીતો, રાંદલ ગીતો, લગ્ન-ગીતો, ભજન, દુહા અને છંદોની છાબ ભરી આપી. પછી તો રાજશ્રીદેવીએ પોતાના ફુલગુલાબી કંઠ વડે સોરઠી પરંપરિત ગીતોનો અબીલ ગુલાલ ઉડાડી લાખો પ્રેક્ષકોના હૈયામાં આનંદના રંગસાથિયા પૂર્યા. લગ્ન જેવા મંગલ પ્રસંગે, ખાનગી બેઠકોમાં અને જાહેર ડાયરાઓમાં અષાઢી કંઠે લોકગીતોની સરવાણી વહાવનાર આ કલાકારને પ્રતિષ્ઠા કંઈ રાતોરાત પ્રાપ્ત નથી થઈ. એની પાછળ એના બબ્બે દાયકાના રીયાઝ, ખંત અને પરિશ્રમ ધબકતા પડેલા જોઈ શકાય છે.

ગુજરાત સરકારનું માહિતી ખાતું અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના ઉપક્રમે નવી દિલ્હી પ્રગતિ મેદાન ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળામાં ‘ગુજરાત દિન’ની ઉજવણી પ્રસંગે રાજશ્રીદેવીએ ગુજરાતી લોક સંગીતની રસલહાણ પીરસીને ગુજરાતી અને બિનગુજરાતી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

રાજશ્રીદેવીએ લોક સંગીતના ક્ષેત્રે ડંકો વગાડ્યો પોતાના ‘વન મેન શૉ’ દ્વારા. તા. ૨૫ ઓગસ્ટ, ૧૯૮૯ની એક સોહામણી સાંજે અમદાવાદમાં ૭૫૦ શ્રોતાઓને સમાવવાની ક્ષમતા ધરાવતો ટાગોર હોલ તે દિ’ ૧૪૦૦ જેટલા લોક સાહિત્ય અને લોકકલા પ્રેમી પ્રેક્ષકોથી હાંફતો હતો. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના અતિથિ વિશેષપદે યોજાયેલા ‘લોક સંગીતના સથવારે એક સાંજ’ કાર્યક્રમમાં મોસમના પહેલા મેહુલિયે ભીંજવેલી ધરતીની ફટકેલી ફોરમશા ફુલગુલાબી લોકગીતો, લગ્નગીતો, રાંદલ ગીતો, ભજનિકના તંબુરના તારેથી ટપકતાં દેશી ભજનો અને દુહા-છંદ અસલ રાગ અને ઢંગઢાળમાં રાજશ્રીદેવીએ મન મૂકીને ગાયા. આ સાંભળીને પ્રસન્ન થયેલા અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ મુખ્ય મહેમાનપદેથી અહોભાવથી આટલા જ શબ્દો કહ્યા : ‘આપણે ત્યાં એમ કહેવાય છે કે કાઠિયાવાડની ધરતીનું પાણી પીનાર કન્યાનો અવાજ રૂપાની ઘંટડી સરોખો મધુર અને માનવીના હૈયાં પર કામણ કરનારો હોય છે. જાદવ પરિવારના સુપુત્રી રાજશ્રીદેવીએ તો ત્રણ ત્રણ ધરતીનાં પાણી પીધા છે. એમનું વતન ભાલ પ્રદેશ, મોસાળ મારવાડ અને સાસરું સૌરાષ્ટ્ર. આમ ત્રણેય પખા (કુળ)ને ઉજળાં કરી બતાવનાર રાજશ્રીદેવી ગુજરાતના લોક સંગીતનું નમણું નજરાણું છે. આપણી મોંઘી મિરાત અને સૌરાષ્ટ્રનું ઘરેણું છે. એમના પિતાશ્રી જોરાવરસિંહજીએ કાળજાના કટકારોખી દીકરીને સાહિત્ય, સંસ્કાર, લોકસંગીત, સંસ્કૃતિ અને લોકકલારૂપી કરિયાવર ગાડાંમોઢે કરીને સાસરે વળાવ્યા છે. સમગ્ર રાજપુત સમાજ એમના માટે ગૌરવ લઈ શકે એમ છે.

ડાયરાની દુનિયામાં દિવાળીબહેન ભીલ, દમયંતી બરડાઈ, સરોજબેન ગુંદાણી, ભારતી કુંચાલા, મીનાબહેન પટેલ, ભાવના લાંબડિયા, રાજુલ આચાર્ય, પૂનમ બારોટ વગેરે બહુ જાણીતા નામો છે. પણ લોક સંગીતની દુનિયામાં બહેન કલાકાર દ્વારા ‘વન મેન શૉ’ કરવાની કેડી ગુજરાતમાં માત્ર રાજશ્રીદેવીએ સૌ પ્રથમવાર કંડારી આપી છે. હકડેઠઠ ભરાયેલા ટાગોર હોલ (અમદાવાદ)ના નિમંત્રિતોએ મધ્યરાત્રી સુધી લોક સંગીતની રસલ્હાણ માણી. આ કાર્યક્રમના માણિગરો આજેય આ વિરલ પ્રસંગને વીસરી શક્યા નથી.

આઠમા ધોરણના અભ્યાસથી આરંભાયેલો રાજશ્રીદેવીનો લોક સંગીતનો શોખ કૉલેજકાળ દરમ્યાન પ્રસન્નપણે પાંગરી ઊઠ્યો. કોલેજના પ્રત્યેક કાર્યક્રમોમાં એમનો સહયોગ અને ગીતોની ગૌરવપૂર્ણ રજૂઆત મૂલ્યવાન મનાવા લાગ્યા. ત્યાર પછીથી તેઓ ગુજરાત લોકકલા ફાઉન્ડેશનમાં જોડાયાં. ત્યારબાદ એમના કાર્યક્રમોને જાણે કે પાંખો પ્રગટી. લોક સંગીતની મૂળ પરંપરાઓને જાળવવાના આગ્રહી શ્રીમતી પરમાર ગુજરાતી

ફિલ્મ ગીતો ગાવાના અનેક નિમંત્રણો મળવા છતાં આજ સુધી એ પ્રલોભનથી દૂર રહ્યા છે. એમાંથી અભિવ્યક્ત થાય છે સૌરાષ્ટ્રના લોક સંગીતને જાળવવાનો એમનો અસલી મિજાજ.

પોતાની કારકિર્દીના આરંભકાળે કાઠિયાવાડની ધીંગી ધરાના લોક સંગીતકાર શ્રી પ્રાગજીભાઈ પટેલ પાસે પાંચ પાંચ વર્ષ સુધી લોક સંગીતનો અભ્યાસ કરી રાજશ્રીદેવીએ ડાયરા, આકાશવાણી અને દૂરદર્શનના કાર્યક્રમોના ક્ષેત્રે પદાર્પણ કર્યું. આજે તેઓ આકાશવાણી - રાજકોટ પરથી નિયમિત લોકગીતોના કાર્યક્રમો રજૂ કરે છે. દૂરદર્શન પર પ્રો. સુનિતા ચૌધરીએ રાજશ્રીદેવીનો ઈન્ટરવ્યૂ કરીને રાંદલ ગીતો રજૂ કરાવ્યાં ત્યારે લાખો શ્રોતાઓને રાંદલ ગીતોનાં કર્ણપ્રિય અને પરંપરિત લોક ઢાળોનો સાચો પરિચય સાંપડ્યો. એ પછી તુરત જ રાજશ્રી કેસેટ્સ તરફથી રાંદલ ગીતોની વિવરણ સહિત એમની કેસેટ બજારમાં મૂકાઈ. આ એક જ કેસેટે રાજશ્રીદેવીના મધુર અવાજને સૌરાષ્ટ્રની ધીંગી ધરાના પ્રત્યેક ખોરડે ગુંજતો કરી દીધો. આ કેસેટનું વિક્રમસર્જક વેચાણ પણ થયું. સૂરીલા લોકગાયીકા શ્રીમતી રાજશ્રીદેવીનું નામ આમ ઘરોઘર ચીરપરીચિત બની ગયું. જનતા જનાર્દને એમના કામણગારા કંઠને હૃદયના ઉમળકાથી વધાવી લીધો. એ પછી તો ‘ઊંચી રબારણ’, ‘પરથમ પૈલા સમરિયે’, ‘હાલો માનવિયું મેળે’ જેવી એક પછી એક કેસેટોએ બજારમાં ધૂમ મચાવી મૂકી. આમ રાજશ્રીદેવી લોક સંગીતના રસિયાઓમાં ઘરોઘર છવાઈ ગયા.

‘વન મેન શૉ’ અને કેસેટોની રજૂઆત બાદ બેંગ્લોરના ગુજરાતી સમાજના નિમંત્રણથી ગુજરાત સરકારના ઉપક્રમે તેઓ બેંગ્લોર ગયા. ત્યાં યોજાયેલ ડાયરામાં લોક સંગીતની શાનદાર રજૂઆત કરી. વર્ષો પછી ગુજરાતી લોકગીતો સાંભળનાર પ્રજાએ એમને ભારે દાદ દીધી. આજે પણ બેંગ્લોરના અનેક કલા પ્રેમીઓના નિમંત્રણો અને પત્રો એમને મળતા રહે છે. વર્ષો પછીયે બેંગ્લોરવાસી ગુજરાતીઓ એમને વીસરી શક્યાં નથી. વિશ્વના ૭૫ જેટલાં દેશોમાં હીરાની પેઢીઓ ધરાવનાર મુંબઇના વિશ્વવિખ્યાત ઝવેરી કીર્તિલાલ મહેતાના પરિવારમાં લગ્ન પ્રસંગે કાઠિયાવાડી લગ્નગીતો ગાવા માટે રાજશ્રીદેવીને ખાસ નોતર્યા હતા. ગુજરાતને વિશાલા હોટલ આપનાર સુરેન્દ્ર પટેલનાં દીકરીના લગ્ન પ્રસંગે રાજશ્રીદેવીએ તળપદાં કાઠિયાવાડી લગ્નગીતો, ફટાણા અને સાંઝીનાં ગીતો ગાઈને સૌને આનંદવિભોર કર્યા હતા.

ભાવનગર એ રાજશ્રીદેવીનું સાસરું. લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકાર શ્રી ખોડીદાસ પરમારનાં એ પુત્રવધૂ છે. રાજપુતી રીવાજો મુજબ એમના કુટુંબની દીકરીઓ નૃત્ય - સંગીતના જાહેર કાર્યક્રમોમાં જોડાઈ શકતી નથી પણ સસરા પક્ષના સંસ્કારપ્રેમી પરિવારે કાર્યક્રમો કરવા માટે એમને સામેથી પ્રોત્સાહિત કર્યા છે. એમના પતિ અમુલકુમાર અચ્છા તસવીરકાર છે અને બંને મળીને ભાવનગરમાં ‘તાલગુલાલ’ નામની કલા સંસ્થા ચલાવી યુવક-યુવતીઓને રાસ ગરબાની તાલીમ આપે છે.

અમદાવાદ, ભાવનગર અને મુંબઈના ઉચ્ચ પ્રતિષ્ઠિત પરિવારો લગ્ન પ્રસંગે લગ્નગીતો, ફટાણા અને રાસ-ગરબાના રાજશ્રીદેવીના કાર્યક્રમો યોજવામાં પોતાનું ગૌરવ સમજે છે. એમના પાણીદાર કંઠે રજૂ થતાં ‘મારા નખનાં પરવાળા જેવી ચુંદડી’, ‘આવી રૂડી અજવાળી રાત’, ‘માયરામાં પે’લું મંગળિયું વરતાય રે’ જેવાં ગીતો લગ્નના વાતાવરણને ભર્યુંભર્યું બનાવી દે છે. જ્યારે ‘અણવર લજામણો’, ‘ગોરની ફળિયા જેવડી ફાંદ’, ‘કયા ભાઈ બૈયરનો ચેલો મારા વેવાઈયો રે’ જેવા ફટાણા હાસ્ય રસની છોળો ઉડાડે છે. કન્યા વિદાય વેળાએ રાજશ્રીદેવીના કંઠે રજૂ થતાં ‘અમે રે લીલા વનની ચરકલડી ઊડી જાશું પરદેશ જો, દાદાને વહાલી દીકરા અમને દીધા પરદેશ જો’ જેવા હૃદયસ્પર્શી ગીતો જાનૈયા અને માંડવિયાને ખોબો આંસુડે રોવરાવે છે.

## કચ્છ અને જૈન સમાજ – ૨૦૨૧

### નગરપાલિકા સિવાયનો ગ્રામ્ય વિસ્તાર


- કુલ ગામ : ૯૦૩
- શહેરો : ૯
- મૂળ જૈન વસ્તીવાળા ગામ : ૩૮૯
- મૂળ જૈન વસ્તીવાળા શહેરો : ૭
- હાલ જૈન વસ્તીવાળા ગામ : ૧૭૮
- હાલ જૈન વસ્તીવાળા શહેરો : ૭
- ગ્રામ્ય - શહેરો બંને થઈને કુલ જિનાલય : ૪૧૫
- એક પણ જૈનનું ઘર ખુલ્લું ન હોય અને જિનાલય હોય તેવા ગામો : ૧૦૬
- જૈનોના ૧૦ ઘરથી ઓછા ઘર હોય તેવા ગામો : ૧૦૨
- એક સમયે જિનાલય હોય પણ હાલ પ્રતિમાજી ના હોય તેવા ગામો : ૬
- ભોજનાલય હોય તેવા ગામો : ૧૩૩
- ધર્મશાળા - સેનેટરી હોય તેવા ગામો : ૧૦૦

***નોંધ :*** સર્વે કરતા એવું પણ માલૂમ પડ્યું કે ૪ ગામમાં વર્ષોથી ધજા પણ નથી બદલી અને ૧૫ દેરાસરમાં માત્ર પૂજારી ધજા બદલાવે છે.

આસપાસના સધ્ધર સંઘોએ આ બાબત ધ્યાન પર લેવી જોઈએ.

અમુક ગામ જિનાલય બનાવ્યું ત્યારે મૂર્તિપૂજક હતા. બાદમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં સ્થાનકવાસી પરંપરામાં આવી ગયા.

# વિનયદીપનાં અજવાળાં!



જયંતી જોષી 'શબાબ'

ફક્ત શ્વાસોચ્છવાસ ચાલવાનું નામ જીવન નથી. કારણકે એવું જીવન તો વૃક્ષો અને પશુ-પક્ષીઓ પણ જીવતા હોય છે. વળી આજકાલ તો વિજ્ઞાનની મદદથી કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપીને માણસને લગભગ મરણાસન્ન અવસ્થામાં પણ ટકાવી રખાય છે! પરંતુ સાચી વાત એ છે કે જેનું મન મનન વડે જીવે એ જ માનવ કહેવાને યોગ્ય ગણાય. જ્યારે જ્યારે માનવ અને મનની વાત નીકળે છે ત્યારે ફક્ત ખાવું, પીવું, પ્રજા ઉત્પન્ન કરવી, ડરવું અને સૂઈ જવું – એટલાથી માણસનું માણસપણું સિધ્ધ નથી થતું. એણે સજાગતાપૂર્વક ધર્મ સાથે જોડાવું જરૂરી છે. સજાગતા, સમજ અને વિવેકપૂર્વક જ્યારે એ ધર્મનું આચરણ કરવા માંડે છે ત્યારે એને સમજાય છે કે ધર્મ નામનું જે મંગલ મંદિર ઉભું છે તેના પાયામાં ફક્ત તત્ત્વચિંતન નહીં પરંતુ આચરણ રહ્યું છે. અને, આ આચરણના મૂળમાં પણ વિનય રહ્યો છે. જ્યાં સુધી વિનય ન આવે, નમ્રતા ન આવે ત્યાં સુધી ન તો ધર્મની આરાધના થઈ શકે છે કે ન તો માણસાઈના દીવા પ્રકટી શકે છે. જ્યાં સુધી માણસાઈના દીવા ન પ્રકટે ત્યાં સુધી દિવાળીનું આવવું કે હોવું એ ફક્ત દંભ અને આડંબર બની રહે છે; બાહ્ય દેખાવ બની રહે છે!

દિવાળીમાં જેમ દીપ પ્રાગટ્યનો મહિમા છે એમ એક મહાદીપના પરિનિર્માણની અમરગાથા પણ છુપાયેલી છે અને એ છે ભગવાન મહાવીરના કાળધર્મ પામ્યાની ઘટના.

આજથી લગભગ ૨૬૦૦ વર્ષ પહેલા, સર્વજ્ઞ શ્રી મહાવીરજીએ પોતાના આયુષ્યની અંતિમ વેળામાં ભવ્ય જીવોના કલ્યાણ અર્થે જે છેલ્લી દેશના આપી હતી, તેને શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અથવા ભગવાન મહાવીરની અંતિમ દેશના કહેવામાં આવે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વિશે એવું કહેવાય છે કે એ સૌ સૂત્રોનો નિચોડ છે. એ મહાન દેશનાના મંગલાચરણ અથવા તો એ સૂત્રની શરૂઆત 'વિનયસૂત્ર'થી કરવામાં આવી છે. જ્યાં સુધી વિનયનો જીવનમાં પ્રવેશ થતો નથી ત્યાં સુધી માણસ કોઈ જ્ઞાન કે મુક્તિને લાયક બનતો નથી. તેથી આવો, આપણે આપણા જીવનમાં વિનયરૂપી રત્નદીપનાં અજવાળાં પાથરીએ કે જેને સમયનું વાવાઝોડું પણ ઓલવી ન શકે.

દરેક ગુણને આપણા જીવનમાં ઉતારવા માટે થોડીક પૂર્વતૈયારી જરૂરી હોય છે. વિનયગુણને આપણા જીવનમાં લાવવા માટે આપણે આપણા મનની કુટીલતા તથા છળકપટને દૂર કરવા પડશે. જો એ કામ થયું અને નમ્રતાનો ઉદય થયો તો તે પછી બીજા બધા સદ્ગુણ પોતાની મેળે આપણને આવી મળશે. એક અંગ્રેજ ચિંતકે સાચું જ કહ્યું છે કે :

***"Be humble, if you want to attain wisdom;***
***Be humble still, when you have."***

(જો તને સમજપૂર્વકનું, વિવેકવાળું જ્ઞાન જોઈતું હોય તો સૌથી પહેલાં વિનમ્ર બન અને જો એવું જ્ઞાન મળી જાય તો તે પછી પણ વધારે નમ્રતા ધારણ કરજે.)

'ધર્મરત્ન પ્રકરણ'માં વિનયનું સ્વરૂપ પાધરું કરતાં એમ કહેવાય છે કે, "ચંદન જે રીતે પોતાની સુગંધથી, ચંદ્રમા પોતાની સૌમ્યતાને લીધે અને અમૃત જે રીતે પોતાની મધુરપ વડે આખાય વિશ્વમાં જાણીતા અને માનવંતા છે તેવી જ રીતે માણસ પણ વિનય કે નમ્રતાના ગુણ વડે સૌનો પ્રિય બને છે."

વિનય અથવા નમ્રતા એટલે પૂજ્ય માણસો અને વસ્તુઓ તરફ ભીતરનો આદરભાવ. સાચી વાત એ છે, મિત્રો! કે નમ્રતા અથવા વિનય એ તો આપણો પોતાનો એટલે કે આત્માનો સ્વાભાવિક ગુણ છે. આત્માના એવા કંઈ કેટલાય ગુણ જેવા કે જ્ઞાન, શ્રદ્ધા, સંતોષ અને ક્ષમા વગેરે છે એવી જ રીતે નમ્રતા પણ તેનો એક ગુણ છે.

અહીં આપણને મનોમન એક પ્રશ્ન થશે કે આવી નમ્રતા કે વિનય જો આત્માનો સ્વાભાવિક ગુણ હોય તો એ સૌમાં સ્વાભાવિક રીતે પ્રકટ કેમ નથી થતો? આપણો અનુભવ તો એમ કહે છે કે ઠેકઠેકાણે માણસો પોતપોતામાં પણ ઉધ્ધતાઈથી વર્તે છે! આજના યુગની સૌથી મોટી બીમારી હોય તો એ છે નમ્રતાનો અભાવ. જો નમ્રતા પ્રકટ થાય તો જાતિ-જાતિ વચ્ચેના, પંથ અને પંથ વચ્ચેના, ભાષા-ભાષા વચ્ચેના અને માણસ-માણસ વચ્ચેના બધા જ ઝઘડા તરત જ શાંત થઈ જશે.

સંસારની લગભગ સમસ્યાઓનો ઉકેલ જેવો આ વિનયગુણ જો આત્માનો સ્વાભાવિક ગુણ હોય તો એ ક્યાં છુપાયેલો છે? એને પાધરો કરવા શું કરવું જોઈએ?

આપણા આ સવાલનો જવાબ એ છે કે નમ્રતાનો ગુણ સહજ રીતે પ્રકટ નથી થતો. એના બે કારણો છે : એક માણસ પોતાના

આ ગુણની બાબતમાં અજાણ છે તે; ને બીજું, આ સ્વાભાવિક ગુણ તરફ ધ્યાન ન અપાયાના કારણે એના હરીફ જેવો અભિમાનરૂપી મનનો ભાવ નિરંતર વધ્યા કરે છે તે. આ પ્રમાણે અજ્ઞાન તેમજ અવળા અભ્યાસને કારણે વિનયગુણ પ્રકાશિત નથી થતો.

જે પ્રમાણે ફાનસની જ્યોતના અજવાળાને, એની ફરતે ગોઠવાયેલા કાચની ફ્રેમ ઉપરનો મેશ ઢાંકી દે છે, એ અજવાળું બહાર પ્રસરી નથી શકતું; તે જ પ્રમાણે અહંકાર અને અભિમાનરૂપી મેશ માણસના વિનયગુણને પ્રકાશિત થવા નથી દેતું.

જૈન મત પ્રમાણે અભિમાન એટલે કે મદ આઠ જાતના લેખાયા છે : (૧) જ્ઞાનમદ, (૨) પૂજામદ, (૩) કુળ મદ (કુટુંબનું અભિમાન), (૪) જાતિમદ, (૫) બળમદ, (૬) રીધ્ધિ મદ, (૭) તપ મદ અને (૮) વપુ મદ. એટલે કે શરીરનું અભિમાન એ આઠ પ્રકારના અભિમાન સાધકની નમ્રતાની સાધનામાં વિઘ્નો ઊભા કરે છે. જો આ આઠ પ્રકારના અભિમાન છોડી દઈએ અને નમ્રતાને સહજ ધારણ કરીએ તો સંસારની ઘણીખરી સમસ્યાઓનો નિવેડો આવી જાય.

***"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;***
***શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે."***

આ પ્રકારનું ઉત્તમ ચિંતન પણ વિનયભાવ ધારણ કર્યા વિના અને એની પર અમલ કર્યા વિના નિરર્થક નીવડે છે.

આપણી રોજની જીવનયાત્રામાં આપણે વડીલો પરત્વે, માવતરો પરત્વે, શેઠ સાહેબો પરત્વે અને બીજા પુણ્યશાળી માણસો પરત્વે... શિક્ષકો, પ્રાધ્યાપકો, વિદ્વાનો, પંડિતો, મુનિ ભગવંતો, ધર્માચાર્યો પરત્વે તેમજ પરમાત્મા પરત્વે પણ જેટલા પ્રમાણમાં વિનય ધારણ કરીશું અથવા એ બધા તરફ જેટલી નમ્રતાપૂર્વકનું વર્તન રાખીશું તેટલા જ પ્રમાણમાં ચારે તરફ સંપ, શાંતિ અને સમૃદ્ધિનો વધારો થતો જોઈ શકીશું.

વિનયશીલ માણસને પળવારમાં જ સમજાઈ જાય છે કે જેવો આત્મા મારામાં છે એવો જ બીજામાં પણ છે. એટલે આપવડાઈને કોઈ સ્થાન નથી. તેથી જો અહંકાર અને અભિમાન આવી ઊભા રહેશે તો નમ્રતાને જબરી જફા પહોંચશે.

અખા ભગતે પણ એવી જ કોઈ પરિસ્થિતિમાં કહ્યું છે :

***"દેહાભિમાન હતું પા સેર,***
***વિદ્યા ભણતાં તોલું થયો.***
***ગુરૂ થયો ત્યાં મણમાં ગયો,***
***'અખા' હલકાથી ભારે હોય***
***આત્મજ્ઞાન મૂળગું તે ખોય!"***

*(પા શેર = પાંચ શેર, તોલું = દસ શેર)*

નમ્રતાને જીવનમાં ઉતારવા મનમાં કેવો ભાવ ધારણ કરવો જોઈએ? એ સવાલના જવાબમાં આ દુહો યાદ કરવા જેવો છે.

***"દાસ કદાવન કઠિન હૈ,***
***મૈં દાસન કો દાસ;***
***અબ તો ઐસા હો રહૂં,***
***કિ પાંવ તલેકી ઘાસ."***

આપણા કરતા વધારે ગુણવાન હોય તેનો આદર કરવો એ આપણી ફરજ છે. ગુણમાં આપણો સમોવડિયો હોય એનો આદર કરવો એ સજ્જનતા છે તો વળી આપણાથી ઓછો ગુણીયલ હોય તેનો પણ આદર કરવો એ કુલીનતા કે ખાનદાની છે અને આ રીતે સૌનો આદર કરવો, બધા પ્રત્યે નમ્રતા રાખવી એ સમદષ્ટિ હોવાની સાબિતી છે.

સમાજમાં ભણતરની સાથે સાથે ગણતર હોવું એ જરૂરી હોવાનું સર્વસ્વીકૃત રીતે મનાયું છે.

અમને લાગે છે કે નમ્રતાનો સમાવેશ ગણતરમાં થાય છે. જ્યાં અન્ય પ્રત્યે આદર કે વિનમ્રતા ન હોય એવા ભણતરનો કોઈ અર્થ નથી.

***"ન હો અદબ જીસમેં મુત્તલિક,***
***ઔર હો કિતાબોં સે લદા ફિરતા;***
***'અદમ' ઉસ આદમીકો હમ,***
***તસવ્વુર બૈલ કહતે હૈં."***

(અર્થાત્ જેનામાં વિનય કે નમ્રતા બિલકુલ ન હોય અને ફક્ત ભણતરનો ભારવાહક હોય, કવિ 'અદમ' કહે છે કે અમે તેને કલ્પનાશીલ બળદ કહીએ છીએ!)

બધુંય જાણ્યા છતાં ક્યારેક આપણો અહંકાર, આપણો મદ બીલ્લી પગલે આવીને આપણાં મનનો કબજો લઈ લે છે. જો આપણે ચેતી જઈએ અને તેમાંથી બચીએ તો જ આપણને ધર્મનો પૂરેપૂરો લાભ મળે છે. અને આપણે માણસ કહેવાને લાયક બનીએ છીએ.

આવો એક આખ્યાયિક યાદ કરીએ જેમાં મદને રવાડે ન ચઢતાં કેવી રીતે રામ વિનમ્રતા ધારણ કરે છે, પુત્રની સલાહ માને છે, સામાન્યજન કે ચોરને પણ ગુરૂપદે સ્થાપી સન્માને છે!

શ્રૈણિક નામના રાજાએ પોતાની રાણી ચેલ્લણા માટે એક સદાબહાર બગીચો તૈયાર કરાવ્યો હતો. તે બગીચાની ખાસિયત એ હતી કે તેમાં નિરંતર દેવતાઓનો વાસ હતો. તેથી દરેક મોસમમાં બધા જ ફળફૂલ તેમાં ઉગતા હતા.

એક વખત બગીચાની બહાર વસતી એક સામાન્ય સ્ત્રીને બાળક આવવાનું હતું. એવી અવસ્થામાં એને આંબો ખાવાની ઈચ્છા થઈ. આજના જેવો એ જમાનો ન હતો. એટલે મહા મહિનાના એ સમયે, એની એ ઈચ્છા પૂરી કરવાનો કોઈ ઉપાય ન હતો. તેથી એ બિચારી દિવસે દિવસે ઘસાતી જતી હતી. તેના પતિને થયું કે ચોક્કસ હવે એ મૃત્યુના મોં માં હોમાઈ જશે.

એટલે એણે પત્નીને હિંમત આપી અને એની ઈચ્છા પૂરી કરવા કોઈ પણ પ્રયત્ન બાકી ન રાખવા એવું પ્રણ લીધું.

જેની પાસે કશુંય ન હોય એને પણ એના મનનો ભાવ સાહસ કરવા તૈયાર કરે છે! એ માણસને ખબર હતી કે રાજા શ્રેણિકના બગીચામાં આ મોસમમાં પણ આંબા મળી આવશે. એટલે એણે પોતાની જાનને જોખમમાં નાંખીને પણ પત્ની માટે આંબા ચોરી લાવવાનું નક્કી કર્યું.

રાત્રિના સમયે એ બગીચાની બહાર આવી ઉભો રહ્યો અને પોતાની વિદ્યા શક્તિના બળથી એ બગીચાની મોટી મોટી દીવાલો કૂદી અંદર પહોંચી ગયો. ત્યાં જઈ એણે કોઈપણ જાતનો ઘોંઘાટ ન થાય એ રીતે આકર્ષણ વિદ્યાનો પ્રયોગ કર્યો. જેથી આંબા એને મળી ગયા. તે લઇ એ પોતાની વિદ્યાના બળે પાછો પોતાના ઘરે આવ્યો અને પત્નીએ એ આંબા ખાઈને પોતાનો મનોરથ પૂરો કર્યો.

સવારના રાજાને, ચોકીદારો મારફત, આંબાની ચોરીના સમાચાર મળ્યા. આટલી મોટી દીવાલો હોવા છતાં, આટલા બધા ચોકીદાર હોવા છતાં ચોરી થઈ એટલે રાજાને બહુ નવાઈ લાગી. એણે ગમે તેમ કરીને ચોરને પકડી લાવવાની જવાબદારી પોતાના પુત્ર અભયકુમારને સોંપી. અભયકુમારે ચોરને પકડી લીધો અને રાજા પાસે રજૂ કર્યો.

રાજ કચેરી ભરાઈ. ગુનો સાબિત થયો અને રાજાએ ચોરને ફાંસીની સજા સંભળાવી.

સજાનો અમલ થાય એથી પહેલાં મહારાજા શ્રેણિકને એમના પુત્ર અભયકુમારે કહ્યું, 'મહારાજ, આની પાસે બે ખાસ વિદ્યાઓ છે. જેને પરિણામે એ બગીચામાં દાખલ થઇ ગયો અને કોઈ પણ જાતના ઘોંઘાટ વગર આંબા ચોરી પાછો પોતાના ઘરે જતો રહ્યો. જો આપણે એની પાસેથી આ બે વિદ્યાઓ શીખી ન લેશું તો એ એની સાથે જ જતી રહેશે!'

રાજા શ્રેણિક આ વાતને સમજ્યા. એમણે એ ચોર પાસેથી વિદ્યાઓ શીખવાનું નક્કી કર્યું. ચોર પાસેથી અનેકવાર વિદ્યામંત્ર બોલાવવામાં આવ્યા. રાજાજી એ મંત્રના ઉચ્ચારણ તો કરી શકતા હતા પરંતુ વારંવાર ભૂલી જતા હતા. તેથી ગુસ્સે ભરાઇને એમણે કહ્યું, 'તું મને આ વિદ્યાઓ બરાબર શીખવતો નથી.'

તે વખતે અભયકુમારે ફરીથી કહ્યું, 'પિતાશ્રી, એમાં દોષ એનો નથી પરંતુ આપનો છે. ગુરૂ ગમે તે વેશમાં હોય, બાઈમાણસ કે ભાઈમાણસ હોય, કોઈપણ ખાનદાનનો હોય, ગુરૂ તો ગુરૂ હોય છે. અને એની પાસે આપણી ઓળખ તો વિનમ્રભાવે ઉભેલા શિષ્યની જ હોય છે. આપ સૌથી પહેલા એને પોતાના ગુરૂ તરીકે સ્વીકાર કરો અને પછી વિનમ્રતાપૂર્વક વિદ્યા શીખો.'

રાજાને પોતાની ભૂલ સમજાઈ. તેઓ સિંહાસન પરથી ઉતરી એની સાથે જમીન પર બેઠા અને એને સિંહાસન પર બેસાડ્યો. ગુરૂ તરફનો પૂરેપૂરો આદરભાવ એને આપ્યો. અને તરત જ એ વિદ્યાઓ એમને યાદ રહેવા લાગી.

એ કામ પૂરૂં થયું કે તરત જલ્લાદ એ ચોરને ફાંસીને માંચડે લઈ જવા ઢસડવા લાગ્યો. તે જોઈને અભયકુમારે ફરીથી કહ્યું, 'રાજા સાહેબ! શું વિદ્યા દેનાર ગુરૂ સાથે આ રીતનો વ્યવહાર બરોબર છે? આપે એની પાસેથી વિદ્યાઓ પ્રાપ્ત કરી છે. એટલે એ સંદર્ભે એ આપના ગુરૂ છે! શું ગુરૂ દક્ષિણાને બદલે તેમને ફાંસીનો ગાળિયો મળે એ બરાબર લેખાશે?'

રાજાના આત્મારૂપી ફાનસ પરથી સત્તાના મદની મેશ હટી ચૂકી હતી. એનું સન્માન કર્યું અને માનપૂર્વક છૂટો કર્યો.

મહારાજ શ્રેણિક સમજુ હતા. પરંતુ જ્યાં સુધી મદને હટાવી નમ્રતાનું આચરણ ન કર્યું ત્યાં સુધી તેમને વિદ્યા પ્રાપ્ત ન થઈ.

કંઈ અમસ્તુ જ નથી કહેવાયું કે, વિનય તો ધર્મનું મૂળ છે. તેમજ તે પ્રગતિ અને ઉન્નતિનું પણ મૂળ છે. તે બધી જ સંપત્તિઓનું ધામ છે. યશ વધારનાર છે અને ધર્મરૂપી સમુદ્રમાં ભરતી લાવનાર ચંદ્રમા જેવો છે. સહુ સદ્‌ગુણોની આધારશિલા વિનય છે.

આવો, જીવનમાં વિનયદીપના અજવાળા પાથરીએ અને નિરંતર દિવાળીનો અજવાશ પામીએ.

*'હેરમ્બ નિલયમ્', ૩૫/સી/બી, ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૪૪૪ ● મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮*

## શોધું છું

હવાના દરિયામાંથી હું પતાસું શોધું છું,
મૃગજળમાં હું આખેઆખું ચોમાસું શોધું છું.

ભડભડ સળગતી લંકા મહીં સચવાઈ છે સીતા,
જેણે લગાવી આગ, હું એ આંસુ શોધું છું.


કહી હતી શ્રીકૃષ્ણએ અર્જુનને જે ગીતા,
સંહારનું કારણ બન્યું એ પાસું શોધું છું.

ખળખળ વહેતી મીઠી મધુરી એ સરિતા,
સાગર તણે એ વહેણને હું પ્યાસું શોધું છું.

નથી ઝંખના કોઈ મને સાંભળો મારી કવિતા,
કવિ છું હું વેરાનમાં જળ ખાસ્સું શોધું છું.

*ખુશ્બુ નવીનચંદ્ર સરવૈયા - ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૯૬ ૧૨૭૫૬, ૯૫૮૬૭ ૭૦૮૪૨*

# સામાયિક પ્રતિક્રમણ અને અષ્ટાંગયોગ



કિરણ ચાંપાનેરી 'સેતુ'

અષાઢ સુદથી જૈન ધર્મના ચાતુર્માસનો શુભારંભ થાય છે. પર્વાધિરાજ પર્વ સમુ પર્યુષણ પર્વ પણ આ ચાતુર્માસ દરમ્યાન ઉજવાય છે. સંવત્સરીનું મહાપ્રતિક્રમણ કરીને પાપથી નિવૃત્ત થઈ સૌ એકબીજાને મન વચન કર્મથી કોઈ જીવને દુભાવ્યા હોય તો સાચા અંતઃકરણથી માફી માંગી... મિચ્છામિ દુક્કડમ્ કરવામાં આવે છે. ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યાયમાં સામાયિક, પ્રતિક્રમણ, આલોયણા - આલોચનાની મહત્તમ ગૌતમ સ્વામીને સમજાવતા જણાવ્યું છે કે, "હે ગૌતમ! શત્રુ કે મિત્ર તરફ, મહેલ કે મસાણમાં સામ્યભાવરૂપ સામાયિક કરનાર જીવને સંપૂર્ણ પાપજનક યોગોનો ત્યાગ થાય છે; અતઃ નવીન કર્મનો બંધ થતો નથી અને પૂર્વકર્મોની નિર્જરા થાય છે. ક્રમશઃ સમસ્ત કર્મોની શીઘ્ર નિર્જરા થઈ મોક્ષ પ્રાપ્ત થાય છે... પ્રતિક્રમણ કરવાથી વ્રતના અતિચારો રુંધાય છે. વળી જેણે વ્રતના છિદ્રો ઢાંક્યા છે એવો જીવ આશ્રવને રૂંધનાર થાય છે અને આશ્રવ રૂંધવાથી અસબલ-નિર્બળ ચારિત્રવાન થાય છે તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાને વિશે ઉપયોગવંત તથા સંયમના યોગથી અભિન્ન તથા સંયમયોગને વિશે સારી રીતે સાવધાન થયો થકો વિચરે છે... આલોચના કરવાથી જીવ મોક્ષમાર્ગના વિઘાતક અને અનંત સંસાર વધારવાવાળા માયા, નિદાન અને મિથ્યાદર્શન રૂપ ત્રણે શલ્યોને આત્મામાંથી દૂર કરે છે. સરળ ભાવને આત્મા પ્રાપ્ત કરે છે. સરળ ભાવને પ્રાપ્ત થયેલ જીવ માયારહિત થાય છે. માયારહિત થવાથી સ્ત્રીવેદ અને નપુંસકવેદનો બંધ કરતો નથી અને કદાચ પહેલા બંધાઈ ગયા હોય તો તેની નિર્જરા કરે છે.

તન-મનની મલીનતા દૂર કરવા જૈન શાસ્ત્રોમાં સામાયિક, ચતુર્વિશતિસ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન – આ છ અવશ્ય કરવા યોગ્ય છે. તેથી તેને આવશ્યક કહ્યા છે. આ દરરોજ કરવા યોગ્ય નિત્યકર્મ છે. સામાયિક એટલે શુભ વિચાર કે મંગલ ભાવનાનું રોજિંદા આચરણમાં રૂપાંતર કરવાની પ્રક્રિયા. સામાયિકનો ઉદ્દેશ શમ, સમતા અને સમભાવ કેળવવાનો છે. સામાયિકમાં બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કરી આંતરદૃષ્ટિ ખીલવવામાં આવે છે. સામાયિક સમસ્ત આધ્યાત્મિક સાધનાઓની આધારશિલા છે. ચોથું આવશ્યક છે પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે પાપમાંથી પસ્તાવો અને પ્રાયશ્ચિત કરી પાછા ફરવું. પ્રમાદવશ શુભ પ્રવૃત્તિથી વિચલિત થઈને અશુભ પ્રવૃત્તિ પ્રાપ્ત થયા બાદ ફરી શુભ પ્રવૃત્તિને પ્રાપ્ત કરવી એટલે પ્રતિક્રમણ. જે દરરોજ દિવસના અંત ભાગે સૂર્યાસ્ત સમયે અને રાત્રિના અંત ભાગે સૂર્યોદય પહેલા એમ બે વાર કરવામાં આવે છે. આ ઉપરાંત, મહિનામાં બે વાર અમાવસ્યા અને પૂર્ણિમાના દિવસોએ પાક્ષીક, પ્રત્યેક ચાર માસ બાદ કાર્તિકી પૂર્ણિમા, ફાલ્ગુની પૂર્ણિમા અને અષાઢી પૂર્ણિમાના દિવસોએ ચાર માસના પાપોની આલોચના કરવામાં આવે છે અને પ્રત્યેક વર્ષ પ્રતિક્રમણકાલીન અષાઢ સુદ પૂર્ણિમાથી પચાસ દિવસ બાદ ભાદ્રપદ શુક્લ પંચમીના દિવસે આખાય વર્ષના પાપોની આલોચના કરવામાં આવે છે. આમ દેવસીય, રાત્રિક, પાક્ષીક, ચાતુર્માસિક અને સંવત્સરી એમ કુલ પાંચ પ્રકારના યથાકાળ પ્રતિક્રમણ કરીને પાપોની આલોચના કરી તન-મનને શુધ્ધ કરવામાં આવે છે.

સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકા એ ચતુર્વિધ સંઘને માટે સામાયિક વિહીત છે. સામાયિકથી રાગ અને દ્વેષ દૂર થાય છે અને સમભાવ કેળવાય છે. સામાયિકથી શમ, પ્રશમ સુખ સાંપડે છે. આત્માની કર્મસહિત અવસ્થા દૂર થઈ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે. સમ એટલે સમભાવ. સંસારના ઇષ્ટ-અનિષ્ટ, પ્રિય-અપ્રિય, રાગ-દ્વેષ જેવા પદાર્થો પરથી આસક્તિ ચાલી જાય અને વિતરાગતા, મધ્યસ્થતા જગાડે તે સામાયિક. સમનો એક અર્થ છે દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યનો સમન્વય. સમ્યક્ દર્શનનું પ્રાગટ્ય. સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ અને સમ્યક્ ચારિત્ર જેનાથી સાંપડે તે સામાયિક. જિન પ્રવચનનો સાર છે સમતા અને સમતાની સાધના તે સામાયિક. ધર્મક્રિયા મહત્તા અને વ્યાપકતા સામાયિક શબ્દના આ અનેકવિધ અર્થ ગાંભીર્યમાંથી જ પામી શકાય છે. સામાયિક એ જૈન ધ્યાન પ્રણાલીનું ઝળહળતું શિખર છે. સામાયિક એ આવશ્યક યોગક્રિયા છે, જે ચિત્તવૃત્તિ નિરોધ કરીને સમત્વ સાધી આરાધકને આત્મદર્શન કરાવે છે અને વ્યક્તિનો પૂર્ણ વિકાસ કરીને જીવાત્માને પરમાત્મા બનાવે છે. અડતાલીસ મિનિટના સામાયિકમાં ગૃહસ્થ સંસાર વ્યવહાર ત્યજી સાધુ જેવું આચરણ કરે છે. પરંતુ આ અડતાલીસ મિનિટનું સામાયિક તો અંતરયાત્રાનું પ્રથમ સોપાન છે.

વિજ્ઞાન જે પ્રયોગશાળામાં સિધ્ધ કરે છે તે અધ્યાત્મ અને આર્ષદર્શનથી પ્રગટ કરે છે. આજના જગતમાં હૃદય રોગ, બ્લડ

પ્રેશર, અનિદ્રા, માનસિક તણાવ જેવી બીમારીઓને આધિ, વ્યાધિ અને ઉપાધિથી ગ્રસ્ત માનવચિત્તના માર્ગે થઇને માનવ શરીર પર અંકુશ મેળવ્યો છે. આવા બ્લડપ્રેશર કે ટેન્શન સામેનો અમોઘ ઉપાય તે સામાયિક છે. ડિસેમ્બર-૨૦૧૯થી સમગ્ર સંસાર કોરોના વાઈરસની મહામારીથી સપડાયો ત્યારે યોગ પ્રાણાયામ માનવ શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં કારગર અને ધ્યાન પ્રાણાયામ યોગ ચિત્તને શાંત રાખવામાં સહાયક પુરવાર થયેલ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), સરકારના આયુષ મંત્રાલય અને તજજ્ઞ તબીબો દ્વારા પણ કોરોના મહામારીમાં તન-મનને સ્વસ્થ અને ચિંતામુક્ત રાખવા માટે કસરત, આસન, યોગ, પ્રાણાયામ કરવાની ભલામણ કરે છે.

સામાયિક, પ્રતિક્રમણમાં પણ એક પ્રકારે પ્રાણાયામની ક્રિયા થાય છે. 'સમ' એટલે મિત્રતા કે બંધુત્વ અને જગતના સર્વ જીવો પ્રત્યે વિશ્વબંધુત્વની ભાવના જગાવે તે સામાયિક. છ આવશ્યકની પ્રક્રિયા સાથે યોગાસનોને સરસ રીતે વણી લેવાયા છે. સામાયિક અને પ્રતિક્રમણ કરવાથી મનની શુધ્ધિ સાથોસાથ વંદના, ઉત્કુટાસન, વજ્રાસન, પદ્માસન, કાયોત્સર્ગ વગેરે આસનોની ગૂંથણીથી શરીર શુધ્ધ થઈ જાય છે. સામાયિક પ્રતિક્રમણમાં આસનોને કઈ રીતે વણી લેવાયા છે તે જોઈએ. સામાયિક ગ્રહણ કરતી વખતે પ્રારંભે ગુરૂદેવને અને ગુરૂદેવ બિરાજમાન ન હોય તો સીમંધર સ્વામીને ત્રણ વંદના કરવામાં આવે છે. આ ત્રણ વંદનાની વિધિમાં સૂર્ય નમસ્કારને મળતી જ પ્રક્રિયા છે. ત્યારબાદ ડાબો ઢીંચણ ઊભો રાખી અને જમણો પગ વાળીને જમીન સાથે રાખી 'નમોત્થુણં' બોલવામાં આવે છે. જેમાં અર્ધવજ્રાસન થાય છે. જે પેટ સંબંધી બીમારીના નિવારણમાં સહાયક બને છે અને પાચનક્રિયાને મજબૂત કરે છે. સામાયિકમાં પદ્માસન કે અર્ધપદ્માસનમાં બેસવાનું હોય છે. સામાયિક પૂર્ણ થતા પણ ફરી નમોત્થુણં અને વંદનાની વિધિ કરવાની હોય છે. આમ, સામાયિક દરમ્યાન સૂર્ય નમસ્કાર, વંદના, પદ્માસન અને અર્ધવજ્રાસન જેવા આસનોથી શરીરનું સ્વાસ્થ્ય જળવાય છે.

જો શક્ય હોય તો પ્રતિક્રમણ ઊભા રહીને કરવું જોઈએ. પ્રતિક્રમણ કરવાના સમયે બિરાજમાન સાધુ-સાધ્વીજીઓને અથવા તેઓ બિરાજમાન ન હોય તો શ્રી સીમંધર સ્વામીને તિક્ખુત્તોના પાઠ સાથે ત્રણ વાર ગુરૂવંદના કરી પ્રતિક્રમણના પ્રથમ આવશ્યકની આજ્ઞા માંગવાની હોય છે. તે પછી પદ્માસનમાં બેસી ચઉવીસત્થો આવશ્યક એટલે કે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ - લોગસ્સ વિધિ કરવાની થાય છે. ત્યાર પછી ઉભડક - ઉત્કટુક આસને બેસીને ત્રીજી વંદના આવશ્યક બે વાર બોલવાની હોય છે. ફરી ત્રણ વંદના કરી ચોથા આવશ્યકની આજ્ઞા માંગી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિશેના અતિચાર આલોવવાના હોય છે. પ્રતિક્રમણના પાઠ ૬ થી ૨૧ કર્યા પછી જમણો ઢીંચણ ઊંચો - ઊભો રાખી, ડાબો ઢીંચણ ધરતીને સ્થાપીને, બંને હાથ જોડી, મસ્તકે અંજલી આપીને - અર્ધવજ્રાસનમાં માંગલિકનો પાઠ બોલવાનો હોય છે. ભૂમિ ઉપર બંને ઢીંચણ ઢાળીને હાથની કોણીઓ નાભિએ અડાડીને, બંને હાથ જોડી સ્થિર ચિત્તે - વજ્રાસનમાં શ્રી અરિહંત ભગવંતોને, શ્રી સિધ્ધ ભગવંતોને, શ્રી કેવળી ભગવંતોને, શ્રી ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ-સાધ્વીજીઓને, શ્રાવક-શ્રાવિકાજીઓને એમ છ ખામણા બોલવાથી ચોથો આવશ્યક સમાપ્ત થાય છે. તે પછી ઊભા થઈને સવિધિ વંદના કરીને પ્રતિક્રમણના પાંચમા આવશ્યકની આજ્ઞા માંગવાની હોય છે.

અને તે પછી કાયોત્સર્ગ જિનમુદ્રા - સિદ્ધ સ્થિતિમાં ઊભા રહી ચાર લોગસ્સ બોલી તીર્થંકરોની સ્તુતિ કરવાની હોય છે. કાયા અને ઉત્સર્ગથી બનેલા શબ્દ કાયોત્સર્ગનો અર્થ થાય છે કાયાનો ત્યાગ કરવો. પ્રતિક્રમણ કર્યા પછી સાધક અમુક સમય સુધી પોતાના શરીરનો વોસિરાવી જિનમુદ્રામાં ઊભા રહેવાનું હોય છે. તે સમયે તે સંસારના બાહ્ય પદાર્થો કે શરીરના મમત્વમાં રહેતો નથી અને બાહ્ય દષ્ટિને સંકેલી લઈ કેવળ આત્મસ્વરૂપમાં લીન થઈ અંતર્મુખ થઈ જાય છે. કાયોત્સર્ગ એટલે વિચારોમાંથી મુક્ત થઈ નિર્વિચારની પરમાવસ્થાએ પહોંચી પરમાનંદની અનુભૂતિ કરવી! ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શતાવધાની શ્રીમદ્ રાજચંદ્રની કાયોત્સર્ગ મુદ્રા ઘણી જાણીતી છે.

જીવ, જગત અને ઈશ્વર સંબંધે દર્શનશાસ્ત્રો માર્ગદર્શન આપે છે. વિશ્વમાં અનેક દર્શનશાસ્ત્રો છે. ભારતમાં જ ૯૯૬ જેટલાં દર્શનો છે. દર્શનશાસ્ત્રો આત્મા, પરમાત્મા અને બ્રહ્માંડના સ્વરૂપને સમજાવે છે. ભારતમાં વૈશેષિક દર્શન, ન્યાય દર્શન, સાંખ્ય દર્શન, યોગ દર્શન, પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા, ચાર્વાક દર્શન, જૈન દર્શન અને બૌદ્ધ દર્શન મુખ્ય છે. એમાં યોગ દર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલીએ યોગસૂત્રમાં આત્મા અનાત્માના વિવેકને પામવાની પદ્ધતિ બતાવવામાં આવી છે. આ પદ્ધતિના આઠ પગથિયા છે. જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ — આ આઠ અંગોવાળી પદ્ધતિ હોવાથી તે અષ્ટાંગયોગ તરીકે પણ સુવિખ્યાત છે. સામાયિક પ્રતિક્રમણ વિધિ સાથે અષ્ટાંગયોગની પદ્ધતિનો સરસ સમન્વય થયેલ છે.

અષ્ટાંગયોગનું પહેલું પગથિયું યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનું પાલન કરવું અને નિયમ એટલે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન. એટલે કે જીવનમાં એકાદશ વ્રતનું આચરણ, પાલન કરવાનું છે. આસન શરીરને સ્વસ્થ, સુદ્રઢ અને સબળ બનાવે છે; તો વજ્રાસન, પદ્માસન, કાયોત્સર્ગ ધ્યાન માટેના આસનો છે. સવાસન,

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૯ ઉપર)

# જૈન સમાજની પ્રગતિ

*આ લેખ જૈન સમાજની પ્રગતિનો છે પણ દરેક સમાજને શીખવા મળે તેમ છે.*

★ ૨૦૨૨થી ૨૦૨૫માં દેશના ૧૭% સનદી અધિકારીઓ (IAS) જૈનો હશે. જે ૯ જૈન સંસ્થાઓ તૈયાર કરી રહી છે.

★ જો તમે સોશિયલ મીડિયા સર્ચ કરી રહ્યા હો અને કોઈ પેઈજ પર અન્યાય કે સરકાર વિરોધની કોઈ જ ફરીયાદ ના હોય અને માત્ર ધર્મ અને વિકાસની વાત જ હોય, તો સમજવું કે તમે જૈન સમાજની કોઈ સંસ્થાના પેજ પર છો.

★ આ સમાજ પાસે કોઈ કનૈયાકુમાર કે હાર્દિક પટેલ નથી. આ સમાજ ભારતમાં પારસી પછીની સૌથી નાની લઘુમતિ છે. પરંતુ કોઈ જ અન્યાય કે અસુરક્ષાનો ભાવ નથી. બધી જ સરકાર અને બધા જ નેતાઓ સાથે સારો સંબંધ છે. માંગતા નહીં પણ કઢાવતા આવડે છે. એ પણ સામેવાળાનું પૂરું સન્માન જાળવીને જ.

★ ધર્મનો પ્રભાવ પોઝીટીવ છે. ક્ષમા આપવાનો ગુણ એટલો આત્મસાત્ છે કે ક્યારેય કોઈને નુકસાન પહોંચડતા નથી.

★ રાણા પ્રતાપને ભામાશા બનીને સહાય કરે છે છતાં નેતા તો રાણાને જ રાખે.

★ સૈનિક ફંડમાં ભારતમાં સૌથી વધુ દાન શ્રવણ બેલગોડા કર્ણાટક ભગવાન બાહુબલી સંસ્થાનનું રૂા. ૧૦૦ કરોડનું છે.

★ સંપત્તિ ઉપયોગના ચાર પ્રકાર છે : બતાવવું, ઉડાવવું, વાપરવું અને ઉગાડવું. આ ચારે પ્રકાર જૈન શેઠિયાઓને આત્મસાત્ છે.

★ અન્ય સમાજની સંસ્થાઓમાં મહદ્ અંશે થોડા સમયમાં ભાગલા પડી જતા જોયા હશે. પણ જૈન ટ્રસ્ટોમાં તીવ્ર વૈચારીક મતભેદની મીટિંગમાં લાંબી ચર્ચાઓ થાય, વેવાઇ-વેવાઈ સામે આવે પણ મીટિંગ પૂરી, વાત પૂરી. વેરઝેર કડવાશ નથી હોતી અને કોર્ટ કેસ બહુ દૂરની વાત છે. સમેતશિખર અપવાદ છે. પણ તેમાં પણ આયોજન એ છે કે દિગંબર - શ્વેતાંબરએ લડતા રહીને પર્વત સરકારને ના આપવો.

★ જીતો, જીઓ, જીત, તેરાપંથ યુવા પરિષદ, દિગંબર મહાસભા જેવી સંસ્થાઓ જૈન યુવાનોને આઈ.એ.એસ. બનાવવા માટે કાર્ય કરી રહી છે. અદ્‌ભુત પરિણામો આવવા લાગ્યા છે.

★ દેરાસરો અને ઉત્સવોથી એક વર્ગ શિક્ષણ અને હોસ્પિટલ તરફ વળ્યું છે. તો વળી અનેક યુવાનો શિક્ષણથી શાસન તરફ વળીને દીક્ષાઓ લઈ રહ્યા છે.

★ અમદાવાદમાં ૨૫ કરોડના ખર્ચે મહાવીર જૈન વિદ્યાલય બની રહી છે. બેંગ્લોર અને પૂનાની જૈન હોસ્ટેલ જોતાં તમે યુરોપિયન હોસ્ટેલમાં ફરી રહ્યા છો તેવો આભાસ થશે.

★ હવે ધર્મની સાથે એજ્યુકેશન અને ડેવલોપમેન્ટની વાત કરનાર જૈન સંત જ યુવાઓમાં લોકપ્રિય છે. જૈન યુવાન બહુ ઝડપથી પંથવાદ ભૂલી રહ્યો છે.

★ આજે વારંવાર કેટલાક નકારાત્મક તત્ત્વો ફેસબુક સોશિયલ મીડિયા પર કોઈ સમાજ કે દેવી દેવતા વિશે લખે તો કહેવાતા સામાજિક આગેવાનો ટોળા લઇને સમય શક્તિનો બગાડ કરી તેને હીરો બનાવે છે. આવા તત્ત્વોને નજરઅંદાજ કરવાનું કોઇ જૈન સમાજ પાસેથી શીખે! જેમ કે રાજસ્થાન, હરીયાણા, ઉત્તર ગુજરાતમાં અનોપ મંડળ નામની સંસ્થા જગતહિતકરણી.કોમ જેવી વેબસાઈટ અને સાહિત્યોથી જૈન સમાજ વિશે અનાપ-સનાપ લખે છે. પણ જૈન સમાજે એ નજરઅંદાજ જ કર્યું છે. ‘હાથીકી ચાલકો કુત્તા ભસે’ એ અંદાજમાં!!

★ એક પણ રેલી કાઢ્યા વગર વોટબેંકનો આધાર વગર, એક પણ ધરણા કે ઉપવાસ વગર, માત્ર એક કોમ્પ્યુટર અને પ્રિન્ટરના માધ્યમથી લઘુમતી લઈ લીધી...! કોઈને ઈર્ષ્યા ના આવે માટે ઉજવણી પણ ના કરી. આમ દેશની હજારો શિક્ષણ સંસ્થાઓ અને જૈન મંદિરો સુરક્ષિત કરી લીધા. આજે સરકારે શીરડી સાંઈબાબા - સિધ્ધિ વિનાયક મંદિર-મુંબઈ કે અંબાજી મંદિર - ગુજરાતનો વહીવટ લીધો પણ આ કાયદા હેઠળ શ્રવણ બેલગોડા - કર્ણાટક કે ગુજરાતના પાલીતાણાનો વહીવટ ના લઈ શકે!

★ આજે જે સમાજો અનામત નામની આભાસી ચકલી પાછળ પડ્યા છે તેમને જૈન સમાજ પાસેથી ખાસ પ્રેરણા લેવાની જરૂર છે. ટોળા ભેગા કરી રેલવે સળગાવતા લોકોની વચ્ચે દેશની ૧૨૫ કરોડની જનસંખ્યામાં માત્ર અડધા ટકા કરતાં પણ ઓછી, માત્ર ૫૫ લાખ લોકોની જનસંખ્યા ધરાવતો સમાજ છેલ્લા ૨૦૦૦ વર્ષથી પોતાને પ્રથમ હરોળમાં રાખવા સક્ષમ રહ્યો છે... ■

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૮

### શ્રી કચ્છ - ભુજ તીર્થ
### (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)



કચ્છની રાજધાની ભુજ શહેરમાં આવેલા વાણિયાવાડમાં ત્રણ શિખરબંધી દેરાસર આવેલા છે. આમાં એક દેરાસરમાં મૂળનાયક તરીકે શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન છે. તપગચ્છના આ દેરાસરમાં ચૌદ પાષાણની અને બાર ધાતુઓની પ્રતિમાજી મળે છે. વળી અહીં વિજયાનંદસૂરિજી (શ્રી આત્મારામજી) તથા શ્રી ખાંતિવિજયજી દાદાની છબીઓ ચીતરેલી છે. બીજું દેરાસર અચલગચ્છનું છે. જેમાં મૂળનાયક તરીકે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાજી છે. આ મંદિરમાં ૨૩ પાષાણની અને ૩૨ ધાતુની પ્રતિમાજી બિરાજમાન છે. વળી અહીં શ્રી કલ્યાણસાગરસૂરિજી તથા શ્રી ગૌતમસાગરસૂરિજીની છબીઓ પણ મળે છે. ત્રીજું દેરાસર ખરતરગચ્છનું શ્રી શાંતિનાથ ભગવાનનું છે. અહીં પાષાણની ૮ અને ધાતુની ૧૩ પ્રતિમાઓ મળે છે. વળી આ જિન મંદિરમાં શ્રી જિનરત્નસાગરસૂરિજી અને શ્રી જિનઆનંદસાગર સૂરિજીની છબીઓ ચીતરેલી છે. આ બધાં મંદિરોનું નિર્માણ ૧૯મી સદીમાં થયેલું છે અને બધી જ પ્રતિમાજી સુંદર અને દર્શનીય છે.

આ ગામની બહાર ખરતરગચ્છની દાદાવાડી છે. તેમાં જિનમંદિર પગલાં તથા શ્રી ઘંટાકર્ણની સ્થાપના કરેલી છે. વળી અહીં અચલગચ્છની મોટી પોષાળ છે. આ પોષાળમાં એક નાનું જિનમંદિર મળે છે. ભુજમાં ધર્મશાળા, પાઠશાળા, ભોજનશાળા અને પાંજરાપોળ પણ છે.

## તીર્થ દર્શન-૧૯

### શ્રી માંડવી તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



માંડવી એ કચ્છમાં જૈન ધર્મના મહિમાવંતા ગામ તરીકે વિખ્યાત છે. કચ્છના નામાંકિત બંદર માંડવીમાં સાત જિન દેરાસરો આવેલા છે. એમાં અંબા બજારની વોરા શેરીની નજીક આવેલા દેરાસરમાં મૂળનાયક ભગવાન શાંતિનાથજીની પ્રતિમાજી બિરાજમાન છે. શાંતિનાથ ભગવાનનું આ સુંદર અને વિશાળ જિન મંદિર ત્રણ પાષાણની અને ચાર ધાતુની પ્રતિમાજી ધરાવે છે. આ મંદિરનું નિર્માણ વિ.સં. ૧૮૫૦માં સ્થાનિક સંઘે કર્યું હતું. માંડવીમાં આવેલી દાદાવાડીમાં મૂળનાયક ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા છે. અહીં પણ ત્રણ પાષાણની અને ચાર ધાતુની પ્રતિમાઓ મળે છે. ભગવાન પાર્શ્વનાથનું આ મંદિરનું વિ.સં. ૧૯૬૦માં રાયસી અમરચંદની વિધવા સ્ત્રીએ નિર્માણ કર્યું હતું.


માંડવી શહેરમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીનું, ભગવાન શ્રી ધર્મનાથનું, ભગવાન શ્રી શીતલનાથ અને ભગવાન શ્રી શાંતિનાથ – એમ ચાર દેરાસરો આવેલા છે. બંદર ઉપર શ્રી અજીતનાથ ભગવાનનું દેરાસર છે. માંડવીમાં ધર્મશાળા, ભોજનશાળા, જૈનવાડી, પાઠશાળા, ઉપાશ્રયો અને કેટલાક હસ્તલિખિત પ્રતના ભંડારો પણ છે. કચ્છની નાની પંચતીર્થીમાં મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર તથા નાની ખાખર, બીદડા અને માંડવી – એમ પાંચ તીર્થોનો સમાવેશ થાય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*પોતાનાં દરેક અનુભવથી શીખતા રહો કેમકે તમારી જિંદગીમાં ફેરફાર તમારા સિવાય દુનિયાની કોઈ વ્યક્તિ નહીં કરી શકે.*
*ઉંમરથી માન જરૂર મળે પણ આદર તો વ્યવહારથી જ મળે.*

'શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ' (૧૯૭૭)

# કચ્છના જૈન તીર્થક્ષેત્રનો દસ્તાવેજી ગ્રંથ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*મહાવીર જૈન વિદ્યાલય - મુંબઈ દ્વારા ૨૩મો જૈન સાહિત્ય સમારોહ તારીખ ૪થી થી ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમ્યાન સોનગઢ (જિ. ભાવનગર)ના મહાવીર જૈન ચારિત્ર્ય - કલ્યાણ રત્નાશ્રમની વિદ્યાભૂમિ પર યોજાયો હતો. તેમાં કચ્છના જાણીતા અને 'મંગલ મંદિર'ના નિયમિત લેખક ભરતભાઈ ઠાકરે 'જૈન તીર્થ સાહિત્ય' વિભાગમાં કચ્છના ભદ્રેશ્વર (તા. મુંદ્રા) પાસે આવેલ 'વસઈ તીર્થ'ના ભવ્ય ઈતિહાસને આલેખતા આકરગ્રંથ "શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ" વિશે છણાવટ કરતો નિબંધ રજૂ કર્યો હતો. જે અત્રે સંમાર્જિત - સંવર્ધિત કરી વાચકો માટે પ્રસ્તુત કર્યો છે.*

*– તંત્રી*



આમ તો ગુજરાતીમાં પણ જૈન તીર્થધામોને લગતું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ખેડાયું છે. પણ કચ્છ પ્રદેશના કોઈ જૈન તીર્થ સંબંધી આવા વિદ્વત્તાભર્યા અને સાહિત્યિક ગુણવત્તા ધરાવતા મહાગ્રંથનું પ્રકાશન થાય એ ખુદ જ એક મોટી સાત્ત્વિક ઘટના છે! અને તેનું આલેખન પણ એવા જ ઉચ્ચ કોટીના વિદ્વદ્વર્ય લેખક રતિલાલ દીપચંદ દેસાઈ (૧૯૦૭-૧૯૮૫)ના હાથે થયું છે (કે જેમણે મહાવીર જૈન વિદ્યાલયની સુવર્ણ જયંતી (૧૯૧૫-૧૯૬૫) પ્રસંગે 'વિદ્યાલયની વિકાસગાથા' નામે તેની તવારીખ પણ આલેખી છે.)

પ્રાચીન ભદ્રાવતી નગરીના વસઈ જૈન તીર્થની સ્થાપનાની પ્રચલિત કથા આપણને છેક મહાવીર સ્વામી (ઇ.પૂ. ૫૯૮-૫૨૬)ના નિર્વાણના સમયના એટલે કે અઢી હજાર વર્ષ જેટલા પુરાણા સમય સુધી લઈ જાય છે. મહાવીર નિર્વાણના ૨૩મા વર્ષે અહીં ભવ્ય જિનમંદિર ચણાયું અને તેમાં જિનચોવીસીના ૨૩મા તીર્થંકર શામળિયા પાર્શ્વનાથ (પાછળથી મહાવીર સ્વામી)ની પ્રતિષ્ઠા થઈ. ત્યારથી ભદ્રાવતી - ભદ્રેશ્વર કચ્છભૂમિનું અને પછી ભારતનું પણ એક પ્રસિદ્ધ જૈન તીર્થધામ બન્યું છે.

- **ગ્રંથ પ્રાગટ્યનું વિચારબીજ**

આ તીર્થક્ષેત્રનો આવો ઐતિહાસિક દસ્તાવેજી ગ્રંથ કેમ કરતા સર્જાયો તેની પણ થોડી પૂર્વભૂમિકા જોઈ લઈએ. આ સ્થાન સાથે અનેક નોંધપાત્ર ઘટનાઓ અને નામાંકિત વ્યક્તિ વિશેષોનો ઈતિહાસ પણ સંકળાયેલો છે. છેલ્લી એક સદી દરમ્યાન દેશભરમાં આ તીર્થની ખ્યાતિમાં અને યાત્રિકોની સંખ્યામાં ઘણો વધારો થયો છે. તેથી તીર્થયાત્રાએ આવતા અનેક જીજ્ઞાસુ અને સહૃદય યાત્રિકો એવી લાગણી અનુભવતા કે આ તીર્થ સંબંધી સવિસ્તર માહિતી પૂરી પાડતો એનો પ્રામાણિક ઈતિહાસ તૈયાર થવો જોઈએ. આ પુસ્તકના પ્રાગટ્યનું પ્રાથમિક વિચારબીજ આ ભાવનામાં રહેલું છે.

સોનગઢ આશ્રમના અધિષ્ઠાતા મુનિઓ પૈકીના એક કલ્યાણચંદ્રજી (૧૮૮૪-૧૯૭૧)એ ૧૯૩૦માં આ ઈતિહાસ કચ્છના લોકસાહિત્ય સંશોધક દુલેરાય લખાભાઈ કારાણી (૧૮૯૬-૧૯૮૯)ને લખવાની ઈચ્છા વ્યક્ત કરેલી. તે પછી ભુજપુર (તા. મુંદ્રા)ના પ્રજ્ઞાચક્ષુ પંડિત આણંદજી દેવસી શાહે "જયભિખ્ખુ" ઉર્ફે બાલાભાઈ વીરચંદ દેસાઈ (૧૯૦૮-૧૯૬૯) પાસેથી લખાવવાનું ગોઠવેલું. પણ તે શક્ય બની શક્યું નહીં.

## હકીકતો અને આંકડા

- ગ્રંથ શિર્ષક :
  "શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ"
- પ્રકાશન : ઓક્ટોબર ૧૯૭૭
- આવૃત્તિ : પ્રથમ
- પૃષ્ઠ સંખ્યા : ૩૨૬
- કિંમત : રૂા. ૩૦/-
- કુલ પ્રકરણો : ૧૧
- પેટા વિભાગો : ૨૩૬
- પાદ નોંધો : ૧૮૮
- સંદર્ભ સ્રોતો : ૭૦
- વિશેષનામ સૂચિ : ૧૩૩૯
- તસવીરો : ૮૬
- કદ : ૨૫ X ૧૮ સે.મી.
  (૯॥ X ૭ ઈંચ)
- દળ : ૨ સેન્ટીમીટર
- વજન : ૬૫૦ ગ્રામ
- લેખક/સંપાદક : રતિલાલ દીપચંદ દેસાઈ
- પ્રકાશક :
  ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (અ'વાદ) વતી કાંતિલાલ ગોવિંદલાલ શાહ
- આવકાર :
  મુનિ કીર્તિચંદ્રવિજયજી (વાંકાનેર)
- પ્રવેશક :
  દુલેરાય એલ. કારાણી (અ'વાદ)
- તસવીરો :
  એલ. એમ. પોમલ - ભુજ
- આવરણ :
  'જય' (જયેન્દ્ર પંચોલી)
- મુદ્રણ પ્રક્રિયા :
  પુસ્તક-શારદા મુદ્રણાલય (અ'વાદ) વતી ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
  તસવીરો - દીપક પ્રિન્ટરી (અ'વાદ)
- બ્લોક્સ :
  પ્રભાત પ્રોસેસ સ્ટુડિયો (અ'વાદ)

| ક્રમ | પ્રકરણનું નામ | પેટા વિભાગ | પાદ નોંધો | પૃષ્ઠો |
|---|---|---|---|---|
| ૧. | નમન કચ્છની ધરતીને... | ૭ | ૧૭ | ૧૦ |
| ૨. | કચ્છમાં જૈન ધર્મ અને જૈન મહાજન | ૬ | ૧૮ | ૯ |
| ૩. | વર્તમાન ભદ્રેશ્વર - વસહી મહાતીર્થ | ૩૭ | ૧૩ | ૨૭ |
| ૪. | છેલ્લો જીર્ણોધ્ધાર | ૨૧ | ૨૦ | ૨૪ |
| ૫. | ભદ્રાવતી નગરી | ૧૫ | ૨૧ | ૧૬ |
| ૬. | તીર્થની સ્થાપના | ૧૦ | ૨૦ | ૧૭ |
| ૭. | આપત્તિઓ અને જીર્ણોધ્ધારો | ૧૯ | ૩૩ | ૪૪ |
| ૮. | શિલાલેખો | ૨૨ | ૪ | ૧૪ |
| ૯. | વહીવટ અને સગવડો | ૩૯ | ૭ | ૨૧ |
| ૧૦. | ભદ્રેશ્વરનાં જોવાલાયક સ્થળો | ૨૨ | ૭ | ૧૩ |
| ૧૧. | કચ્છની મોટી તથા નાની પંચતીર્થી | ૨૮ | ૨૫ | ૨૭ |
| ● | પુરવણી (ઉમેરા, સુધારા, ખુલાસા) | ૧૦ | ૩ | ૮ |
| | **એકંદર...** | **૨૩૬** | **૧૮૮** | **૨૩૦** |

**તે પછી રતિલાલ દેસાઈને સિત્તેરના દાયકાના આરંભનાં ત્રણેક વર્ષથી 'ગૂર્જર'વાળા કાંતિલાલ ગોવિંદલાલ શાહ ભદ્રેશ્વર તીર્થનો ઇતિહાસ લખી આપવા આગ્રહ કરતા રહેલા.** દરમ્યાન, મુનિ અમરેન્દ્રવિજયજી મહારાજ અને બંધુત્રિપુટી ભદ્રેશ્વરમાં બિરાજતા હતા. તે સમયે લેખક પણ ત્યાં થોડા દિવસો માટે આવેલા. **ત્યારે મુનિવરોની પ્રેરણા - પ્રોત્સાહન મળતાં શ્રી દેસાઈએ આ તીર્થનો ઇતિહાસ આલેખવાના ભગીરથ કાર્યનો સ્વીકાર કરેલો.**

● **વિપુલ સંદર્ભસ્રોતોનો અભ્યાસ :**

આ ગ્રંથ તૈયાર કરવામાં તામ્રપત્રો અને શિલાલેખો, પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય, જીર્ણશીર્ણ હસ્તપ્રતો, જનશ્રુતિઓ અને કિંવદંતીઓ, ઇતિહાસકારો - પુરાવિદોનાં સંશોધનો જેવાં વિવિધ સંદર્ભસ્રોતોમાં વીખરાયેલી તથા અનેક વિદ્વાનોની સહાય થકી પ્રાપ્ત વિપુલ સામગ્રીનું સંશોધન, સંમાર્જન અને સંકલન કરીને એને વ્યવસ્થિતરૂપે ગ્રંથસ્થ કરવાનું આ એક પડકારરૂપ કાર્ય હતું.

આ પુસ્તકના લખાણને કેવળ ભદ્રેશ્વર તીર્થ અને એના ઇતિહાસ પૂરતું મર્યાદિત ન રાખતાં તે જ્યાં વસેલું છે તે કચ્છ પ્રદેશની ભાતીગળ ભૂમિ, પ્રજા, સંસ્કૃતિ અને ખમીરને પણ તેમાં જે તે સ્થાને ઉજાગર કર્યા છે એ તેની વિશિષ્ટતા છે. તે જીજ્ઞાસુઓને તીર્થ સંબંધી પૂરતી જાણકારી અને સંશોધકોને ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે. તેમાં આ તીર્થનો પ્રાચીન ઇતિહાસ, મધ્યકાલીન ચડતી પડતી અને વર્તમાન વિકાસયાત્રા સરળ ભાષામાં આલેખાઈ છે.

આમાં લેખકે જે શારીરિક-માનસિક શ્રમ લીધો છે તે પાને પાને જોવા મળે છે. ઇતિહાસનું આ અટપટું કાર્ય વધુ પ્રમાણભૂત અને સત્યગામી બને તે માટે

લેખક જાગૃત રહ્યા છે. એમણે સંદર્ભ સામગ્રીઓનું તો પરિપક્વ પરિશીલન કર્યું છે, સાથે જરૂર જણાઈ ત્યાં મોટા ગ્રંથાલયોમાં જઇ તથ્યોની ચકાસણી પણ કરી છે. ઉપરાંત, કચ્છ અને ભદ્રેશ્વરની જાત મુલાકાત લઇ, નિરીક્ષણ કરી અતીતના આંકડા મિલાવ્યા છે. એમની કલમે ભદ્રાવતીના સંશોધન સાથે જૈન જ્ઞાન ભંડારોમાં દબાઈ રહેલી કચ્છના ઇતિહાસની કેટલીક હકીકતો પર નવો પ્રકાશ પાડ્યો છે.

- **આંતરબાહ્ય કલેવરની ઝાંખી**

ગ્રંથના પ્રથમ બે પ્રકરણો (નમન કચ્છની ધરતીને તથા કચ્છમાં જૈન ધર્મ અને જૈન મહાજન) સમગ્ર ગ્રંથની ભૂમિકા અને પ્રવેશદ્વારની ગરજ સારે એવા છે. ત્રીજું પ્રકરણ (વર્તમાન ભદ્રેશ્વર - વસઇ મહાતીર્થ) અને ચોથું પ્રકરણ (છેલ્લો જીર્ણોધ્ધાર) લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને હુબહુ વર્ણનશૈલીનો અનુભવ કરાવે છે. તે પછીનાં ત્રણ પ્રકરણો (ભદ્રાવતી નગરી, તીર્થની સ્થાપના અને આપત્તિઓ - જીર્ણોધ્ધારો) તો સમગ્ર ગ્રંથના હાર્દરૂપ છે. સંબંધિત ઇતિહાસ અને ચડતી પડતી અંગે લેખકના વ્યાપક સંશોધનનો સાચો ખ્યાલ તો એ ત્રણ પ્રકરણો ધ્યાનપૂર્વક વાંચીએ તો જ આવી શકે.

શિલાલેખોની ચર્ચાવાળું આઠમું પ્રકરણ પણ લેખકની ઊંડી અધ્યયનશીલતાનો ખ્યાલ આપે છે. તીર્થના વહીવટીતંત્રને લગતું નવમું અને ભદ્રેશ્વરનાં અન્ય દર્શનીય સ્થળોને લગતું દસમું પ્રકરણ પણ ટૂંકમાં ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડે છે. છેલ્લે અગિયારમાં પ્રકરણમાં કચ્છની નાની-મોટી પંચતીર્થીનો ટૂંકમાં પણ વ્યવસ્થિત પરિચય કરાવીને લેખકે ગ્રંથની ઉપયોગીતામાં સુંદર વધારો કર્યો છે. આ અગિયારે પ્રકરણોના મૂળ લખાણની સાથે દરેક પ્રકરણમાં પાને-પાને અપાયેલી પાદનોંધો પણ મૂળ વિષયને સ્પર્શતી અને વાચકોને આડલાભ કરાવતી રસપ્રદ માહિતીઓથી વણાયેલી છે.

ગ્રંથના અંતરંગ વિષયવસ્તુનો સારાંશ જોયા બાદ હવે તેના બાહ્ય કલેવરની થોડી વાત કરીએ. **ત્રણ વર્ષના સંશોધન કાર્ય બાદ લખાયેલા આ ગ્રંથનું પ્રકાશન 'ગૂર્જર'ની સંચાલક બંધુત્રિપુટી કાંતિલાલભાઈ, ઠાકોરલાલભાઈ અને મનુભાઈ શાહની લાંબી જહેમત અને શુભનિષ્ઠા થકી થઈ શક્યું હતું. ઉઘડતા પાને મૂકાયેલી નોંધ મુજબ 'કચ્છના પ્રાચીન જૈન તીર્થની ઇતિહાસકથા સાથે કચ્છ પ્રદેશની થોડીક ગૌરવકથા' આલેખતા આ ગ્રંથનું પ્રકાશન શંભુલાલ જગશીભાઈ શાહ અને ગોવિંદલાલ જગશીભાઈ શાહ સ્મારક પુસ્તકમાળાના પુસ્તક-બીજા તરીકે થયું હતું. આ તીર્થનો ઇતિહાસ લખાવવાની ઝંખના સેવનાર ભુજપુરના પંડિત આણંદજી દેવશી શાહ તથા ગ્રંથસર્જન પ્રક્રિયા આરંભાવનાર 'ગૂર્જર'ની સ્થાપક બંધુબેલડી શંભુલાલ-ગોવિંદલાલ શાહને તે અર્પણ કરાયું છે.**

- **ગંભીર વિષય : સરળ રજૂઆત**

પાકી બાંધણીવાળા આ ગ્રંથના મૂળ લખાણના ૨૩૨, આરંભના ૩૦ અને અંતે સૂચિનાં ૨૪ મળી ૨૮૬ સાદાં પૃષ્ઠો અને તસવીરો માટેનાં ખાસ લીસાં ચળકતાં ૪૦ પૃષ્ઠો સહિત કુલ ૩૨૬ પૃષ્ઠો પર તેની સામગ્રી ફેલાયેલી છે. 'સમાવિષ્ટ પ્રકરણોનું વિહંગાવલોકન' શિર્ષકે જુદા આપેલા આલેખમાં જોઈ શકાશે કે સૌથી વધુ પૃષ્ઠો (૪૪) અને સૌથી વધુ પાદનોંધો (૩૩) 'આપત્તિઓ અને જીર્ણોધ્ધારો' પ્રકરણમાં, જ્યારે સૌથી વધુ પેટા વિભાગો (૩૯) 'વહીવટ અને સગવડો' પ્રકરણમાં વાંચવા મળે છે.

કચ્છના જાણીતા છબીકાર એલ. એમ. પોમલ ઉર્ફે લાલજી માધવજી પોમલ (૧૯૧૯-૨૦૦૦)ની કલાત્મક શ્વેત-શ્યામ તસવીરોથી આ ગ્રંથ વધુ મોહક અને સમૃદ્ધ બન્યો છે. તેમાં પોસ્ટાન્સે દોરેલું મૂળનાયકનું રેખાચિત્ર (નં. ૧૭) તથા જેમ્સ બર્જેસે (૧૮૩૨-૧૯૧૬) લીધેલ ભદ્રેશ્વર જિનાલયની પુરાણી તસવીરો (નં. ૪૯, ૫૦) દુર્લભ સામગ્રી છે.

આ આખોય ગ્રંથ લેખકના સુદીર્ઘ વાંચન-મનન અને પર્યાપ્ત સંશોધનના પરિપાકરૂપે લખાયેલો છે. લેખકની નિસબત, વિદ્વતા અને પરિશ્રમનું પ્રતિબિંબ તેમાં જોઈ શકાય છે. ધર્મ અને ઈતિહાસ જેવા ગંભીર વિષયો છતાં તેની છણાવટ અને શૈલી ખૂબ સરળ અને પ્રાસાદિક છે. ભદ્રાવતી પર કેટકેટલાં કાળચક્રો ફરી વળ્યાં છે તેની કડીબદ્ધ તવારીખ તેમાં રજૂ થઈ છે. આ રીતે આ ગ્રંથ ધાર્મિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સ્થાનિક દૃષ્ટિએ પણ એક વિશિષ્ટ સર્જન બની જાય છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# નાના પૈડાવાળા રોલર પર બુટ બાંધીને જમીન પર સરકવાની રમત એટલે સ્કેટિંગ



મનીષ જોષી 'મૌન'

## વડોદરાની મ.સ. યુનિ.ના વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે રમતમાં પણ અગ્રેસર

## અમદાવાદમાં યોજાયેલી ૪૨મી રાજ્ય કક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં વડોદરાના ત્રણ વિદ્યાર્થીઓ ઝળક્યા : હવે બેંગ્લોર જશે

"ખેલો ગુજરાત" શબ્દ સંભળાતા રમવાનું મન થઈ આવે. આજે આપણે સ્કેટીંગની વાત કરવી છે.

નાના પૈડાવાળા વિશેષ પગરખા બાંધીને કઠણ ભૂમિ ઉપર સરકતા ચાલવાની રમત એટલે "સ્કેટીંગ."

'સ્કેટ' શબ્દ પ્રાચીન જર્મન શબ્દ સ્કેક (પગનું હાડકું) પરથી ઉતરી આવ્યો છે. લોખંડની શોધ થઈ તે પહેલાં (૨૦૦૦ વર્ષ પહેલાં) હરણ, બળદ, રેન્ડિયર જેવા પ્રાણીઓની પાંસળી અથવા પગના હાડકામાંથી સ્કેટ બનાવવામાં આવતા હતા.



મધ્યયુગના સમયમાં હોલેન્ડમાં કાંઠા વિસ્તારમાં તેનો સ્થળાંતર કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો તેવો ઉલ્લેખ ૧૪૯૮ની સાલની કાષ્ઠ કોતરણીમાંથી મળે છે. સૌપ્રથમ સ્કેટીંગ ક્લબ ૧૭૪૨માં સ્કેન્ડિનેવિયામાં સ્થાપવામાં આવી હતી. ૩૦ વર્ષ બાદ ૧૭૭૨માં સ્કેટીંગ અંગેનું પુસ્તક લંડનમાં પ્રગટ થયું હતું. ૧૮૪૨માં લંડનમાં સ્કેટીંગ ક્લબની સ્થાપના થઈ. ત્યારબાદ અમેરિકા અને કેનેડામાં તેનો પ્રચાર થયો. બુટ ઉપર ચીપકી રહી અને છુટથી ફરી શકે તેવા પ્રકારની લોખંડની સૌપ્રથમ સ્કેટ ૧૮૫૦માં ફિલાડેલ્ફિયામાં શોધાઈ હતી. ૧૮૯૨માં હોલેન્ડ મુકામે ઈન્ટરનેશનલ સ્કેટીંગ યુનિયન (ISU)ની સ્થાપના કરવામાં આવી હતી.

રોલર સ્કેટની શોધ બેલ્જિયમના મર્લિને ૧૭૬૦માં કરી હતી. પરંતુ ચાર પૈડાવાળી સર્વાનુકુલ રોલર સ્કેટનો સૌપ્રથમ પ્રચાર અમેરિકાના પ્લિમ્પ્ટને ૧૮૬૩માં કર્યો હતો. વિશ્વકક્ષાએ રોલર સ્કેટીંગ રમતનું સંચાલન સંસ્થા **'ઇન્ટરનેશનલ રોલર સ્કેટીંગ ફેડરેશન'** છે. તેનું મુખ્ય મથક બાર્સેલોનામાં છે.

સ્કેટીંગની રમત ત્રણ પ્રકારે રમવામાં આવે છે : (૧) સ્પીડ રોલર સ્કેટીંગ, (૨) આર્ટીસ્ટીક રોલર સ્કેટીંગ અને (૩) ફિગર સ્કેટીંગ.

સ્પીડ રોલર સ્કેટીંગની વાત કરીએ તો તેનો ટ્રેક લંબગોળાકાર હોય છે. તેની સીધ ૪૦ મીટર અને ત્રિજ્યા ૧૦ મીટરની હોય છે. ટ્રેકની પહોળાઈ ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા પર આધારિત હોય છે. બે ખેલાડીઓ માટે ૨.૪૦ મીટર, ત્રણ માટે ૩.૬૦ મીટર, ચાર માટે ૪.૫૦ મીટર, પાંચ માટે ૫.૪૦ મીટર અને છ ખેલાડીઓ માટે ૬ મીટરની પહોળાઈ હોય છે.

ડાબો હાથ ટ્રેકની અંદરની તરફ રહે તે રીતે મોં રાખીને સ્કેટીંગની સ્પર્ધા કરવામાં આવે છે. એટલે કે ઘડિયાળના કાંટા ફરે તેની વિરૂધ્ધ દિશા સ્પર્ધાની દિશા ગણાય છે અને સ્પીડ સ્કેટ હલકા તથા લાંબા અને નીચા વ્હીલ - બેઝવાળા હોય છે. આ સ્પર્ધા ટ્રેક ઉપર અથવા ખુલ્લા રસ્તાઓ પર યોજાય છે.

બીજો પ્રકાર આર્ટીસ્ટીક રોલર સ્કેટીંગ છે. આ સ્પર્ધામાં ફિગર સ્કેટીંગ પેર તથા ડાન્સ સ્કેટીંગનો સમાવેશ થાય છે. તે

માટે સ્કેટ ઊંચા બુટવાળાં તથા મોટા પૈડાવાળા હોય છે.

સ્કેટીંગ માટેની રીન્ક આસ્ફાલ્ટ, એસ્બેસ્ટોસ, સિમેન્ટ અથવા લાકડાની બનાવટની હોય છે અને ત્રીજો પ્રકાર ફિગર સ્કેટીંગ છે. તે સ્પર્ધા બે તબક્કામાં થાય છે. 'ફરજિયાત ફિગર', જેમાં અગાઉથી નક્કી કર્યા મુજબની ફિગર બનાવવામાં આવે છે. ફરજિયાત સ્કેટીંગમાં વર્તુળ, વળાંક, બ્રેકેટ, અંગ્રેજી આઠડો વગેરે આકૃતિઓનો સમાવેશ થાય છે. બધી જ આકૃતિઓ રીન્ક ઉપર દોરેલા વર્તુળો ઉપર જ કરવામાં આવે છે. દરેક ફિગર ત્રણ વખત કરવાની હોય છે. ફ્રી સ્કેટીંગમાં ખેલાડી પોતાની પસંદગીના સંગીતની સાથે સ્કેટીંગ કરે છે. સમય મર્યાદા નક્કી કર્યા મુજબ ફ્રી સ્કેટીંગ કરવામાં આવે છે. ખેલાડી નિયત સમય મર્યાદાની પાંચ સેકન્ડમાં પોતાની કૃતિઓનું નિદર્શન પૂરું કરે છે.

વડોદરાની વિખ્યાત એમ.એસ. યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓના વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સ્કેટીંગ સહિતની રમતમાં પણ અગ્રેસર રહે છે.

અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે હમણાં જ ૪૨મી રાજ્ય કક્ષાની સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વડોદરાના ત્રણ વિદ્યાર્થીઓ ઝળક્યા હતા. જેમાં ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ અને કોમ્યુનિકેશનના સ્નાતક દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતી કુ. કૃપાલી ભટ્ટ, બી.બી.એ.ના બીજા વર્ષની અનુષ્કા શાહ અને બી.કોમ.ના વીર પંચાલે સમગ્ર યુનિવર્સિટી અને વડોદરા શહેરને ગૌરવ અપાવે એવી સિધ્ધિ મેળવી છે.

જેમાં કૃપાલી ભટ્ટને ૩ સુવર્ણ ચંદ્રક અને ઓવરઓલ ચેમ્પિયનશીપની ટ્રોફી મળી હતી.

સ્પીડ સ્કેટીંગ ઈવેન્ટમાં ૫૦૦ મીટરની રીંક રેસ, ૫૦૦ મીટર અને ૩૦૦૦ મીટરની રોડ રેસ – આ ત્રણેય ઈવેન્ટ અનુષ્કા શાહે જીતી છે. તેણીએ ૫૦૦ મીટરની રોડ રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ■

## નમ્ર નિવેદન

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં અનેક લેખકોની કૃતિઓ / લેખ / કાવ્ય વગેરે સારી એવી સંખ્યામાં પ્રસારણાર્થે આવતા હોવાથી, બધી કૃતિઓનો સમાવેશ એક જ અંકમાં કરવો ખૂબ મુશ્કેલ હોવાથી જેમની કૃતિઓ પ્રસારણાને લાયક હશે તેમનો સમાવેશ ત્યાર પછીના અંકોમાં કરી લેવામાં આવશે કે જેની નોંધ લેવા સહુ કોઈને વિનંતી કરવામાં આવે છે.*

*– તંત્રી મંડળ*

## સામાયિક, પ્રતિક્રમણ અને અષ્ટાંગયોગ

(અનુસંધાન : પાના નં.– ૩૨ ઉપરથી ચાલુ)

મકરાસન, બાલકાસન શરીરને તનાવમુક્ત કરી આરામ આપે છે. શરીરને સુખ આપે અને લાંબો સમય સુધી સ્થિરતા રહે તેવા આસનમાં બેસી આપણા શ્વાસોચ્છવાસનું નિરીક્ષણ અને નિયમન કરતાં કરતાં મનને વિચારમુક્ત કરી ધ્યાનાવસ્થાએ પહોંચાય છે. નિયમિત અભ્યાસથી, નિદિધ્યાસનથી નિર્વિચારાવસ્થાએ પહોંચી શકાય. જેને સિધ્ધ સ્થિતિ પણ કહે છે. આમ, નિયમિત સામાયિક પ્રતિક્રમણ કરવાથી સર્વે જીવોની ક્ષમાયાચના, પાપોની આલોચના અને અષ્ટાંગયોગથી શરીર-મનની તંદુરસ્તી જળવાય છે.

જૈન દર્શનમાં ઘણી જ વિશદતાથી ધ્યાનની ચર્ચા કરવામાં આવી છે. પ્રકૃતિ અનુસાર ધ્યાનના શુભ અને અશુભ એમ બે ભેદ છે. શુભ ધ્યાનમાં ધર્મધ્યાન તથા શુક્લધ્યાન જ્યારે અશુભ ધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એમ કુલ ચાર પ્રકારે ધ્યાનની ચર્ચા છે. ચિત્ત દુઃખથી પીડિત એટલે આર્તધ્યાન, ચિત્તમાં હિંસકભાવો જાગે તે રૌદ્રધ્યાન, જ્યારે ચિત્તમાં ચારિત્રના વિચારોનું ચિંતન ચાલે તે ધર્મધ્યાન અને ચિત્ત ઉજ્જવળ આત્મપરિણામોવાળું બને તે શુક્લધ્યાન છે. જૈનાચાર્યોએ ધ્યાનનો અર્થ ચિત્તનું એકાગ્રીકરણ માન્યું છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિએ ધ્યાનની પરિભાષા "એકાગ્રચિંતારોધો ધ્યાનમ્" કરી છે. આવશ્યક નિર્યુક્તિ ચિત્તને કોઈ એક લક્ષ પર સિધ્ધ કરવું એને ધ્યાન માન્યું છે. તત્ત્વાનુશાસનમાં ચિત્તને વિષય વિશેષ પર કેન્દ્રિત કરવાને ધ્યાન માને છે. મહર્ષિ પતંજલિએ યોગ દર્શનમાં 'યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધઃ' એટલે કે ચિત્તને અનેકવિધ તરંગો ધારણ કરતું અટકાવવાને યોગ કહે છે. યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે મિલન. યોગ દર્શનમાં મનની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂધ્ધ એમ પાંચ અવસ્થાઓ અને પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એમ પાંચ પ્રકારે વૃત્તિની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.


સામાયિક અને પ્રતિક્રમણની ક્રિયામાં ધીમે ધીમે વૃત્તિઓથી ચિત્તને શુધ્ધ કરતાં કરતાં ચિત્તની એકાગ્રતાવસ્થાએ એટલે કે ધ્યાનાવસ્થાએ પહોંચવાનું છે. અને એ ધ્યાનાવસ્થા પછી આત્મશક્તિનું પ્રકટીકરણ થાય છે. યોગદર્શન પણ આ જ વાત કરે છે. ચિત્તની વૃત્તિઓને શાંત કરતાં કરતાં સમાધિપદ સુધી પહોંચવું.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*માણસને ઓળખવો હોય તો ખાલી એટલું કહી દો કે 'હું તકલીફમાં છું.'*

**સ્વાસ્થ્ય**

# ડરની બીમારી : ભાગ-૬
## (PHOBIA DISORDER)
## પરીક્ષાનો ડર (EXAM PHOBIA)


ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે ડર (Phobia) એ એક બીમારી છે. ડરની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો થાય છે. મગજના લિમ્બિક સિસ્ટમમાં આવેલ બદામ આકારનું અવયવ એમિગડેલા ડરનું મુખ્ય કેન્દ્ર છે. યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી દર્દી ડરની બીમારીમાંથી બહાર આવે છે તથા અન્ય સામાન્ય વ્યક્તિની જેમ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

નીચે ડરની બીમારી (પરીક્ષાનો ડર (Exam Phobia)) કિસ્સો વર્ણવ્યો છે. સારવાર બાદ વિદ્યાર્થી પરીક્ષા આપી શક્યો તથા પરીક્ષામાં સફળ થયો.

- **કેસ :**

સી.એ.માં અભ્યાસ કરનાર મિલનને ફાઈનલ સી.એ.ની પરીક્ષાનો ખૂબ ડર લાગતો હતો. મિલને એના માતા-પિતાને જણાવી દીધું હતું કે હું ફાઈનલ સી.એ.ની પરીક્ષા કદી પણ આપવાનો નથી. એના મનમાં ઠસી ગયું હતું કે એ હવે સી.એ. નહીં થઈ શકે. દરેક વખતે નાપાસ જ થશે. એટલે સી.એ.ની પરીક્ષા આપવાનો કોઈ જ અર્થ નથી. માતા-પિતા, સગાવહાલા, મિત્રોએ ખૂબ સમજાવવાની કોશિશ કરી પરંતુ બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા.

માતા-પિતા મુંઝવણમાં હતા કે મિલનનું શું કરવું, જેથી એ પરીક્ષા આપવા તૈયાર થાય. મિલનના પિતાના એક હિતેચ્છુએ મનોચિકિત્સકની સલાહ લેવાનું સૂચન આપ્યું. છેલ્લા ઉપાય તરીકે મિલનના માતા-પિતા મનોચિકિત્સકની સલાહ લેવા તૈયાર થયા.

નરેન્દ્રભાઈ (મિલનના પિતા) પહેલા એકલા મળવા આવ્યા તથા મિલનના કેસ વિશે ચર્ચા કરી. લેખકે જણાવ્યું કે મિલન જોડે મનોચિકિત્સકની પદ્ધતિથી નિદાન કરી સારવાર કરવી જરૂરી છે. માટે મિલને વ્યક્તિગત રીતે ક્લિનિકમાં આવવું અગત્યનું છે. બીજા દિવસે મિલન ક્લિનિકમાં આવ્યો.

ઉંડાણમાં તથા અલગથી મિલન જોડે ચર્ચા કરી. મહત્ત્વની જાણકારી પ્રાપ્ત થઈ. જે સારવાર માટે જરૂરી હતી.

મિલન ભણવામાં ખૂબ જ હોંશિયાર હતો. દરેક પરીક્ષા પ્રથમ પ્રયાસે સારા ગુણાંકથી પાસ કરેલ હતી. લગભગ દરેક વખતે ક્લાસમાં પ્રથમ જ રહ્યો હતો. બી.કોમ.ની પરીક્ષામાં ૮૮% ગુણાંક મેળવ્યા હતા. મિલનની અપેક્ષાઓ ઘણી જ વધારે હતી. પ્રથમ આવ્યા બાદ પણ મિલનને સંતોષ ન હતો, ખુશી ન હતી. આગળ વધવાની ધગશ ચિંતામાં પરિણમતી. એકાદ ગુણાંક ઓછો મળે તો નર્વસ થઈ જતો. સહનશક્તિ (Tolerance power) ન હતી. બાળપણમાં મિત્રો જોડે રમતમાં પણ મિલનને હરીફાઈ ન હોવા છતાં દરેક રમત જીતવી જ હતી.

ફાઈનલ સી.એ.ની પરીક્ષામાં મિલન એક વખત નાપાસ થયો હતો. એના બીજા બે મિત્રો ફાઈનલ સી.એ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે પાસ થયા હતા. નાપાસ થવાથી મિલનનો આત્મવિશ્વાસ એકદમ ઓછો થઈ ગયો હતો. એને લાગતું હતું કે હું સી.એ. થવાને લાયક નથી.

ક્લિનિકમાં તપાસ દરમ્યાન પરીક્ષા આપવા માટેની વાતચીત દરમ્યાન મિલનને ગભરામણ થવા લાગી. હૃદયના ધબકારા વધી ગયા. પરસેવો થઈ આવ્યો. ચહેરો પડી ગયો. નર્વસ થઈ ગયો હતો. ચર્ચાનો વિષય બદલાવ્યા બાદ તથા વેઈટીંગ રૂમમાં થોડીવાર બેઠા બાદ મિલન નોર્મલ થયો (પેનિક એટેક).જ

મિલનનો કેસ ડરની બીમારી (Phobis disorder)નો છે. જેમાં મિલનને પરીક્ષાનો ડર હતો તથા નાપાસ થવાનો ડર હતો. ફરીથી નાપાસ થઈશ તો મારી ઈમ્પ્રેશન ઘટી જશે એ ડર પણ એને સતાવતો હતો. મિલનમાં આત્મવિશ્વાસ ખૂબ જ ઓછો થયો હતો. ઉમંગ ઉત્સાહ પણ ઓછા હતા.

- **સારવાર :**

૧. આત્મવિશ્વાસ વધારવા માટે દવાઓ ચાલુ કરી. બે અઠવાડિયામાં મિલનમાં આત્મવિશ્વાસનો વધારો થયો. એનો ડર ઓછો થયો. પરીક્ષાના નામથી થતાં પેનિક એટેક ઓછા થઈ સદંતર બંધ થયા.

૨. દવાની અસરથી આત્મવિશ્વાસ વધ્યા બાદ બિહેવિયર થેરાપી ચાલુ કરી.

૨.૧ જેકોબસન્સ પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્સેશનની પદ્ધતિથી રીલેક્સેસન - શિથિલતાના સેશન્સ ચાલુ કર્યા. ક્લિનિક તથા ત્યારબાદ મિલન રોજ ઘરે નિયમિત રીતે ૩૦થી ૪૦ મિનિટ રીલેક્સેશન કરતો હતો.

**૨.૨** આ દરમ્યાન કાઉન્સેલિંગ દ્વારા ધીમે ધીમે એને પરીક્ષા આપવા મનથી તૈયાર કર્યો. (અ) શરૂઆતમાં પરીક્ષાના વિચારથી ડર લાગતો હતો એ ઓછો થયો. (બ) મિલન સી.એ.નો અભ્યાસ કરવા તૈયાર થયો. પરીક્ષા આપવી કે નહીં એ પછીની વાત હતી. (ક) પરીક્ષા માટેનું ફોર્મ ભરવા તૈયાર થયો. ફોર્મ ભર્યું છે એટલે પરીક્ષા આપશું એવું નથી પરંતુ પરીક્ષા આપવાનો વિકલ્પ રહે છે.

**3.3 ડરની માત્રાની વૈજ્ઞાનિક નોંધ (Hierarchial note of Fear) :** પરીક્ષાના ડરના વિચારોનું એક ડાયરીમાં નોંધ કરવા સલાહ આપી તથા એ વિચારોથી કેટલો ડર મનમાં ઉત્પન્ન થાય છે એની માત્રા (Degree of fear) આપવા સલાહ આપી. દા.ત. પરીક્ષા ત્રણ મહિના પછી છે ૨૦% ડર, પરીક્ષા બે મહિના પછી છે ૫૦% ડર, પરીક્ષા પંદર દિવસ પછી છે ૬૦% ડર, પરીક્ષા અઠવાડિયા પછી છે ૭૫% ડર, પરીક્ષા આવતીકાલે છે ૯૦% ડર, પરીક્ષા આજે છે ૯૫% ડર, પરીક્ષા આપવા જઈ રહ્યો છું ૯૮% ડર, પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યો છું ૯૯% ડર. પરીક્ષા કેન્દ્રમાં બેસવા માટે ઘંટ વાગે છે ૧૦૦% ડર.

દરેક પરિસ્થિતિને માત્રા પ્રમાણે ચડતા ક્રમમાં ગોઠવવાનું કહ્યું અને એક લીસ્ટ તૈયાર કર્યું.

**3.૪ સિસ્ટમિક ડીસેન્સિટાઇઝેશન** (Systemic Desensitization) : મિલન ક્લિનિકમાં પૂર્ણ શિથિલતામાં હતો ત્યારે ઉપરોક્ત લીસ્ટમાંથી પ્રથમ પરિસ્થિતિ (પરીક્ષા ત્રણ મહિના પછી છે) વિચારવાનું કહ્યું. શરૂઆતમાં ડરની લાગણી ઉત્પન્ન થઈ. પરંતુ શિથિલ અવસ્થામાં જ આ ડર પર કાબૂ મેળવ્યો તથા ડરની લાગણી બંધ થઈ. મિલને જમણા હાથની આંગળી ઉપર કરીને પોતે ડર પર કાબૂ મેળવ્યો છે એ વ્યક્ત કર્યું. ત્યારબાદ લીસ્ટમાંની બીજી પરિસ્થિતિ વિચારવાનું જણાવ્યું. એના પર મનમાં શિથિલ અવસ્થામાં કાબૂ મેળવ્યા બાદ ત્રીજી, ચોથી અને છેવટે છેલ્લી પરિસ્થિતિ (પરીક્ષા કેન્દ્રમાં બેઠો છે) પર કાબૂ મેળવ્યો.

મનમાં મેળવેલ કાબૂ પરથી ધીમે ધીમે મિલનના આત્મવિશ્વાસનો વધારો થયો. પરીક્ષા પ્રત્યે હકારાત્મક વિચારો આવવા લાગ્યા. મનથી પરીક્ષા આપવા તૈયાર થયો.

**3.૫** પરીક્ષાના દિવસો દરમ્યાન મિલન મનથી તૈયાર હતો પરીક્ષા આપવા માટે. પરીક્ષા કેન્દ્રમાં સમયસર પહેલે દિવસે પહોંચી ગયો. એના પપ્પા એને મૂકવા ગયા હતા. થોડોક ડર પરીક્ષાના કેન્દ્રમાં (હોલમાં) બેસતી વખતે લાગ્યો. પરંતુ પેપર આવતા જવાબ લખવાની શરૂઆત કરી કે ક્યારે સમય નીકળી ગયો અને પેપર સંપૂર્ણ પૂરું કર્યું ખબર જ ન પડી. ડર બિલકુલ ન લાગ્યો. ત્યારબાદના પેપર ડર વગર આપી શક્યો.

**3.૬** વ્યક્તિત્વના વિકાસ માટે કાઉન્સેલિંગ પરીક્ષા બાદ શરૂ કર્યું. (અ) વાસ્તવિકતા પ્રમાણે અપેક્ષાઓ રાખવી, (બ) મનની ખુશી તથા શાંતિ માટે સમય કાઢી ખુશી મેળવવી. (ક) સહનશક્તિ વધારવી તથા ધાર્યા પ્રમાણે ન થાય તો પણ એનો સામનો કરવો. (ડ) વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ કેળવવી. (ઇ) અન્યો જોડે અયોગ્ય સરખામણી ન કરવી વગેરે બાબતોની ચર્ચા કરી યોગ્ય ફેરફારો મિલને કર્યા.

**ફોલો અપ (Follow Up) :** સારવાર બાદ મિલને પહેલાં પ્રથમ ગ્રુપની પરીક્ષા આપી. જેમાં એ પાસ થયો. આથી એનો આત્મવિશ્વાસ વધ્યો તથા ડર ઓછો થયો. સેલ્ફ એસ્ટીમ પોતાના વિશે હકારાત્મક વલણ આવ્યું. છ મહિના બાદ બીજા ગ્રુપની પરીક્ષા પાસ કરી. સી.એ. થયો.

યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારતી મિલન ગુણવત્તાભર્યું જીવન જીવે છે.

- **સારાંશ :**

પરીક્ષાનો ડર (Exam Phobia) એક બીમારી છે. યોગ્ય નિદાન કરી સારવાર કરવી જરૂરી છે. જેથી વિદ્યાર્થી આગળ વ્યવસાયીક ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

## યાદ

*જીવનની*
*વહી જતી તેજ રફતારમાં*
*તમને યાદ કરીએ છીએ.*
*સાથે વિતાવેલા એ*
*અવિસ્મરણીય સમયની સંગાથે*
*વિખૂટા પડેલા વહેણમાં*
*છલકતા એ નેણમાં*
*તમને યાદ કરીએ છીએ.*
*સાગર, સરિતા, વૃક્ષ, વ્યોમ*
*કુદરતના સાનિધ્યમાં*
*મનપંખી સદાય રહેતું.*
*આપના સામીપ્યમાં*
*તમને યાદ કરીએ છીએ*
*જીવનની વહી જતી*
*તેજ રફતારમાં.*

***હીના એચ. સંઘવી 'ભક્તિમતિ' - માંડવી, કચ્છ***

# હાર્ટએટેક અને પાણી

ડૉ. હાર્દિક પટેલ

તમે કેટલા એવા લોકોને જાણો છો, જે રાત્રે સૂતા પહેલા પાણી પીવાનું ટાળે છે કારણકે તેમને રાત્રે ઉઠવું પડશે.

હાર્ટએટેક અને પાણી – ક્યારેય આ જાણકારી ન હતી! માહિતી રસપ્રદ છે.

બીજી પણ એવી વાત જે ખબર નહોતી અને ડોક્ટરને પૂછ્યું કે કેટલાક લોકોને કેમ રાત્રે પેશાબ કરવા માટે વારંવાર ઉઠવું પડે છે. હૃદયરોગના ડોક્ટરે આપેલ જવાબ – 'ગુરુત્વાકર્ષણના કારણે જ્યારે તમે ઉભેલા હોવ ત્યારે પાણી તમારા શરીરના નીચેના ભાગમાં જમા થાય છે (પગે સોજા આવવા). પણ જ્યારે તમે સૂઈ જાવ છો ત્યારે તમારા પગ કિડનીની સમાંતરે હોય છે અને ત્યારે કિડની તે પાણીને બહાર ફેંકે છે. એ ખબર હતી કે તમારે શરીરના ઝેરી કચરાને બહાર ફેંકવા માટે પાણીની આવશ્યક્તા હોય છે પણ આ માહિતી નવી જ હતી.

પાણી પીવા માટેનો યોગ્ય સમય : એક હૃદયરોગના ડોક્ટરે આપેલી ખૂબ જ અગત્યની માહિતી : યોગ્ય સમયે પીવામાં આવેલું પાણી શરીરમાં તેની અસરકારકતા વધારી દે છે.

૧. સવારે ઉઠ્યા પછી ૨ ગ્લાસ પાણી પીવાથી આંતરીક અંગો સક્રિય થાય છે.

૨. જમવાના અડધા કલાક પહેલા ૧ ગ્લાસ પાણી પીવાથી પાચનક્રિયા સક્રિય થાય છે.

૩. સ્નાન કરતા પહેલા ૧ ગ્લાસ પાણી બ્લડપ્રેશરને નીચું રાખે છે.

૪. રાત્રે સૂતા પહેલા ૧ ગ્લાસ પાણી પીવાથી સ્ટ્રોક અને હાર્ટ એટેકનું જોખમ ઘટે છે.

૫. રાત્રે પાણી પીને સૂવાથી પગના સ્નાયુઓ જકડાઈ (સાદી રીતે કહીએ તો નસ ચઢી જવી) જતા નથી. સ્નાયુઓને પાણીની જરૂરત હોય છે. અને જો તેમને પાણી ના મળે તો તે જકડાઈ જાય અને તમે ચીસ પાડીને બેઠા થાવ.

***૨૦૦૮ના અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીના જર્નલના અંકમાં પ્રસિદ્ધ થયેલ વિગત. જેમાં જણાવ્યા પ્રમાણે –***

૧. હાર્ટએટેક સામાન્ય રીતે સવારના ૬થી બપોર સુધીમાં વધારે આવે છે. જો રાત્રીના સમયે હાર્ટએટેક આવે તો તે વ્યક્તિની સાથે કંઈક અસામાન્ય બનાવ બન્યો હોય એમ પણ સંભવ છે.

૨. જો તમે એસ્પિરીન જેવી કોઈ દવા લેતા હો, તો એ દવા રાતના સમયે લેવી જોઈએ કારણકે એસ્પિરીનની અસર ૨૪ કલાક માટે રહેતી હોય છે. એટલે સવારના સમયે તેની તીવ્રતમ માત્રામાં અસર હોય છે.

૩. એસ્પિરીન તમારા દવાના ડબ્બામાં ઘણા વર્ષો સુધી રહી શકે છે અને જ્યારે તે જૂની થાય છે ત્યારે એમાંથી સરકો (વિનેગર) જેવી વાસ આવે છે.

૪. બીજી વાત, જે દરેકને મદદરૂપ થશે. બેયર કંપની ક્રિસ્ટલ જેવી એસ્પિરીન બનાવે છે જે જીભ ઉપર મૂકતા જ ઓગળી જાય છે. તે સામાન્ય ગોળી કરતા ઝડપથી કામ કરે છે. માટે એસ્પિરીન તમારી સાથે કાયમ રાખો.

૫. હાર્ટએટેકના સર્વમાન્ય લક્ષણો : ડાબા હાથ અને છાતીમાં દુખાવા ઉપરાંત પણ કેટલાક લક્ષણો છે જેની માહિતી પણ જરૂરી છે. જેમકે દાઢીમાં ખૂબ જ દુઃખાવો થવો. ઉલટી ઉબકા જેવો અનુભવ થવો. ખૂબ જ પરસેવો થવો. પણ આ લક્ષણો ક્યારેક જ દેખાય છે.

૬. હાર્ટ એટેકમાં ક્યારેક છાતીમાં દુઃખાવો ના પણ થાય. મોટાભાગના (લગભગ ૬૦%) લોકોને જ્યારે ઊંઘમાં હાર્ટએટેક આવ્યો તો તેઓ જાગ્યા ન હતા પરંતુ જો તમને છાતીમાં જોરદાર દુઃખાવો ઉપડે તો તેનાથી તમે ગાઢ નિંદ્રામાંથી પણ જાગી જાવ છો.

૭. જો તમને હાર્ટએટેક આવે તો તાત્કાલિક ૨ એસ્પિરીન મોઢામાં મૂકી દો અને થોડાક પાણી સાથે તેને ગળી જાવ. પછી ૧૦૮ને ફોન કરો. તમારા પડોશી કે સગા જેઓ નજીક રહેતા હોય તેમને ફોન કરો અને કહો 'હાર્ટએટેક' આવ્યો છે અને એ પણ જણાવો કે તમે ૨ એસ્પિરીન લીધી છે. પછી મુખ્ય દરવાજાની સામે સોફા કે ખુરશીમાં બેસો અને તેમના આવવાની રાહ જુઓ – સૂઈ જશો નહીં.

***(વોટ્સએપ મેસેજના આધારે)***

*રંગોથી સાવધાન રહો કે ના રહો,*
*રંગ બદલનાર લોકોથી સાવધાન રહેજો.*

# ગાજ્યા મેઘ વરસ્યા પણ ખરા



ચિત્રસેન શાહ

લેખની શરૂઆતમાં ચાલો આપણે 'વૉટ્સએપ' પર મળેલ ૩ સરસ મેસેજ વાંચી લઈએ!

★ જો પાણીપુરી પર જી.એસ.ટી. લાગશે તો મહિલાઓ સરકાર ઉથલાવી નાખશે!!

★ એક ભાઈએ લાઈબ્રેરીમાં લાઈબ્રેરીયનને પૂછ્યું : 'આપઘાત કરવા અંગેનું પુસ્તક મળશે?!'

લાયબ્રેરીયને જવાબ આપ્યો, 'હા, ચોક્કસ મળશે. પરંતુ તે પાછું આપવા કોણ આવશે?!!'

★ એક ભાઈએ બીજાને પૂછ્યું : 'ઇંગ્લીશ ભાષામાં કેટલા મૂળાક્ષર છે?'

બીજાએ જવાબ આપ્યો - ૨૬ (G.S.T. સાથે!) અને ૨૩ (G.S.T. વગર!)

આ લેખ વાંચવા માટેનું આ 'વોર્મઅપ' હતું!

આ લેખ લખવા બેઠો ત્યારે જ ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો!

આમ તો કહેવત છે કે, 'ગાજ્યા મેઘ વરસે નહીં!'

પરંતુ આ કહેવત મેઘરાજાએ સાંભળી નહીં હોય. તેથી તે તો ગાજવીજ સાથે જ તૂટી પડ્યા!! આમ ગાજ્યા મેઘ વરસ્યા પણ ખરા!

હવે મૂળ વાત એવી છે કે આમ તો જ્યારે આઝાદી કા અમૃત મહોત્સવ દેશભરમાં ઉજવાઈ રહ્યો છે ત્યારે આપણ પણ શરૂઆત તેનાથી જ કરવાના હતા. પરંતુ વચ્ચે મેઘરાજા આવી ગયા! પણ કાંઈ વાંધો નહીં, જાગ્યા ત્યાંથી સવાર!

આઝાદીની વાત આવે એટલે સૌ પ્રથમ મહાત્માજીની યાદ આવે. ગાંધીજી રમૂજના પણ રાજા હતા. તેમણે એક જગ્યાએ કહેલું કે જો તેમનામાં રમૂજ વૃત્તિ ન હોત તો તેમણે ક્યારનોય આપઘાત કરી લીધો હોત. હવે તેમની દાંડીકૂચ અંગેનો એક પ્રસંગ જોઈએ. ૧૨મી માર્ચ, ૧૯૩૦ના દિવસે સાબરમતી આશ્રમથી શરૂ થયેલી દાંડી યાત્રા દરમ્યાન ગાંધીજીએ દાંડી નજીક આવેલા કરાડી ગામે આંબાના વૃક્ષ નીચે એક ઝુંપડીમાં કેટલાક દિવસ નિવાસ કર્યો હતો. આજે પણ એ જગ્યાને ગાંધી સ્મૃતિ તરીકે એ જ સ્થિતિમાં રાખવામાં આવેલ છે.

દાંડીમાં ૬ એપ્રિલે શરૂ થયેલી નમક કાનૂન ભંગની લડતને કારણે તેમણે કરાડીથી ધરાસણાના મીઠાના અગર તરફ કૂચ કરવાના પોતાના સંકલ્પની જાણ બ્રિટીશ સરકારને કરી દીધી હતી. તારીખ ૪ મે, ૧૯૩૦ના રોજ અંગ્રેજ સરકારે ગાંધીજીની કરાડી ખાતેથી ધરપકડ કરી હતી. બાદમાં તેમને કરાડીથી મુંબઈ લાઈન પર આવેલ હાંસાપોર લાવવામાં આવ્યા હતા. જ્યાં તા. ૫મી મે ના રોજ રાત્રે ૧.૩૦ વાગે ફ્રન્ટીયર મેલ ટ્રેઈનને ઊભી રાખવામાં આવી અને આજે જ્યાં તે સ્ટેશન છે ત્યાંથી તેમને મુંબઈ લઈ જવામાં આવ્યા હતા. તે સ્ટેશનનું નામ છે – 'ગાંધી સ્મૃતિ રેલવે સ્ટેશન.' મુંબઈથી તેમને પુણેની યરવડા જેલમાં ખસેડવામાં આવ્યા હતા.

ગાંધી કથા અહીં પૂરી કર્યા પછી ચાલો, હવે આવી જઈએ, ૧૫મી ઓગસ્ટના મોદી સાહેબના 'હર ઘર તિરંગા'ના માહોલમાં!

ગુજરાતના પનોતા પુત્ર અને લોકપ્રિય વડાપ્રધાન – યુગપુરુષ – મોદી સાહેબે અસંખ્ય ડ્રીમ પ્રોજેક્ટના સ્વપ્ન જોયેલા. તેમાંના કેટલાક આ રહ્યા :

❀ મહાત્મા મંદિર.

❀ દાંડી કુટીર

❀ સ્ટેચ્યુ ઓફ યુનિટી (અહીં સ્ટેચ્યુ ઉપરાંત પણ ઘણા આકર્ષણો છે. જે માટે ૨ દિવસનું રોકાણ જરૂરી છે.)

❀ બુલેટ ટ્રેન (જે માટે બુલેટ ટ્રેઈનની ઝડપે જ ચાલતું તેનું કામ!)

❀ સાયન્સ સિટી (છેલ્લે ઉમેરાયેલ ત્રણ આકર્ષણો – એક્વેટીક ગેલેરી, રોબોટીક ગેલેરી વગેરે અદ્‌ભુત છે. એક આખો દિવસ સ્પેર કરવા જેવો છે.)

❀ અયોધ્યાનું રામ મંદિર. (આઝાદીના ૭૫ વર્ષ પછી પણ જે પ્રશ્નનો ઉકેલ નો'તો આવ્યો તેનો ઉકેલ ચપટી વગાડતા લાવી દીધેલ!)

❀ કાશ્મીરમાંથી એક ઝાટકે કલમ ૩૭૦ દૂર કરી દીધી!

❀ કચ્છ માંડવીનું મહાન ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું મેમોરિયલ – ક્રાંતિ તીર્થ. લંડનમાં શ્યામજી કૃષ્ણવર્મા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૯ ઉપર)

# ધન ધન ધનબાઈ!

રજનીકુમાર પંડ્યા

'જેનો અવાજ મીઠો હોય એ પ્રાર્થના ગાય.'

ગાંધીજીએ આમ કહેલું. ૧૯૨૨ની આજુબાજુની કોઈ સાલ હશે. ગાંધીજી આમ બોલ્યા એટલે એક ભાઈ ઊભા થયા. સૌને એમ કે એ પોતાની જાતને તાનસેન માનતા હશે. હમણાં કાંઈક ''ઊંડા અંધારેથી...'' જેવું ગાશે. પણ ભાઈ માત્ર આંગળીના ચીંધનાર નીકળ્યા. ખૂણામાં માન મર્યાદાભેર સાડીનો સંગઠો તાણીને એક નવવધૂ બેઠેલી. એના તરફ આંગળી ચીંધી બોલ્યા : 'બાપુજી, આપની પૂછવાની રીત જ ખોટી છે. કોઈ જાતે ઊઠીને કહેવાનું છે કે મારો રાગ મીઠો, ને હું જ ગાઉં? લો, આ બેન બેઠી ને નામ એનું ધનબાઈ. એના જેવું સુંદર કોઈ ગાઈ શકવાનું નથી.'

ગાંધીજીએ ધનબાઈ સામે જોયું, ને ધનબાઈ શરમાઈને નીચું જોઈ ગયા. ગાંધીજી કહે : 'બહેન, તમને અમારી પ્રાર્થના છે કે તમે પ્રાર્થના ગાઓ. ચાલો...'

ઊભા થઈને તેઓ ગાંધીજીની નજીક એમની બેઠક પાસે આવ્યા અને ધીમા, મધુર હલકાભર્યા સ્વરે ભજન શરૂ કર્યું : 'મારી નાવ તમારે હાથ હરિ સંભાળજો રે... સત્યાસત્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું...'

ગાંધીજી એકકાન થઈ ભજન સાંભળી રહ્યા અને ધનબાઈના મુખભાવને અવલોકી રહ્યા. 'સત્યાસત્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું' ગાતી વખતે શબ્દો માત્ર સંગીતમાં જ નહીં, પણ મુખભાવમાં વ્યક્ત થઈને એમના મોં પર છવાઈ જતા હતા. ભજન, પ્રાર્થના, ગીત બધા આ જ તદ્રુપતાથી ગાવા માટે રચનારે રચ્યાં હોય છે, કારણકે લખતી વખતે એ એનામાં એકલીન થઈ ગયો હોય છે. પછી ગાનાર માત્ર આવડત બતાવવાના હેતુથી જ ગાય એટલે શબ્દોનો ચાર્મ ગૌણ બની જાય. પછી સાંભળનાર પાસે માત્ર ગાનારની ગાયનકલા પહોંચે, કવિનું કર્મ ન પહોંચે. આ ધનબાઈ જાણે કે પોતે જ એ ગીત રચ્યું હોય, પોતે જ પોતાને માટે, પોતાની પીડાને વ્યક્ત કરવા જ એનો ઢાળ બેસાડ્યો હોય એમ ગાતી હતી. ગાંધીજી ભીંજાઈ ગયા. ભજન પૂરું થયું, એટલે બોલ્યા : 'રોજે રોજ ગાવા આવતા રહેજો બહેન, પ્રભુ તમારું ભજન સાંભળે છે.'

પણ બીજે દિવસે ધનબાઈ આવ્યા નહીં. ત્રીજે દિવસે પણ નહીં. આમ ને આમ ચાર-છ દિવસનો ખાડો પડ્યો, એટલે ગાંધીજીએ પેલા જાણકાર ભાઈ પાસે ધનબાઈનું સરનામું મેળવ્યું. હુબલી ગામમાં જ ધનલક્ષ્મીબેન એમના સાસરે બહોળા કુટુંબ વચ્ચે રહેતા હતા. ચિઠ્ઠી ત્યાં પહોંચી : 'બહેન, અમે સૌ તારા કંઠે ભજન સાંભળવાને સારું રોજ તારી રાહ જોઈએ છીએ. આવી જા. લિ. બાપુ.' આ ચિઠ્ઠી ત્યાં પહોંચી તે જાણે કોઈ પરપુરુષની ચિઠ્ઠી યારી માટે આવી હોય એમ ઘરમાં ઉલ્કાપાત થઈ ગયો. ગાંધીજીને સૌ ઓળખે ને ઘરનાં સૌ એમની સભામાં પણ જાય. પણ એ આમ ઘરની વહુને બોલાવતી ચિઠ્ઠી લખે! અને નાની વહુથી ઘરમાં પણ સાદ કાઢીને બોલાય નહીં, ત્યાં વળી ભરસભામાં રાગડા તાણીને ગવાય? ઘોર કળજુગ! ઘરમાં મહાભારત થઇ ગયું! ને પતિ હીરજીભાઈએ તો મારવા જ લીધી! આમ છતાં એક દિવસ કંઈક ઓઠું લઇને ધનબાઈ ગાંધીજી પાસે પહોંચ્યા. સભામાં અધવચ્ચે જઇને બેઠાં, ને સભા પૂરી થયે ભજન પણ ગાઈ દીધું. પણ છેલ્લી લીટી વખતે સ્વર લથડી ગયો ને છુટ્ટા મોંએ રડી પડ્યા. સભામાં સન્નાટો છવાઈ ગયો.

સૌ વિખેરાયા ત્યારે ગાંધીજીએ ધનબાઈને નજીક બોલાવી પૂછ્યું : 'તું કોણ છો, બહેન? આમ રડી કેમ પડી? શું દુઃખ છે તારે?'

'અહીં હુબલી મારું સાસરું છે, બાપુ.' ધનબાઈ બોલ્યા : 'ને જલગાંવમાં સને ૧૯૦૮માં જન્મી છું. મારા બાપ ટોકરશી લાલજી કપાસના મોટા વેપારી છે. મારી મા મારી નાની ઉંમરમાં ગુજરી ગઈ છે અને અત્યારે મને પંદરમું વર્ષ ચાલે છે.'

'હા,' એ બોલ્યા : 'એનો વાંધો નથી. પણ...' એ અધૂરા વાક્યમાં એનો આખો પીડાકાંડ હતો. કેટલોક કહેવાય એવો, કેટલોક ના કહેવાય એવો. કથળેલી આર્થિક સ્થિતિના બાપે કરિયાવરમાં તો કાંઈ કહેવાપણું રાખ્યું નહોતું, પણ એની કઠણાઈને એ નિવારી શક્યા નહીં. પરણીને સાસરે આવ્યાં એ જ રાતે એમણે ભયના માર્યા નણંદને સાંજથી જ સાથે સુવાડી રાખી હતી. પણ એ ઉપલા માળના જૂના પલંગમાંથી એ પછી મધરાતે નણંદ વિદાય થઈ ગઈ અને ભડોભડ બારણાં ભીડતા પતિદેવ અંદર પધાર્યા હતા! ચૌદ વરસની ધનબાઈના શરીરમાં ગભરાટની ધ્રુજારી ફરી વળી. એની કન્યા વિદાયના પ્રસંગે એના

પિતા બેભાન થઈ ગયા હતા એ યાદ આવી ગયું અને એ ખુદ બેભાન થઈ જશે એમ એને લાગ્યું. પણ વંટોળની જેમ ધસી આવનાર પતિને એના મનને ખોલવાની કોઈ જ જરૂર નહોતી લાગી. ધનબાઈ એને મન રાતના રમકડાથી વિશેષ કશું જ નહોતી. એ આવીને સીધી જ ઝાપટ મારવા ગયા, ત્યાં ધનબાઈ સડાક કરતાં ઊભા થઇ ગયાં ને બારણા તરફ દોટ મૂકી. પતિનો મિજાજ સાતમા આસમાને પહોંચી ગયો. 'તારી આ હિંમત?' એમણે કહ્યું ને હાથ પકડીને પાછી ઘસડીને પત્નીને પલંગમાં ગાદલાનો ઘા કરે એમ ઘા કરીને ફેંકી. વળી બરાડીને બોલ્યા : 'આમ ભાગાભાગી કરતાં શરમ નથી આવતી? બેશરમ!'

આ પછી જે થયું તેને મધુરજની કેવી રીતે કહેવાય?

આવી તો ત્રણ રાત્રિઓ આવી અને ગઈ. ચોથે દિવસે મુંબઈથી કશો તાર આવ્યો અને પતિને મુંબઈ ચાલ્યા જવું પડ્યું. એમની વિદાયથી ધનબાઈના મનમાં એવી ટાઢક થઈ. ધગધગતા કાળા ઉનાળામાં જાણે કે કોઈ લુહારની ભઠ્ઠી પાસેથી ઊભું થયું.

હા, એક ટાઢક એવી હતી. ધગધગતો ઉનાળો તો રહ્યો જ હતો. માત્ર નજીકથી ભઠ્ઠી દૂર થઈ હતી, જે પળે પળે ચામડી દઝાડતી હતી. એમાં વળી શીતળ પવનની એક લહેરખી પણ આવી. ધનબાઈના પિતા એક-બે દિવસમાં આવ્યા અને કોઈના લગ્નમાં જવાનું હતું એટલે તેડી ગયા.

ગાંધીજી આટલી વાત સાંભળી રહ્યા. પછી એમની અંદર કરુણાની જે લાગણી ઊભરાઈ હતી તેની પર લગીર અંકુશ મૂકી દીધો. જરા ધનબાઈને હળવી માનસિકતામાં લાવવા ખાતર બોલ્યા : 'ત્યારે તો એટલા દિવસથી તારે સાસરવાસમાંથી પણ મુક્તિ, ખરું?'

પણ એનાથી તો ઊલટાનું ધનબાઈની આંખો આંસુથી ઊભરાઈ ચાલી. એમણે ગાંધીજીને સામે પૂછ્યું : 'સાંભળવું છે તમારે?'

'બોલ, બહેન બોલ.' ગાંધીજી બોલ્યા : 'બોલ.'

'હું જ્યાં મારા પિતા સાથે લગ્ન પ્રસંગમાં ગઈ હતી ત્યાં સ્ત્રી અને પુરુષોના મોટા મોટા અલગ અલગ રસોડામાં ઉતારાઓ હતા. એ પ્રસંગમાં મારા પતિને પણ આમંત્રણ હતું. હું જે સવારે ગઈ તે જ સવારે મેં એમને પણ જોયા હતા. હું થડકી ગઈ. પણ અંદરથી શાંતિ હતી કે ખેર, આ તો કોઈકને ત્યાં લગ્નપ્રસંગ છે. શું કરી લેવાના છે મને એ? પણ રાત પડી. મધરાત થઈ. સૌ ઘસઘસાટ સૂઈ ગયા અને હું બીજી સ્ત્રીઓ સાથે અલગ બિછાનામાં સૂતી હતી ત્યાં ચોરપગલે એ આવ્યા અને પગનો અંગુઠો પકડીને મને જગાડી અને પછી શિયાળો હતો. સૌ ઓઢીને સૂતા હતાં એટલે કોઈની પરવા કર્યા વગર સાવ પશુની જેમ જ...'

'તને બોલતા પણ શરમ થઇ,' ગાંધીજી બોલ્યા : 'ને એને આચરતાં પણ ન થઈ. ખેર બહેન,' ગાંધીજીની આંખમાં આંસુના બિંદુ બાઝી ગયા અને કહ્યું : 'હું આમાં તને મદદ કરું? પશુના પાશમાંથી છોડાવું?'

'ના' ધનબાઈ બોલ્યા. 'જેને પરણી છું એ પરમેશ્વર હોય કે પશુ, એમાંથી છૂટવાનો મારો કોઈ ઇરાદો નથી. તમે મને એટલી મદદ કરો કે...'

ગાંધીજી એની સામે જોઈ રહ્યા.

'કે મને શીખવો,' ધનબાઈએ કહ્યું : 'દુઃખને સહન કેમ કરવું? જેમાંથી ઉગાર ન હોય તેને વેઠી લેવાનો ઉપાય શો? મનને એટલે ઊંચે કેવી રીતે લઈ જવું કે નીચે પેટાવેલા અગ્નિની આંચ પણ આપણને ન લાગે? મને એ શીખવો કે અંધારામાં દિવાસળીની કાંડી ન હોય તો પણ રસ્તો કેવી રીતે ફંફોસવો?'

ગાંધીજીએ આંખો મીંચી દીધી. નિઃશ્વાસ નાખીને બોલ્યા : 'રામનામ... રામનામ... રામનામ... બીજું કંઈ નહીં, મારી બેન.'

'પણ રામનામ ક્યાંથી પ્રગટે, બાપુ?' ધનબાઈ બોલ્યા : 'અંદર જ જ્યાં આગ સળગતી હોય અને લાવા ઉકળતો હોય, જ્યાં અંદર હાયકારો થઈ ગયો હોય, ત્યાં હરિનામ ક્યાંથી પ્રગટે?'

'એ પ્રગટે શ્રદ્ધાથી.' ગાંધીજી બોલ્યા. 'ને શ્રદ્ધા ક્યાંથી પ્રગટે એ પૂછીશ નહીં. શ્રદ્ધા હોય તો જ બાળક પૃથ્વી પર અવતરે છે. એ શ્રદ્ધા નામનું તત્ત્વ લઇને જ જન્મતાવેંત રડે છે, કે એની મા એનું રૂદન સાંભળશે ને મોઢામાં દૂધની સેર છોડશે.'

એ દિવસ પછી ગાંધીજી અને ધનબાઈનો સંગ વધુ વખત રહ્યો નહીં. ગાંધીજી તો રમતા જોગી હતા. હુબલીમાંથી એમનો મુકામ ઊઠી ગયો, ને ધનલક્ષ્મી જિંદગીમાં નવા નવા વણજોયા મુકામ તરફ ચાલ્યા.

★

પતિના હાથમાં ધર્મનું પુસ્તક જોઈને ધનબાઈ બહુ રાજી થયા. ચાલો, નોકરીધંધો કરતા નથી ને સંગ્રહણીના રોગી થઈને ઘરમાં પડ્યા છે. ને હવે તો હલકામાં હલકી સ્ત્રીઓ સાથેના સંસર્ગથી જાતીય રોગનો પણ ભોગ બન્યા છે. એટલે મતિ સારા માર્ગે વળી હોય. રાજી થવા જેવું છે.

એમને ઉમળકો આવ્યો. ચાનો પ્યાલો બનાવીને એમની નજીક ગયા. ત્યાં જોયું તો ધાર્મિક પુસ્તકની વચ્ચે ભૂંડા - અશ્લીલ ચિત્રોવાળી કોઈ વિકારી ચોપડી! પતિ એમાંથી રસ ચૂસતા હતા અને કોઈ બીભત્સ જોડકણાં ધીમા અવાજે ગાતા હતા.

'અરે!' ધનબાઈ બોલ્યા : 'આવું વાંચો છો? આવું ગાઓ

છો? મને તો એમ કે તમે ધાર્મિક પુસ્તકનું વાંચન કરો છો.'

'હવે ચૂપ રહે!' પતિ તાડૂકીને બોલ્યા : 'તને શી ખબર? ધર્મના પુસ્તકમાં આવું બધું જ લખ્યું છે. શું હું કાંઈ ગાંડો થઈ ગયો છું કે લખ્યું હોય કાંઈક, ને વાંચું કાંઈક?'

ધનબાઈ ગમ ખાઈ ગયા. બોલ્યા : 'તમારે જે કરવું હોય તે કરો, પણ મહેરબાની કરીને મારા દેહને સ્પર્શ કરવો નહીં. હું હલકી સ્ત્રીઓના રોગ ઉછીના નહીં લઉં.'

'તારે મારું હરેક પાપ અને હરેક પુણ્ય ભોગવવું પડે!' ઉન્માદી પતિએ ધાર્મિક પુસ્તક બતાવીને કહ્યું : 'આ ધરમમાં લખ્યું છે. ચાલ, અત્યારે જ તને પરચો આપું!'

ફરી એક બળાત્કાર!

★

થોડા વખતમાં એક સંતાન થયું. પુત્રી સંતાન. પતિદેવ ફરી લાલપીળા થઈ ગયા. 'તારા નસીબ, જો મને આડે આવ્યા. દીકરી થઈ. અરે પિંડદાન આપનાર એકાદ દીકરો તો આપવો હતો! અરે અભાગણી, થાય તો તારા પાપની માફી માંગીને ભગવાન પાર્શ્વનાથને પ્રાર્થના કર. બાકી હું તો પરમહંસ છું. મારે મને તો બધું સરખું છે.'

એક દિવસ બોલ્યા : 'તેં મને સ્પર્શ કરવાની ના કહી છે ને, તો જો મેં એનો પણ રસ્તો કાઢ્યો છે.'

શો રસ્તો હશે. ધનબાઈ નાની દીકરીને છાતીએ વળગાડીને વિચારી રહ્યા. જવાબ બીજા જ દિવસે જોયો. એક સાવ બજારું સ્ત્રીને લઈને પતિ ઘેર આવ્યા... અને ધનબાઈની અને નાની અબુધ બાળકીની સામે જ એની લીલા કરી. ધનબાઈનું મન ઘૃણાથી ભરાઈ ગયું - તે એવું કે સ્તનમાંથી ધાવણ સૂકાઈ ગયું ને દીકરી ભૂખની મારી વલવલી રહી.

તે સાંજે ધનબાઈ બહારથી દૂધ લાવીને છોકરીને પાવા બેઠા તો પતિનો મિજાજ સાતમા આસમાને પહોંચ્યો. 'આટલી નાની દીકરીને બહારનું દૂધ અપાય છે? શરમ નથી આવતી?'

શરમ કોને આવવી જોઈએ? પીડા કોને થવી જોઈએ? પાપ ક્યાં હતું? પુણ્ય ક્યાં હતું? ધર્મ શો હતો? કોણે કોને ઉપદેશ આપવાનો હતો? સુધરવાનું કોને હતું? કશી જ સીધી ગતિ નહોતી. બધી જ ગતિ વિપરીત હતી.

જેમને ત્યાં એ લોકો રહેતા હતાં એ કાકા-કાકી (પતિના) પણ એકવાર કંટાળી ગયા. એમને ધનબાઈની દયા આવી ગઈ. બોલ્યા : 'હીરજી, તું અત્યારે ને અત્યારે પહેરેલ કપડે ચાલ્યો જા.'

હીરજીભાઈ ગયા તો ખરા, પહેરેલ કપડે જ નીકળી ગયા. પણ ક્યાં ગયા?

ધનબાઈના બાપને ઘેર. કાકાએ કાઢી મૂક્યા એટલે ધનબાઈના પતિ હીરજીભાઈ સાસરે આવ્યા. થોડા જ દિવસમાં બાપાએ પત્ર લખ્યો, 'જમાઈ અહીં આવ્યા છે. તું અહીં આવીને રહે.' ધનબાઈના પિતા જમાઈના કરતૂતો જાણે, છતાં શું થાય? દીકરીનો ધણી, એટલે, એટલા ખાતર ઘરમાં એમને સમાવી લીધા. અને પછી દીકરીને બોલાવી લીધી.

આમ પીડાના પર્યાય જેવો જમાઈ છાતી પર આવ્યો. માન્યું કે ઘરજમાઈ થઈને જરા દાબ્યો-દૂબ્યો રહેશે. પણ હીરજીભાઈના મગજનું યંત્ર હંમેશાં અવળી દિશામાં ફરતું હતું. લઘુતાગ્રંથિ પીડવા માંડી એટલે પત્ની પર પસ્તાળ વધવા માંડી. અને ક્યારેક તો ધનબાઈ હોય ત્યાં ને ત્યાં જ જીભ કરડીને મરી જાય એવી એમની વિકારી હરકતો દિન-બ-દિન વકરવા માંડી.

એવામાં એક મહેમાન ઘેર આવ્યા. બાજુમાં ઉમનદેવ ગામે સૌએ ફરવા જવું એમ નક્કી કર્યું. ત્યાં ગૌમુખમાંથી ગરમ પાણી આવતું હતું અને ગરમ પાણીના કુંડ હતા. પાણી એવું ગરમ કે તપેલીમાં એ પાણી લઈને ચોખા નાખી ઢાંકી રાખો તો થોડીવારમાં ભાત તૈયાર થઈ જાય. સેવ નાંખો તો સેવ ઓસવાઈ જાય.

અને ધનબાઈએ એક ખતરનાક નિર્ણય કર્યો. નાનકડી દીકરી ગળે વળગેલી હતી. તેને નમાઈ બનાવવા માટે જીવને બહુ કાઠો કરવો પડ્યો એને માટે પંદર મિનિટ આંખો બંધ કરીને જાણે કે સમાધિમાં જ ઊતરી ગયાં ને આત્મઘાતના નિર્ણયને આત્મબળથી સીંચી લીધો. બસ, પછી બીજી જ પળે દીકરીને કુંડને કાંઠેથી સલામત અંતરે દૂર ઢબુરીને દોડીને ફળફળતા ગરમ પાણીમાં ભૂસકો માર્યો. પણ બીજી જ પળે જાણે કે ચમત્કાર થયો. એક પૂજારીનું ધ્યાન પડ્યું. પાછળ દોડી, ભૂસકો મારીને ધનબાઈને હાથ પકડીને બહાર કાઢી લીધા.

'શું થયું બહેન?' એણે પૂછ્યું : 'આવી મૂર્ખાઈ કેમ કરી?'

'ભાઈ,' ધનબાઈ બોલ્યા : 'કુંડ પર બેસીને નહાતી હતી, ને પગ લપસી પડ્યો.'

'બહેન,' પૂજારી બોલ્યો : 'હું જાણું છું કે તારી વાત સાચી નથી. પણ બહેન, એટલો વિચાર કર. તારા આ દુઃખો શા માટે છે?' પછી એણે જાતે જ જવાબ આપ્યો : 'એ તારા બે ભવનાં કર્મોને એક ભવમાં ખપાવવા માટે છે. માટે એનાથી ડરીશ તો કેમ ચાલશે? જે માથે પડે છે, તે મૂંગે મોઢે સહન કર્યે જા.'

એક આ ગુરુમંત્ર મળ્યો તેથી ધનબાઈ જીવી તો ગયા, પણ તે પછીની એમની વ્યથા-કથા બહુ લાંબી છે. બે-ચાર ફકરામાં તેને સમેટી ન શકાય, પણ માત્ર રૂપરેખા જાણવી હોય તો એટલું કહી શકાય કે એ પછી ધનબાઈ સખત બીમાર પડ્યા. ઓગણીસ માસ દવા એમના પિતાએ કરાવી. અને જરા પણ પોસાણ ન

હોવા છતાં હજારોનું પાણી કર્યું. આ દરમ્યાન જમાઈની અળવિતરાઈ ચાલુ રહી. સસરા-જમાઈ વચ્ચેનો ઝઘડો પરાકાષ્ઠાએ પહોંચ્યો અને એકવાર એમને પિતાએ કહી જ દેવું પડ્યું : 'ઘર છોડીને ચાલ્યા જાઓ, નહિંતર ધક્કા મારીને કાઢવા પડશે.'

હીરજી ઘર છોડવાની તૈયારી કરવા માંડ્યા, ત્યારે પિતાની ભારે નવાઈ વચ્ચે ધનબાઈ પણ એમની સાથે જવાનું પરિયાણ કરવા માંડ્યા. પિતાએ જરા ગુસ્સે થઈને કહ્યું, 'કોઈની પણ સલાહ માન્યા વગર આની સાથે તને પરણાવવાની એક મોટી ભૂલ તો અગાઉ મેં કરી છે અને એની સાથે જવાની બીજી ભૂલ હવે તું કરી રહી છે? તું અહીં રહે. હું તને ભણાવીને પગભર બનાવીશ.'

ધનબાઈએ કહ્યું : 'બાપુજી, હવે તમે મને શું ભણાવશો? એ વખત તો વીતી ગયો. હવે તો મારી દીકરી પણ લગભગ પરણાવવા જેવડી થઈ ગઈ. સુખના હોય કે દુઃખના દહાડા તો વીત્યે જ જાય છે. મારે તો એમની સાથે જ જવું છે. તમે એમ માની લેજો કે તમારી દીકરી મરી ગઈ છે. તમે મારી ચિંતા જ સાવ છોડી દેજો. મારું જ્યારે કોઈ જ નહીં હોય, ત્યારે ઈશ્વર મારી સંભાળ લેશે. તમે માત્ર મને આશિર્વાદ આપો કે મારું કલ્યાણ થાય.'

પિતા કશું બોલી શક્યા નહીં.

પતિ-પત્ની ચાલી નીકળ્યા. મહિનાઓ સુધી નાના જેઠ, મોટા જેઠ અને કાકાજીને ત્યાં ઠેબાં ખાતા રહ્યા, આશરો લેતા રહ્યા પણ હીરજીભાઈના સ્વભાવના કારણે ક્યાંય ટકી શક્યા નહીં. નોકરી-ધંધો તો હતો નહીં, જે દરદાગીનો, ઘરવખરી હતી તે વેચી-સાટીને દિવસો રોડવતાં રહ્યાં. માત્ર દસ તોલુ સોનું વધ્યું, એ પણ છેલ્લે છેલ્લે વપરાઈ ન જાય તે માટે ધનબાઈના પિતાના એક મિત્રને ત્યાં સાચવવા મૂકી આવ્યા. માત્ર સોનાની બે બંગડી જ પહેરવા માટે રાખી. દરમ્યાન દીકરીને જેમ તેમ કરીને પરણાવી દીધી હતી.

પણ અંતે એક દિવસ એ પણ પાછા લઈ આવવા પડ્યા. વળી થોડા માસ કાઢ્યા. ને પણ એક દિવસ...

અનાજ પણ ખૂટી પડ્યું. શું કરવું? એટલે સસરાને ઘેર આશરો લેનાર હીરજીભાઈએ જમાઈને ઘેર આશરો લેવાનું નક્કી કર્યું. તે જમાઈને ઘેર આશરો લેવા ચાલ્યા. કરાંચી ગયા. ને ઓરડીમાં જમાઈની સાથે રહ્યાં ને ત્યાં વિચિત્ર - વિકારી - વિપરીત - તામસી સ્વભાવના હીરજીભાઈના અનિયમિત, અતિશય ખાનપાનથી તબિયત એવી તો બગડી કે સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડ્યો. ને તે એવો કે તમામ ગંદકી ઓરડીમાં જ કરવી પડે, કારણ કે ચાલીના પાયખાના સુધી કેવી રીતે પહોંચાય? જુગુપ્સાપ્રેરક વાતાવરણમાં મા-દીકરી એક તરફ રસોઇ બનાવે, એક તરફ ગંદકીની બદબૂથી ઓરડી ગંધાતી હોય. સારવાર કરવા માટે મુંબઇ લઈ ગયા. ભાટીયા હોસ્પિટલમાં દાખલ કર્યા અને દિવસો સુધી સારવાર કરી. ખિસ્સું સાવ ખાલી થઈ ગયું. અને એક દિવસ દવાખાનાનું છેલ્લું પચાસ રૂપિયાનું બીલ ચૂકવવાનો પણ વેંત ન રહ્યો ત્યારે, એ રાતે ધનબાઈ પાર્શ્વનાથની છબી પાસે ચોધાર આંસુએ રડ્યાં. કહ્યું : 'હવે તો તું હાથ ઝાલ. શું હું મૃત્યુ પામું ત્યાં સુધી મારી અગ્નિપરીક્ષા કર્યે રાખવી છે? મેં આપઘાત નહીં કરવાની તે દહાડે ગરમ પાણીના કુંડ પાસે જ બાધા રાખી છે. તો હવે આ બાધા હું તોડું એમ તું ઈચ્છે છે?'

પ્રાર્થના હતી એમાં કલ્પાંત ભળ્યું અને એ બંનેના મિશ્રણથી કોણ જાણે શું થયું, ઊંઘ આવી ગઈ. સવાર ક્યારે પડી તેની સૂધ ના રહી.

સવારે આકસ્મિક્તા ગણો કે ચમત્કાર એવી ઘટના બની. હીરજીભાઈ જ્યાં ભાંગીતૂટી નોકરી કરતા હતા એ પેઢીના શેઠ આવ્યા ને આગ્રહ કરીને ત્રણસો રૂપિયા આપી ગયા. દવાખાનાનું દેવું ચૂકવાયું અને માટુંગામાં ભીવંડીવાલા બિલ્ડિંગમાં બીજા માળે માસિક રૂપિયા ઓગણીસમાં ભાડાની ઓરડીમાં રહેવા ગયા.

એ દિવસથી દુઃખનો અંત તો એકાએક ન આવીગયો, પણ ક્ષિતિજ પર સારા દિવસોની એંધાણી પ્રગટી.

કઈ રીતે?

★

હીરજીભાઈ બેકાર હતા અને ઘરમાં ટંકટંકના સાંસા હતા ત્યાં એક દિવસ ઘરમાં મહેમાન આવ્યા. ધનબાઈ પડોશમાંથી માગેલો-તાગેલો લોટ લાવીને રોટલી વણવા બેઠા. મહેમાનોમાંથી એક બાઈ માણસે રોટલી વણવા દેવાની વિવેક-તાણ કરી. ધનબાઈએ ના પાડી. ખેંચતાણીમાં રોટલી વણવાની પાટલી તૂટી ગઈ. એટલે વળી દુકાળમાં અધિક માસ! ધનબાઈ તાબડતોબ મહાવીર બિલ્ડિંગમાં આવેલી કચ્છના લીલાધર બાપાની દુકાને પાટલી લેવા ગયા. પૈસા તો હતા નહીં. કહ્યું કે બાકી રાખો. પછી સગવડે આપી જઈશ. બીજી વાર જ્યારે ધનબાઈ પૈસા આપવા ગયાં ત્યારે લીલાધર બાપાએ પોતાનાં પત્ની-બાળકો સાથે ઓળખાણ કરાવી અને અચાનક જ પૂછ્યું : 'ક્યાંય ભણાવવા જાઓ છો બહેન?'

પ્રશ્ન સાંભળીને ધનબાઈની આંખમાં પાણી આવી ગયા. બાપાએ પૂછ્યું : 'કેમ માઠું લાગ્યું?' ધનબાઈ બોલ્યા : 'ના રે, મને રોવું તો એટલા માટે આવ્યું કે ભણાવવાની તમે વાત કરીને? હું શું ભણાવી શકવાની હતી? હું પોતે જ જ્યાં ત્રણ ચોપડી ભણી છું ત્યાં!' બાપા ખામોશ થઈ ગયા. થોડીવાર પછી વળી કંઈક યાદ આવ્યું એટલે પૂછ્યું : 'તમને ધરમનું કંઈ આવડે છે?'

ધનબાઈ તરત બોલ્યા : 'ધરમનું શિક્ષણ તો મને બહુ મળ્યું છે, પણ આજકાલ ધરમના શિક્ષણની પડી છે કોને?' બાપા મરકીને બોલ્યા : 'મારે મારા દીકરાઓને ધરમનું શિક્ષણ આપવું છે. હમણાં તો દુકાન તમારી માનાં ઘરેણાં વેચીને શરૂ કરી છે, એટલે પગાર કેટલો આપીશ તે અત્યારે કહી ન શકું, પણ કંઈક તો આપીશ જ. ને તમનેય જરૂરત છે તે સમજું છું.'

બાપાને ત્યાં ધનબાઈએ ધાર્મિક શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તે બે વર્ષ સુધી પગાર માસિક રૂપિયા દસમાંથી વધીને પચાસ થયો. ત્યાં દાદરના શ્રી શાંતિનાથના દેરાસરમાં પાઠશાળામાં માસિક સવાસોના પગારથી ધર્મનું શિક્ષણ આપવાની નોકરી પાકી થઈ ગઈ. એ પછી એક દવાખાનામાં કામ મળ્યું.

ત્યાં જ સમાચાર આવ્યા કે પ્રતાપ મિલમાં કામ કરતા એના પિતા મિલમાં જ બેભાન થઇ ગયા અને સ્થળ પર જ કેન્સલ થઇ ગયા. એમનું કરજ ચૂકવ્યા પછી ધનબાઈના ખોળામાં ઓગણીસસો રૂપિયા આવ્યા. એમાંથી એ વળી સમેતશિખરજીની જાત્રા કરી કરી આવ્યા.

પણ એ પછી તરત જ હીરજીભાઈના સંગ્રહણીના રોગે માઝા મૂકી. એમને કે.ઇ.એમ. હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ને ત્યાં જ એ અવસાન પામ્યા.

ધનબાઈના પરિવારમાં કોઈ રહ્યું નહીં. પુત્રી કાંતા થોડા સમય અગાઉ જ ગુજરી ગઈ હતી. એની પુત્રી નલીની હતી.

નોકરી પણ ગઈ. હવે શું કરવું? મિલમાંથી હોલસેલના ભાવે લોકવર્ણ વાપરે તેવું કાપડ ધનબાઈ લાવવા માંડ્યા અને ફેરી કરનારી બહેનોને સવા છ ટકા કમિશન ચડાવીને દેવા માંડ્યા. આમ ગાડું ચલાવ્યું.

પાંચ હજારનું કરજ કરીને પછી તો એમણે દોહિત્રી નલીનીને પણ એમણે જાતે પસંદ કરેલા છોકરા સાથે પરણાવી.

પછી સાવ એકલવાયા થઈ ગયા. પણ જિંદગીમાં નવો વળાંક આવ્યો ને ત્યારે જ ગાંધીજી એમને ક્યાં યાદ આવ્યા? ને એમની જિંદગી કઈ દિશામાં કેવી રીતે ફંટાઈ?

★

જિંદગીની આ ચડઉતર દરમ્યાન હુબલીમાં એકવાર જાનકીદેવી બજાજનો પરિચય થયો હતો. પણ એ ગાઢ બને તે પહેલા જ છૂટાં પડી જવાનું બન્યું હતું. ધનબાઈ જ્યારે સાવ એકલવાયા થઈ ગયા, ત્યારે જાનકીબાઈ એમને સ્મરણે ચડ્યા. તરત ઘરને તાળું મારીને ધનબાઈ વર્ધા ઊપડ્યાં ને એમના બંગલે પહોંચ્યા. ત્યાં તો એ દિલ્હી જવાની તૈયારીમાં પડ્યા હતા. ધનબાઈને જોઈને એ ભેટી જ પડ્યા અને ખબર-અંતર પૂછ્યા. ધનબાઈ શું બોલે? ધીરે ધીરે વાત કરી કે પાંચ હજારના કરજમાં કેવી રીતે ડૂબ્યા!

જાનકીદેવી બોલ્યા : 'એ બધો જ ઇલાજ પછી થઈ રહેશે. હાલ તો તમને એક સારા સમાચાર આપવાના કે સામે ચાલીને અખિલ ભારત ભૂદાન પદયાત્રાનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કર્યું છે. એમાં તમામ પદયાત્રીઓની સારસંભાળ લેવા, માંદા પડે તો સંભાળ રાખવા અને એમની નાની નાની જરૂરતોનું ધ્યાન રાખવા કોઈ પીઢ બહેનની જરૂર હતી. તમે મને એ માટે તરત યાદ આવ્યા. ને જુઓ આ પત્ર...' એમણે એક બંધ કવર કાઢીને બતાવ્યું ને બોલ્યા : 'આ મેં તમને લખીને પોસ્ટ કરવા જ સાથે લીધું છે, ને તમે સામે જ આવી મળ્યા! અદ્‌ભુત સંકેત છે. જોડાઈ જ જાઓ.'

ધનબાઈને ક્યાં કોઈની રજા લેવાની હતી? વિનોબાજીના સાંનિધ્યમાં આવો લહાવો ફરી ક્યારે મળવાનો હતો? એ તરત જ તૈયાર થઈ ગયા. લાગતું હતું કે જ્યાં નરકની સરહદ પૂરી થતી હતી ત્યાં જ સ્વર્ગ માટેની પ્રવેશરેખા શરૂ થતી હતી.

મુંબઈ આવી, ખાદીનાં બે જોડ કપડાં લઈને એ તરત જ વર્ધા પાછા ફર્યા. બિછાવવા માટે નાની શેતરંજી, કપડાં વીંટાળીને ઓશીકા તરીકે ઉપયોગમાં લઈ શકાય એવો ટુવાલ, પાણી પીવાનો ગ્લાસ અને ઓઢવા માટેની ચાદર, એક પેટીચરખો, આટલો સામાન જાતે ઉપાડીને ચાલવાનું અને સવારના પાંચથી ઊઠીને દિનચર્યા શરૂ થાય. નાસ્તામાં વળી ખજૂર ઉપરાંત દાળીયા, સીંગ, ચણા, બાફેલા ચણા કે સેવ-મમરા, રસ્તામાં ગામો આવે ત્યાં સફાઈ, માંદાની માવજત, સંડાસ, ગટરોની સફાઈ પણ કર્યે જતા.

એક દિવસ નારાયણ દેસાઈએ એમની રૂચિ પારખીને કહ્યું : 'ધનબાઈ, આ પારડી ગામ છે. ગુજરાતી ગામ. તમારે દસ મિનિટ વાર્તાલાપ આપવાનો છે!'

ધનબાઈએ પ્રથમ તો ભારે ગભરાટ અનુભવ્યો. આનાકાની પણ કરી. પછી મનોમન સાવ નાની વયમાં હાજરી આપેલી તે ગાંધીજીની સભા, એમની પ્રાર્થના અને આત્મતેજને યાદ કર્યા, ને મનમાં નવકાર મંત્રનો જાપ કરીને ભાષણ શરૂ કર્યું. દસ મિનિટ ક્યાં ગઈ તેની સૂધ ના રહી. ભાષણ પૂરું થયું ને તાળીઓના ગડગડાટ થયા ત્યારે સમજાયું કે એમનામાં આ શક્તિ પણ સુષુપ્ત રીતે પડી હતી.

પછી તો નારાયણ દેસાઈએ એમને રોજ ભાષણ આપવાની વિનંતી કરી. ભાષણની અવધિ દસ મિનિટમાંથી વધીને સવા કલાક સુધીની થઈ ગઈ. ને ધનબાઈની વાગ્ધારા અસ્ખલિત રીતે ચાલવા માંડી. ચાલી રહી.

પદયાત્રા બે માસ ચાલી અને ધનબાઈનું જીવન પલટાઈ ગયું. એમને ભજનો સ્ફુર્યા અને આ એ બધા જ એમણે ડાયરીમાં ટપકાવી લીધા. વિનોબાએ એમને એક વાર 'માતાજી' તરીકે સંબોધન કર્યું ત્યારથી એ સૌના માતાજી બની રહ્યા.

★

ધનબાઈની આ કથની હજુ વધુ લંબાય છે. ભજન કીર્તનથી માંડીને મુબઈ પરત આવીને નાલાસોપારામાં બાલમંદિર, સીવણ ક્લાસ અને અંબર ચરખાના વર્ગ સુધી.

પણ એ તો આખી એક નવલકથાની સામગ્રી છે.

પણ પ્રશ્ન એ છે કે આજે એક્યાસી વરસના થવા આવેલાં ધનબાઈ પગે ચાલીને લાંબું અંતર કાપીને, પગથિયાં ચડીને મારી વિનંતીથી મળવા આવ્યાં ત્યારે એમના ચહેરા ઉપર જીવનભરની વ્યથાને ઘોળીને પી ગયા હોય ને તેમ છતાં અમૃતનો ઓડકાર આવ્યો હોય તેમ નિખાલસ, નિર્દોષ સ્મિત હતું. આંખોની એમની તકલીફ મુંબઈના યુવાન પારસી ડૉક્ટર કેકી મહેતાએ નિવારી આપી હતી. એટલે વારંવાર ભારે આભારવશ થઈને તેમનું સ્મરણ કરતા રહ્યા. ચૌદેક જેટલાં પુસ્તકો એમણે લખ્યાં, પ્રગટ કર્યા અને સંખ્યાબંધ સંસ્થાઓમાં ભરચક મેદની વચ્ચે એમણે ધર્મ, અધ્યાત્મ અને જીવનને પ્રેરક એવા વિષયો પર પ્રવચનો આપ્યા. છતાં ચહેરા પર જરા પણ ભાર નહીં.

'માજી', મેં પૂછ્યું – 'ક્યાં રહો છો?'

એમનો મલકાટભર્યો જવાબ : 'ભાઈ, ધનલક્ષ્મી એચ. શાહ, એટલું શરીર નામ મારું પૂરતું નથી. માથે છાપરું પણ જોઈએ. છેલ્લા પચ્ચીસ વર્ષથી હું એક કચ્છી જૈન ટ્રસ્ટના મહિલા આશ્રમ નામે ભગિનીગૃહ, રૂમ નંબર ૩૦, ચોથા માળે, જૂના અનંતભવન, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈના સરનામે રહું છું. મારા જેવી તેર એકલવાયી બહેનો ત્યાં ઘર જેવી સગવડ સાથે જીવે છે.'

'એની કથા? મતલબ કે એ ભગિનીગૃહની કથા?' મેં પૂછ્યું.

'એ વળી ક્યારેક.' એમણે કહ્યું ને બિલકુલ તંદુરસ્ત લાગે એવી એક્યાસી વરસની કરચલીવાળી લાલી સાથે મલક્યા.

*(આ લેખ ૧૯૮૮માં લેવાયેલી મુલાકાતના આધારે લખાયો છે. હાલ ધનલક્ષ્મીબેનના કોઈ સમાચાર નથી પણ હવે એ પૃથ્વી પર હોય એવો સંભવ ઓછો છે.)*

***બી-૩, જી.એફ.-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,***
***જયમાલા ચોક, મણિનગર - ઇસનપુર રોડ,***
***અમદાવાદ-૩૮૦ ૦૫૦. મો. ૯૫૫૮૦ ૬૨૭૧૧***

---

## ગાજ્યા મેઘ વરસ્યા પણ ખરા

**(અનુસંધાન : પાના નં. – ૪૩ ઉપરથી ચાલુ)**

સહિત ભારતના અનેક ક્રાંતિકારીઓએ જ્યાં દેશને આઝાદી અપાવવાની પ્રવૃત્તિઓ કરતા હતા, તે 'ઇન્ડિયા હાઉસ'ની પ્રતિકૃતિ એટલે ક્રાંતિ તીર્થ. આ લખનારે શ્યામજી કૃષ્ણવર્માનું માંડવી શહેરમાં આવેલ ઓરીજીનલ ઘર પણ જોયેલું છે.

- બનારસનું કાશી વિશ્વનાથ મંદિર કોરીડોર.
- ઉજ્જૈનનું 'કાલભૈરવ કાલ' - કોરીડોર.
- ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનના રેલવે ટ્રેક પર બંધાયેલ દેશની એકમાત્ર સેવન સ્ટાર હોટેલ 'હોટલ લીલા વેન્ચર.'
- અમદાવાદનું દુનિયાનું સૌથી મોટું સ્ટેડિયમ – 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ.'

★

કેટલાક લોકો વિકાસ માટે થતા વૃક્ષ છેદનનો વિરોધ કરે છે પરંતુ વિશ્વ પ્રસિદ્ધ અદ્‌ભુત અને અકલ્પનીય ઉપરોક્ત એક પણ પ્રોજેક્ટ જરૂરી વૃક્ષ છેદન સિવાય શક્ય બની શકત?!!

વૃક્ષ છેદનનો વિરોધ કરનારાઓને આ લખનારની નમ્ર વિનંતી છે કે વિકાસ માટે એકદમ જરૂરી હોય તેવા વૃક્ષ છેદનનો વિરોધ કરે નહીં અને ઉલટાનું કોઈ પણ પ્રકારે યોગદાન આપે. વિરોધ કરવાનું બંધ કરીને પણ ખિસકોલી ટાઈપનું યોગદાન આપી શકાય!

અમૃત મહોત્સવની ઉજવણી દરમ્યાન બે કામ પણ કરવા જેવા છે. જે સિનિયર સિટીઝન કાઉન્સિલ કે બીજી કોઈ સ્વૈચ્છિક સંસ્થા કરી શકે.

રસ્તામાં રખડતા ઢોર તેમજ રસ્તામાં પડતા 'ખાડા-ભુવા' (આ ભુવા પોતે ધૂણતા નથી પણ લોકોને ધૂણાવે છે!). એ બે પ્રોબ્લેમ્સ બધા જ લોકોને માટે ઘણી જ મુશ્કેલી ઊભી કરે છે. જો આ બંને પ્રોબ્લેમ્સને આઈ.આઈ.ટી. જેવી સંસ્થાના કોઈ વિદ્યાર્થીને સોંપી દઈએ તો ચોક્કસપણે પરિણામ મળે. તો તેને આઝાદીના અમૃત મહોત્સવની ઉપલબ્ધિ ગણી શકાય.

★

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી દરમ્યાન જગ્યાએ જગ્યાએ વૃક્ષારોપણ થઈ રહ્યા છે ત્યારે અમારા ફેમિલીના એક મેમ્બરે પણ અમારા કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કર્યું – 'અશોક વૃક્ષ'નું. અમે વિચાર કર્યો કે જ્યારે આ વૃક્ષ મોટું થશે ત્યારે તેની નીચે સીતાજીની લાઈફ સાઈઝની મૂર્તિ પ્રસ્થાપિત કરીશું અને અમારા રેસિડેન્સનું નામ પણ બદલી નાખીશું!

રેસિડેન્સનું નામ 'વ્હાઈટ હાઉસ'માંથી કરી નાખીશું – 'સીતાયણ!'

ત્યારે ફરીથી વરસાદ તૂટી પડ્યો છે! – ગાજવીજ સાથે!

આને કહેવાય 'ગાજ્યા મેઘ વરસ્યા પણ ખરા!' ■

# પપ્પા, તમારા ગયા પછી....

અજય સોની

'પરિમલ સોસાયટી.'

આટલું બોલતા તો રશ્મિનું હૈયું ભરાઈ આવ્યું. કેટલા વખતે આ નામ હોઠે આવ્યું. રીક્ષામાં બેગ ગોઠવી પછી પોતે બેઠી. દુપટ્ટાથી કપાળ પરનો પરસેવો લૂછી નિરાંતનો શ્વાસ છોડ્યો. ત્રણ વરસ પછી આ શહેરમાં આવવાનું બન્યું હતું. રશ્મિના મનમાં જુદો જ રોમાંચ ઉછાળા મારતો હતો. બહાર પસાર થતાં પરીચિત દૃશ્યો મનમાં ઉથલ-પાથલ મચાવી રહ્યા હતા. કેટકેટલું એકસામટું ભીતરથી બહાર આવવા મથતું હતું. જાણે કશુંક આ ક્ષણની રાહ જોઈ રહ્યું હોય. આમ પણ લગ્ન પછી આ શહેર હંમેશાં માટે છૂટી ગયું હતું. ક્યારેક આવવાનું થતું ત્યારે પણ પાછા જવાનું ન ગમતું. આછો ખટકો પણ હતો કે આટલે દૂર લગ્ન શા માટે કર્યા. બે-ત્રણ વરસે માંડ આવવા મળે. સાત વરસ થયા લગ્નને, હજી સુદી માંડ ચારેકવાર આવી હતી. છેલ્લી તો... ઉપરથી આનંદની જોબ એવી કે રજાઓ મળે નહીં. કારણ વિના રશ્મિ આવવાનું ટાળતી જ. આ વખતે તો નક્કી કરેલું કે ગમે તે થાય, જવું જ છે. રસ્તામાં સતત એ જ વિચારો આવતા હતા. ઘર, શહેર, સ્કૂલ, મિત્રો બધું યાદ આવતું હતું. રશ્મિને પણ નવાઈ લાગી કે આ બધું જે ભૂલાઈ ગયું હતું એ એકાએક ક્યાંથી મન પર ચડી આવ્યું. પરંતુ રશ્મિના મનમાં ઘણું બધું અકબંધ સચવાયેલું હતું. અને તેણે મુસાફરી દરમ્યાન એ વાગોળ્યા કર્યું હતું. આ શહેરના રસ્તાઓ, પોતે પગ તળે ખુંદતી એ ગલીઓ, ઊંચા જૂના મેડીબંધ મકાનો, પોતાની સ્કૂલ, જેના ઘરે વારંવાર જતી એ બંગાલી છોકરીનું ઘર, જ્યાં ફરવા જવું બહુ ગમતું એ તળાવ, બાળપણથી યુવાની સુધી રહી હતી એ જૂનું ઘર, ઘરનો નાનકડો બગીચો, પપ્પા અને...

પપ્પાના મૃત્યુને ત્રણ વરસ થઈ ગયા હતા. લગ્ન પછી પણ રશ્મિની પપ્પા સાથે નિયમિત વાતો થતી. છેલ્લે વૉટ્સઍપમાં વિડીયોચેટ અને ફોટાઓની આપ-લે થી એવું લાગતું કે સાવ પાસે જ બેઠા છે. નવો છોડ વાવે તો ફોટો પાડીને મૂકતા. રશ્મિ પણ કાંઈ નવું ખરીદે તો વાત કરતી. પહેલેથી બંને વચ્ચે સ્નેહસંબંધ હતો. રશ્મિની વિદાય વખતે રશ્મિ પપ્પાને વળગીને ખૂબ રડેલી. જ્યારે પપ્પા એકપણ આંસુ સારી નહોતા શક્યા. છેવટ સુધી અડગ રહેલા પપ્પા તે પછી એક અઠવાડિયા સુધી સ્ટડી રૂમમાંથી બહાર નહોતા નીકળ્યા. હજુ પણ માનવામાં નથી આવતું કે પપ્પા હવે નથી રહ્યા. મોડી રાત્રે ભાઈનો ફોન આવેલો કે, "પપ્પા નથી રહ્યા." રશ્મિ સોફા પર જ ફસડાઈ પડી હતી. આશ્વાસન આપી રહેલો આનંદ જાણે બીજી જ કોઈ વ્યક્તિ હોય તેવું લાગતું હતું. રડી પણ નહોતું શકાતું. પપ્પા નથી રહ્યા એ વાત કેમેય માનવામાં આવતી ન હતી. આનંદે કેટલાય ફોન કર્યા પછી માંડ એક ટેક્ષીવાળાએ હા પાડેલી. આખી રાત આનંદ સમજાવતો રહ્યો કે થોડો આરામ કરી લે. ઊંઘ ન આવે તો પણ આંખો બંધ કરી નાખ. પણ આંખ બંધ કરતાની સાથે પપ્પા યાદ આવતા હતા. એમનો શાલિન ચહેરો અને નિખાલસ સ્મિત આંખ પાસે તરવરતું હતું. સવારે સાત વાગે પહોંચ્યા ત્યારે બધા એમની જ રાહ જોતા હતા. નીચે સૂતેલા પપ્પા પણ...

રશ્મિએ હળવો શ્વાસ છોડ્યો. રીક્ષા ખાડામાં પછડાઈ અને ફરી ધીમી ગતિએ આગળ વધી. આટલા સમય પછી ઘરે જવાનો ઉત્સાહ મનમાં સમાતો ન હતો. આ વખતે તો પંદર-વીસ દિવસ રોકાવાનું નક્કી કરેલું. પપ્પાના ગયા પછી માની બહુ ચિંતા થતી હતી. મા હવે એકલી થઈ ગઈ છે એ જાણીને રશ્મિ મનોમન દુ:ખી થતી હતી. જીવ ખેંચાતો હતો. મા સાથે ફોન પર વાતો થતી. ક્યારેક વળી ભાઈ વૉટ્સઍપમાં ફોટા મૂકતા. એનું સૂનું કપાળ અને મ્લાન ચહેરો જોઈ રશ્મિ રડી પડતી. પપ્પાના ગયા પછી મમ્મી સાવ ભાંગી પડી હતી. એ આઘાતમાંથી બહાર આવતાં એને ઘણો સમય લાગેલો. રશ્મિ ફોન પરથી આશ્વાસન આપતી. એ પોતે પણ સમજતી હતી કે એના શબ્દો બોદા લાગવાના છે. એકવાર મમ્મી બોલેલી કે, "બેટા, તારા ભાઈ-ભાભી અહીં છે તો સારું છે, નહિંતર હું જીવી ન શકત." આ સાંભળીને રશ્મિ સાવ ઢીલી પડી ગઈ હતી. મમ્મી એકલી નથી એ વાતે સારું લાગતું હતું. પણ રશ્મિને અંદરથી એ વાત ખોતરી રહી હતી કે જેટલી ફરજ ભાઈ-ભાભીની છે તેટલી જ ફરજ મમ્મીને સાચવવાની પોતાની પણ છે. તે દિવસે રશ્મિ આખો દિવસ ઉદાસ રહી હતી. પહેલીવાર મમ્મીથી આટલા દૂર હોવાનું દુ:ખ સમજાઈ રહ્યું હતું. રાતે આનંદે કહેલું કે થોડા દિવસ ફરી આવ. પણ રશ્મિ જાણતી હતી કે પોતે ત્યાં જશે તો અહીં આનંદ હેરાન થઈ જશે. એમને બહારનું જમવાનું જરાયે નથી ફાવતું અને જોબનું એટલું પ્રેશર હતું કે પોતે છુટ્ટી લઈ શકે તેમ ન

હતો. મોડી રાત્રે મમ્મીને ફોન કરેલો. વાતવાતમાં રશ્મિએ કહેલું પણ ખરું કે, 'હું થોડા દિવસ ત્યાં આવવાનું વિચારું છું. તને સારું રહેશે. પણ આનંદની જોબ...' સામે મમ્મીનો જવાબ સાંભળી રશ્મિ ઘડીક સ્તબ્ધ થઈ ગયેલી. "રહેવા દે રશ્મિ, આટલે દૂરથી ધક્કો ખાવાની શી જરૂર છે? ભાઈ-ભાભી છે ને, જે ગયું છે એ પાછું નથી આવવાનું. ધીરે ધીરે મન માની જશે." પછી મમ્મીએ ભજન મંડળીમાં જવાનું શરૂ કરેલું છે અને મોરારિબાપુની કથાની વાતો કરતી હતી. પણ રશ્મિને લગીરે રસ નહોતો પડતો. એનું મન ભારે થઈ ગયું હતું.

સોસાયટીના ગેટ પાસેથી પસાર થઈ રીક્ષા અંદર પ્રવેશી. ચારેતરફ ફરતી નજરે ઘણું બધું અંકે કરી લીધું. કેટલાય મકાનો રંગાઈને નવા બની ગયા હતા. ખાલી પ્લોટની જગ્યાએ રૂપાળા મકાનો ઊગી નીકળ્યા હતા. એ મનોમન ઘરની કલ્પના કરવા લાગી. નવા ઘરને ખાસ્સા આઠ-દસ વરસ થયા હતા. મમ્મી અને ભાઈ તો ના જ પાડતા હતા પણ પપ્પાએ જીદ કરીને સ્ટડીરૂમ બનાવડાવ્યો હતો. બાપ-દીકરીને વાંચવાનો બહુ શોખ હતો. રશ્મિનો મોટાભાગનો સમય એ રૂમમાં પસાર થતો. આનંદ સાથે સગાઈ થઈ તે પછી તો રાત્રે એકલી રૂમમાં સૂઈ રહેતી. રાત્રે મોડે સુધી ફોન પર વાતો થતી. રાતના આકાશને તાક્યા કરવું રશ્મિને બહુ ગમતું. ઠંડી હવાની લહેરખી આવતી અને આનંદ તીવ્રપણે યાદ આવતો. ઘરના આગળના ભાગમાં નાનકડો બગીચો બનાવેલો. પપ્પાની આરામ ખુરશી ત્યાં જ રહેતી. ફુરસદની ક્ષણોમાં પપ્પા ત્યાં બેસી રહેતા. સાંજ પડ્યે બાપ-દીકરી ફુલ છોડની કાળજી લેવામાં વ્યસ્ત થઈ જતા. બંને વચ્ચે ગજબનું બોન્ડિંગ હતું. ઘણીવાર કોઈ વાતે બંને એક થઈ જતાં અને મમ્મી એકલી પડી જતી. ત્યારે મમ્મી વ્યંગમાં બોલતી, 'એકવાર સાસરે જવા દો. પછી બધી ખબર પડી જશે. ત્યાં ગયા પછી અહીંનું કશું યાદ નહીં રહે.'

રશ્મિ ઉતાવળી થતી રીક્ષામાંથી સુટકેસ લઈ પૈસા ચૂકવી ગેટ પાસે જવા દોડી. આંગણામાં ઊભેલી કાર જોઈને ઘડીક આનંદ થયો. ત્યાં જ આસપાસ નજર દોડાવી પણ નજરને ધક્કો લાગ્યો. બગીચો, આરામ ખુરશી, ફૂલ, છોડ, ઘાસ ક્યાં ગયું બધું? આછો અણગમો એની નજરમાં આવી ગયો. ત્રાંસી નજરે કાર તરફ જોઈ રહી. હળવેકથી ગેટ ખોલી અંદર આવી. મમ્મીને ફોન કરીને આવવાના સમય વિશે જાણ કરી દીધેલી. કદાચ આજે બપોરે સૂતી પણ નહીં હોય. સવારથી સત્તર વાર ભાભીને પૂછપૂછ કર્યા કરતી હશે કે ક્યારે આવશે રશ્મિ...?

બે-ત્રણવાર ડોરબેલ વગાડી ત્યારે ભાભીએ દરવાજો ખોલ્યો. એમના ચહેરા પર બપોરના ઊંઘની સુસ્તી હતી. વાળ વિખરાયેલા હતા. અજાણ્યાની જેમ એકચોટ રશ્મિને જોઈ રહ્યા. જાણે ભૂલી ગયા હોય અથવા ચહેરો યાદ કરવાનો પ્રયત્ન કરતા હોય એમ થોડીવારે એમના મોઢામાંથી દબાયેલો અવાજ નીકળ્યો, 'આવો રશ્મિબેન.'

વજનદાર બેગ પરાણે ઊંચકતી હોય તેમ એ અંદર આવી. ઉતાવળી નજર ઘડીકમાં તો બધે ફરી વળી. ડ્રોઈંગરૂમમાં કશુંયે પરીચિત ન હતું. પોતે આ ઘરમાં રહી છે એવી એકેય નિશાની દેખાતી ન હતી. બધી જગ્યાએ અજાણ્યાપણું છતું થતું હતું. દીવાલો તો એ જ હતી પણ અંદરની હવા જાણે બંધિયારપણાનો ભાવ પેદા કરતી હતી. દીવાલો પર પોતાને ન ગમતો પીસ્તા કલર હતો. સોફા તો એ જ હતા પણ એના વ્હાઈટ કવર સાવ અલગ પડી જતા હતા. રશ્મિ રૂમની વચ્ચોવચ્ચ થાંભલાની જેમ ખોડાઈ ગઈ. ભાભી પાણીનો ગ્લાસ લઈ આવ્યા. એકી શ્વાસે પાણી ગટગટાવી ગઈ. પછી ઊંડો શ્વાસ છોડ્યો. હોઠ પર હાથ ફેરવતી સામેની દીવાલ પર લાગેલી ફોટો ફ્રેમને જોઈ રહી. જેમાં પોતાના ફોટા હતા ત્યાં ભાઈ-ભાભીના ફોટા લાગી ગયા હતા. પપ્પાના જન્મદિવસે ખાસ મોકલાવેલું બુક આકારનું દીવાલ ઘડીયાળ ક્યાંય દેખાતું ન હતું.

'ભાઈ ઓફિસે ગયા છે?'

'હા, હમણાંથી એમને બહુ કામ રહે છે. તમારા માટે ચા બનાવું કે કોફી...?' ભાભીએ સપાટ સ્વરે પૂછ્યું. રશ્મિ ભાભી સામે જોઈ રહી.

'તમને તો ખબર છે, હું ક્યાં ચા પીઉં છું?' રશ્મિના અવાજમાં અજાણતા જ ઉદાસી ભળી ગઈ.

'તમે આવ્યા તેને ઘણો વખત થઈ ગયો ને... હવે તમારી પસંદ યાદ નથી રહી. અમે ઘરમાં કોઈ કોફી નથી પીતા. ક્યારેક મહેમાન આવે ત્યારે...' ભાભીનો અવાજ ધીમો પડી ગયો. એ આછું હસીને રસોડામાં ચાલ્યા ગયા. રશ્મિ સ્થિર નજરે એમને જતાં જોઈ રહી. ઊભા રહેવું કે બેસવું એ વિચારમાં રશ્મિ ત્યાં જ ખોડાયેલી રહી. મમ્મી કદાચ સૂતી હશે નહિંતર પોતાનો અવાજ સાંભળીને તરત બહાર આવી હોય. એને વરસોથી બપોરે ઊંઘવાની ટેવ છે. પણ આજે તો એને ખબર છે કે હું આવવાની છું, તો પણ નિરાંતે સૂઈ ગઈ. રશ્મિએ બેગ સોફા પાસે રાખી. પરાણે પગને સ્ટડીરૂમ બાજુ વાળ્યા. ત્યાં પહોંચતા સુધીમાં તો કેટલુંયે યાદ આવી ગયું. પપ્પાની સ્મૃતિ તાજી થઈ ગઈ. આ જ સ્ટડી રૂમમાં એક સાંજે પપ્પાએ પૂછેલું, 'આનંદ ગમે છે...?' અને રશ્મિ શરમાઈને પપ્પાને વળગી પડેલી. પપ્પા હળવા હાથે વાંસો પસવારતા રહ્યા હતા. એ પછી બંનેમાંથી એકેયને કશું કહેવાની જરૂર રહી ન હતી. એકાએક રશ્મિને પપ્પાનો વિચાર આવેલો અને એ રડી પડેલી.

અજાણી જગ્યાએ જતી હોય એમ ડરતાં ડરતાં રશ્મિએ સ્ટડી રૂમનો દરવાજો ખોલ્યો. જાણે દરવાજો ખોલતા જ ભેખડો એની

ઉપર આવી પડશે. અંદર જતાં જ હોઠ પરસ્પર ભીડાઈ ગયા. સામેની દીવાલ પર ભાભીનું પોસ્ટર હતું. રશ્મિ અંદર આવીને અટકી ગઈ. નજર પલંગની ચોળાયેલી બેડસીટના સળ ઉકેલવા મથી રહી હતી. ઘડી બે ઘડીમાં ચારેબાજુ નજર ફેરવી લીધી. રૂમની હવામાં તેજાબ હોય એમ અંદર લાહ્ય બળતી હતી. શ્વાસ રૂંધાવા લાગ્યો. જાણે ધરતી ધ્રુજી રહી હોય તેવું લાગ્યું. દીવાલનો ટેકો લઈ એ ઊભી રહી. પોતે અને પપ્પા જે રૂમમાં કલાકો સુધી બેસતા, વાતો કરતા, જ્યાં જીવનની મુગ્ધ ક્ષણો માણી હતી, ત્યાં હવે ઘણું બધું બદલાઈ ગયું હતું. જાણે પપ્પા નથી એની સાથે આ ઘરમાંથી ઘણું બધું ચાલ્યું ગયું છે. જ્યારથી અહીં આવવાનો વિચાર કર્યો છે, ત્યારથી મનમાં છલકાતો હરખ એકાએક તળીયે જઈ બેઠો. ચહેરા પર થાક ઊતરી આવ્યો. રશ્મિની નજર બારીની બહાર ગઈ. પોતે રહેતી હતી ત્યારે બારીમાંથી ખેતરનો લીલો પટ્ટો દેખાતો. રાતે ચાંદનીમાં લહેરાતો પાક જોઈને એ કોઈ બીજી જ દુનિયામાં વિહરવા જઈ ચડતી. તેની જગ્યાએ અત્યારે હાઈવે રસ્તો દેખાય છે. વાહનોની ઘરઘરાટી સાવ પાસે આવીને જાણે ડરાવી રહી છે.

'લ્યો કોફી.'

ભાભી પાછળથી આવીને રશ્મિની બાજુમાં ઊભા રહી ગયા. રશ્મિએ એકાએક ભાભી બાજુ જોયું. કોફીનો કપ હાથમાં લેતાં એની આંખો ઘડીક પહોળી થઈ ગઈ. એ ભાભીની સામે સૂચક નજરે જોઈ રહી.

'ભાભી, આ…' રશ્મિ આગળ બોલી ન શકી. એનો હાથ બધું બયાન કરતો હતો.

'પપ્પાના ગયા પછી આ રૂમ આમેય ખાલી રહેતો હતો. એટલે અમે રીનોવેટ કરીને બેડરૂમ બનાવી નાખ્યો. અને અમારા રૂમમાં મમ્મી રહે છે. મંદિર પણ એ જ રૂમમાં રખાવ્યું છે. પહેલા આ રૂમ રોકાઈ રહેતો એટલે ઘણી તકલીફ રહેતી. હવે સારું રહે છે. હમણાં ઘરમાં ઘણા ચેન્જીસ કરાવ્યા.'

રશ્મિ એક ઘુંટથી વધુ કોફી ન પી શકી. કપ બાજુ પર મૂકતાં અચાનક યાદ આવ્યું.

'અહીંનો બધો સામાન? પુસ્તકો અને…' રશ્મિના હોઠે શબ્દો ચડતા ન હતા.

'એ બધું પબ્લિક લાઈબ્રેરીમાં આપી દીધું. મમ્મી જ રીક્ષા કરીને બધું આપી આવ્યા હતા.'

'મારી ડાયરી પણ…' રશ્મિ વાક્ય પૂરું ન કરી શકી. એ ઝડપથી રૂમની બહાર નીકળી ગઈ. એને લાગ્યું હવે વધારે વાર અહીં નહીં ઊભી શકાય. ત્યાં જ પાછળથી ભાભીનો અવાજ આવ્યો.

'મમ્મી સૂતા છે. હમણાંથી એમને બ્લડપ્રેશરની તકલીફ રહે છે. બપોરની ઊંઘ બગડે તો એમની તબિયત સારી નથી રહેતી. તમે અહીં આરામ કરો.'

રશ્મિ ભાભીને પોતાના સ્ટડી રૂમમાં જતાં જોઈ રહી. અવઢવમાં ઉપડતા એના પગ ખૂણામાં પડેલી સુટકેસ સાથે અટકાયા અને રશ્મિ નીચે ઢળી પડી. આંખમાંથી આંસુ ખરીને સુટકેસના હેન્ડલ પર પડ્યા. પાછળથી દરવાજો બંધ થવાનો અવાજ આવ્યો. એને મમ્મીના રૂમમાં જવું હતું પણ પગ ઊપડતા ન હતા.

*પ્લોટ નં. ૯૯/એ, રામનગર, અંજાર-૩૭૦ ૧૧૦ (કચ્છ).*
*મો. ૯૦૩૩૮ ૪૩૮૦૫, ૯૯૭૯૬ ૧૦૪૦૭*

## હવે યાદગાર ઇનિંગ રમવી છે

ડિફેન્સિવ રમી ૫૫-૬૦ પૂરા કર્યા,
હવે ખભા ઉંચકવા છે.
ચોક્કા છક્કા મારવા છે,
હવે જ ખરી મજા છે.

તનથી થાક્યો છું જરા
મનથી હાર્યો જરાય નથી.
હવે બમણા ઉમંગથી રમવું છે,
હવે જ ખરી મજા છે.

ઈન્જરી, સ્લેજિંગ, ખોટી અપીલો,
કેટલું બધું સહન કર્યું!
હવે આ બધું ગણકારવું નથી,
હવે જ ખરી મજા છે.

આઉટ થવું મંજૂર છે,
રીટાયર્ડ હર્ટ થવું નથી.
ખુમારીથી રમ્યો છું, ખુમારીથી રમવું છે,
હવે જ ખરી મજા છે.

સેન્ચુરી ભલે ના થાય,
૭૦-૮૦માં આઉટ ભલે થવાય;
બાકીની ઈનિંગ મસ્તીથી રમવી છે,
હવે જ ખરી મજા છે.

ટીમને જીતવા જોઈતા રન કરી લીધા,
બાકીનું હવે ટીમ પર છોડી;
મારે મારી રીતે રમવું છે,
હવે જ ખરી મજા છે.

સામે ઉભેલો પાર્ટનર
છેલ્લે સુધી સાથ આપે…
તો એક યાદગાર ઈનિંગ રમવી છે,
હવે જ ખરી મજા છે.

# શબ્દોની માયાજાળ

વૈદ્ય સેન્ડી ઠક્કર

*આપણા સમાજમાં એકબીજાને મૂર્ખ બનાવવાના અનેક કિસ્સા બન્યા છે. આવા જ એક કિસ્સા ઉપરની વાત અહીં પ્રસ્તુત કરી છે. ધૂર્ત વિચાર ધરાવતી વ્યક્તિ ખુદ કેવી રીતે મૂર્ખ બને છે તે બાબત અહીં રજૂ કરી છે.*

બપોરના બાર વાગ્યા હતા. શહેરના જ્યુબિલી સર્કલ પાસે લોકોની ભીડ એકઠી થઈ ગઈ. સર્કલ પર રહેલ ટ્રાફિક પોલીસ પણ હવે વચ્ચે પડી હતી એટલી મોટી મગજમારી અહીં થઈ હતી. જો કે વાત સાવ સામાન્ય હતી. ગુલેર તેની બાઈક પર ભુજ આવી રહ્યો હતો ને બરાબર જ્યુબિલી સર્કલ પાસે એક રીક્ષાને ઓવરટેક કરવા ગયો. તેને કોર્ટ તરફ જવું હતું પણ રીક્ષાવાળો જ અચાનક આડો પડ્યો અને સાઈડ દીધા વગર જ સીધો જમણી બાજુ વળી ગયો. એટલે ગુલેરને પણ અચાનક તેની બાઈક થોડી આડી લેવી પડી. નહિંતર તે રીક્ષા સાથે અથડાઈ પડત. પણ ત્યાં તો તે સાઈકલ પર સીધા જતા સનથ નામક આધેડ સાથે અથડાયો અને પેલા ભાઈ નીચે પટકાઈ પડ્યા અને તેમની પાટલુન થોડી ફાટી ગઈ.

બસ, એ ભાઇનો પિત્તો ગયો અને તેઓ ગુલેર સાથે ઝઘડી પડ્યા. તેનો હાથ પકડી કહ્યું, 'જાય છે ક્યાં...? તારા લીધે મારી પેન્ટ ફાટી ગઈ. ચાલ રૂપિયા આપ!'

ગુલેરે સમજાવ્યું કે તેનો કોઈ વાંક નથી. પેલો રીક્ષાવાળો જ આડો ફાટ્યો અને હવે ગાયબ થઈ ગયો. પણ સનથભાઈ તો ગુલેરને નડી પડ્યા. એમની પેન્ટ તો તેના લીધે જ ફાટી છે એટલે એ રૂપિયા તો આપે જ. આ માથાકુટમાં ટ્રાફિક જામ થઈ રહ્યો હતો. લોકો પણ એકત્રિત થઈ ગયા હતા અને આ પબ્લિકમાં વળી કોક દોઢ ડાહ્યું પણ હોય જ ને... એકે સનથનો સાથ આપતાં ગુલેરને કહ્યું, 'આ ભાઈ સાચા છે. ગુનો તમારો છે. તમારે એને રૂપિયા આપવા જ પડે.'

તો વળી કોઈકે ગુલેરને સમજાવતાં કહ્યું, 'આ સનથભાઈ છે. આનો આ જ ધંધો છે. હાલતે લોકો સાથે મગજમારી કરે છે અને નાહક કજીયો વધારી પોતાનું ધાર્યું કરી જાય છે. તમે ખોટા પરેશાન થશો. એટલે ચૂપચાપ એને રૂપિયા આપી દો.' ગુલેરને મોડું થતું જ હતું એટલે વાત ટાળવા છેવટે પૂછ્યું કે કેટલા રૂપિયા છે તમારી આ ફાટેલી પેન્ટના? તો સનથે આંખો નચાવતા કહી દીધું, 'પૂરા એક હજાર રૂપિયા.'

ગુલેરે પર્સમાંથી રૂપિયા પાંચસોની બે નોટ કાઢીને આપી દીધી. સનથભાઈ તો ખુશ થઈ ઉઠ્યા અને મનોમન બડબડ્યા કે ફરી આજે તેમની કરામત કામ કરી ગઈ! કાયમ તેઓ પોતાની કરામતની માયાજાળમાં લોકોને ફસાવતા હોય છે, ને આજે...! અને આમેય તેમની પાટલુન થોડી ફાટેલી તો હતી જ અને જૂની પણ. જેના હજાર રૂપિયા તેમને મળી ગયા. આમ તેઓ ખુશ થતાં સાઈકલ લઈ ચાલતા થયા કે હવે ગુલેરે એમને ટોકતા કહ્યું, 'થોભો, ભાઈ, થોભો...! જાવ છો ક્યાં? આ પેન્ટના હજાર રૂપિયા તમને આપ્યા છે મેં એટલે આ પેન્ટ મને આપતા જાવ!'

સનથની આંખો પહોળી થઈ ગઈ. આ શું?

હવે ગુલેરે સનથનો હાથ પકડી કહ્યું, 'આ પેન્ટ મને આપી દો. હવે એ મારી છે.' તો આ તમાશો જોતાં લોકો પણ આશ્ચર્યચકિત થઈ ઉઠ્યા. હવે પોલીસ પણ આવી ગઈ હતી. વાત જાણી એકે કહ્યું, 'વાત સાચી છે ભાઈ. તમને રૂપિયા હજાર એમણે આપ્યા તમારી ફાટેલી પેન્ટના. તો તમારી પેન્ટ હવે એમની થઈ કહેવાય! તમે એમને પેન્ટ આપી દો.' આ સાંભળી સનથભાઈ મૂંઝાઈ ગયા. કહ્યું, 'પેન્ટ એમને આપી દઉં તો હું ભરબજારે ઉઘાડો થઈ જાઉં. પછી ઘરે કેમ પહોંચવું?'

ગુલેરે કહ્યું, 'એ તમારો પ્રશ્ન છે ભાઈ! મારે એ વાતથી શું મતલબ? મારે તો આ પેન્ટ જોઈએ. એ હવે મારી થઈ ગઈ. એ મને આપી દો.'

વાત વધી ગઈ. છેવટે સનથભાઈએ હાથ જોડી કહ્યું, 'ભાઈ! તમે તમારા હજાર રૂપિયા પાછા લઈ લો. હું મારી ફાટેલી પાટલુનથી જ ઘરે જઈશ.'

તો ગુલેરે કહ્યું, 'તો તમે કબૂલ કરો છો કે તમારી પેન્ટ હવે મારી થઈ?'

સનથે કહ્યું, 'હા ભાઈ, કબૂલ કરું છું.'

ગુલેરે કહ્યું, 'જો તમે પેન્ટ આપતા નથી તો હું તમને આ પેન્ટ સાથે એક શરતે જવા દઉં.'

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૧ ઉપર)**

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### HCLના શિવ નાડર ભારતીય દાનવીરોમાં ટોપ પર. રોજ રૂા. ૩ કરોડનું દાન કરે છે. હુરુન લીસ્ટમાં વિપ્રોના પ્રેમજી બીજા નંબર પર પહોંચ્યા

ભારતની સૌથી મોટા દાનવીરોનું લીસ્ટ તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૨ ગુરૂવારના રોજ જાહેર થયું છે. એડલગિવ હુરુન ઇન્ડિયા ફિલૈન્થ્રપી લીસ્ટ ૨૦૨૨ અનુસાર HCL ના ફાઉન્ડર શિવ નાડર સૌથી વધુ દાન આપનાર અરબોપતિના લીસ્ટમાં પ્રથમ નંબરે આવી ગયા છે. તો વિપ્રો કંપનીના ફાઉન્ડર અઝીમ પ્રેમજી ખસીને બીજા નંબરે પહોંચી ગયા છે.

શિવ નાડરે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૧,૧૬૧ કરોડ રૂપિયાનું દાન કર્યું. જે પ્રતિદિન ૧.૩૨ કરોડ રૂપિયા થાય છે.

૧. **શિવ નાડર એન્ડ ફેમિલી :** એચ.સી.એલ. ટેકનોલોજીસના ફાઉન્ડર - ચેરમેન શિવ નાડર એન્ડ ફેમિલી લીસ્ટમાં પ્રથમ નંબર પર છે. નાડરે એજ્યુકેશન ક્ષેત્રમાં ૧૧૬૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.

૨. **અઝીમ પ્રેમજી :** ૪૮૪ કરોડ રૂપિયાનું ડોનેશન સાથે અઝીમ પ્રેમજી લીસ્ટમાં બીજા નંબર પર છે. પાછલા વર્ષની તુલનાએ અઝીમ પ્રેમજીના ડોનેશનમાં ૯૫%નો ઘટાડો થયો છે. અઝીમ પ્રેમજી ફાઉન્ડેશને એજ્યુકેશન ક્ષેત્રમાં ૪૮૪ કરોડનું દાન આપ્યું હતું. ગયા વર્ષે તેમણે ૯૭૧૩ કરોડ રૂપિયા ડોનેશન આપ્યું હતું.

૩. **મુકેશ અંબાણી એન્ડ ફેમિલી :** રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી આ લીસ્ટમાં ત્રીજા નંબર પર છે. અંબાણીએ પણ એજ્યુકેશન ક્ષેત્રમાં ૪૧૧ કરોડ રૂપિયા દાન આપ્યા.

૪. **કુમાર મંગલમ બિરલા એન્ડ ફેમિલી :** કુમાર મંગલમ બિરલા એન્ડ ફેમિલીએ ૨૪૨ કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું. તેઓ આ લીસ્ટમાં ચોથા નંબર પર છે. આદિત્ય બિરલા ગ્રુપે હેલ્થકેર સેક્ટરમાં આ ડોનેશન આપ્યું.

૫. **સુસ્મિતા અને સુબ્રતો બાગચી :** આઈ.ટી. કંપની માઈન્ડ ટ્રીનાં સુસ્મિતા અને સુબ્રતો બાગચી પાંચમા નંબરે છે. તેમણે હેલ્થકેર સેક્ટરમાં ૨૧૩ કરોડ રૂપિયા ડોનેટ કર્યા.

૬. **રાધા અને એન.એસ. પાર્થસારથી :** માઈન્ડ ટ્રીના રાધા અને એન.એસ. પાર્થસારથી છઠ્ઠા નંબર પર છે. તેમણે હેલ્થકેર સેક્ટરમાં ૨૧૩ કરોડ રૂપિયા ડોનેટ કર્યા છે.

૭. **ગૌતમ અદાણી એન્ડ ફેમિલી :** ગૌતમ અદાણીએ ૧૯૦ કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું અને તેઓ આ લીસ્ટમાં ૭મા નંબર પર છે. અદાણી ફાઉન્ડેશને ડિઝાસ્ટર રીલીફ ફંડમાં આ પૈસા દાન કર્યા છે.

એડલગિવ ફાઉન્ડેશને આ રીપોર્ટ તૈયાર કરવા માટે હુરુન ઇન્ડિયાની સાથે પાર્ટનરશીપ કરી છે. રીપોર્ટથી ન કેવળ દાન આપનારાની જાણકારી મળે છે, બલકે એ પણ જાણવા મળે છે કે દાન કયા સેક્ટરમાં આપવામાં આવ્યું છે. આ રીપોર્ટને તૈયાર કરવાનો હેતુ સોશિયલ સેક્ટરની સ્ટ્રેન્થ અને તે ક્ષેત્રોને ફોકસમાં લાવવાનો છે, જ્યાં ગ્રોથની જરૂર છે.

*(તા. ૧૮-૧૦-૨૦૨૨)*

### દેશમાં દિવાળીની ઉજવણી

★ ભારત અને વિશ્વના ઘણા દેશોમાં ૨૪ ઓક્ટોબરે દિવાળી ઉજવવામાં આવી. આ તહેવારને લઇને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવાળી નિમિત્તે બજારોમાં ભારે રોનક જોવા મળી હતી. જ્યારે અગાઉનાં વર્ષોની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરહદ પર જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી.

★ પી.એમ. મોદીએ કારગિલમાં જવાનોને મીઠાઈ ખવડાવીને દિવાળીની ઉજવણી કરી હતી. દિવાળીના એક દિવસ પહેલા એટલે કે રવિવારે મુંબઈમાં ગીરગામ ચોપાટી પર બનેલો એફિલ ટાવર રોશનીથી ઝગમગી ઉઠ્યો હતો.

★ કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિરમાં માતાનાં દર્શન માટે લાંબી કતારો જોવા મળી હતી. સોમવારે મુંબઇના ઘાટકોપરમાં દિવાળીના તહેવાર નિમિત્તે ઝૂંપડપટ્ટીનો વિસ્તાર ઝળહળી ઉઠ્યો. ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર

બી.એસ.એફ.ના એક જવાને રવિવારે દીવાઓ પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી.

*(તા. ૨૪-૧૦-૨૦૨૨)*

## પવિત્ર ગુફા સુધી માર્ગ બની રહ્યો છે અમરનાથ યાત્રા સરળ બનશે...

### હિમવર્ષા પહેલા મહત્તમ કામગીરી પૂરી કરવાનો પ્રયાસ

આગામી વર્ષથી અમરનાથ યાત્રાનો માર્ગ વધુ સરળ બનશે. બાલતાલથી પવિત્ર ગુફાને જોડતા માર્ગ પર કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મહત્ત્વપૂર્ણ એ છે કે હવે આ પ્રોજેક્ટની કમાન બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (BRO) એ સંભાળી છે. ત્યારબાદ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બી.આર.ઓ. હિમવર્ષ પહેલા જ માર્ગનું કામ પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આગામી વર્ષ સુધી પ્રોજેક્ટને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. બી.આર.ઓ. કુશળ કામદારો તેમજ આધુનિક મશીનરીથી આ કામગીરી કરે છે. અગાઉ ટેકનોલોજી અને સંસાધનોની અછતને કારણે કામ ધીમું ચાલતું. ત્યારબાદ જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રે સપ્ટેમ્બરમાં માર્ગના વિકાસ, સાચવણી અને વહીવટનું કામ બી.આર.ઓ.ને સોંપ્યું. સંગઠને પ્રોજેક્ટને પડકાર તરીકે સ્વીકાર્યો અને ૨૯ સપ્ટેમ્બરના રોજ કામ શરૂ કર્યું. બાલતાલ અને પવિત્ર ગુફા વચ્ચેનું અંતર અંદાજે ૧૩.૨ કિ.મી. છે. વચ્ચે ડોમેલ, બરારી અને સંગમ આવે છે. બાલતાલથી ડોમેલ ૨.૭૫ કિ.મી. આગળ છે. અહીં પહાડો અને ખીણ છે, જે તેને વધુ ખતરનાક બનાવે છે.

હવે આ ભાગ વર્લ્ડક્લાસ બનશે તેમજ યાત્રા વધુ સુરક્ષિત તથા આનંદદાયક બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત માર્ગને વધુ પહોળો કરવો, સાંકડી જગ્યા અને ઢાળવાળા સ્થળની સાચવણી, ખતરનાક સ્થળોના રસ્તાને નવું રૂપ આપવું, લપસી જવાય તેવા સ્થળોએ વધુ યોગ્ય બનાવવાનું કામ સામેલ છે. અત્યાર સુધી ૩.૮ કિ.મી.ના ભાગનું કટીંગ થઈ ચૂક્યું છે. ડોજર, રોક બ્રેકર વગેરે પણ સામેલ છે. અધિકારીઓના અનુસાર ડોમેલથી આગળ આવા ભારે ઉપકરણો તેમજ મશીનરીનો પહેલા ક્યારેય ઉપયોગ કરાયો નથી.

ટ્રેક બની ગયા બાદ શ્રદ્ધાળુઓ એક દિવસથી પણ ઓછા સમયમાં આધાર શિબિર પર પરત ફરી શકશે. જો કે એક દિવસમાં પરત ફરવું આજે પણ સંભવ છે. પરંતુ ખરાબ હવામાન તેમજ ભૂસ્ખલનના ખતરાને કારણે તે સંભવ થઈ શકતું નથી.

અત્યારે બેટરી વાહન ડોમેલ સુધી જઈ શકે છે. આગળ માર્ગ જોખમભર્યો છે. જો બધું જ યોજના મુજબ પાર પડશે તો બેટરી સંચાલિત વાહનો ડોમેલથી આગળ જઈ શકશે.

*(તા. ૨૮-૧૦-૨૦૨૨)*

## વિશ્વની સૌથી ઊંચી શિવ પ્રતિમા લોકોને સમર્પિત

રાજસ્થાનના નાથદ્વારામાં વિશ્વની સૌથી ઊંચી શિવ પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ બિલીફ’ સામાન્ય લોકો માટે સમર્પિત કરવામાં આવી છે. શનિવારે સાંજે ૪ વાગે કથાવાચક મોરારી બાપુના હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાપુની સાથે CM ગેહલોત, યોગગુરૂ બાબા રામદેવ પણ હાજર રહ્યા હતા. બાબા રામદેવે આ અવસરે કપાલભાતી કર્યું હતું.

આ દરમ્યાન મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે, શિલાન્યાસ પણ આપણે લોકોએ મળીને કર્યો હતો. ૯ દિવસ રામકથા ચાલશે. આપણે ઇચ્છીએ છીએ કે રાજ્યમાં શાંતિ બનેલી રહે. રાજસ્થાનમાં ધાર્મિક ટુરિઝમ પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ૧૦ વર્ષમાં શાનદાર મૂર્તિ બનીને તૈયાર થઈ ગઈ છે.

આ દરમ્યાન CM ગેહલોતે કહ્યું કે, મોરારીબાપુને વિનંતી છે કે મદન પાલીવાલને ગુટખાનો ધંધો બંધ કરવા માટે કહે. મારા કહેવા પર તો નહીં પરંતુ તમારા કહેવા પર માની જશે. સરકાર આમાં સંપૂર્ણ મદદ કરશે.

પ્રતિમાની સામે મોરારી બાપુની કથાનો પંડાલ બનાવવામાં આવ્યો છે. મોરારી બાપુની આ ૯૦૬મી કથા હશે. અહીંથી હનુમાન ચાલીસા સાથે સી.એમ. અને બાપુએ શિવ પ્રતિમાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પંડાલમાં શિવ પ્રતિમાની પ્રતિકૃતિ પણ તૈયાર કરવામાં આવી છે. આ પ્રતિમાનું નિર્માણ તત્ પદમ ઉપવન સંસ્થાન નાથદ્વારાના ટ્રસ્ટી મદન પાલીવાલ દ્વારા કરવામાં આવ્યું છે. આ એકમાત્ર એવી શિવ પ્રતિમા છે, જેમાં ૪ લીફ્ટ સાથે તેની ઊંચાઈ સુધી જવા માટે ૭૦૦ પગથિયા બનાવવામાં આવ્યા છે. આ પ્રતિમા ૫૧ વીઘા પરિસરમાં તૈયાર કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ પ્રતિમા ૨૦ કિ.મી. દૂરથી પણ જોઈ શકાય છે.

આ મહોત્સવમાં ભાગ લેવા માટે યુ.કે., યુ.એસ., ફ્રાન્સ, જર્મની અને ઓસ્ટ્રેલિયા સહિતના અન્ય દેશોમાંથી પણ ભક્તો અહીં દર્શન કરવા પહોંચ્યા છે.

આ પ્રતિમા પર ૩૫૧ ફૂટથી જળાભિષેક પણ કરી શકાય છે. જો કે આ માટે અલગથી મંજૂરીની જરૂર પડશે. ભક્તો માટે અલગ અલગ ઊંચાઈઓથી દર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૭૦થી ૨૮૦ ફૂટની ઊંચાઈ પર જવા માટે ગ્લાસ બ્રિજ બનાવવામાં આવ્યો છે. વિશ્વ સ્વરૂપમ... આ વિશ્વની સૌથી ઊંચી શિવજીની પ્રતિમા છે. ઊંચાઈ : ૩૬૯ ફૂટ.

*(તા. ૨૮-૧૦-૨૦૨૨)*

***એવું કહેવામાં આવે છે કે પૈસા રાખજો – ખરાબ સમયમાં કામ આવશે.***
***હું કહું છું સારા લોકો રાખજો – ખરાબ સમય જ નહીં આવે.***

## સફેદ રણમાં મળશે જી-૨૦ની આંતરરાષ્ટ્રીય સમીટ

**ડિસેમ્બર ૨૦૨૨થી ૨૦૨૩ સુધીનું એક વર્ષનું પ્રમુખપદ આ વખતે ભારત પાસે ● વર્ષ દરમ્યાન યોજનારી ૨૦૦થી વધુ બેઠકો મોટાભાગે પ્રવાસન/હેરીટેજ સ્થળોએ મળશે**

કચ્છના રણ સિવાય આ બેઠકો કર્ણાટકના હમ્પીના મંદિરો, મધ્ય પ્રદેશના ખજુરાહો સહિતના હેરીટેજ સ્થળોએ પણ મળશે. જો કે આ બાબતે હજી સત્તાવાર ફોડ પાડવામાં આવ્યો નથી.

G20 નેતાઓની અંતિમ વાર્ષિક સમિટ નવી દિલ્હીમાં ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ રાજ્ય સરકારના વડાઓની હાજરીમાં મળશે. G20 અથવા ગ્રુપ ઓફ ટ્વેન્ટી – એ વિશ્વની મુખ્ય વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓનું આંતર-સરકારી મંચ છે. તેમાં ૧૯ દેશો – આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, કોરિયા પ્રજાસત્તાક, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, યુ.કે., યુ.એસ.એ. અને યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં ખાસ કરીને ગ્લોબલ મેક્રોઇકોનોમિક પોલિસી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સિંગ, ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ આર્કિટેક્ચર, સસ્ટેનેબલ ફાઇનાન્સ, ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન, હેલ્થ ફાઇનાન્સ, ઇન્ટરનેશનલ ટેક્સેશન, ફાઇનાન્સિયલ સેક્ટર રીફોર્મ્સ, ભ્રષ્ટાચાર વિરોધી, કૃષિ, સંસ્કૃતિ, વિકાસ, ડિજિટલ અર્થતંત્ર, રોજગાર, પર્યાવરણ અને આબોહવા, શિક્ષણ, ઊર્જા સંક્રમણ, આરોગ્ય, વેપાર અને રોકાણ, પ્રવાસન અને ખાનગી ક્ષેત્ર / નાગરિક સમાજ / સ્વતંત્રતા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થાય તેવું જાણવા મળ્યું છે.

*(તા. ૨૯-૧૦-૨૦૨૨)*

## ખાંડની નિકાસ પર આગામી આદેશ સુધી પ્રતિબંધ

**દેશમાં મોંઘવારીને અંકુશમાં લેવા માટે કેન્દ્રએ લીધેલો નિર્ણય. ઇન્ડોનેશિયા - મલેશિયા અને દુબઇ સૌથી મોટા ખરીદદારો**

સરકારે ખાંડની નિકાસ પરનો પ્રતિબંધ ઓક્ટોબર ૨૦૨૩ સુધી લંબાવ્યો છે. અગાઉ આ પ્રતિબંધ ૧ જૂન, ૨૦૨૨થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી મૂકવામાં આવ્યો હતો. જે હવે લંબાવવામાં આવ્યો છે. ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉત્પાદક અને બ્રાઝીલ પછી બીજા નંબરનો સૌથી મોટો નિકાસકાર દેશ છે. તેના ટોચના ગ્રાહકોમાં બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, મલેશિયા અને દુબઇનો સમાવેશ થાય છે.

છેલ્લા વર્ષોમાં દેશમાંથી મોટા પ્રમાણમાં ખાંડની નિકાસ કરવામાં આવી છે. ગયા વર્ષે ૬૦ LMT (લાખ મેટ્રીક ટન) સુધી ખાંડની નિકાસ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો. પરંતુ ૭૦ LMT ખાંડની રેકોર્ડબ્રેક નિકાસ કરવામાં આવી હતી.

ખાંડની નિકાસ મર્યાદિત કરવાની સરકારની યોજના ખૂબ જ સાવચેતી ધરાવતી છે. એવું એટલા માટે કે ખાંડનો પુરવઠો વિશાળ પ્રમાણમાં છે. ઇન્ડિયન સુગર મિલ્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, ભારતમાં આ સીઝનમાં ૩૫ મિલિયન ટન ઉત્પાદન અને ૨૫ મિલિયન ટન વપરાશ થવાની શક્યતા છે. ગત સીઝનમાં લગભગ ૮.૨ મિલિયન ટનના ભંડાર સહિત ૧૬ મિલિયનની સરપ્લસ હતી.

*(તા. ૦૧-૧૧-૨૦૨૨)*

## ગુજરાત સહિતના સરહદી રાજ્યોમાં કેન્દ્ર સરકાર વસતી ગણતરી કરાવશે

દેશની સુરક્ષા એજન્સીઓ આંતરરાષ્ટ્રીય સરહદો નજીકના વિસ્તારોમાં રહેતા તમામ નાગરિકોનો ડેટા ભેગો કરવા સરવે કરાવવા જઈ રહી છે. આ શરૂઆત રાજસ્થાનથી થશે. આ તમામ માહિતી કેન્દ્રિય સ્તરે ભેગી થશે. સરહદી ગામોમાંથી સૈન્ય મુવમેન્ટ અને ગુપ્ત માહિતી લીક થયા પછી આ નિર્ણય લેવાયો છે.

સુરક્ષા એજન્સીઓની માંગ પર કેન્દ્ર સરકારે ૨૦૨૦માં આવો જ એક સર્વે પશ્ચિમ બંગાળના મુસ્લિમ બહુમતી વિસ્તારોમાં કરાવ્યો હતો. જો કે, તે નાના સ્તરે હતો. તેમાં અનેક એવા તથ્યો સામે આવ્યા હતા, જે રાષ્ટ્રીય સુરક્ષાની દષ્ટિએ ખતરનાક સાબિત થઈ શકે એમ હતા. એટલે નિર્ણય લેવાયો છે કે હવે સરહદી વિસ્તારોમાં રહેતા તમામ નાગરિકોની પ્રોફાઈલ તૈયાર કરાશે.

આવા આરોપોથી બચવા કેન્દ્રએ તમામ રાજ્યના સરહદી વિસ્તારોનો સરવે કરવાનો નિર્ણય કર્યો છે. આ સરવેમાં સરહદથી ૫૦ કે ૧૦૦ કિ.મી. વિસ્તારમાં રહેતા તમામ ધર્મના લોકોને સામેલ કરાશે. નેપાળ, બાંગ્લાદેશ સરહદ નજીકના ક્ષેત્રોમાં મુસ્લિમ વસતી ૩૨% સુધી વધી ગયેલ છે.

ગુપ્તચર એજન્સીઓએ સરહદી વિસ્તારોમાં ફક્ત મુસ્લિમોની વસતી વધવાને ખતરનાક ગણાવ્યું છે. તેના આધારે બી.એસ.એફ.નો દાયરો ૧૦૦ કિ.મી. કરવાની ભલામણ કરાઈ હતી.

ઉત્તરપ્રદેશ અને આસામ આંતરરાષ્ટ્રીય સરહદ વહેંચતા જિલ્લામાં છેલ્લા દસ જ વર્ષમાં વસતીના સંતુલનમાં મોટું પરિવર્તન થયું છે. ગ્રામ પંચાયતોના રેકોર્ડના આધારે ઉત્તર પ્રદેશ અને આસામ પોલીસે કેન્દ્રને રીપોર્ટ મોકલ્યો હતો. આ બંને રીપોર્ટ પ્રમાણે સરહદ નજીકના જિલ્લામાં મુસ્લિમ વસતી ૨૦૧૧ની તુલનામાં ૩૨% સુધી વધી ગઈ છે. જ્યારે આખા દેશમાં આ પરિવર્તન ૧૦થી ૧૫% વચ્ચે છે. એટલે કે મુસ્લિમ વસતી

સામાન્યથી ૨૦% વધુ વધી છે.

ઉત્તર પ્રદેશના પાંચ સરહદી જિલ્લામાં એક હજારથી વધુ ગામ છે. તેમાં ૧૧૬ ગામમાં મુસ્લિમોની વસતી ૫૦%થી વધુ થઈ ચૂકી છે. જ્યારે ૩૦૩ ગામમાં મુસ્લિમોની વસતી ૩૦થી ૫૦%ની વચ્ચે થવા જાય છે. પોલીસ રીપોર્ટમાં એ તરફ પણ ઈશારો કરાયો છે કે સરહદી વિસ્તારોમાં ઘણા સમયથી ઘૂસણખોરી ચાલુ છે. બહારથી આવનારા મોટાભાગના મુસ્લિમ છે. સમયાંતરે આવા ગુપ્તચર અહેવાલ મળતા રહે છે. ગુજરાત સહિત રાજસ્થાન, પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામ સહિતનાં પૂર્વોત્તર રાજ્યોમાં પણ સરવે થશે.

સુરક્ષા એજન્સીઓનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજસ્થાનના સરહદી વિસ્તારો હાલ વધુ સંવેદનશીલ બન્યા છે. આગામી વર્ષે અહીં ચૂંટણીઓ યોજાશે. હાલમાં જ થયેલી સાંપ્રદાયીક ઘટનાઓને જોતાં ચૂંટણી વખતે વધુ સાવધ રહેવું જરૂરી છે. એટલે સૌથી પહેલા સરવે રાજસ્થાનમાં કરાવાશે.

રાજસ્થાનના સરહદી વિસ્તારોમાં વસતીનું અસંતુલન વધવાની વાત સૌથી પહેલાં ૨૦૧૮માં સામે આવી હતી. તેનું કારણ એ હતું કે, બીએસએફના રીપોર્ટમાં માલૂમ પડ્યું હતું કે, જેસલમેરમાં ૨૦૧૧ પછી મુસ્લિમ વસતી ૨૫% વધી છે. આ તથ્યો ચિંતા વધારનારા હતા કારણકે એ વિસ્તારોમાં બિન-મુસ્લિમોની વસતી ૧૦%થી વધુ ન હતી. રીપોર્ટ મુજબ અમુક ગામોમાં લોકો આરબ સંસ્કૃતિ અપનાવી રહ્યા છે. *(તા. ૦૧-૧૧-૨૦૨૨)*

## અમદાવાદમાં સ્વાશ્રયી મહિલા સેવા સંઘના સ્થાપક ઇલા ભટ્ટનું અવસાન..

અમદાવાદમાં સ્વાશ્રયી મહિલા સેવા સંઘના સ્થાપક ઇલા ભટ્ટનું અવસાન થયું છે. આ સાથે જ લાખો મહિલાઓને સ્વાશ્રયી બનાવી તેમના જીવનમાં આશા અને ઉન્નતિની જ્યોત જગાવનારો જીવનદીપ બુઝાઈ ગયો છે.

ઈલા ભટ્ટના પુત્ર મિહિર ભટ્ટે જણાવ્યું હતું કે, તેમને અંતિમ સમય સુધી તેમની શ્રમજીવી બહેનો અને લોકોની ચિંતા હતી. બેરોજગારી અંગે પણ તેઓએ છેલ્લી ઘડી સુધી ચિંતા કરી હતી. તેમને એક બે નહીં પરંતુ ૨૦ લાખ બહેનોની વિગત છે અને માત્ર અમદાવાદ અને ગુજરાત જ નહીં, દેશના અન્ય રાજ્યો અને વિદેશોમાં પણ બહેનો છે.

સેવા સ્થાપક ઈલા ભટ્ટના અવસાન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું છે.

૧૯૭૭માં ઈલા ભટ્ટ રેમન મેગ્સેસે ઍવૉર્ડ મેળવનરા પ્રથમ ગુજરાતી મહિલા હતા. ૧૯૮૬માં તેમને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

*(તા. ૦૨-૧૧-૨૦૨૨)*

## ઇશા અંબાણીએ ટ્વિન્સને જન્મ આપ્યો

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની દીકરી ઈશા અંબાણીએ ટ્વિન્સ બાળકોને જન્મ આપ્યો છે. પરિવારે દીકરીનું નામ આદ્યા અને દીકરાનું નામ ક્રિષ્ના પાડ્યું છે. બાળકો અને ઈશાની તબિયત સારી હોવાનું પરિવારે જણાવ્યું છે. નીતા અને મુકેશ અંબાણીની દીકરી અને સ્વાતિ-અજય પીરામલના પુત્ર આનંદના ઘરે પારણું બંધાયું છે.

મુકેશ અને નીતા અંબાણીની સાથે ઈશા અંબાણીના પતિ આનંદ પીરામલના માતા-પિતા અજય અને સ્વાતિ પીરામલ દ્વારા જારી કરાયેલ સંયુક્ત મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ જોડિયા બાળકોના આગમનની જાહેરાત કરતા અત્યંત ખુશ છે અને તેઓ બધા ખૂબ જ ખુશ છે. લોકોના આશીર્વાદ અને શ્રેષ્ઠતાની રાહ જોઈ રહ્યા છીએ. આ તેમના જીવનનો સૌથી મહત્ત્વપૂર્ણ તબક્કો છે.

વર્ષ ૨૦૧૮માં થયા હતા ઈશા-આનંદ પીરામલના લગ્ન.

વર્ષ ૨૦૧૮માં ઈશા અંબાણીના લગ્ન હેલ્થકેર બિઝનેસ ગ્રુપ પીરામલના માલીક અજય પીરામલના દીકરા આનંદ પીરામલ સાથે થયા હતા. તેમના લગ્ન દેશના સૌથી મોંઘા લગ્નોમાં નોંધાયા હતા. તેમાં બોલીવુડ અને દેશની મોટાભાગની સેલિબ્રિટીએ હાજરી આપી હતી.

*(તા. ૧૯-૧૧-૨૦૨૨)*

## ચૂંટણી... અવનવું...

### MBA કર્યું છતાં નોકરી ન મળી, બિલ્ડરે ઘર ન આપ્યું કલેક્ટરનું ધ્યાન ખેંચતા હવે ચૂંટણીમાં મચાવે છે ધૂમ

ચૂંટણીપંચ દ્વારા મતદાનની તૈયારીઓથી લઈ મતદાન માટેની જાગૃતિ અંગે પણ અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. આ વખતે ચૂંટણીપંચે રાજકોટ જિલ્લાની આઠેય સીટ પર એક નવતર પ્રયોગ કર્યો છે. ચૂંટણીપંચ દ્વારા આ વખતે રાગીણી પટેલને રાજકોટ જિલ્લાના વોટીંગ આઈકોન બનાવવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા ટ્રાન્સજેન્ડર સમુદાયના આધાર કાર્ડ તથા સર્ટીફિકેટ કાઢવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. એ દરમ્યાન રાગીણી પટેલ રાજકોટ જિલ્લા કલેક્ટરના સંપર્કમાં આવ્યા હતા. એ સમયે જિલ્લા કલેક્ટર ચૂંટણી અંગે યુનિક કેમ્પેઇન તૈયાર કરવા માંગતા હતા અને હું ખૂબ અતિ ઉત્સાહિત હતી કે, મતદાન જાગૃતિના આ કાર્યક્રમમાં જોડાઈને દેશના ભાવિમાં અમૂલ્ય ફાળો આપી શકાશે.

પરિવારે પણ સમય જતા આ વાત સ્વીકારી લીધી.

પોતાના સંઘર્ષ અંગે રાગીણી પટેલે કહ્યું કે, હું જન્મથી જ

ટ્રાન્સજેન્ડર હોવાથી મારે કોઈ સર્જરી કરાવવી પડી નથી. મારે તો LGBQT સમુદાયમાં સામેલ થવું હતું. પરંતુ પરિવાર અને સમાજને પોતાના ટ્રાન્સજેન્ડર બનવાના નિર્ણય અંગે સમજાવવા માટે કપરો સંઘર્ષ કરવો પડ્યો હતો. શરૂઆતમાં પરિવાર સાથે અનેકવાર ઘર્ષણ થયું હતું. પરંતુ સમય જતાં પરિવારે એ વાત સ્વીકારી લીધી હતી કે રાગીણી પટેલ ટ્રાન્સજેન્ડર છે.

રાગીણી પટેલે MBA સુધીનો અભ્યાસ કર્યો છે, છતાં સમાજ હજુ સુધી આ વાતને સ્વીકારવા તૈયાર નથી. તેમનો સંઘર્ષ આજે પણ યથાવત છે. તાજેતરમાં એક કિસ્સા અંગે તેમણે જણાવ્યું હતું કે, રાજકોટના પૉશ વિસ્તારમાં તેમને ઘર ખરીદવું હતું. આ માટે તેમણે બિલ્ડરનો સંપર્ક કર્યો તો બિલ્ડર દ્વારા પણ એવો નીરસ જવાબ આપવામાં આવ્યો હતો કે અમે ટ્રાન્સજેન્ડરને મકાન આપતા નથી અને આપીએ તો આસપાસના લોકો વિરોધ કરે છે.

આ મુદ્દે રાગીણી પટેલે કહ્યું હતું કે, લોકોને ટ્રાન્સજેન્ડર સમુદાય પાસેથી આશીર્વાદ અને દુઆ જોઈએ છે પરંતુ દુનિયા ટ્રાન્સજેન્ડર સમાજના વિકાસ માટે કંઈ પણ કરવા માંગતી નથી.

મોટી કંપનીઓમાં અરજી કરી પણ નોકરી ન મળી :

MBA પૂર્ણ કર્યા બાદ રાગીણી પટેલે મોટી મોટી કંપનીઓમાં નોકરી માટે અરજી કરી હતી. પરંતુ આ કંપનીઓ દ્વારા પણ માત્ર ને માત્ર તેઓ ટ્રાન્સજેન્ડર છે એ મુદ્દાને ધ્યાને લઇને તેમની અરજીનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

અમારા પણ સપનાઓ હોય કે અમે પણ અમારી ઈચ્છા અનુસારની નોકરી કરીએ. પરંતુ જે સ્થળ પર અમને નોકરી મળે છે ત્યાં સહકર્મીઓ દ્વારા અમને સહયોગ મળતો નથી. એ લોકો એવી પરિસ્થિતિ ઊભી કરે છે કે અમારે ત્યાંથી રાજીનામું આપી દેવું પડે અને જ્યાં અમે કામ કરવા ઈચ્છીએ છીએ ત્યાં માત્ર ને માત્ર ટ્રાન્સજેન્ડર સમુદાયને ધ્યાને લેવામાં આવે છે, નહીં કે મારી ડિગ્રી, મારો અભ્યાસ કે મારો અનુભવ.

રાગીણી પટેલ પોતાના સમાજના ઉત્થાન માટે કાર્ય કરવા માંગે છે. આ અંગે તેમણે કહ્યું કે સામાન્ય નાગરિકની જેમ તેમને પણ નોકરી મળે અને તેમનું જીવન પણ સામાન્ય હોય. મારા આવા પ્રયત્નોથી સમાજમાં એટલો તો બદલાવ આવ્યો છે કે થોડી ઘણી ફાઈનાન્સિયલ કંપનીઓએ એવી છૂટ આપી છે કે તેમના સ્ટાફમાં પાંચ ટકા જેટલા ટ્રાન્સજેન્ડરને નોકરી આપવામાં આવશે. પરંતુ સમાજમાં જોઈએ તેવું પરિવર્તન હજુ સુધી નથી આવ્યું. આજે પણ હું મારા ઘરની શેરીમાંથી પસાર થઉં છે ત્યારે આસપાસના લોકો મને કિન્નર કહીને સંબોધે છે અને એવા શબ્દોનો પ્રયોગ કરે છે કે જે સાંભળીને કાનમાંથી કીડા ખરી જાય. પરંતુ આ સંસારનો નિયમ છે અને તેની સાથે જ અમારે ચાલવાનું છે.

પહેલા તો અમે લોકોને મતદાનનું મહત્ત્વ સમજાવીશું અને કોઈ હીન કોમેન્ટ કરે તો તેની પણ માનસિક તૈયારી છે.

મતદાન અંગેના તેમના કાર્ય અંગે રાગીણી પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકોને મતદાનનું મહત્ત્વ સમજાવીને મતદાન કરવા માટે અપીલ કરીશ. એ માટે કોઈ પણ જાતની લાલચ કે ખોટા લોભ આપીને નહીં પરંતુ દેશના વિકાસમાં સહભાગી થવાની મહત્ત્વની વાત રજૂ કરીને મતદાનની અપીલ કરીશ. રાગીણી પટેલ જેતપુરના ઇલેક્શન આઈકોન છે એ જ રીત રાજકોટ અને બરોડામાંથી પણ ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકોની પસંદગી કરવામાં આવી છે. તેઓ ટ્રાફિક પોઇન્ટ પર મતદાન અંગે જાગૃતિ ફેલાવવા ઊભા રહે તો લોકો પણ તેમને સાંભળવા માટે થંભી જાય છે.

*(તા. ૨૧-૧૧-૨૦૨૨)*

# વિદેશના સમાચાર

## ઇમરાન ૫ વર્ષ સુધી ચૂંટણી નહીં લડી શકે

### સંસદનું સભ્યપદ પણ ગયું. ચૂંટણી પંચની ઓફિસ બહાર ઇમરાનના સમર્થકોએ કર્યું ફાયરીંગ

તોશખાના ગીફ્ટ કેસમાં પાકિસ્તાનના ચૂંટણી પંચે શુક્રવારે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને પાંચ વર્ષ માટે અયોગ્ય ઠેરવ્યા છે. ચૂંટણી પંચે કહ્યું હતું કે ઈમરાનની સંસદની સદસ્યતા પણ રદ કરવામાં આવી છે. ચૂંટણી પંચના આ નિર્ણય બાદ ઈમરાન આગામી ૫ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં.

ઈમરાન વિરૂધ્ધ ચુકાદો આવ્યા બાદ ઈમરાનના સમર્થકોએ પાકિસ્તાન ઇ.સી.ની ઓફિસ બહાર પ્રદર્શન કર્યું. ઈમરાનના સમર્થકોએ અહીં તૈનાત સુરક્ષા જવાનોની સાથે મારામારી કરી. આ દરમ્યાન તેમને હટાવવા જતા સમર્થકોએ ફાયરીંગ પણ કર્યું.

વડાપ્રધાન રહેતા સમયે ઈમરાન ખાન પર વિપક્ષના સાંસદોએ ચૂંટણી પંચમાં આ મામલે ફરીયાદ કરી હતી. ઈમરાન પર આરોપ હતો કે તેમણે તોશખાનાની ગીફ્ટને સસ્તામાં ખરીદી અને વધુ ભાવમાં વેચી દીધી.

સત્તાધારી પાકિસ્તાની ડેમોક્રેટીક મુવમેન્ટે ચૂંટણીપંચ સમક્ષ તોશખાના ગીફ્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો. એવું કહેવાય છે કે ઈમરાને પોતાના કાર્યકાળ દરમ્યાન વિવિધ દેશોમાંથી મળેલી ભેટો મોકલી હતી. તેના વકીલે પણ સ્વીકાર્યું હતું કે ઈમરાને ૫.૮ કરોડ રૂપિયામાં ભેટ વેચી હતી. ઈન્કમટેક્સ રીટર્નમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વર્તમાન સરકારે કહ્યું હતું કે ઈમરાનને આરબ શાસકો પાસેથી અમૂલ્ય ભેટ મળી હતી, જે તેમણે વેચી દીધી હતી. એમાં મૂલ્યવાન ઘડિયાળો, જ્વેલરી અને ડિઝાઈનર બેગનો સમાવેશ થાય છે.

ઈમરાને જે ભેટો વેચી એમાં એક અમૂલ્ય ઘડિયાળ, એક જોડી કફલિંક, એક મોંઘી પેન, એક વીંટી અને ચાર રોલેક્સનો સમાવેશ થાય છે.

પાકિસ્તાનના જાણીતા પત્રકાર આલિયા શાહના અનુસાર, પાકિસ્તાનમાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ કે બીજા પદ પર રહેનારા લોકોને મળેલી ગીફ્ટની માહિતી નેશનલ આર્કાઈવને આપવાની હોય છે. તે તોશખાનામાં જમા કરાવવાના હોય છે. જો ગીફ્ટ ૧૦ હજાર પાકિસ્તાની રૂપિયાની કિંમતવાળી હોય છે તો તેને વગર કોઈ પૈસા ચૂકવ્યે તે સંબંધિત વ્યક્તિ રાખી શકે છે.

ઈમરાન ૨૦૧૮માં વડાપ્રધાન બન્યા હતા. તેમણે સાઉદી અરેબિયા સહિત ઘણા દેશોની મુલાકાત લીધી હતી. અહીં પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS)એ ઈમરાનને અમૂલ્ય કાંડા ઘડિયાળ ભેટમાં આપી હતી. આરોપ છે કે વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીએ તેમને જાણ કર્યા વિના કરોડો રૂપિયાની ભેટ વેચી દીધી હતી.

ઈમરાન સરકારમાં મંત્રી રહેલા ફવાદ ચૌધરીએ કહ્યું છે કે, તેમની પાર્ટી PTI ચૂંટણી પંચના આ નિર્ણયનો વિરોધ કરશે અને તેમના વિરૂધ્ધ હાઈકોર્ટમાં અપીલ કરશે.

*(તા. ૧૯-૧૦-૨૦૨૨)*

## દુનિયામાં દિવાળીની ઉજવણી

**ઋષિ સુનકે ઘરની બહાર દીવા પ્રગટાવ્યા, એફિલ ટાવર ઝળહળ્યો. અમેરિકા, કેનેડા, લંડન, જાપાન, પેરિસમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી.**

★ બ્રિટીશ ચાન્સેલર ઋષિ સુનકે તેમના ઘરની બહાર દીવાઓ પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી. પેરિસનો એફિલ ટાવર પણ રોશનીથી ઝળહળી ઉઠ્યો હતો.

★ કેનેડામાં પણ દિવાળી નિમિત્તે ભારે રોશની જોવા મળી હતી. અહીં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે. તેથી અહીં દિવાળી ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. ભારતમાં મ્યાનમારની એમ્બેસી ખાતે દિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

★ અમેરિકામાં પણ દિવાળીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને ફર્સ્ટ લેડી ડૉ. જીલ બાઈડને તેમના સત્તાવાર નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસ ખાતે ભારતીય - અમેરિકનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમ્યાન સમારોહમાં ભારતીય મૂળના લોકોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ પણ હાજર રહ્યા હતા.

★ લંડન ટ્રાફલગર સ્ક્વેરમાં દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. મલેશિયાની રાજધાની કુઆલાલમ્પુરમાં દિવાળી પર ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. જાપાનના ટોકિયોમાં ભારતીયોએ દિવાળી પર ફટાકડા ફોડ્યા. થાઈલેન્ડના બેંગકોકમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી હતી. અનેક જગ્યાએ સુંદર પંડાલ બનાવવામાં આવ્યા હતા.

★ શ્રીલંકામાં મોટી સંખ્યામાં લોકો દિવાળીની ઉજવણી કરે છે. કોલંબોના પોનમ્બલવનેશ્વરમ હિંદુ મંદિરમાં દિવાળીના અવસર પર લોકો દીવાઓ પ્રગટાવતા જોવા મળે છે.

★ કેનેડા સ્વામિનારાયણ મંદિરમાં આતશબાજી કરી દિવાળીની ધૂમ ઉજવણી : દુનિયાભરમાં દિવાળીની ધૂમ મચી હતી. વિદેશોમાં રહેતા ભારતીયોએ પણ ધામધૂમથી પ્રકાશ પર્વની ઉજવણી કરી હતી. ત્યારે ટોરેન્ટોના BAPS સ્વામિનારાયણ મંદિરને દિવાળી પર મંદિર પરિસર વિવિધ લાઈટ્સથી શણગારાતા ઝળહળી ઉઠ્યું હતું. તો દિવાળીની સાંજે આતશબાજીથી વતન જેવો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો તથા ગુજરાતી પરિવારો ઉમટી પડ્યા હતા. અમદાવાદ સહિત દેશ અને દુનિયાના તમામ BAPS ના મંદિરમાં દિવાળી નિમિત્તે રોશન કરી મંદિરો શણગારવામાં આવે છે.

*(તા. ૨૪-૧૦-૨૦૨૨)*

## બ્રિટનના પહેલા હિંદુ PM બન્યા ઋષિ સુનક

**નાયબ વડાપ્રધાન તરીકે ડોમિનિક રોબ, જેરેમી હન્ટ નાણાં મંત્રીના પદ પર યથાવત. બ્રિટનના બે સદીના ઇતિહાસમાં સૌથી યુવાન ભારતીય PM**

૪૨ વર્ષીય ભારતીય મૂળના ઋષિ સુનક બ્રિટનના નવા વડાપ્રધાન બની ગયા છે. આ પહેલા કિંગ ચાર્લ્સે તેમને નવી સરકાર બનાવવા માટે કહ્યું હતું. પરંપરા મુજબ સુનક પર્સનલ કારમાં બંકિંગહામ પેલેસ પહોંચ્યા હતા. અહીં તેમણે કિંગ ચાર્લ્સ સાથે મુલાકાત કરી હતી. કિંગે તેમને એપોઈન્ટમેન્ટ પત્ર સોંપ્યો હતો. કિંગ અને સુનકની મુલાકાત પેલેસના રૂમ નંબર ૧૮૪૪માં થઈ.

બંકિંગહામ પેલેસથી ઋષિ વડાપ્રધાનની ઓફિશિયલ કારમાં ઓફિશિયલ નિવાસ સ્થાને ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ પહોંચ્યા. અહીં તેમણે વડાપ્રધાન તરીકે દેશને પ્રથમ સંબોધન કર્યું હતું. આ દરમ્યાન તેમણે કહ્યું – દેશ આ સમયે મુશ્કેલીમાં છે. આપણે સાથે મળીને આનો સામનો કરવો પડશે.

સુનકે કહ્યું, 'હું હમણાં જ કિંગ સાથે મુલાકાત કરીને આવ્યો છું. તેમણે મને નવી સરકાર બનાવવા માટે કહ્યું છે. તમે જાણો છો કે આપણું અર્થતંત્ર અત્યારે મુશ્કેલ સ્થિતિમાં છે. કોવિડને કારણે પહેલાથી જ સમસ્યા હતી. પુતિને યુક્રેન પર હુમલો કરીને સ્થિતિ વધુ ખરાબ કરી છે.'

**૪૨ વર્ષીય સુનક બ્રિટનના પ્રથમ હિંદુ, પ્રથમ અશ્વેત**

**અને ૨૦૦ વર્ષમાં સૌથી નાની વયના વડાપ્રધાન તરીકે આજે શપથ લેશે.** મહત્ત્વની વાત એ છે કે યુ.કે.માં વર્ષ ૧૭૩૦માં PM પદની શરૂઆત થઈ હતી. ઉપરાંત, લીઝ ટ્રસે તેમના શાસનમાં ૫૦ દિવસ કરતાં ઓછા સમયમાં રાજીનામું આપ્યું. ત્યારબાદ સુનકે ૨૦૦ સાંસદોનું સમર્થન પ્રાપ્ત કર્યું છે. આ સાથે તેઓ યુ.કે.ના પ્રથમ ભારતીય વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. **સુનકની જીતનું એક મોટું કારણ તેમની બેન્કરની છાપ છે.** બ્રિટનમાં મોંઘવારી ચૂંટણીનો મહત્ત્વનો મુદ્દો રહ્યો હતો. બ્રિટનમાં આર્થિક અસ્થિરતા પણ રહી. ત્યાર પછી જોનસર સરકારન નાણામંત્રી રહી ચૂકેલા સુનક ઈકોનોમિક બેલઆઉટ પ્લાન લાવ્યા હતા. તે મિડલ ક્લાસ માટે મોટી ભેટ હતી અને લોકો વચ્ચે તેમની લોકપ્રિયતા વધી ગઈ.

**ઋષિ ભારતીય સોફ્ટવેર કંપની ઇન્ફોસીસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિના જમાઈ છે.** તેમના વડાપ્રધાન બનવા પર મૂર્તિએ કહ્યું, 'ઋષિને ખૂબ અભિનંદન. અમને તેમના પર ગર્વ છે અને તેમની સફળતાની કામના કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે તે બ્રિટનના લોકો માટે ઈમાનદારીથી કામ કરશે.'

**ઋષિ સુનકના માતા-પિતા પંજાબના રહેવાસી હતા. જેઓ વિદેશમાં સ્થાયી થયા હતા. સુનકનો જન્મ યુ.કે.ના હેમ્પશાયરમાં થયો હતો. ઋષિએ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. કર્યું છે. તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી રાજકારણ, ફિલસૂફી અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો.**

રાજનીતિમાં જોડાતા પહેલા ઋષિએ ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેશ અને હેજ ફંડમાં કામ કર્યું હતું. આ પછી તેમણે એક ઈન્વેસ્ટમેન્ટ ફર્મની પણ સ્થાપના કરી. તેમની માતા ફાર્માસિસ્ટ છે અને નેશનલ હેલ્થ સર્વિસમાં નોકરી કરે છે. સુનકના પિતા ઑક્સફર્ડ યુનિવર્સિટી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સ્નાતક છે.

**સુનક ઋષિ હિંદુ ધર્મને અનુસરે છે અને કૃષ્ણના ભક્ત છે.** તેમણે સાંસદ પદ માટે બ્રિટીશ સંસદ એટલે કે હાઉસ ઓફ કોમન્સમાં ભગવદ્ ગીતા પર હાથ રાખીને શપથ લીધા હતા. ઋષિએ કહ્યું છે કે ભગવદ્ ગીતા ઘણીવાર તેમને તણાવપૂર્ણ પરિસ્થિતિઓમાંથી બચાવે છે અને કર્તવ્યનું પાલન કરવાની પ્રેરણા આપે છે. *(તા. ૨૫-૧૦-૨૦૨૨)*

## સર્વોચ્ચ નાગરિક સન્માન : માઇક્રોસોફ્ટના સત્ય નડેલાને યુ.એસ.માં પદ્મભૂષણ એનાયત

### જાન્યુઆરી ૨૦૨૩માં નડેલા ભારત આવશે

**દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મભૂષણ એવોર્ડથી માઇક્રોસોફ્ટના સી.ઈ.ઓ. સત્યા નડેલાને સન્માનિત કરવામાં આવ્યા છે.** સેન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતના કોન્સ્યુલેટ નાગેન્દ્ર પ્રસાદે ગત અઠવાડિયે નડેલાને પદ્મભૂષણ ઍવોર્ડ અર્પણ કર્યો હતો.

**હૈદ્રાબાદમાં જન્મેલા નડેલાએ એવોર્ડ માટે ભારતનો આભાર વ્યક્ત કર્યો હતો** અને કહ્યું હતું કે આગામી દાયકો ટેકનોલોજીનો છે. તેઓ ભારતના લોકો સાથે મળીને ટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરવા માંગે છે. જેથી ભારતીયો ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધીને સિદ્ધિઓ મેળવી શકે.

**સત્ય નડેલાની આગામી જાન્યુઆરી ૨૦૨૩માં ભારત આવવાની પણ યોજના છે. આ પહેલાં ભારતીય મૂળના ગૂગલના સી.ઈ.ઓ. સુંદર પિચાઈને પણ પદ્મભૂષણ એવોર્ડ એનાયત કરાયો છે.** *(તા. ૨૫-૧૦-૨૦૨૨)*

## લુલા દા સિલ્વા બ્રાઝીલના નવા રાષ્ટ્રપતિ બનશે

### ૫૦.૯૦% મત મળ્યા. ચૂંટણી ક્ષેત્રમાં ભ્રષ્ટાચારનો અંત લાવવા અભિયાન શરૂ કર્યું હતું

લુલ્લા દા સિલ્વા લેટીન અમેરિકાના સૌથી મોટા દેશ બ્રાઝીલના નવા રાષ્ટ્રપતિ બનશે. તેમણે વર્તમાન રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારોને હરાવ્યા છે. તેઓ લેફ્ટ વર્કર્સ પાર્ટીના છે. મીડિયા રીપોર્ટ અનુસાર, ૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પદ સંભાળશે. ત્યાં સુધી બોલ્સોનારો કેરટેકર રાષ્ટ્રપતિ રહેશે. *(તા. ૨૭-૧૦-૨૦૨૨)*

## કાઢી મૂકેલાની કિંમત... અધિકારીઓ પર ૮૨૩ કરોડનો ખર્ચ કરશે ટ્વિટર

**વિશ્વના સૌથી અમીર વ્યક્તિ અને ટેસ્લાના માલીક એલન મસ્કે આખરે ગુરૂવારે ટ્વિટર ડીલને ફાઈનલ કરી દીધી છે. ટ્વિટર ખરીદ્યા પછી મસ્કે શુક્રવારે ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર** (CEO) પરાગ અગ્રવાલ, ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર (CFO) નેડ સેગલ અને લીગલ અફેર્સ એન્ડ પોલિસી ચીફ વિજયા ગડ્ડેને કંપનીમાંથી કાઢી મૂક્યા.

બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર ટ્વિટર ત્રણ અધિકારીઓને નુકસાની તરીકે કુલ ૧૦૦ મિલિયન ડોલર એટલે કે રૂપિયા ૮૨૩ કરોડનો ખર્ચ કરશે. તેમાંથી પરાગ અગ્રવાલને સૌથી વધુ ૫૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૪૧૨ કરોડ રૂપિયા મળશે. તે જ સમયે કંપની નેડ સેનેગલને ૩૭ મિલિયન ડોલર (રૂા. ૩૦૪ કરોડ) અને વિજયા ગડ્ડેને ૧૭ મિલિયન ડોલર (લગભગ ૧૪૦ કરોડ રૂપિયા) આપશે.

રીસર્ચ ફર્મ ઈક્વિલરે એપ્રિલમાં કહ્યું હતું કે જો અગ્રવાલને ટર્મિનેટ કરવામાં આવે તો તેમને ૪.૨ મિલિયન એટલે કે ૩૪૬

કરોડ રૂપિયા મળશે. ઈક્વિલરે આ ગણતરી તેમના મૂળ પગાર અને બાકીના ઈક્વિટી ઍવોર્ડના આધારે કરી હતી.

ધ વોશિંગ્ટન પોસ્ટના એક અહેવાલ મુજબ, મસ્કે તેમની ટ્વિટર ખરીદીમાં સંભવિત રોકાણકારોને કંપનીના ૭,૫૦૦ કર્મચારીમાંથી લગભગ ૭૫% એટલે કે લગભગ ૫,૬૦૦ કર્મચારીની છટણી કરવાની યોજના બનાવી રહ્યા છે. ગુરૂવારે પ્રકાશિત વોશિંગ્ટન પોસ્ટના આ અહેવાલમાં ઈન્ટરવ્યુ અને દસ્તાવેજોને ટાંકીને આ માહિતી આપવામાં આવી હતી.

જો કે ન્યુઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, છટણીનો રીપોર્ટ આવ્યા બાદ ટ્વિટરના જનરલ કાઉન્સેલ સીન એડગેટે કર્મચારીઓને ઇ-મેઈલ કરીને કહ્યું હતું કે કંપનીએ છટણી અંગેની કોઈ યોજના બનાવી નથી.

ટ્વિટરના નવા માલીક મસ્કે સોદો થતાં જ ટ્વીટ કર્યું – પક્ષી મુક્ત થયું. અગાઉ તેમણે કહ્યું હતું કે, 'હું ઇચ્છું છું કે લોકો ટ્વિટર પર મૂવી જુએ અને વીડિયો ગેમ રમે.' *(તા. ૦૨-૧૧-૨૦૨૨)*

## ઇરાનની મહિલાઓ હિજાબ વિરૂધ્ધ રસ્તા પર ઊતરી. ઇસ્લામિક કાયદાના વિરોધમાં જાહેરમાં હિજાબ સામે વિરોધ

ઈરાન એવા દેશોમાંથી એક છે, જ્યાં ઈસ્લામિક હિજાબ પહેરવો ફરજિયાત છે. ઇરાની મહિલાઓએ સમગ્ર દેશમાં એન્ટી હિજાબ કેમ્પેન શરૂ કરી હિજાબ વગરનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. આમ કરીને મહિલાઓએ ઇરાનના ઇસ્લામિક રીપબ્લિકના કડક હિજાબ નિયમો તોડ્યા હતા. આ માટે સોશિયલ મીડિયા પર No2 Hijab હેશટેગ પણ ચલાવવામાં આવ્યું હતું. *(તા. ૦૨-૧૧-૨૦૨૨)*

## શી જિનપિંગ ત્રીજી વખત ચીનના રાષ્ટ્રપતિ બન્યા

શી જિનપિંગ ત્રીજી વખત ચીનના રાષ્ટ્રપતિ બન્યા છે. બેઇજિંગના ગ્રેટ હોલ ઑફ ધ પીપલમાં આયોજિત મીટિંગ દરમ્યાન તેમણે કહ્યું – વિશ્વ વિના ચીન વિકાસ કરી શકતું નથી અને વિશ્વને પણ ચીનની જરૂર છે. ૪૦ વર્ષના અથાક પ્રયાસો બાદ આપણી અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી છે અને દેશમાં સામાજિક સ્થિરતા પણ આવી છે. આગામી પાંચ વર્ષ માટે અમે નક્કર વ્યુહરચના ઘડી કાઢી છે. શી જિનપિંગે પોતાની નવી ટીમની જાહેરાત પણ કરી દીધી છે. ટીમમાં જિનપિંગે તમામ વિરોધીઓને હટાવતા પોતાના વિશ્વાસુઓને એન્ટ્રી આપી છે. લી કિયાન્ગને નવા વડાપ્રધાન બનાવવામાં આવ્યા છે. શી જિનપિંગે ૨૨ ઓક્ટોબરે ચીનના તત્કાલિન વડાપ્રધાન લી કિયાંગને પાર્ટી લીડરશીપથી હટાવી દીધા છે. તેમની સાથે ત્રણ અને ટોપ ઓફિશિયલ્સને હટાવવામાં આવ્યા છે.

લી કિયાંગ પોલીતબ્યુરોના સભ્ય અને શંઘાઈના પાર્ટી સચિવ રહ્યા છે. પહેલા ઝેઝિયાંગ ક્ષેત્રના ગવર્નર અને જિઆંગસુ ક્ષેત્રના પાર્ટી સચિવ હતા.

શી જિનપિંગે પોલીટ બ્યુરોની સ્ટેન્ડિંગ કમિટીના ૭ સભ્યોના નામની પણ જાહેરાત કરી છે. તેમાં શી જિનપિંગ સાથે લી કિયાંગ, ઝાઓ લેઝી, વાંગ હુનિંગ, કાઈ કી, લી શી અને ડીંગ શુઝિયાંગ સામેલ છે. ડીગ કોમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ ઓફિસના ડાયરેક્ટર રહી ચૂક્યા છે. યે શી ના સૌથી મહત્ત્વપૂર્ણ સહયોગીઓમાંથી એક છે.

*(તા. ૦૨-૧૧-૨૦૨૨)*

## શબ્દોની માયાજાળ

**(અનુસંધાન : પાના નં. – ૫૩ ઉપરથી ચાલુ)**

સનથે ફરી હાથ જોડી કહ્યું, 'મને તમારી તમામ શર્ત મંજૂર છે. મારી જાન છોડો.'

ગુલેરે પોલીસ સામે ઈશારો કરી કહ્યું, 'તો તમે પોલીસ અને પબ્લિકની સાક્ષીમાં માનો છો?'

સનથે હામી ભરી. એટલે ગુલેર બોલ્યો, 'તો ઠીક છે, હવે આ પેન્ટ હું તમને અઢી હજાર રૂપિયામાં પાછી આપીશ. બોલો છે મંજુર? નહિતર મને પેન્ટ પાછી આપી દો.'

સનથના હોશ ઉડી ગયા. આ શું? હંમેશાં પોતે બીજાને મૂર્ખ બનાવે છે. આજે ખુદ બની રહ્યો છે? પોતાની સાડા ત્રણસો વાળી જૂની અને ફાટેલી પાટલુનના પોતે હજાર રૂપિયા પડાવ્યા અને હવે તેને પોતાને અઢી હજાર રૂપિયા દેવા પડે છે! લોકોની ભીડ અને પોલીસની ઉપસ્થિતિ વચ્ચે તેણે ગુલેરને નાછુટકે અઢી હજાર આપવા પડ્યા અને રૂપિયા મળતા જ ગુલેર જતો રહ્યો.

ભીડ પણ વિખરાવા લાગી. એવામાં સનથના આશ્ચર્યમાં વધારો કરતા એક પોલીસે કહ્યું, 'ભાઈ! તમે ખોટી જગ્યાએ માથું માર્યું. આ ભાઈ જે ગયો એને હું ઓળખું છું. એનું નામ ગુલેર છે અને એ એક જાણીતો વકીલ છે. એ તમને જ પોતાનાં શબ્દોની માયાજાળમાં ફસાવી ગયો.'

સનથભાઈના પગ નીચેથી જમીન ખસી ગઈ હોય તેવો તાલ થઈ ગયો. અરે બાપરે! વકીલ? એટલે જ એનાં શબ્દોની માયાજાળમાં પોતે ફસાઈ ગયો. વકીલથી ધંધો અને પંગો બંને વિચારીને કરાય. ક્યાં પોતાની કરામતની માયાજાળ અને ક્યાં વકીલના શબ્દોની માયાજાળ!!

*''कुछ लोग अपनी बात मनवानेमें बड़े माहिर होते हैं*
*और समाज के सारे रईसोंमें*
*वह जाहिर होते हैं.*
*वोह अंदरसेभी वैसे ही होते हैं*
*जितना वह बाहिर होते हैं,*
*कत्ल करके भी बच निकले निर्झर*
*वह इतने शातिर होते हैं।।''*

# અખબારોની અટારીએથી...

● સંકલન : રોહિત સંઘવી ●

## કચ્છની દેશી ગાયના ગોબરમાંથી બનાવાયેલી મોબાઈલ ચિપ્સને આંતરરાષ્ટ્રીય પેટન્ટ મળી

**રેડિએશન સામે રક્ષણ : કુકમા રામકૃષ્ણ ટ્રસ્ટે કરેલા પ્રયાસોથી ગૌ વિજ્ઞાનને સમર્થન મળ્યું**

ભુજ તાલુકાના કુકમાના રામકૃષ્ણ ટ્રસ્ટે કરેલા પ્રયાસોને સફળતા મળી છે અને કચ્છની દેશી ગાયના ગોબરમાંથી બનેલી મોબાઈલ ચિપ્સને આંતરરાષ્ટ્રીય પેટન્ટ અપાઈ છે. કુકમામાં ગૌવિજ્ઞાન માટે સમર્પિત સંસ્થા રામકૃષ્ણ ટ્રસ્ટે ૨૦૧૬માં આ પ્રોડક્ટ પર પેટન્ટ ફાઈલ કરી હતી. જેને સરકારની અને વિજ્ઞાનની મહોર મળી છે. ગોબર ચિપ્સ મોબાઈલ તેમજ લેપટોપ, કે કોમ્પ્યુટરમાંથી નીકળતા નુકસાનકારક રેડિએશન સામે રક્ષણ આપી હકારાત્મક ઊર્જા શરીરને આપતી હોવાનો દાવો સંસ્થા દ્વારા કરાયો હતો. દેશી ગાયોના ગોબરમાં હકારાત્મક ઊર્જાનો ભંડાર છે એ વાતને સાબિત કરવા માટે સંસ્થા દ્વારા ૨૦૧૬માં ભારતમાં સંભવતઃ પ્રથમવાર ગોબર એન્ટી રેડિએશન ચિપ્સનું નિર્માણ કરાયું હતું. ગોબર ચિપ્સ હકીકતમાં હકારાત્મક ઊર્જા વધારે છે તે માટે બેલાસ્ટિક ગેલવેનો મીટર પર તેની ચકાસણી પણ કરાઈ હતી. વધુમાં ૧૦ લોકો પર તેનું પરીક્ષણ કરાયું હતું. ત્યારબાદ તેના પેટન્ટ માટે અરજી કરાઈ હતી. અરજી બાદ થયેલી કસોટીમાં પાર પડતાં ગાયના વિજ્ઞાનને "cowdung based radiation and energy masking chips"ના નામે આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે.

*દેશી ગાયના ગોબરમાંથી બનાવવામાં આવેલ ચિપ્સને સરકારી પેટન્ટ મળતા તેને હવે વધુ બળ મળ્યું છે. જેને પરિણામે આવનારા સમયમાં ગાયની ઓળખ વધારે સ્પષ્ટ થશે તે નિશ્ચિત છે. તેમજ માર્ગો પર રખડતી અટકશે તેવો મને વિશ્વાસ છે.* ***મનોજ સોલંકી, ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી***

***'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી***

## ૦ થી ૫૦ ડિગ્રીમાં કામ કરતા અગરિયાઓ માટે મુંબઈની યુવતી 'ડ્રીમ હાઉસ' બનાવશે

**૨૦૦૦ અગરિયા પરિવાર સાથે ૮ મહિના સુધી રણમાં કંતાન બાંધી કાળી મજૂરી થકી સફેદ મીઠું પકવે છે**

રણકાંઠાના ગામડાના અંદાજે ૨૦૦૦ અગરિયા પરિવારો દર વર્ષે ઓક્ટોબરથી મે માસ દરમ્યાન વર્ષના આઠ મહિના પોતાના પરિવારજનો સાથે રણમાં કંતાનનું ઝુંપડું બનાવી 'કાળી મજૂરી દ્વારા સફેદ મીઠું' પકવવાનું આકરું કામ કરે છે અને રણમાં વર્ષ દરમ્યાન ગાત્રો થીજાવતી કાતિલ ઠંડી અને ઉનાળામાં આકાશમાંથી અગનગોળા વરસાવતી કાળઝાળ ગરમીમાં ૦થી ૫૦ ડિગ્રી તાપમાનમાં રાતદિવસ એક કરે છે. મુંબઈની સર જે.જે. કોલેજ ઓફ આર્કિટેક્ચરમાં અભ્યાસ કરી ચૂકેલી વિદ્યાર્થિની ગુનાલી અજગૌનકરે રણમાં અગરિયાઓની મુલાકાત દરમ્યાન એમની રહેણી કરણી જોઈને એનું દિલ દ્રવી ઉઠ્યું હતું. આથી એણે અગરિયા હિતરક્ષક મંચને સાથે રાખીને રણમાં અગરિયાઓ માટે મીઠાની ઈંટમાંથી તૈયાર કરાયેલા વાતાનુકૂલિત આવાસો તૈયાર કરશે. એ માટે મુંબઈની આ યુવતીએ વેરાન રણની વિષમ પરિસ્થિતિનો ઝીણવટભર્યો અભ્યાસ કરી આ ડ્રીમ પ્રોજેક્ટ પર કામ હાથ ધર્યું છે.

ગુનાલી અજગૌનકરે જણાવ્યું કે રણમાં અગરિયા આવાસો મીઠાની ઈંટોમાંથી તૈયાર થશે. જેની કેટલીક પેનલો અને સિસ્ટમ ફોલ્ડિંગ રહેશે. હાલમાં એનું ટેસ્ટીંગ ચાલી રહ્યું છે. અને બાદમાં રણમાં અગરિયાઓ માટે આવા વધુ આવાસો બનાવાશે.

હાલમાં વેરાન રણમાં ફૂલગુલાબી ઠંડી પડવાની શરૂઆત થઈ છે. ત્યારે રાત-દિવસ ઠંડા પાણીમાં મીઠું પકવવાનું આકરું કામ કરવું પડે છે. એવામાં રણમાં ઠંડીનું જોર વધતા મીઠું પકવતા અગરિયાઓની હાલત દયનીય બનવા પામી છે. એમાંય સૌથી કફોડી હાલત વૃધ્ધ અગરિયા, મહિલાઓ અને નાના-નાના ભૂલકાઓની થવા પામી છે.

***'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી***

## સુરત : સમૂહ લગ્નમાં દેહદાનના સંકલ્પથી ૨૫% દેહ મળ્યાં

**સામાજિક પરિવર્તન : ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૫ દેહદાન, જેમાં ૪૦ ટકા ભાગીદારી એકલા સુરતની રહી**

ગુજરાત હંમેશાંથી સામાજિક પરિવર્તનના મોટા ઉદાહરણો રજૂ કરતું રહ્યું છે. આ વખતે ડાયમંડ સિટી તરીકે પ્રસિદ્ધ સુરતે દેશને એક મોટો બોધપાઠ આપ્યો છે. અહીં રાજ્યમાં સૌથી વધુ દેહદાન થયા છે. ગત ૫ વર્ષોમાં ગુજરાતમાં ૬૦૫ દેહદાન થયા, તેમાં ૪૦ ટકા ભાગીદારી સુરતની રહી. આ જાગૃકતાનું મોટું કારણ છે સુરતમાં જાગૃકતા લાવવાનું અનોખું અભિયાન. અહીં સમૂહ લગ્ન

અને અન્ય જાહેર સમારોહ દરમ્યાન દેહદાનને લઈને જાગૃકતા લાવવા માટે લોકો પાસે સંકલ્પ ફોર્મ ભરાવાય છે. તેના જ પરિણામે ગત ૫ વર્ષમાં સુરતમાં ૨૪૧ દેહદાન થયા. તેમાં ૨૫ ટકા દેહ સમૂહ લગ્ન સમારોહ દરમ્યાન લેવાયેલા સંકલ્પથી મળ્યા. દાનમાં મળેલા દેહ રાજયની અલગ અલગ મેડિકલ કોલેજમાં અભ્યાસના ઉદ્દેશથી અપાય છે. દેશભરમાં મેડિકલ જગત પ્રેક્ટિસ માટે દેહની અછતનો સામનો કરી રહ્યું છે. તેને ધ્યાનમાં રાખીને જ ઈન્ડિયન રેડક્રોસ સંસ્થા દ્વારા જાગૃકતા લાવવા માટે સમયાંતરે કાર્યક્રમો આયોજિત કરાઈ રહ્યા છે. ફોર્મ ભરાવવાનું કામ પણ સંસ્થાએ શરૂ કરાવ્યું હતું. આ સંસ્થા ૨૦૦૬થી કાર્યરત છે.

સૌરાષ્ટ્ર પટેલ સમાજ ટ્રસ્ટના પ્રમુખ કાનજી ભાલાણા કહે છે કે દેહદાન પ્રત્યે લોકોમાં જાગૃકતા લાવવા માટે સંસ્થાએ ૩ દાયકા પહેલાં અભિયાન શરૂ કર્યું હતું. તેમાં સમૂહ લગ્નમાં દેહદાનની જાહેરાત કરનારને સ્ટેજ પર સન્માનિત કરાયા હતા. તે કહે છે કે ૨૦૦૩માં તેમના પિતા અને ૨૦૦૫માં તેમના ભાઈનો દેહ પણ દાન કરાયો હતો.

ગુજરાત વિકાસ સમિતિના પ્રવીણ ભાલાણા કહે છે કે સંસ્થા દ્વારા ગત ૨૨ વર્ષોથી સમૂહ લગ્ન આયોજનોમાં દેહદાન અને નેત્રદાન પ્રત્યે જાગૃકતા લાવવા અભિયાન યોજવામાં આવે છે. સંકલ્પ લેનારા લોકોના નિધન બાદ તેમના પરિવારો અમને જાણ કરે છે અને અમે તમામ વ્યવસ્થાઓ કરીએ છીએ. લોકદષ્ટિ બેંકના પ્રમુખ ડૉ. પ્રફુલ્લ શિરોયા કહેછે કે મારા પિતાએ મને કહ્યું હતું કે આપણા પરિવારમાં ૫ ડોક્ટર છે. કોઈ વ્યક્તિએ દેહદાન કર્યું તો જ તમે શીખી શક્યા. એટલા માટે આપણા પરિવારથી પણ આવું થવું જોઈએ. ત્યારથી એ પરંપરાનું પાલન કરી રહ્યા છીએ.

***બોન બેન્ક : ગરીબ વિદ્યાર્થીઓને બોન મફત મળે છે***

*દેહદાન કરાવવાની વ્યવસ્થાની સાથે સાથે બોન બેન્ક પણ બનાવાય છે. મેડિકલના વિદ્યાર્થીઓને સ્ટડી માટે સિન્થેટીક કે ઓરિજનલ હાડકાની સેટ ખરીદવો પડે છે. તે આશરે ૧૨ હજાર રૂ.માં મળે છે. ગરીબ વિદ્યાર્થીઓને તે મફત મળી શકે એટલા માટે બોન બેન્ક તૈયાર કરાઈ છે.*

***'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી***

## તિરૂપતિ મંદિરની કુલ સંપત્તિ અઢી લાખ કરોડ. ૧૦.૨૫ ટન સોનું, ૨.૫ ટન સોનાના દાગીના, રૂા. ૧૬ હજાર કરોડ રોકડ પણ સામેલ

### તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમે ૯૦ વર્ષમાં પહેલીવાર મંદિરની સંપત્તિના આંકડા જાહેર કર્યા

તિરૂમાલા સ્થિત ભગવાન વેંકટેશ્વર મંદિરની સંપત્તિ દેશની અનેક મોટી કંપનીઓ કરતાં પણ અનેકગણી વધારે છે. હા, તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમે ૯૦ વર્ષમાં પહેલીવાર તેમની પાસેની સંપત્તિના આંકડા જાહેર કર્યા છે. **તે પ્રમાણે તિરૂપતિ મંદિર પાસે રૂા. અઢી લાખ કરોડ એટલે કે આશરે ૩૦ અબજ ડોલરથી પણ વધુની સંપત્તિ છે.** આ આંકડો વિપ્રો અને નેસ્લે જ નહીં, ઓ.એન.જી.સી. અને આઈ.ઓ.સી. જેવી મહાકાય કંપનીઓના માર્કેટકેપથી પણ વધુ છે. એટલું જ નહીં, તિરૂપતિ મંદિરની નેટવર્થ દુનિયાના અનેક દેશોના જી.ડી.પી.થી પણ વધુ છે.

ભગવાન વેંકટેશ્વરને સમર્પિત તિરૂપતિ મંદિરનું સંચાલન કરતા તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમે ૧૯૩૩માં તેની સ્થાપના પછી પહેલીવાર બેંકોમાં જમા રકમ અને સોના સહિતની સંપત્તિની માહિતી લોકો સમક્ષ વહેંચી છે.

**વિપ્રો, નેસ્લે, ઓએનજીસી અને આઈઓસીથી પણ ધનિક**

*સ્ટોક એક્સચેન્જના આંકડા પ્રમાણે તિરૂપતિ મંદિરની નેટવર્થ દેશની કેટલીક બ્લુચીપ કંપનીથી પણ વધુ છે. આઈ.ટી. કંપની વિપ્રોનું માર્કેટકેપ રૂા. ૨.૧૪ લાખ કરોડ અને અલ્ટ્રાટેક સિમેન્ટની માર્કેટવેલ્યુ રૂા. ૧.૯૯ લાખ કરોડ છે. નેસ્લે ઈન્ડિયાનું માર્કેટકેપ રૂા. ૧.૯૬ લાખ કરોડ છે. આ ઉપરાંત ઓએનજીસી અને આઈઓસીનું માર્કેટકેપ પણ તિરૂપતિ મંદિર ટ્રસ્ટની નેટવર્થથી ઓછું છે.*

**અનેક દેશોના જીડીપી પણ તિરૂપતિ મંદિરની સંપત્તિથી ઓછા**

*તિરૂપતિ મંદિરની સંપત્તિ ફક્ત દિગ્ગજ કંપનીઓથી જ નહીં, પરંતુ દુનિયાના અનેક દેશના જીડીપીથી પણ વધુ છે. વિશ્વબેંકના ૨૦૨૧ના જીડીપીના ડેટા પ્રમાણે ભુતાન, ગ્રીનલેન્ડ, ફિજી, માલદીવ્સ, મોનાકો, તજાકિસ્તાન, મોરેશિયસ, નામિબિયા, મોંગોલિયા, માલી, અફઘાનિસ્તાન, આઈસલેન્ડ, ઝીમ્બાબ્વે, સાઈપ્રસ સહિતના અનેક દેશોના જીડીપી કરતાં તિરૂપતિ મંદિર ટ્રસ્ટ વધુ સંપત્તિ ધરાવે છે.*

***'દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી***

## અગત્યની જાણકારી

મુખ્યમંત્રી ફંડમાંથી (૧) કિડની, (૨) હૃદય, (૩) લીવર અને (૪) કેન્સર જેવી જીવલેણ બીમારીની સારવાર માટે ખર્ચ આપવામાં આવે છે. ઘણા લોકોને આ યોજનાની માહિતીના અભાવે મોંઘી સારવાર માટે જીવનભરની પૂંજી દવાખાનામાં જતી રહે છે તેમજ ગરીબ લોકો આવી ગંભીર બીમારીમાં સારવારના અભાવે પોતાના પરિવારના સભ્યને ગુમાવે છે.

દરેક લોકોને આ સહાયથી માહિતગાર કરવા માટે અહીં સહાયની સંપૂર્ણ માહિતી તેમજ સહાયનું ફોર્મ આ સાઈટ : https://bit.ly/3xArKkF માં આપેલ છે.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છમાં યોજાનાર સમસ્ત જૈન સમાજનાં સમૂહલગ્ન અંગે વર-કન્યા પક્ષનાં વડીલોની બેઠક યોજાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં કચ્છમાં લીલાશા કુટીયા - આદિપુર મધ્યે યોજાનાર સમસ્ત જૈન સમાજના સમૂહ લગ્નોત્સવ-૨૦૨૨ અંગે વર-કન્યા પક્ષનાં વડીલો સાથે એક બેઠક એકમ ભવન - ભુજ મધ્યે ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈનનાં માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

ગ્રુપનાં ઉપાધ્યક્ષ શ્રી ગોવિંદજી પટેલ, મંત્રી પ્રબોધ મુનવર, નીતિન ધરમશી, વિજયાબેન પટેલ, ગુણવંતીબેન મોતાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વર-કન્યા પક્ષનાં વડીલોને ઘરે કોપણ જાતનાં ખોટા ખર્ચ ન કરવા સમજ આપવામાં આવી હતી.

વર કન્યાપક્ષનાં વડીલોને લગ્નની પત્રિકાઓ તથા સમૂહ લગ્નમાં જોડાયેલ કન્યાઓને ચળિયાચોળી તથા લગ્નમાં પહેરવાના વસ્ત્રો ગ્રુપ દ્વારા અર્પણ કરાયા હતા.

વર-કન્યા પક્ષના વડીલોનાં સૂચનો પણ ધ્યાને લેવામાં આવેલ. સમૂહલગ્નનાં આયોજન અને વ્યવસ્થાઓની સમજ આપવામાં આવેલ. બેઠકનું સંચાલન પ્રબોધ મુનવરે કરેલ.

## માનવ જ્યોત સંસ્થા - ભુજ

### આસામનો યુવાન ૬ વર્ષે ઘરે પહોંચ્યો
### આસામ પોલીસ ભુજ પહોંચી

આસામનો યુવાન જયંત ભુવન ચેતીયા (ઉં.વ. ૩૦) ગામ ગૌમુર છેલ્લા ૬ વર્ષથી ગુમ હતો. પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી અને પોલીસ દફતરે ફરિયાદ દર્જ કરાવી હતી.

અનેક રાજ્યોમાંથી રખડતો ભટકતો, તા. ૧૯-૧૦-૨૦૨૨ના રોજ તે રેલવે મારફતે ભુજ પહોંચ્યો હતો. જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સિનિયર પેરા લીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરને તે ભુજનાં સ્ટેશન રોડ ઉપરથી મળી આવ્યો હતો. તેને માનવજ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ મધ્યે રાખી ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલના મનોચિકિત્સક ડોક્ટરશ્રીઓ પાસેથી સારવાર કરાવતાં તે સ્વસ્થ બન્યો હતો.

આશ્રમના સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ આસામ પોલીસનો સંપર્ક કરી તેનું ઘર શોધી કાઢતાં પરિવારજનોમાં ખુશી છવાઈ હતી. આસામ પોલીસ પાસે ગુમ નોંધ હોવાથી પરિવારજનો આસામ પોલીનાં સબ ઈન્સ્પેક્ટરો સૂરજ બોર તથા શિવસાગર ભુજ આવી ગુમ યુવાન જયંતનો કબજો લીધો હતો. તેના મોટાભાઈ નિર્મલ ચેતીયા પોતાના ભાઈને ભેટી પડ્યો ત્યારે ભાવુક દૃશ્યો સર્જાયા હતા.

માનવતાનાં આ કાર્યમાં પૃથ્વીરાજસિંહ જાડેજા, રફીક બાવા, આનંદ રાયસોની, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, પંકજ કુરૂવા, પ્રતાપ ઠક્કર સહભાગી બન્યા હતા.

### નેપાળનો ગુમ યુવાન ૩ વર્ષ પછી ભુજમાંથી મળ્યો
### મોતનાં મુખમાંથી સંસ્થાએ તેને બચાવ્યો

નેપાળનો યુવાન જનક (ઉં.વ.-૨૦) નેપાળથી ગુમ થયો હતો. તે બાયલબાસનાં ભક્તિપુર નેપાળનો વતની હતો. છેલ્લા ૩ વર્ષથી તે ભારતના જુદા જુદા રાજ્યોના શહેરો - ગામોમાં રખડતો - ભટકતો રહ્યો હતો. રેલવે મારફતે ભુજ આવી પહોંચ્યો હતો.

૩ વર્ષ પછી તે ભુજ પહોંચ્યો ત્યારે આ યુવાનમાં ચાલવાની શક્તિ નહોતી. તે ઉભો થવા જાય અને પડી જાય. માનવજ્યોત સંસ્થાએ તેની ગંભીર હાલત ધ્યાને લઇ ભુજની જનરલ હોસ્પિટલે પહોંચાડ્યો. જ્યાં તેની સારવાર શરૂ કરવામાં આવી. તેની હાલત અત્યંત ગંભીર અને ભયજનક બનતાં છેલ્લે તેને વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યો. કિસ્મતના સથવારે તે બચી જવા પામ્યો.

તેને જનરલ હોસ્પિટલમાંથી ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સંસ્થા દ્વારા એડમિટ કરાવવામાં આવ્યો. આખરે તે સ્વસ્થ બન્યો. આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ યુવાન પાસેથી મળેલ માહિતીનાં આધારે નેપાળ પોલીસનો સંપર્ક કરી મદદ મેળવી, તેનું ઘર શોધી કાઢ્યું. પરિવારજનો યુવાન જનકને તેડવા ભુજ સુધી આવી પહોંચ્યા. ભાઈ રાજકુમાર તેના ભાઈ જનકને ભેટી પડ્યો. સૌની આંખોમાં આંસુની ધારાઓ વહી. આખરે યુવાન પોતાનાં ઘર નેપાળ સુધી પહોંચ્યો છે.

માનવતાનાં આ કાર્યમાં પ્રબોધ મુનવર, પંકજ કુરૂવા, જયેશ લાલન, દિલીપ લોડાયા, વાલજી કોલી, વિજય શાહ સહભાગી બન્યા હતા.

## તો શું કરું?

*આભ વરસે તો હું છત્રી લઈ લઉં પણ નયન વરસે તો શું કરું?*
*સિંહ ગરજે તો હું ભાગીયે જાઉં, પણ કોઈકનો અહંકાર ગરજે તો શું કરું?*
*પગમાં કાંટો ખટકે તો કાઢી લઉં, પણ કોકની વાત મનમાં ખટકે તો શું કરું?*
*પીડા છલકે તો હું ગોળી લઈ લઉં, પણ વેદના છલકે તો શું કરું?*
*રસ્તે દેખાઓ તો સામેથી બોલાવી લઉં, પણ રસ્તો બદલી નાખો તો શું કરું?*

# આંજો કાગર

મને કફ, શ્વાસ તથા શ્વાસ ચડવો, ફેફસાની તકલીફ હોવાથી તા. ૧૨-૧૧-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બોપલ ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં ડો. મોહિત કડિયા (પલ્મોનોલોજિસ્ટ)ને કન્સલ્ટ કર્યું. ૧ વર્ષથી જે તકલીફ હતી, મને ફરક નહોતો પડતો, તે ડો. મોહિત કડિયાને બતાવ્યા પછી ૭૫થી ૮૦% જેટલો ફાયદો થયો છે. ૧૦૦% રીઝલ્ટ મળેલ છે.

*બનુભાઈ ભરવાડ*

★

નમસ્કાર. હું ભૂપેન્દ્રભાઈ ભાનુપ્રસાદ વ્યાસ. તમારી બોપલ મેડિકલ સેન્ટર ખાતેની સેવા ખૂબ જ બિરદાવવા લાયક છે. આપે મારા ધર્મપત્નીની ચામડીની દવા કરેલ. અને આપના અનુભવનો લાભ અમને મળેલ. છેલ્લા પાંચ વર્ષથી અમો હેરાન થતા હતા પરંતુ આપના અનુભવથી અને આપની સલાહ મુજબ દવા ઓછી કરી, સાચી વાત સમજાવી, આપે જે સારવાર આપી છે તે ધન્યવાદને પાત્ર છે. આપની આટલી ઉંમરે આપ સેવા કરો છો તે માટે અમારી ભગવાનને તમારી તંદુરસ્તી માટે પ્રાર્થના.

*ભૂપેન્દ્રભાઈ ભાનુપ્રસાદ વ્યાસ*

★

***Dr. Nigam Mehta***
***Navneet Medical Centre - Paldi***

**A GIFT FROM ANOTHER NGO**

Please find a wall clock for your Physiotherapy Centre. And some number plates for identifying the beds in your ward.

It is only by contributing thousands of such tiny gifts that a Society gives birth to a wonderful service institution such as yours.

I compliment the Trust that runs this Hospital. Its Trustees, Doctors and their assistants and other staff on serving humanity selflessly.

***Hasan Jowher***
***President - Sprat, Ahmedabad.***

★

'મંગલ મંદિર' માસિકનો દિવાળી અંક મળેલ છે. ખૂબ જ સુંદર વિવિધતાસભર માહિતી સાથે છે અને અવનવું વાંચન અલગ અલગ વિષયનું જાણવા - માણવા મળે છે. તેવી માહિતીની વિગત અંક દ્વારા વાંચવા મળે છે.

દીપોત્સવી અંકમાં તંત્રી લેખ, દીપોત્સવી તહેવાર, પ્રેરણાત્મક કેડીએ, ઐતિહાસિક પંચતીર્થી, બોધકથા, વાર્તા, ધર્મકથા સહિત વૈવિધ્યતાસભર વિગતોની સુંદર ઉપયોગી માહિતી વાંચવા મળેલ છે. જે સાહિત્ય સેવા બદલ જૈન સમાજ અને પ્રકાશન ટીમના સહયોગ બદલ ઉત્તરોત્તર પ્રગતિની શુભ કામના પાઠવીએ છીએ.

***નવલા વર્ષ અને દિપાવલી પર્વની હાર્દિક શુભ કામના સહ...***

***દિલીપ આચાર્ય 'દિલક્શ'***
***ભગવતીબેન આચાર્ય – ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૯૮***

## ઉધરસ

- ❀ લવીંગને મોમાં રાખી ચુસવાથી ઉધરસ મટે છે.
- ❀ મરીનું ચૂર્ણ દૂધમાં ઉકાળીને પીવાથી ઉધરસ મટે છે.
- ❀ મરીનું ચૂર્ણ સાકર ઘી સાથે મેળવી ચાટવાથી ઉધરસ મટે છે.
- ❀ થોડી હીંગ શેકી, તેને ગરમ પાણીમાં મેળવી પીવાથી ઉધરસ મટે છે.
- ❀ દ્રાક્ષ અને સાકર મોંમાં રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.
- ❀ દાડમના ફળની છાલનો ટુકડો મોં માં રાખવાથી ઉધરસ મટે છે.
- ❀ થોડી ખજુર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને નીકળી જશે અને ઉધરસ તથા દમ મટી જશે.
- ❀ રાત્રે મીઠાની કાંકરી મોં માં રાખી મૂકવાથી ઉધરસ ઓછી આવશે.
- ❀ ગરમ કરેલા દૂધમાં હળદર અને ઘી મેળવી પીવાથી ઉધરસ અને કફ મટે છે.
- ❀ હળદર અને મીઠાવાળા તાજા શેકેલાં ચણા એક મુઠ્ઠી જેટલા સવારે તથા સાંજે સૂતી વખતે ખાવાથી (ઉપર પાણી ન પીવું) કાયમી શરદી અને ઉધરસ રહેતી હોય તે મટે છે.
- ❀ હળદર તાવડીમાં શેકી તેની ગાંગડી મોંમાં રાખી ચૂસવાથી કફ મટે છે.
- ❀ નવશેકા પાણી સાથે અજમો ખાવાથી કફની ખાંસી મટે છે.
- ❀ તુલસીનો રસ સાકર સાથે પીવાથી ઉધરસ તથા છાતીનો દુ:ખાવો મટે છે.

***પ્રેષક : ચૌલા કુરૂવા - અમદાવાદ***

# કચ્છની આધુનિક ઓળખ

*કાળચક્ર ફરે ત્યારે....*

એક સમય હતો જ્યારે કચ્છ છોડી સાહસિકો ભારતમાં નહીં પણ દુનિયામાં સ્થાયી થયા. જ્યારે આજે કચ્છ સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. દરેક પ્રકારના ધંધા રોજગાર પૂરજોશમાં ચાલી રહ્યા છે અને ખૂબ વિકાસ થઈ રહ્યો છે. આજે એમ કહેવાય છે કે, “કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા....”

❖ **નમક / મીઠું :** દેશની જરૂરિયાતનું ૫૦ ટકા નમક એટલે કે મીઠું કચ્છમાં ઉત્પાદિત થાય છે. નમક વગર કોઈ પણ રસોઇ અધૂરી છે.

❖ **સીમલેસ સિલિન્ડર :** કાસેઝમાં અને ગાંધીધામ નજીક આવેલા એક એકમમાં ઓક્સિજન સપ્લાય માટે સીમલેસ સિલિન્ડરનું ઉત્પાદન મોટે પાયે થાય છે.

❖ **સેનીટાઇઝર :** કોરોનાને કારણે ચર્ચામાં આવી ગયેલું સેનીટાઈઝર પણ ગાંધીધામ નજીકની બે કંપનીમાં બને છે અને દેશભરમાં પહોંચે છે.

❖ **દવાઓ :** કંડલા સેઝમાં આવેલી કેટલીક કંપનીઓ દુનિયાભરના લોકોને ઉપયોગી થઈ શકે એવી દવાઓનું ઉત્પાદન કરે છે.

❖ **ખાદ્યતેલ :** દેશને ૬૦ ટકા ખાદ્ય તેલ કચ્છ પૂરૂં પાડે છે. અહીં અનેક રીફાઈનરીઓ આયાતી તેલને રીફાઈન કરે છે.

❖ **મિનરલ્સ :** ગુજરાતનું ૭૦ ટકા ખનીજ કચ્છમાંથી નીકળે છે. જેવું કે લિગ્નાઇટ, બેન્ટોનાઇટ, ચાઈના ક્લે વગેરેની બહાર ખૂબ માંગ છે.

❖ **સાબુ :** મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા દેશભરમાં જે પ્રસિધ્ધ બ્રાન્ડના સાબુ બને છે તે પણ ગાંધીધામ નજીક બનાવવામાં આવે છે.

❖ **પ્લાયવુડ :** કચ્છના ચાર તાલુકા – ભચાઉ, ગાંધીધામ, અંજાર અને મુંદ્રાને જ ટીમ્બર માટે છૂટ મળી છે. અનેક કંપની પ્લાયવુડ અને તેને લગતી ચીજો બનાવે છે.

❖ **વીજળી :** કચ્છમાં ૧૨થી ૧૩ હજાર મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે. જે કચ્છની જરૂરિયાત કરતાં અનેકગણું વધારે છે.

❖ **ટાયર :** ભુજ નજીક આવેલી બી.કે.ટી. કંપનીમાં બનતા ટાયર લગભગ તમામ સેગમેન્ટના વાહનો માટે બને છે અને નિકાસ પણ થાય છે.

❖ **ખાતર :** કંડલામાં દાયકાઓથી ઈફકોના આધુનિક પ્લાન્ટમાં ખાતરનું ઉત્પાદન થાય છે અને સહકારી ક્ષેત્ર થકી દેશભરમાં પહોંચે છે.

❖ **ગારમેન્ટ :** કાસેઝમાં આવેલા સંખ્યાબંધ યુનીટોમાં વિદેશ માટે રેડીમેડ ગારમેન્ટનું ઉત્પાદન થાય છે અને તેમાં અનેકને રોજગારી મળે છે.

❖ **સૉ પાઈપ :** સૉ પાઇપના ક્ષેત્રે વિશ્વમાં મોટામાં મોટું ક્લસ્ટર કચ્છમાં છે. અહીંની કંપનીઓ તે બનાવે છે. તેમાં તેલ, ગેસ, પાણી વગેરેનું વહન થાય છે.

❖ **ટી.વી. :** ગાંધીધામ નજીક આવેલા એકમમાં ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુનું નિર્માણ થાય છે. તેમાં ટેલિવિઝન તેમજ ઘણી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ બને છે.

❖ **બિસ્કીટ :** બાળકો તથા મોટેરાઓમાં લોકપ્રિય એવી પારલેની બિસ્કીટની ફેક્ટરી ભુજ નજીક જ આવેલી છે.

❖ **ખાંડ :** ગાંધીધામ નજીક આવેલી બે કંપનીઓમાં ખાંડ પર પ્રોસેસીંગ થાય છે. ભલે કચ્છમાં ખાંડનું ઉત્પાદન નથી, પણ કચ્છનો ફાળો અમૂલ્ય છે.

❖ **બ્રોમિન :** ભારતને ૮૫ ટકા બ્રોમિન કચ્છ પૂરૂં પાડે છે. અહીંના મોટા રણમાં આવેલી ૪થી ૫ કંપનીઓ રણમાંથી નવસર્જન કરે છે.

❖ **ટી.એમ.ટી. સળિયા :** કચ્છમાં અનેક કંપનીઓ ઇમારત બાંધકામ માટેના ટી.એમ.ટી. સળિયા બનાવે છે, જેની દેશભરમાં મોટી માંગ છે.

❖ **કેમિકલ્સ :** ગાંધીધામથી ભચાઉ જતા રોડ પર કેમિકલ્સના ક્ષેત્રે મોટું નામ કહી શકાય એવા બે પ્લાન્ટ આવેલા છે.

❖ **ગુટખા :** કંડલા સેઝમાં વિમલ ગુટખાનું ઉત્પાદન થાય છે. અલબત્ત, તેનું વેચાણ માત્ર વિદેશમાં જ થઈ શકે એવો નિયમ છે.

❖ **સિમેન્ટ :** એશિયાનો સૌથી મોટો સિમેન્ટ પ્લાન્ટ “સાંઘી સિમેન્ટ” કચ્છમાં છે. તે ઉપરાંત અલ્ટ્રાટેક સિમેન્ટ પણ અહીં તૈયાર થાય છે.

❖ **પેસ્ટીસાઈડ :** ભુજ - મુંદ્રા રોડ પર કેરા પાસે એક્સેલ કંપની ખેડૂતો માટે ખૂબ જ જરૂરી એવા પેસ્ટીસાઈડનું ઉત્પાદન કરે છે.

❖ **પ્લાસ્ટીક :** એશિયાના સર્વપ્રથમ સેઝ, કાસેઝમાં પ્લાસ્ટીકનું ઉત્પાદન કરતા હોય એવા અનેક એકમો છે અને તે સારું એવું વિદેશી હુંડિયામણ રળે છે.

❖ **બેડશીટ - ટોવેલ :** અંજાર નજીક આવેલી વેલસ્પન કંપનીમાં બનતી ચાદરો અને ટોવેલ દેશ-વિદેશમાં મોટું નામ ધરાવે છે. જે બ્રિટનના રાજમહેલ સુધી પહોંચે છે.

કચ્છ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય કક્ષાના બે મોટા બંદરો છે.

જ્યારે કચ્છ, એ ભારતનો મોટામાં મોટો જિલ્લો છે. સાથે આ એક જ જિલ્લામાં ત્રણ એરપોર્ટ છે.

## NanoNine® શબ્દ રમત-૧૮૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | | ■ | ૬ | ૭ |
| ૮ | ■ | ૯ | ૧૦ | ■ | | ■ | | ■ | ૧૧ | ■ | |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | | ૧૭ | |
| ■ | ૧૮ | ૧૯ | ■ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | | | ■ | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ |
| | ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ | ■ | |
| | ■ | ૩૦ | ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | |
| ૩૩ | ૩૪ | ■ | | ■ | ૩૫ | | ■ | ૩૬ | | ૩૭ | |
| ■ | ૩૮ | ૩૯ | ■ | ૪૦ | | ■ | ૪૧ | | ૪૨ | | ■ |
| ૪૩ | | | ■ | | ■ | ૪૪ | | ૪૫ | ■ | ૪૬ | ૪૭ |
| ૪૮ | ■ | ■ | ■ | | ■ | | ■ | ૪૯ | ૫૦ | ■ | |
| ૫૧ | | ■ | ૫૨ | | | | | ■ | ૫૩ | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. તપાસ, શોધ (૨)
૩. આવવું ને જવું તે (૫)
૬. શરીરની ત્રણ પ્રકૃતિ :
_____, પિત્ત અને વાયુ (૨)
૯. મગનું નામ _____ ન પાડે (૨)
૧૨. અંધારું (૨)
૧૪. સહેવું, ખમવું તે (૩)
૧૬. મરનારની મિલ્કતનો હક્કદાર (૫)
૧૮. જીદ, ખોટો આગ્રહ (૨)
૨૦. અમીર, ઉમરાવ, મારવો તો _____ (૨)
૨૧. આંગળીથી _____ વેગળા તે વેગળા (૨)
૨૨. આકાશ, ગગન મંડળ (૪)
૨૩. માછલા પકડવા માટેની જાળી (૨)
૨૫. લોઢું (૨)
૨૭. _____ મોટાં ને દર્શન ખોટા (૨)
૨૮. દુનિયા, જગત (અં) (અરબી) (૩)
૩૦. મર્દ, વીર પુરુષ (૩)
૩૨. દોરડું, લગામ (૨)
૩૩. પરવા, દરકાર, ખોટ (૨)
૩૫. દાબવું તે, દબાણ (૨)
૩૬. નબળું, અશક્ત (૪)
૩૮. વેલ (૨)
૪૦. એક સંખ્યા (૨)
૪૨. હોઠ (૨)
૪૩. વૈરાગી સાધુ, અભ્યાગત, પરોણો (૩)
૪૪. જીવવાળું, જીવતું (૩)
૪૬. આબુનું _____ તળાવ પ્રસિદ્ધ છે (૨)
૪૯. દોરડા પર નાચનારો (૨)
૫૧. આંખનો ગોળો (૨)
૫૨. ધૂપસળી (૫)
૫૩. _____ તે સૌને ગમે (૨)

### ઊભી ચાવીઓ

૨. કટાક્ષમાં જમાઈને _____ પણ કહે છે (૨)
૪. ઠીંગણું (૩)
૫. લશ્કરી વહાણ (ઈં) (૪)
૭. ત્યાગી, વૈરાગી (મુસલમાન) (અં) (૩)
૮. પિતા, બાપ (૨)
૧૦. વહુની _____ ને સાસુનો સંતોષ (૨)
૧૧. બેસવાની વસ્તુ, આસનિયું (૩)
૧૩. મોટું (૩)
૧૫. દાવો, અધિકાર (૨)
૧૭. દૃષ્ટાંત, ઉદાહરણ (૩)
૧૯. નિરાંતે, અસલ ઠેકાણે (૪)
૨૦. અમદાવાદ _____ને લીધે
માન્ચેસ્ટર કહેવાતું (૨)
૨૨. અંગરૂપ બનેલું (૪)
૨૩. નજરના _____ છલકાવીને
ચાલ્યા ક્યાં તમે? (૨)
૨૪. _____ સે _____ મિલા,
ગાયનના ઠોકનું માપ (૨)
૨૬. વારંવાર આવવું જવું તે (૪)
૨૭. અવાજ, ઘોષ ધ્વનિ (૨)
૨૮. પારકી _____ સદા નિરાશ (૨)
૨૯. એક બારીક પાતળું કાપડ (૪)
૩૧. જ્યાં ન પહોંચે _____,
ત્યાં પહોંચે કવિ (૨)
૩૨. કાંજી, ઘેંસ, ભરકડું (૨)
૩૪. એક સુગંધી ફૂલવેલ (૩)
૩૫. સેવક (૨)
૩૭. જુવાની (૩)
૩૯. ખેડૂતને જગતનો _____ કહે છે (૨)
૪૦. રાગ, આસક્તિ વિનાનું (૪)
૪૧. મિયાં બીબી રાજી,
તો ક્યા કરેગા _____ ? (૨)
૪૩. કસરત શાળા, કુસ્તી કરવાની જગ્યા (૩)
૪૪. કારણ, હેતુ, કેમકે (૩)
૪૫. લીલા _____ ના સૂડા ઘણાં (૨)
૪૭. શીર, દૂધ, દૂધ ભાતની એક વાનગી (૨)
૪૮. _____ ખોદે તે પડે (૨)
૫૦. આશરે ૫૬ મણ અથવા
૧૦૦૦ કિ.ગ્રા.નું વજન (૨)

**શબ્દ રમત-૧૮૮**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૬૮**

## દાઢી : ફક્ત રૂા. ૧૦/-

એક મહાવિદ્યુત ઓફિસમાં સર્વિસ કરનારા અધિકારી લોકડાઉન પછી દાઢી કરાવવા સલૂનમાં ગયા પછી દુકાનવાળાએ રેટબોર્ડ લગાવ્યું હતું તે જોઈ વિચાર કરવા લાગ્યા.

| | | | |
|---|---|---|---|
| દાઢી | : | ફક્ત રૂા. | ૧૦/- |
| બ્લેડ અધિભાર ટેક્સ | : | રૂા. | ૨/- |
| ક્રીમ | : | રૂા. | ૫/- |
| અસ્ત્રા ભાડું | : | રૂા. | ૩/- |
| કાતરનું ભાડું | : | રૂા. | ૩/- |
| ખુરશીનું ભાડું | : | રૂા. | ૧૦/- |
| લોશન | : | રૂા. | ૭/- |
| પાવડર | : | રૂા. | ૫/- |
| નેપકીન ભાડું | : | રૂા. | ૫/- |
| *કુલ રકમ* | *:* | *રૂા.* | *૫૦/-* |

વિદ્યુતબોર્ડ અધિકારીએ કહ્યું, તમોએ તો કમાલ કરી છે ભાઈ. દાઢી ફક્ત ૧૦ રૂપિયા લખીને બીજા ખર્ચ લગાડીને ગ્રાહકને તમો લૂંટી રહ્યા છો.

*ત્યારે સલૂન દુકાનદાર બોલ્યા :*

હા, આ બોર્ડ મોટા અક્ષરમાં શુધ્ધ ગુજરાતીમાં લખેલ છે અને તમોને વાંચતા પણ આવડે છે સાહેબ તે છતાં મને પૂછો છો... તમારા વિદ્યુત વિભાગ તરફથી અનેક વર્ષોથી અમોને જાણીબુજીને અમારા વિદ્યુતબીલમાં તમો શું કરી રહ્યા છો?

- સ્થિર અધિભાર
- વીજ અધિભાર
- વીજ વહન અધિભાર
- ઇંધણ સમાયોજન અધિભાર
- વીજ શુલ્ક વીજ વિક્રી કર
- વ્યાજ
- ચાલુ વીજ દેવાનો અધિભાર
- બાકી રકમનું વ્યાજ
- સમાયોજના રકમ અધિભાર
- વ્યાજની બાકી રકમ
- ટોટલ રકમ
- દેવાની રકમ

*ટોટલ દેવાના : રૂા.*

આ વિદ્યુત વિભાગના બીલની અત્યાર સુધીમાં અનેક લોકોને માહિતી છે છતાં તેઓ અવાજ ઉઠાવતા નથી. અત્રે આ લેખથી લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## ગુજરાત રાજ્યના વિવિધ પ્રકારના વાહનોને નંબર આપવા માટેના જિલ્લા કોડ

| | | | |
|---|---|---|---|
| GJ-01 | અમદાવાદ | GJ-20 | દાહોદ |
| GJ-02 | મહેસાણા | GJ-21 | નવસારી |
| GJ-03 | રાજકોટ | GJ-22 | નર્મદા |
| GJ-04 | ભાવનગર | GJ-23 | આણંદ |
| GJ-05 | સુરત | GJ-24 | પાટણ |
| GJ-06 | વડોદરા | GJ-25 | પોરબંદર |
| GJ-07 | ખેડા | GJ-26 | વ્યારા |
| GJ-08 | બનાસકાંઠા | GJ-27 | અમદાવાદ-ઈસ્ટ |
| GJ-09 | સાબરકાંઠા | GJ-28 | સુરત-ઈસ્ટ |
| GJ-10 | જામનગર | GJ-29 | વડોદરા રૂરલ |
| GJ-11 | જૂનાગઢ | GJ-30 | ડાંગ |
| GJ-12 | કચ્છ | GJ-31 | અરવલ્લી |
| GJ-13 | સુરેન્દ્રનગર | GJ-32 | ગીર સોમનાથ |
| GJ-14 | અમરેલી | GJ-33 | બોટાદ |
| GJ-15 | વલસાડ | GJ-34 | છોટા ઉદેપુર |
| GJ-16 | ભરૂચ | GJ-35 | લુણાવાડા |
| GJ-17 | પંચમહાલ | GJ-36 | મોરબી |
| GJ-18 | ગાંધીનગર | GJ-37 | દેવભૂમિ દ્વારકા |
| GJ-19 | બારડોલી | GJ-38 | બાવળા |

## NanoNine® શબ્દ રમત-૧૮૮નો ઉકેલ
